
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

卐

प. पू. शास्त्रीजी पांडुरंग वैजनाथ आठवलेना प्रवचनो.

卐

पुष्प ८

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રક :
શ્રી નંદલાલ ગોપાલજી ભૂતા,
પ્રબોધક મુદ્રણાલય, તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, ઘોડબંદર રોડ,
થાણા. (સે. રે).

પ્રકાશક :
"સદ્‌વિચાર દર્શન" ટ્રસ્ટ વતી
શ્રી નંદલાલ ગોપાલજી ભૂતા,
"રામકૃપા" ૨૫, પારેખ સ્ટ્રીટ,
મુંબઈ નં. ૪.

★

(સર્વ હક્ક સદ્‌વિચાર દર્શન ટ્રસ્ટને સ્વાધીન છે.)

પહેલી આવૃત્તિ, પ્રત ૩૦૦૦

[કિંમત રૂા. ૨–૫૦] [જુન, ૧૯૬૭

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# हृद्गत

આ પુસ્તકમાં શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય વિરચિત **आनंदलहरी स्तोत्र** ઉપર પરમ પૂજ્ય શાસ્ત્રીજી **પાંડુરંગ વૈજનાથ આઠવલેએ** આપેલા સ્વૈર પ્રવચનોનો સંગ્રહ છે. આ પ્રવચનો તત્ત્વજ્ઞાન માસિકમાં છપાયેલા છે તે આજે પુસ્તકાકારે બહાર પાડવામાં આવે છે. આ આઠમું પુષ્પ છે.

**आनंदलहरी स्तोत्र**માં આદિમશક્તિને શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય મા! કહીને હાંક મારે છે. સ્તોત્ર એટલે આદિમશક્તિને કરેલા કાલાવાલા. કાલાવાલા તો ઘણા કરે પણ આચાર્ય જેવી એક મહાન શક્તિ કરે તેમાં વૈશિષ્ટ્ય છે. પરિપૂર્ણ જ્ઞાન, તેજોમય ભક્તિ અને મહાન કર્મયોગ જેના જીવનમાં છે તેવી વ્યક્તિ આ સ્તોત્ર ગાય છે તે વિશેષ છે.


સગુણોપાસના બહુ મોટી શક્તિ છે. આજનો કાળ એવો છે કે ભણેલા લોકો મૂર્તિપૂજાથી આઘા થતા જાય છે કારણ તેમને મૂર્તિપૂજા સમજાતી નથી. વેદાંતનો અને દર્શનશાસ્ત્રનો ખોટો આડંબર કરવાવાળા પણ મૂર્તિપૂજાથી આઘા થતા જાય છે. વાસ્તવિક મૂર્તિપૂજા બહુ ઉચ્ચ છે. મૂર્તિમાં એક શક્તિ છે અને તે જીવને જીવનની ટોચ સુધી લઈ જાય છે. ભાવપૂર્ણ અને તેજસ્વી અંતઃકરણવાળાના હાથમાં મૂર્તિ આવશે તો તેનું જીવન ઉચ્ચ થશે, નહિ તો મૂર્તિપૂજા માથું ભાંગશે. ઘણા લોકોનું માથું મૂર્તિપૂજાએ ભાંગ્યું છે. તેમને જિંદગી સુધી મૂર્તિપૂજા કરીને પણ કંઈ મળતું નથી. તેનું કારણ પોતે જે કંઈ કરે છે તે જ અને તેટલું જ ઘણું છે એમ સમજીને મૂર્તિને નવડાવતા, ખવડાવતા અને સુવડાવતા, આ જગતની અંદર તેઓ પણ સૂઈ જાય છે. ભાવવાહી અને તેજસ્વી જીવન જીવવાવાળા લોકોના હાથમાં મૂર્તિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજા આવે તો મૂર્તિપૂજાને રંગ ચડે. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય જેવા મહાપુરુષો ખરા મૂર્તિપૂજકો છે. તેમને આદિમશક્તિ પાસે કમાલની પ્રેમમયતા અને ક્ષમાશીલતા જોવા મળી તેથી તેમણે તેને 'મા' કહીને હાંક મારી. આદિમશક્તિની પાસે જઈને તેમણે પ્રેમમયતા અનુભવી છે, અને તે 'જગદંબા'નું સ્તવન કરે છે. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યના સ્તવનમાં ભાવનો ઉદ્રેક છે તેનું દર્શન પરમપૂજ્ય શાસ્ત્રીજી જ કરાવી શકે. આવી તેજસ્વી ભક્તિ સમજવાને માટે પ્રભુ શક્તિ આપે એ જ પ્રાર્થના.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ॥

# आनन्दलहरी

भवानि स्तोतुं त्वां प्रभवति चतुर्भिर्न वदनैः
प्रजानामीशानस्त्रिपुरमथनः पञ्चभिरपि ।
न षड्भिः सेनानीर्दशशतमुखैरप्यहिपति-
स्तदाऽन्येषां केषां कथय कथमस्मिन्नवसरः ॥१॥

घृतक्षीरद्राक्षामधुमधुरिमा कैरपि पदै-
र्विशिष्यानाख्येयो भवति रसनामात्रविषयः ।
तथा ते सौन्दर्यं परमशिवदृङ्मात्रविषयः
कथङ्कारं ब्रूमः सकलनिगमागोचरगुणे ॥२॥

मुखे ते ताम्बूलं नयनयुगले कज्जलकला
ललाटे काश्मीरं विलसति गले मौक्तिकलता ।
स्फुरत्काञ्ची शाटी पृथुकटितटे हाटकमयी
भजामि त्वां गौरीं नगपतिकिशोरीमविरतम् ॥३॥

विराजन्मन्दारद्रुमकुसुमहारस्तनतटी
नदद्वीणानादश्रवणविलसत्कुण्डलगुणा ।
नताङ्गी मातङ्गीरुचिरगतिभङ्गी भगवती
सती शम्भोरम्भोरुहचटुलचक्षुर्विजयते ॥४॥

नवीनार्कभ्राजन्मणिकनकभूषापरिकरै-
र्वृताङ्गी सारङ्गीरुचिरनयनाङ्गीकृतशिवा ।
तडित्पीता पीताम्बरललितमञ्जीरसुभगा
ममापर्णा पूर्णा निरवधिसुखैरस्तु सुमुखी ॥५॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हिमाद्रेः संभूता सुललितकरैः पल्लवयुता
सुपुष्पा मुक्ताभिर्भ्रमरकलिता चालकभरैः ।
कृतस्थाणुस्थाना कुचफलनता सूक्तिसरसा
रुजां हन्त्री गन्त्री विलसति चिदानन्दलतिका ॥६॥

सपर्णामाकीर्णां कतिपयगुणैः सादरमिह
श्रयन्त्यन्ये वल्लीं मम तु मतिरेवं विलसति ।
अपर्णैका सेव्या जगति सकलैर्यत्परिवृतः
पुराणोऽपि स्थाणुः फलति किल कैवल्यपदवीम् ॥७॥

विधात्री धर्माणां त्वमसि सकलाम्नायजननी
त्वमर्थानां मूलं धनदनमनीयाङ्घ्रिकमले ।
त्वमादिः कामानां जननि कृतकन्दर्पविजये
सतां मुक्तेर्बीजं त्वमसि परमब्रह्ममहिषी ॥८॥

प्रभूता भक्तिस्ते यदपि न ममालोलमनस-
स्त्वया तु श्रीमत्या सदयमवलोक्योऽहमधुना ।
पयोदः पानीयं दिशति मधुरं चातकमुखे
भृशं शङ्के कैर्वा विधिभिरनुनीता मम मतिः ॥९॥

कृपापाङ्गालोकं वितर तरसा साधुचरिते
न ते युक्तोपेक्षा मयि शरणदीक्षामुपगते ।
न चेदिष्टं दद्यादनुपदमहो कल्पलतिका
विशेषः सामान्यैः कथमितरवल्लीपरिकरैः ॥१०॥

महान्तं विश्वासं तव चरणपङ्केरुहयुगे
निधायान्यन्नैवाश्रितमिह मया दैवतमुमे ।
तथापि त्वच्चेतो यदि मयि न जायेत सदयं
निरालम्बो लम्बोदरजननि कं यामि शरणम् ॥११॥

For Private and Personal Use Only

अयः स्पर्शे लग्नं सपदि लभते हेमपदवीं
यथारथ्यापाथः शुचि भवति गङ्गौघमिलितम् ।
तथा तत्तत्पापैरतिमलिनमन्तर्मम यदि
त्वयि प्रेम्णासक्तं कथमिव न जायेत विमलम् ।१२।

त्वदन्यस्मादिच्छाविषयफललाभे न नियम-
स्त्वमर्थानामिच्छाधिकमपि समर्था वितरणे ।
इति प्राहुः प्राञ्चः कमलभवनाद्यास्त्वयि मन-
स्त्वदासक्तं नक्तं दिवमुचितमीशानि कुरु तत् ॥१३॥

स्फुरन्नानारत्नस्फटिकमयभित्तिप्रतिफल-
त्त्वदाकारं चञ्चच्छशधरकलासौधशिखरम् ।
मुकुन्द ब्रह्मेन्द्रप्रभृतिपरिवारं विजयते
तवागारं रम्यं त्रिभुवनमहाराजगृहिणी ॥१४॥

निवासः कैलासे विधिशतमखाद्याः स्तुतिकराः
कुटुम्बं त्रैलोक्यं कृतकरपुटः सिद्धिनिकरः ।
महेशः प्राणेशस्तदवनिधराधीशतनये
न ते सौभाग्यस्य क्वचिदपि मनागस्ति तुलना ॥१५॥

वृषो वृद्धो यानं विषमशनमाशा निवसनं
श्मशानं क्रीडाभूर्भुजगनिवहो भूषणविधिः ।
समग्रा सामग्री जगति विदितैवं स्मररिपो-
र्यदेतस्यैश्वर्यं तव जननि सौभाग्यमहिमा ॥१६॥

अशेषब्रह्माण्डप्रलयविधिनैसर्गिकमतिः
श्मशानेष्वासीनः कृतभसितलेपः पशुपतिः ।
दधौ कण्ठे हालाहलमखिलभूगोलकृपया
भवत्याः संगत्याः फलमिति च कल्याणि कलये ॥१७॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्वदीयं सौन्दर्यं निरतिशयमालोक्य परया
भियैवासीद्गङ्गा जलमयतनुः शैलतनये ।
तदेतस्यास्तस्माद्वदनकमलं वीक्ष्य कृपया
प्रतिष्ठामातन्वन्निजशिरसिवासेन गिरिशः ॥१८॥

विशालश्रीखण्डद्रवमृगमदाकीर्णघुसृण-
प्रसूनव्यामिश्रं भगवति तवाभ्यङ्गसलिलम् ।
समादाय स्रष्टा चलितपदपांसून्निजकरैः
समाधत्ते सृष्टिं विबुधपुरपंकेरुहदृशाम् ॥१९॥

वसन्ते सानन्दे कुसुमितलताभिः परिवृते
स्फुरन्नानापद्मे सरसि कलहंसालिसुभगे ।
सखीभिः खेलन्तीं मलयपवनान्दोलितजले
स्मरेद्यस्त्वां तस्य ज्वरजनितपीडापसरति ॥ २० ॥

इति श्रीमच्छङ्कराचार्यविरचिता आनन्दलहरी सम्पूर्णा ।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री जटाजूटः शरणम्।

# आनंदलहरी

भवानि स्तोतुं त्वां प्रभवति चतुर्भिर्न वदनैः
प्रजानामीशानस्त्रिपुरमथनः पञ्चभिरपि।
न षड्भिः सेनानीर्दशशतमुखैरप्यहिपति-
स्तदान्येषां केषां कथय कथमस्मिन्नवसरः ॥ १ ॥

**शब्दार्थ** :– હે ભવાની! પ્રજાપતિ બ્રહ્મદેવ પોતાના ચાર મોઢાથી તારી સ્તુતિ કરવા સમર્થ નથી, ત્રિપુર વિનાશક મહાદેવજી પાંચ મોઢાથી પણ તારૂં સ્તવન નથી કરી શકતા, કાર્તિકેય પોતાના છ મોઢા વડે પણ તારૂં સ્તવન કરવા અસમર્થ છે, નાગરાજ શેષ પોતાના હજાર મોઢાથી પણ તારૂં ગુણગાન ગાઈ શકતા નથી. આવા સમર્થ લોકોની આ દશા, તો પછી તું જ બતાવ કે બીજા કોઈને તારી સ્તુતિ કરવાનો અવસર કયાંથી પ્રાપ્ત થાય? (અર્થાત્ બીજો કોઇ તારી સ્તુતિ કેવી રીતે કરી શકશે?)

—xox—

આજે 'આનંદલહરી' શરૂ કરીએ છીએ. આપણે શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યનું સ્તોત્રરૂપી વાઙ્મય વાંચ્યું છે તેવી જ રીતે બ્રહ્મસૂત્ર–શારીરભાષ્ય પણ પાઠશાળામાં વાંચ્યું છે. આચાર્ય જેવી મહાન વ્યકિતએ કરેલું આ વર્ણન છે. તેમનું નામ હતું શંકર પણ તે શંકરાચાર્ય થયા. આપણે તેમને આચાર્ય શંકર નથી કહેતા, પણ શંકરાચાર્ય કહીએ છીએ. તેઓ સાક્ષાત્ જ્ઞાન અને ભકિતના અવતાર છે.

આઠમે વર્ષે એમણે ચાર વેદ તૈયાર કર્યા. વેદ એટલે કંઈ સ્તોત્ર નથી. ગયા વર્ષે કરેલું સ્તોત્ર પણ આપણને આ વર્ષે મોઢે છે કે નહિ, તે કોને ખબર? બારમે વર્ષે એમણે સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. અરે! તે વખતનાં પંડિતોએ તેમની બાળક તરીકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મશ્કરી કરી. સોળમે વર્ષે તેમણે પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય લખ્યું. પ્રસ્થાનત્રયી એટલે બ્રહ્મસૂત્ર શારીરભાષ્ય, ગીતાભાષ્ય અને ઉપનિષદો ઉપર ભાષ્ય લખ્યું. શું એમની બુદ્ધિની પ્રતિભા હશે! અને આ મહાન મનનશીલ વ્યક્તિ બત્રીસમે વર્ષે ચાલી ગઈ. તેમના વાઙ્મયને જોડી નથી. તેમાં સર્વોચ્ચ અનુભૂતિ છે. अहम् ब्रह्मास्मि ની અનુભૂતિ, જ્ઞાન પરિપૂર્ણ અને જગત અસત્ ઠરાવવાની બુદ્ધિ તેમનામાં હતી. કેવલાદ્વૈતનો સિદ્ધાંત તેમણે જીવનમાં આણ્યો હતો.

સ્તોત્ર એટલે આદિમશક્તિના કાલાવાલા. કાલાવાલા તો ઘણા કરે, પણ આચાર્ય એક મહાન શક્તિ હતી. તેઓ પૂજનીય છે. તેઓ જ્ઞાનથી પરિપૂર્ણ હતા. એમનું અંતઃકરણ ભક્તિથી ભરેલું હતું અને જીવનમાં સતત કર્મયોગ કર્યો હતો. બધા દર્શનોનું તેમણે ખંડન કર્યું છે. એક મહાન વ્યક્તિએ કહેલી વાત છે કે જેને ઉત્કૃષ્ટ વકીલ થવું હોય તેણે શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યનું બ્રહ્મસૂત્ર શારીરભાષ્ય વાંચવું જોઈએ. એમની ભક્તિ દૂબળી નહિ. જે ભક્તિમાં તેજ (spark) છે, તેજોમય ભગવાનને આકર્ષિત કરવાની તાકાત છે, તેવી તેજસ્વી ભક્તિ તેમના જીવનમાં દેખાય છે. કર્મયોગ એટલો મહાન છે કે સોળમે વર્ષે પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય લખ્યું અને બત્રીસમા વર્ષ સુધી આસેતુહિમાચલ સુધી ભગવદ્ભક્તિ અને જ્ઞાનનો ઝંડો લઈને ફર્યા. ગયે વર્ષે આપણે अन्नपूर्णास्तोत्र–જેમાં એમણે ભગવતી પાસે ભીખ માગી, તે આપણે વાંચતા હતા. શંકરાચાર્યે ભીખ માગી તે વિશેષ છે. કારણ કે જે પૂર્ણ છે, જે ભગવાનને આપવા આવ્યો છે તે ભીખ માગે છે. તેઓ ભગવાન કરતાં શ્રેષ્ઠ લાગે, કારણ તે ભગવાનને પણ આપવા આવ્યા. તેમણે કરેલાં સત્કર્મો તેમણે ભગવાનને આપ્યાં. આવા માણસો સ્તોત્રો ગાય તે અદ્ભૂત હોય. તેમાં અનુભૂતિ હોય. 'મા' કહીને હાંક મારતાં જગદંબાને આવવું પડે તેટલી તેમની હાંકમાં શક્તિ છે. આના લીધે તેમના લખાણને સૌંદર્ય છે. તેમનું મહાભાષ્ય વાંચો તો વાણી પ્રાસાદિક લાગે. જ્ઞાનેશ્વરીમાં પ્રસાદ છે–જ્ઞાનેશ્વર ભગવાનના અનુભવનો પ્રસાદ છે. તે વાઙ્મય બુદ્ધિથી લખેલું નથી. બુદ્ધિ તેમણે ભગવાનને આપી દીધી અને ત્યાર પછી લખેલું આ લખાણ છે. તેથી આચાર્યની વાણીમાં હૃદય છે, સૌંદર્ય છે, પ્રસાદ છે અને જ્ઞાની ભક્તની અનુભૂતિ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિપૂર્ણ જ્ઞાન, તેજોમય ભક્તિ અને મહાન કર્મયોગ જેના જીવનમાં છે તેવી વ્યક્તિ આ સ્તોત્ર ગાય છે. આદિમશક્તિને તેમાં 'મા' કહીને હાંક મારે છે. ભગવાનમાં તે ગુણો છે. પિતૃત્વના અને માતૃત્વના બન્ને ગુણો છે તેથી જ શિવજી અર્ધનારીનટેશ્વર છે. તેની પાસે પ્રખર પુરૂષના ગુણો છે તેવી જ રીતે ઘડીકમાં રડી પડે તેવા સ્ત્રીના ગુણો પણ છે. પિતૃત્વના ગુણોમાં પ્રખર પુરૂષના ગુણો તેવી જ રીતે માતૃત્વના ગુણો–વાત્સલ્ય, પ્રેમળતા, કોમળતાના ગુણો છે.

ટોચ ઉપર ગયેલા માણસમાં પ્રખર પુરૂષના અને કોમળ સ્ત્રીના ગુણો પણ હોય. સંતો કહે છે કે અમે મીણ કરતાં મઉ (કોમળ) અને વજ્ર કરતાં કઠણ છીએ. આ ગાંડપણ નથી. તેમનામાં પુરૂષના પ્રભાવી ગુણો હોય છે. તેવી જ રીતે કોમલતા, મૃદુતા, પ્રેમ અને વાત્સલ્ય ઠસોઠસ ભરેલા છે. શિવજીનું 'અર્ધનારીનટેશ્વર' નું રૂપ એટલા માટે જ છે. न स्त्रीपुमान् એમ વેદો, ઉપનિષદો જેનું વર્ણન કરે છે, તે આદિમશક્તિને શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય 'મા' કહીને હાંક મારે છે.

भवानि स्तोतुं त्वां.... હે ભવાનિ! બ્રહ્મદેવને ચાર મોઢા છે પણ તે ચાર મોઢાથી તારૂં સ્તવન કરી શકતા નથી, ભગવાન શિવજી પાંચ મોઢાથી તારી સ્તુતિ કરી શકતા નથી, કાર્તિકસ્વામી, જે દેવોના સેનાપતિ છે, તેને છ મોઢા છે પણ તે તારી સ્તુતિ કરી શકતા નથી, શેષ, જેણે પૃથ્વી ધારણ કરી છે, તે હજાર–સહસ્ત્ર મોઢાવાળો હોવા છતાં તે તારી સ્તુતિ કરી શકતો નથી. આ મહાન માણસો તારી સ્તુતિ કરી શકતા નથી તો શું હું તારી સ્તુતિ કરી શકીશ? અમારી વાણીમાં તારી સ્તુતિ કરવાની તાકાત છે કે? ના, અમે તારી સ્તુતિ ગાઇ શકીશું નહિ. તારી સ્તુતિ ગાવાનું અમને મન થાય છે પણ અમે તારી સ્તુતિ ગાઇ શકવાના નથી. સામાન્ય માણસ કેવી રીતે તારૂં વર્ણન કરી શકે? સામાન્ય માણસને તારી સ્તુતિના બારામાં જગા જ કયાં મળે? તારી સ્તુતિ ગાવી આ મારૂં કામ નથી. તારી સ્તુતિ કરવાનો મારો પ્રાંત નથી. મારો પ્રાંત કેવળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તને જોવાનો છે. તને 'મા' તરીકે હાંક મારવી અને તને જોવી આ મારૂં કામ છે. તે છતાંયે હું થોડોક પ્રયત્ન કરીને તારી સ્તુતિ ગાઉં છું—આ શંકરાચાર્યનો વિનય છે.

કાલિદાસ રઘુવંશ લખતી વખતે આવો વિનય કરે છે:

'આ રઘુવંશ છે, તેમાં ભગવાન અવતાર લે છે. આ વંશ કેટલો મહાન છે અને મારી અલ્પમતિ છે. કોઇ નાનકડી નાવડી લઇને આખો દરિયો પાર કરવા ઇચ્છા કરે તે જેટલું હાસ્યાસ્પદ છે તેટલો આ મારો રઘુવંશ લખવાનો પ્રયાસ હાસ્યાસ્પદ છે.' કાલિદાસ તો વિદ્વાન છે. તે કદાચ વિનય (formality) માટે આવું લખે પણ શંકરાચાર્યાનો શું આ વિનય છે? શંકરાચાર્ય શું વિનય (formality) કરે છે? વિદ્વાનની વ ણીમાં (formality) વિનય હોય. કાલિદાસ કહે છે કે: જ્યાં સુધી વિદ્વાનોને સંતોષ ન થાય ત્યાં સુધી મારા લખાણને 'સાધુલખાણ' ન સમજીશ.' માણસ છીછરો હોય તેને પોતાના માટે વિશ્વાસ હોય, પણ મહાન માણસને વિશ્વાસ ન હોય. તો શું શંકરાચાર્ય વિદ્વાન ન હતા? તે કેવળ વિદ્વાન નહિ પરંતુ તત્ત્વજ્ઞાની પણ હતા. શંકરાચાર્ય ટોચના કર્મયોગી, તેજસ્વી ભક્ત અને મહાન તત્ત્વજ્ઞાની હતા. તે જ્યારે કહે છે કે, 'હું તારૂં વર્ણન ન કરી શકું' એમાં એમને કહેવાનું છે કે, 'હું જ તારૂં વર્ણન કરી શકું. ઉપરના લોકો બ્રહ્મદેવ, શિવજી, કાર્તિકસ્વામી અને શેષનાગ, તારૂં વર્ણન કરી ન શકે, પણ હું તારૂં વર્ણન કરી શકું.'

બ્રહ્મદેવ એક મોઢે તારા જ્ઞાનનું વર્ણન કરે છે. તારૂં જ્ઞાન જબરદસ્ત છે. તે એમની આત્માનુભૂતિ છે તેથી તારા જ્ઞાનનું વર્ણન કરી શકે. અંગ્રેજીમાં ત્રણ શબ્દો છે: Thought (વિચાર) Knowledge (જ્ઞાન) અને understanding (બોધ) આ ત્રણે શબ્દોના અર્થ જુદા છે, આમ છતાં સંસ્કૃત ભાષા જેવી શ્રીમંત ભાષા બીજી નથી. हास्य અને स्मित નો ફરક સંસ્કૃત જ બતાવી શકે. બંધારણીય ભાષા (constitutional language) તરીકેની યોગ્યતા સંસ્કૃત ભાષાની જ છે.

વિચાર, જ્ઞાન અને બોધમાં ફરક છે. વિચાર કૃતિશીલ બને ત્યારે 'જ્ઞાન' કહેવાય અને કૃતિમાં ઉતરેલો વિચાર અનુભૂતિમાં આવે ત્યારે તેને બોધ કહેવાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મદેવ એક મોઢાથી તારા જ્ઞાનનું વર્ણન કરશે, બીજા મોઢે તારા મનનું વર્ણન કરશે. તારૂં મન કેટલું વિશાળ છે તે જોઈને બ્રહ્મદેવ ગાંરો ઘેલો થયો હશે. તારા મનનું વર્ણન કરવાની શકિત બ્રહ્મદેવમાં છે. બ્રહ્મદેવ એક શકિત છે. તેની પાસેથી પ્રભા લઈને જીવ આવે છે, તે કહેતો હશે કે તું 'મા' છે. બધા લોકોના આટલાં મહેણાં તું ખાય છે, છતાં બધું તારા પેટમાં છે. તું 'મા' છે. कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति–છોરૂ કછોરૂ થાય પણ મા તેનું અસત્ ચિંતે નહિ. માની છાતી ઉપર બેસવાવાળા દીકરાનું પણ મા કલ્યાણ ઇચ્છે, તેથી ભગવાનને 'મા' તરીકે હાંક મારે છે.

ફ્રેન્ચમાં એક વાર્તા છે. એક યુવાન છોકરો હતો. નાનપણમાં તેના હાથમાં સંપત્તિ આવી અને તે ઉછાંછળો થયો. તે વેશ્યાના ઘરે પડી રહે. તેને જગત તુચ્છ લાગે. મા તેને સમજાવે પણ તે માને નહિ. સંપત્તિનો બોધ વેશ્યાને ઘરે જવા લાગ્યો. બાપાએ લોહીનું પાણી કરી, કાળાં ધોળાં કરી સંપત્તિ ભેગી કરી રાખી હતી પણ સત્કાર્યમાં ધન વાપર્યું નહિ. પછી તો 'Law of justice' (ન્યાયનો કાયદો) ભયંકર છે જ. સંપત્તિ અવળે માર્ગે વપરાવા લાગી.

એક દિવસ વેશ્યાને થયું કે જ્યાં સુધી તેની મા છે ત્યાં સુધી દીકરા ઉપર તેનો અંકુશ (control) છે. તેથી તેને ચડાવવા કહ્યું કે 'તમારો મારા ઉપર પ્રેમ નથી, તમારી મા ઉપર છે. મારા ઉપર પ્રેમ હોય તો એક વસ્તુ લઈ આવો.' તે કહે, 'તું ગમે તે માગ, હું જરૂર લઈ આવીશ. તારી પાસે દુનિયા તુચ્છ છે.' વેશ્યાએ કહ્યું કે, 'મારા ઉપર તમારો પ્રેમ હોય તો તમારી માનું કાળજું લઇ આવો.' તેણે કહ્યું, 'વાંધો નહિ.' कामातुराणां न भयं न लज्जा કામાતુર થયેલો માણસ બધું કરવા તયાર થાય. તેણે મા પાસે જઈને માનું કાળજું માગ્યું. માએ તે કાઢી આપ્યું. તે માનું કાળજું થાળીમાં લે છે અને તેના ઉપર રૂમાલ ઢાંકી દે છે. માનું કાળજું લઈને ઉતાવળથી તે વેશ્યાને ત્યાં જવા લાગ્યો. રસ્તામાં ઠેસ લાગી અને તે પડી ગયો, માનું કાળજું પણ પડી ગયું. પણ તે માનું કાળજું બોલી ઊઠયું: 'દીકરા! તને વાગ્યું તો નથીને!'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વાર્તા સત્ય છે કે નહિ તે મને ખબર નથી, પરંતુ તેમાં જે તત્ત્વ છે તે પૂર્ણ સત્ય છે.

આવી જ રીતે ભગવાન! તને લાત મારવાવાળા અમે તારી ફકર કરતા નથી તે છતાંયે તું કેટલો કારુણિક છે. જન્મ્યો ત્યારથી મારું જ જોવાવાળો, સાઠ વર્ષ પછી તારૂં નામ લઈશ–આવું કહેવાવાળા અમે છીએ, આમ છતાં તું અમારૂં જીવન પ્રેમથી ચલાવે છે. તારૂં મન કેટલું વિશાળ છે! તારા મનનું વર્ણન ન થાય. આમ બ્રહ્મદેવ વર્ણન કરતા હશે.

ત્રીજા મોઢેથી બ્રહ્મદેવ તારી બુદ્ધિનો વૈભવ સમજાવશે. સૃષ્ટિ જેણે ઊભી કરી, લીલોતરી જેણે ઊભી કરી, શરીર જુઓ–આ બધી વાતોનો અમારી બુદ્ધિ વિચાર પણ કરી શકતી નથી. એક ડીઝાઈન (model) શરૂઆતમાં કાઢી છે તે કાયમની છે. નાક નાકને ઠેકાણે, આંખ આંખના ઠેકાણે; તેમાં ફરક નહિ. આમ વર્ણન કરશે.

ચોથા મોઢે તારી ઇંદ્રિયોનું વર્ણન કરશે. પ્રત્યેક ઇંદ્રિયમાં લોલુપતા છે. ઇંદ્રિયોનું રહસ્ય આ છે કે તે લોલુપ બનાવે. ઈંદ્રિયોમાં લોલુપતા છે. પરંતુ ભગવાનની ઇંદ્રિયો અલોલુપ છે. તારી અલોલુપ ઇંદ્રિયોનું વર્ણન બ્રહ્મદેવ ચોથા મોઢેથી કરશે. ભગવાનને કંઈ જોવાનું નથી. તે સમજાવશે કે ભગવાનની ઇંદ્રિયો અલોલુપ છે. આત્મભોગને માટે અમારી ઈંદ્રિયો અને પરભોગને માટે તારી ઇંદ્રિયો. તને આંખ નથી, પણ તું આંખવાળો થયો તેનું કારણ મને જોવા માટે તને આંખ જોઈએ. મને સાંભળવા માટે તને કાન છે. આ બધા વર્ણન કરવાના વિષયો છે. જ્ઞાન, મન, બુદ્ધિ અને ઇંદ્રિયોનું વર્ણન બ્રહ્મદેવે ચાર મોઢાથી કર્યું.

ત્યાર પછી શિવજી. તેને પાંચ મોઢા છે. શિવજી તારૂં હૃદય ઓળખે. શિવ એટલે કલ્યાણ કાં તો જ્ઞાન, તેને તેં હૃદય આપ્યું છે. તારૂં હૃદય કેટલું મૃદુ છે, મધુર છે તે શિવજી જાણે છે. તારૂં હૃદય જાણવાની તાકાત શિવજીમાં છે. તેથી તે બ્રહ્મદેવે કહેલા ચાર ગુણોનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ણન તો કરશે જ પણ પાંચમા મોઢાથી તારા હૃદયનું વર્ણન કરશે.

આ પાંચ વર્ણન સાચા પણ કાર્તિકસ્વામીને છ મોઢા છે. તે તારો છઠ્ઠો ગુણ 'વાત્સલ્ય' તેનું પણ વર્ણન કરી શકે. તે ગુણ શિવજી અને બ્રહ્મદેવને ખબર નથી. તે સેનાની ( કાર્તિકસ્વામી ) જાણી શકે.

બા! તારી પાસે કમાલનું વાત્સલ્ય છે. દુનિયામાં આવી મા જોવા ન મળે. જગતમાં ભગવાનને 'મા' નું દૃષ્ટાંત આપીએ પણ તે યોગ્ય નથી. જગદંબા જેવી મા છે, તે જેટલું વાત્સલ્ય કરી શકે તેટલું વાત્સલ્ય હાડકાં ચામડાંની મા ન કરી શકે. જગદંબા જેટલો પ્રેમ કરે છે તેટલો પ્રેમ લૌકિક મા ન કરી શકે.

શાસ્ત્રકારો આને માટે વાંદરીનું દૃષ્ટાંત આપે છે. એક વાંદરી પોતાના બચ્ચાને લઇને નદીને પેલે પાર જતી હતી. તે બચ્ચાને સંભાળતી હતી, પરંતુ નાકમાં પાણી જવા લાગતાં બચ્ચાને નીચે નાખી તેના ઉપર ઊભી રહી. લૌકિક 'મા' ઉપરથી જગદંબાની કલ્પના ન આવે. આમ કાર્તિકસ્વામી વાત્સલ્યનું વર્ણન કરશે.

अहिपति એટલે શેષ–તે કર્મયોગી છે. તે પોતાના હજાર મોઢે તારૂં વર્ણન કરશે. કારણ તે તારો નોકર છે. તે કર્મ કરવાવાળો અને કર્મનું ખાવાવાળો છે. તે કહેશે, ભગવાન ન્યાયી છે, ક્ષમાશીલ છે, પતિતપાવન છે, કારણ તે કર્મ કરીને તારી પાસે આવે છે. ગમે તેટલું થાય પણ તે કર્મચારી છે. તે કહેશે કે તું કદર કરવાવાળી છે; પરીક્ષક છે. તું મહાન છે. કર્મચારી તારૂં ખૂબ વર્ણન કરશે. પણ બા! હું કંઇ જુદો જ છું. આ બધાને તારો એક ગુણ ખબર પડયો નહિ જે મને ખબર છે. તારૂં કારુણ્ય આ ગુણ મને ખબર છે. આ બ્રહ્મદેવ, શિવજી, કાર્તિકસ્વામી વગેરે તારા સગા છે, હું તારો સગો નથી. તેવીજ રીતે કર્મયોગીની માફક નિરીચ્છ નથી. હું નિષ્કામ પણ નથી અને કર્મયોગી પણ નથી, છતાં તું મારા ઉપર કારુણ્યનો વર્ષાવ કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધા ફર્સ્ટક્લાસવાળા તારા કારુણ્યનું વર્ણન ન કરી શકે. તેમને કારુણ્ય આ વિષય ખબર નથી. જે નિષ્કામ કર્મયોગી છે, જે ભગવાન ઉપર ઉપકાર કરે છે, તેમને તારૂં કારણ્ય ખબર નથી. હું તો પૂર્ણ ઇચ્છા રાખવાવાળો છું. હું કર્મ ન કરતાં ઇચ્છા રાખવાવાળો છું, છતાં તું મારા ઉપર સ્નેહ, પ્રેમ, આત્મીયતા દેખાડે છે. આ અજોડ આત્મીયતાને લીધે તું મારા ઉપર કારુણ્યનો વર્ષાવ કરે છે. આ કારુણ્યનું વર્ણન ઉપર જણાવેલા લોકો ન કરી શકે. તારા કારુણ્યનો વિષય હું જ છું; તેથી તારૂં પૂરૂં વર્ણન હું જ કરી શકું.

શંકરાચાર્ય આજે સામાન્ય જીવ (common man) નો ઝભ્ભો લઈને બેઠા છે અને શિવનું વર્ણન કરે છે. કર્મયોગીઓ તારૂં વર્ણન કરશે કે, 'તું પરીક્ષક છે, ન્યાયી છે, ક્ષમાશીલ છે'. તે કર્મ કરે છે પણ નિષ્કામ છે. હું તો કંઈ કરતો નથી અને કામનાઓથી ભરેલો છું છતાં તું મારા ઉપર નજર રાખે છે. તેથી તારા કારુણ્યનો વિષય મને જ ખબર છે. માટે કહું છું કે હું તારૂં વર્ણન કરીશ, પછી જ તારૂં વર્ણન પૂરૂં થશે.

શંકરાચાર્યનું આ મનોગત છે. આ સાધકોની શ્રેણીઓનું વર્ણન છે. તપસ્વીઓ ચાર મોઢેથી જ્ઞાન, મન, બુદ્ધિ અને ઇંદ્રિયોનું વર્ણન કરશે. બીજા જ્ઞાનીઓ છે તે તારૂં વર્ણન પાંચ મોઢે કરશે. ગીતામાં ભગવાને કહ્યું છે કેઃ उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम्—જ્ઞાની તારો આત્મા હોવાથી તારા હૃદયનું વર્ણન કરશે. તેમને તારો પાંચમો ગુણ મળ્યો. જ્ઞાનીભકતોને તારૂં વાત્સલ્ય ખબર પડે, તેથી તેનું વર્ણન કરે. અને સાત્ત્વિક ભકતો તારૂં હજાર મોઢે વર્ણન કરે. પુષ્પદંત મહિમ્નસ્તોત્રમાં કહે છે કેઃ

**असित गिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी**
**लिखति यदि गृहित्वा शारदा सर्वकालं तदपि तव गुणानामीश पारं न याति ॥**

સાત્ત્વિક ભકતો હજાર મોઢે તારી સ્તુતિ ગાય છે. કર્મચારીઓ, કર્મ કરવાવાળા રોકડિયા છે. તે ડરે નહિ, કારણ તેમણે બેંકમાં પૈસા ભર્યા છે. મેં તો બેંકમાં પૈસા ભર્યા નથી છતાં ચેક ફાડી બેઠો છું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું નિષ્કામ નહિ, નિરીચ્છ નથી. હું તો પૂર્ણ ઇચ્છાવાળો છું. મેં કશાં કર્મો કર્યાં જ નથી. તેથી મારી સ્થિતિ (stage) કંઇ જુદીજ છે. હું તત્ત્વવેત્તા, જ્ઞાની, જ્ઞાનીભકત, ભકત કંઈજ નથી. આ બધી સાધકોની જુદી જુદી શ્રેણી છે,

હું આત્મીય ભક્ત છું. તેથી મને શંકા થાય જે કે હું તારો આત્મીય કેમ થયો? ગુણોનું ઠેકાણું નથી કામ ન કરતાં હુક્કથી ખાવા માંગું છું આમ છતાં તું કારુણ્યનો વર્ષાવ કરે છે. આ બધા કરતાં મારી જાતિ જુદી જ છે. તપસ્વીઓ, જ્ઞાની ભકતો, ભકતો અને સાત્ત્વિક ભકતો આ ચાતુર્વર્ણ્યમાં હું બેસતો નથી. હું અછૂત અસ્પૃશ્ય છું. હું આત્મીયભકત છું. હું તારો આત્મીય કેમ થયો? તેનો જવાબ નથી. મારી પાસે ગુણ, કલા, સત્કર્મો છે જ નહિ. હું કશું કરતો જ નથી. આ જગતમાં મારાથી કંઇ કર્મ શકય જ નથી. આમાં લઘુગ્રંથી નિર્માણ થાય છે. આમાંથી ન્યૂનગંડ (inferiority complex) તૈયાર થાય. દિગ્ભ્રાંત થયેલો માણસ હોય, તેને લાગે મારી પાસે જ્ઞાન નથી, હું તત્ત્વવેત્તા નથી, કર્મ મારા હાથથી થતું નથી મારી પાસે કશું નથી તે છતાંય મારી ઉપર કારુણ્ય શામાટે? તેનો જવાબ નથી, આ મા-દીકરાનો પ્રેમ છે.

નાના બચ્ચા ઉપર મા પ્રેમ કરે છે. તેણે યુનિવર્સિટી જ જોઈ નથી તો ડીગ્રી કયાંથી હોય, અને જ્ઞાન પણ કયાંથી હોય? બચ્ચું કંઇ કામ કરતો નથી. પાણી ભરતો નથી. તે કશું કરતો નથી. છતાં મા તેના ઉપર પ્રેમ કરે છે. કારુણ્ય વિષય આવ્યો કે હાંક મારવાનું મન થાય. મા ગુણો, કર્મયોગ જોતી નથી. અને બચ્ચાને ભૂખ લાગે કે તે માને લાત મારે છે. પણ તે લાત માને મધુર લાગે છે. તે બેઆબરૂ (defamation) નો કેસ નથી કરતી. માને લાત મારીને કહે કે 'મા! ખાવા આપ.' અને મા ખાવા આપે છે. તેથી જ તે જગદીશને 'મા' તરીકે હાંક મારીને શંકરાચાર્ય વર્ણન કરે છે. તેને નથી પુણ્ય નથી કર્મયોગ, નથી જ્ઞાન, પણ માગે છે માત્ર હુક્કથી. તેથી શંકરાચાર્ય કહે છે કે મને કારુણ્યની અનુભૂતિ છે. તું મારી બા થઇ શકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આવી રીતનું આમાં રહસ્ય છે. આમાં મિજાજ પણ છે કે 'તે વર્ણન ફક્ત હું જ કરી શકું છું'

તપસ્વીઓને કારુણ્યની જરૂર નથી. જ્ઞાની પૂર્ણ છે. તેમને પણ કારુણ્યની જરૂર નથી. જે લોકો न पुण्यं न पापं न सौख्यं न दुःखम् न मंत्रो न तीर्थं न वेदा न यज्ञाः । अहं भोजनं नैव भोज्यं न भोक्ता चिदानंद रुपः शिवोऽहम् शिवोऽहम् । આવું બોલવા લાગે તેમને કારુણ્યની જરુર નહિ. આવી જ રીતે જ્ઞાની ભક્તને કારુણ્યની જરૂર નથી કારણ ભગવાન તેની જોડે ચાલે છે. કર્મયોગીઓ તો રોકડીયા છે. કર્મચારીઓનું વર્ણન કંઈ મોટું નથી. પણ તેમને કારુણ્યની જરૂર નથી. (Law of Justice) કર્મના ન્યાય મુજબ તે ખાતા રહ્યા છે. તેથી તેમને કારુણ્યની જરૂર નહિ.

મેં કંઈ કર્યું નથી તે મારે ભોગવવાનું છે અને કર્યું છે તે મારે ભોગવવાનું નથી હું એવો ચક્રમ માણસ છું. अपिचेत्सुदुराचारः भजते माम् अनन्यभाक् આવો હું છું. મારી જાતી, મારો વર્ણ જુદો છે. તેથી મારૂં વર્ણન જુદું છે.

આ પ્રસ્તાવનામાં શંકરાચાર્ય વિનય દેખાડે છે અને સામર્થ્યનું પણ વર્ણન કરે છે. આત્મિક સંબંધમાં પ્રેમ કરે અને 'બા' જ તે પ્રેમ કરી શકે. બાપા ગુણ જોઈને પ્રેમ કરે. જેને ગુણ નથી તેને બા વધારે માને.

બે છોકરા હોય–તેમાં એક છોકરો ત્રિભુવન ગજાવતો હોય, તે જોઈને બાને આનંદ થાય. તેના ઉપર બાને પ્રેમ હોય, પણ જે છોકરાને કોઈ પૂછતું નથી તેના ઉપર બા વધારે પ્રેમ કરે. કારણ બાને લાગે કે તેને કોણ પ્રેમ આપશે? આવીરીતે ભૂલેશ્વરમાં દસ x દસની ઓરડીમાં રહેનાર મફતલાલની ગતિ શું? गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि–કારણ તે કારુણ્યનો વિષય છે. ફર્સ્ટ ક્લાસના લોકોએ કરેલા વર્ણનમાં જે ઊણપ છે તે હું પૂરી કરૂં છું. આમ શંકરાચાર્ય ને કહેવાનું છે. આમાં વિનય પણ છે અને મિજાજ પણ છે. આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મીય ભાષા છે. સ્તોત્રનો, કાલાવાલાનો આ પાયો (foundation) છે.

મારી પાસે ગુણ, કર્મયોગ કાંતો જ્ઞાન હોય તો પ્રભુ તમે ખેંચાઈ જ જવાના. મારી પાસે કંઈ નથી છતાં હું કારુણ્યનો વિષય છું શંકરાચાર્યે આ નાટક કર્યું છે. સામાન્ય માણસનો ઝભ્ભો તેમણે પહેર્યો છે. ભગવાને જગત નાટક તરીકે નિર્માણ કર્યું તો ભકત તેવું કરે તે કંઈ ખોટું નથી.

આ શ્લોકમાં વિનય છે તેમ અધિકાર પણ છે. 'રહેલી ઊણપ હું પૂરી કરૂં છું.' આ મિજાજ છે. આ શ્લોકમાં ''મા' તરીકે હાંક શા માટે મારૂં છું'–તેની પ્રસ્તાવના છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

## श्लोक २

घृतक्षीरद्राक्षमधुमधुरिमा कैरपि पदै—
र्विशिष्यानाख्येयो भवति रसनामात्रविषयः।
तथा ते सौन्दर्यं परमशिवदृङ्मात्रविषयः
कथङ्कारं ब्रूमः सकलनिगमागोचरगुणे॥२॥

**शब्दार्थः–** ઘી, દૂધ, દ્રાક્ષ અને મધની મધુરતા કોઈ પણ શબ્દોથી વિશેષરૂપે બતાવી શકાતી નથી, એમની મધુરતા કેવળ રસના જ (જીભ) જાણે છે. આવી જ રીતે તારૂં સૌંદર્ય કેવળ શિવદૃષ્ટિનો જ વિષય છે. હે દેવી! તારા ગુણોનું વર્ણન તો અખિલ વેદ પણ નથી કરી શકતા તો પછી તારા ગુણોનું વર્ણન હું કેવી રીતે કરૂં?

XOX

ઘૃત એટલે ઘી, ક્ષીર એટલે દૂધ, द्राक्ष–દ્રાક્ષ અને મધુ–મધ–એની જે મધુરિમા છે, ગળપણ છે તેનું વર્ણન કોઈ પણ શબ્દથી ન થઇ શકે. પ્રત્યેકમાં વિશેષ પ્રકારની મધુરિમા છે. આપણે ગમે તેટલા મોટા શબ્દશાસ્ત્રી હોઇશું તો પણ તેનું શબ્દથી વર્ણન કરી શકશું નહિ, કારણ કે તે વાણીનો વિષય નથી, પરંતુ જીભનો જ વિષય છે. દ્રાક્ષ અને મધની મધુરિમામાં શું ફરક છે તે તમે ગમે તેટલા ભાષાશાસ્ત્રી હશો તે છતાં બતાવી શકશો નહિ, કારણ તે વાણીનો વિષય નથી પણ અનુભૂતિનો વિષય છે. બન્નેના મધુરિમાનો ફરક તેમને ચાખીને જ ખબર પડે. આવી રીતે, 'ભગવતી! તારા સૌંદર્યનું વર્ણન શબ્દથી શક્ય જ નથી. શિવજી જ તારા સૌંદર્યનું વર્ણન કરી શકે. કાં તો જેની શિવદૃષ્ટિ છે તે ફક્ત તારૂં સૌંદર્ય જાણી શકે. તારા સૌંદર્યનું વર્ણન કરવાની શકિત અમારામાં નથી.'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદ એટલે જ્ઞાન કાં તો વિચાર. બધા વેદો પણ તારા ગુણો ન સમજી શકે. વેદ એટલે विद ज्ञाने–જ્ઞાન અથવા વિચાર. તે તારા ગુણો સમજી પણ શકતા નથી તો વર્ણન ક્યાંથી કરી શકે? આ સંપૂર્ણ વેદોને પણ તારા ગુણો અજ્ઞાત છે કારણ તારા ગુણો બુદ્ધિથી સમજી શકાતા નથી. કેટલીક વાતો જ આવી રીતની છે કે તે બુદ્ધિથી સમજાય નહિ. દા. ત. 'મા પોતે ભૂખી રહે અને છોકરાને જમાડે' એ બુદ્ધિગમ્ય નથી. પ્રત્યેક વિષય બુદ્ધિગમ્ય છે એમ સમજનારા બુદ્ધિવાદી લોકો મંદબુદ્ધિવાળા છે. બુદ્ધિ બધું જ સમજી શકે છે એ સમજણ ખોટી છે. પ્રત્યેક વિષયમાં તર્ક (logic) ને પ્રતિષ્ઠા નથી. મા ભૂખી રહીને છોકરાને શા માટે જમાડે છે? આમાં તર્ક ચાલે નહિ.

બુદ્ધિ સર્વસ્વ સમજી શકે તે સમજણ ખોટી છે. બા ચા પીતી હોય અને નિશાળમાંથી બચ્ચું આવે. બાને ખબર પડતાં જ અર્ધી ચા છોડીને તે બચ્ચાને આવતો જોવા માટે દોડે. આપણા જેવો કહે કે બે મિનિટ પછી બચ્ચું ઘરમાં જ આવશે તો ચા છોડીને દોડવાનું કારણ નહિ. પણ આ વિષયમાં વિવેક અને વિચારને જગા જ નથી. આવા તો ઘણા વિષયો છે જેમાં બુદ્ધિ ચલાવવાની હોતી નથી. ઘરડા બાપાની સારવાર થાય. કોઇ પૂછે તેની જરૂર શું? હવે બાપા તો ઘરડા થયા, સારા થવાના નથી, નકામો ખર્ચ શા માટે કરવો? છતાં પણ દીકરો પ્રેમથી બાપાની સુશ્રૂષા કરતો હોય. આમાં તર્ક (logic) શું? તર્કવાદી કહે પણ ખરા કે ઘરડાની સારવાર કરવી તે બગાડ છે; એને નિરાંતે મરવા દો–(let him die peacefully) પણ તેવી રીતનું થતું નથી. ઘરડા મા-બાપની જરૂર નથી તે છતાંય એમની સેવા કરીએ તે બુદ્ધિગમ્ય નથી. આનો અર્થ જ એ છે કે કેટલાક વિષયો જ એવા છે કે તેમાં બુદ્ધિ, જ્ઞાન અને વિચાર પહોંચતા નથી.

જ્યાં બુદ્ધિ, જ્ઞાન, વિચાર પહોંચે છે ત્યાં સુધી વેદોએ તારા ગુણોનું વર્ણન કર્યું હશે પણ આવા ઘણા ગુણો છે કે તે વેદોને પણ અગોચર છે. તો પછી અમે ક્યાંથી તારા ગુણો કહી શકીએ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે આપણે સમજીએ છીએ કે બધા વિષયો બુદ્ધિના છે તેથી કહીએ કે 'ભગવાન છે તે સિદ્ધ કરો.' બુદ્ધિને જીવનમાં જરૂર સ્થાન છે, પરંતુ એને પણ લક્ષ્મણરેષા છે. બુદ્ધિ જો લક્ષ્મણરેષા ઓળંગે તો રાવણના હાથમાં પડે. साक्षरा: विपरिताश्च राक्षसा एव केवलम्।

વેદોએ પ્રભુના ગુણગાન ગાયા છે પણ ઘણા ગુણો જ્ઞાનને અગોચર છે. તેનું કારણ છે. વેદો જો ભગવાને પોતે ગાયા હોય તો ભગવન પોતે પોતાના બધા ગુણો ન જ ગાય; તેથી વેદો પૂર્ણત ભગવાનનું ગુણગાન ન કરે. અણુસમજુને સમજાવવા માટે થોડુંઘણું વર્ણન કરે પણ તે ચોથા ભાગનું જ હોય. સજ્જન માણસ પોતાનું કામ ગાશે તો રૂપિયાનું કામ કર્યું હશે તો ચાર આનાનું દેખાડશે અને બીજાનું કામ ગાવું હશે તો ચાર આનાનું કામ હોય તો રૂપિયાનું કરી દેખાડશે. સજ્જન માણસનો એ સ્વભાવ છે કે परगुण परमाणु पर्वतिकृत्यमान:- બીજાનો ગુણ પરમાણુ જેટલો હોય તો પર્વત જેટલો કહે. આવી રીતે ભગવાન પોતાનું વર્ણન સંપૂર્ણ ન કરે તે નૈસર્ગિક છે. આમ વેદોને બાર આનાનું ગુણવર્ણન અગોચર છે. તેથી ઋષિઓને વેદો ભગવાન પાસેથી મળ્યા હોય તો તેમાં ભગવાનનું પૂરૂં વર્ણન નથી. ભોગી વર્ણન કરે તો તે સ્વાર્થી હોવાથી સાચું હોતું નથી. સ્વાર્થી માણસને શેઠ પાસેથી પૈસા કઢાવવાના હોય તેથી आदरेण यथा स्तौति धनवन्तं धनेच्छ्य–પણ તે વર્ણન બરોબર ન હોય, કારણ તેને પૈસા કઢાવવાના હોય. આવી જ રીતે કોઇ વ્યાખ્યાનમાળા ગોઠવે અને તેમાં વ્યાખ્યાન ગોઠવવાનું હોય તો ખૂબ વર્ણન કરે. તે કહેઃ 'તમારી વાણી સાંભળવા લોકો આતુર છે.' આ બધું ખોટું છે. એ વર્ણન કરે છે કારણ એક વખત એને વ્યાખ્યાનકારને ઉપાડી જવો છે. આવી જ રીતે ભોગી લોકો ભગવાનનું વર્ણન કરે તે વર્ણન જ નથી. તે કહેશે કે, 'ભગવાન! તમે દાની છો, પતિતપાવન છો' પણ તે બધું ખોટું વર્ણન છે. આમ ભોગી તારૂ વર્ણન ન કરી શકે.

જ્ઞાનીઓ તારાથી આઘા રહે છે. જ્ઞાનીઓ પૂર્ણ છે તેથી તે તારી પાસે આવતા નથી અને તેઓ તારૂં વર્ણન પૂર્ણતઃ કરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નથી. જ્ઞાનીઓને અહમ્ પૂરો હોય. તે તારાથી આઘા રહે. તે તારા જીવનમાં ન જાય. નાની નાની વાતો જોવા મળવી જોઈએ અને તેમાંથી પરબ્રહ્મ જેટલો અર્થ કરવાની બુદ્ધિની તાકાત હોવી જોઈએ. જ્ઞાનીને પોતાનો અહમ્ હોય તેથી તે તારા જીવનમાં જતો નથી તેથી તે તારૂં વર્ણન પૂર્ણતઃ કરી શકતો નથી. કેવળ ભગતડો તો દૂબળો હોય તે તારૂં વર્ણન કયાંથી કરી શકે?

જ્ઞાનીભકત તારામાં ભળી ગયો હોય. તેને પોતાનું અસ્તિત્વ જ નહિ તેથી તારૂં વર્ણન કયાંથી કરે? વેદોને માન્ય જ્ઞાનીભકતો પણ તારૂં વર્ણન કરી શકતા નથી તારા ગુણો વેદોને અગોચર છે તો પછી તારૂં વર્ણન કોણ કરે?

ગુણવર્ણન બચ્ચું ન કરી શકે પણ સૌંદર્યનું વર્ણન કરી શકે. બા પાસે ગુણો કેટલા તે નાના બચ્ચાને ખબર ન પડે. પરંતુ સૌંદર્ય આ બચ્ચાંનો વિષય છે. તેથી બા, તારૂં રૂપવર્ણન થઇ શકે. મારી બા પાડોશણ કરતાં સુંદર છે એમ બચ્ચું કહી શકે. પંડિતો, વિદ્વાનો તારૂં ગુણવર્ણન ન કરી શકે તો અમે કયાંથી કરી શકીએ? પરંતુ પ્રભુનું અલૌકિક સૌંદર્ય તેનું બચ્ચું સમજી શકે. ત્યારે શંકરાચાર્ય કહે કે પ્રભુના સૌંદર્યનું વર્ણન પણ કેવી રીતે થઇ શકે? સૌંદર્ય બધે જ ઠેકાણે છે. સૃષ્ટિનું સૌંદર્ય કેટલું સરસ લાગે છે? લીલોતરી કેટલી સુંદર લાગે છે! અમારા શાસ્ત્રકારો કહેઃ 'ચોવીસ કલાક ચાર દિવાલ વચ્ચે શું બેસે છે? જરા બહાર નીકળ ચોમાસામાં બહાર નીકળ અને સૃષ્ટિસૌંદર્ય જો.'

સૃષ્ટિમાં રહેલું સૌંદર્ય, માણસમાં રહેલું સૌંદર્ય એ તો છે જ પણ પ્રભુ, તારૂં સૌંદર્ય શ્રેષ્ઠ છે; તારા સૌંદર્યની મીઠાશ જુદી જ છે.

વાણી ભગવાનના ગુણો કહેવા માટે છે એ વાત ખરી પણ વાણી એ માટે અસમર્થ હોય તો? ઘી, દૂધ; દ્રાક્ષ અને મધ, તેનું જુદું જુદું ગળપણ છે. પ્રત્યેકને જુદો સ્વાદ છે. તમે ગમે તેટલા ભાષાશાસ્ત્રી હશો તો પણ પ્રત્યેકમાં શું વિશેષ છે તે વર્ણન કરી શકતા નથી, કારણ તે ભાષાનો વિષય નથી પણ જીભનો વિષય છે, તેથી દરેક વસ્તુ ખાઇ જુઓ તો જ એની મધુરિમા ખબર પડે. આવી જ રીતે ભગવાન કેટલા સુંદર છે તે વર્ણવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન શકાય. ભગવાનના સૌંદર્યનું વર્ણન અશકય છે, કારણ છેવટે સૌંદર્ય સાપેક્ષ છે.

ભગવાને આ જીભનો ગોળો બનાવ્યો છે તે હાડકા વગરનો છે પણ તે એટલો લાગણીક્ષમ (sensitive) છે કે આંખ બંધ કરીને કંઇ પણ ખાશો તો પણ તે અર્ધી ક્ષણમાં કહી શકે કે શું ખાધું? તેનું વર્ણન લખી ન શકાય પણ સમજી જરૂર શકાય. જીભ લાગણીક્ષમ (sensitive) છે તેથી એને દાડમનું કે કેરીનું ગળપણ ખબર પડે. ઊંઘમાં પણ જો કોઇ જીભ ઉપર મધ મૂકે તો એ કહી શકે કે 'મધ છે.' આ બધી કીમિયાગારની કરામત છે. ભગવાનની કરામત અદ્દભૂત છે. તે કીમિયાગારે નાની જીભને જ્ઞાન આપ્યું તેથી તે લાગણીક્ષમ (sensitive) છે. જીભ સમજુ છે. તે દાંતની વચ્ચે આમથી તેમ ફરે પણ દાંતની વચ્ચે આવતી નથી. દાંતની વચ્ચે આવી જાય તો પ્રવચન કોણ કરે? પણ તે દાંત વચ્ચે આવતી નથી. જીભનું જ્ઞાન જ કંઇ જુદું છે. જીભ બનાવીને ભગવાને બુદ્ધિની કમાલ કરી છે.

મધનું ગળપણ જેમ જીભ જ સમજી શકે અને તે જેમ વાણીનો વિષય નથી તેમ ભગવાનનું સૌંદર્ય એ પણ વાણીનો વિષય નથી.

તારૂં સૌંદર્ય એ વાણીનો વિષય નથી પણ શિવદૃ—શિવદૃષ્ટિથી તે જાણી શકાય. શિવજી જ ફકત તારૂં સૌંદર્ય સમજી શકે છે. ભગવતીનું સૌદર્ય શિવજી સમજી શકે કાં તો જેને શિવદૃષ્ટિ આવી તે સમજી શકે પણ તે વર્ણન કરી શકે નહિ. તારૂં ગુણ વર્ણન અશકય જ છે. કારણ પૂર્ણતઃ તારા ગુણો સમજાય નહિ. શિવદૃષ્ટિથી તારૂં સૌદર્ય સમજી શકાય પણ સૌંદર્યનું વર્ણન વાણીમાં ઉતરતું નથી. આમ તારૂં સૌંદર્યવર્ણન પણ શકય નથી.

ઘણા લોકો ભગવાન પાસે આવે છે. પ્રત્યેકની દૃષ્ટિ જુદી જુદી હોય. કર્મયોગી ભગવાન પાસે જાય. તેની પાસે કર્મનો સાંઠો છે. તેની નજર પ્રભુના સૌંદર્ય તરફ નથી પણ ઇન્સાફ પર નજર છે. તેને ભગવાન ન્યાયી છે એમ લાગે. તેથી નાનામાં નાની વાત પણ તે પુરાવો આવી ભગવાન પાસે સિદ્ધ કરશે. કર્મયોગી ન્યાય માટે ભગવાન પાસે જાય. જજસાહેબ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે આરોપી જાય તો તે જજસાહેબના સૌંદર્યને નજુએ. તેને જજસાહેબની માયાળુ બુદ્ધિ ઉપર વિશ્વાસ છે તેથી આરોપી એની ન્યાયબુદ્ધિ તરફ જુએ. જજનું સૌંદર્ય તેની ઘરવાળી જ નિહાળે. આવી રીતે ભગવાન પાસે બધા જ જાય તેમ કર્મયોગીઓ કર્મનું પોટલું લઈને જાય. અનંત જીવો ભગવાન પાસે જાય તેમને ભગવાનનું સૌંદર્ય ખબર ન પડે. તેમને ભગવાન ન્યાયી લાગે. જેની ભયભીત દૃષ્ટિ છે, જે ડરી ગયેલો છે, તે ભગવાનનું સૌંદર્ય કેમ નિહાળી શકે? તે કહેશે मत्समः पातकी नास्ति–મેં પાતકો કર્યા છે. હે પ્રભુ! જેમજેમ યમ પાસે જવાના દહાડા નજીક આવે છે તેમ તેમ ભયવ્યાકુળતા આવે છે. આ માણસ ભગવાન તરફ જોશે પણ ભગવાન કૃપાળુ છે એ દૃષ્ટિથી જોશે. તેથી ડરી ગયેલાને ભગવાનનું સૌંદર્ય ખબર ન પડે. કંઈક ગુન્હો કર્યો હોય અને પોલીસ પાછળ પડી હોય તો એ માણસ આશરો શોધતો હોય. તેને કોઇ ઘરમાં આશરો આપે તો તે ઘરમાં જાય. પણ તે ડરી ગયેલો હોવાથી આશરો આપનારનું સૌંદર્ય તે ન જુએ. આમ ડરી ગયેલાને ભગવાનનું સૌંદર્ય નિહાળવાનો ટાઈમ પણ નથી તેમ તેની બુદ્ધિ પણ એ વિષયમાં કામ કરતી નથી. ભયભીત લોકો ભગવાન પાસે જાય તો ભગવાનને તે દયાળુ સમજે.

આવી જ રીતે ભગવાન પાસે આસક્ત લોકો જાય તો તેમને ભગવાનની ઉદારતા દેખાય. ભગવાનનું સૌંદર્ય નિહાળવાને માટે ખાલી મન (vacant mind) જોઈએ. ફિકરથી મન ભરેલું હોય તે હરદ્વારમાં ગંગાના કાંઠા ઉપર જઇને બેસે. પરંતુ પાંચ મિનિટ અંતઃકરણ ખાલી કરીને જોવાની તેની તૈયારી જ ન હોય તો ઓઘવતી ગંગાનું દર્શન ન થાય. ભૂતકાળની સ્મૃતિ નહિ, ભવિષ્યકાળના સ્વપ્ન નહિ અને વર્તમાનકાળની સ્થિતિ નહિ–આવું ખાલી અંતઃકરણ હોય તો જ ગંગામાતાનું સૌંદર્ય સમજી શકે.

માણસ દુઃખમાં હોય ત્યારે કોઇ ઠેકાણે કોઇ કાંઇ આપતું નથી. અગવડના ટાઈમમાં ભાઈ, સગાવહાલા, મિત્રો બધા આઘા થઇ જાય ત્યારે તે અનાથોના નાથ ભગવાન પાસે કામના લઈને જાય. આવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો લક્ષ્મીનારાયણ પાસે આસક્તિથી જાય તે ભગવાનની ઉદારતાના પડઘમ વગાડતા પાછા આવે. આ બધા લોકોને ભગવાનનું સૌંદર્ય જોવાની પુરસદ નહિ, દૃષ્ટિ નહિ, અને વૃત્તિ પણ નહિ.

ભગવાન! હું તારી પાસે ન્યાય માગવા આવ્યો નથી, કારણ તારી સૃષ્ટિની રચનાજ એવી છે કે કર્મના ન્યાયથી મને ન્યાય મળશે જ. હું ભયભીત નથી, મને કામના નથી, આવું જે કહી શકે તે સૌંદર્ય જાણી શકે. જેની દૃષ્ટિ શિવ થઇ ગઇ છે તે તારૂં સૌંદર્ય જાણી શકે. 'તું સુંદર છે એમાં શંકા જ નથી.' આટલું સુંદર જગત જેણે બનાવ્યું તે કેટલો સુંદર હશે! કોઇ કહેશે કે ચિત્રકારનું ચિત્ર સારૂં હોય પણ તે પોતે કુરૂપ રહી શકે. પરંતુ આ ચિત્રકારે પોતાના જ રંગથી ચીતર્યું છે તેથી તે પોતે પણ સુંદર છે. આ ચિત્રકાર મહાન સુંદર છે. એમાં શંકા નહિ.

શિવદૃષ્ટિવાળાને ज्योतिषां वा परस्तात्–મેઘોથી પણ દૂર ધ્યાન ધરીને બેઠેલા, પ્રચંડ શુભ્ર શીલા ઉપર બેઠેલા, શિવ જોવા મળે. આ દૃષ્ટિનો વિષય છે. જો દૃષ્ટિ મંગલ થાય તો કલ્યાણકારી, શિવદૃષ્ટિવાળા આ સૌંદર્ય નિહાળી શકે અને સમજી શકે. આપણી નજર ક્ષુદ્ર હોય, પાપી હોય, સ્વાર્થી હોય તો પ્રભુનું સૌંદર્ય કયાંથી જોવા મળે? પ્રભુનું સૌંદર્ય જોવા માટે સૃષ્ટિ તરફ જોવાની દૃષ્ટિ મંગલ હોવી જોઇએ.

પ્રભુ પાસે જવાવાળા ઘણું વર્ણન કરે–કોઇ કહેશે કે તે ન્યાયી છે, કોઇ કહેશે કે તે પરીક્ષક છે. આ ગુણો ભગવાનના છે ખરા પણ ભગવાન સુંદર છે તેનું કારણ શું? કારણ 'ભગવાન! તું મારો છે. તું મંગલ છે કારણ તું મારો છે.'

લોકો કહે કે વિધવા સ્ત્રીનું દર્શન થાય તો અશુભ થાય. સમાજમાં આવી માન્યતા છે. જો કે આ મૂર્ખાઇ છે. પણ મારી બા વિધવા છે તેનું દર્શન અશુભ લાગે? ન લાગે. કારણ તે 'મારી' બા છે 'મારા' માં અપશુકન ન હોય, 'બીજા' માં હોય. મારી દૃષ્ટિ સુંદર હોય તો ભગવાનનું સૌંદર્ય ખબર પડે. 'મારી' બાના અપશુકન ન થાય. 'મારૂં' છે તે મંગલમય છે. માંગલ્ય 'મારા' માં છે. પ્રભુ! તમે મંગલ છો કારણ તમે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા છે. ભગવાન 'મારા' છે એ ખબર પડી કે તે મંગલ લાગશે. ત્યાં સુધી ભગવાન દયાળુ, કૃપાળુ, ન્યાયી, પરીક્ષક, પતિતપાવન, નિયામક, ઉદ્ધાર લાગશે. ભગવાન 'મારા' છે તે જે ક્ષણે બોધ થાય તે જ ક્ષણે ભગવાન મંગલ થાય.

ભગવાન 'મારા' લાગવા તે સ્થિતિ (stage) જુદી છે. પ્રભુ 'મારા' છે એમ લાગવું જોઇએ. આ શુભદૃષ્ટિ જ્ઞાનથી અને ભકિતથી થાય. આ બુદ્ધિનો વિષય નથી, વાણીનો વિષય નથી, આ સમજણનો વિષય છે.

ભગવાન 'મારો' છે આ માંગલ્ય છે. આપણે લગ્નમાં શુભમંગલ લખીએ છીએ. લગ્નમાં શુભમંગલ શું? એક જીવ બીજા જીવને દિલથી કહે કે 'તું મારો છે.' મંગલ શુભ જ છે. મંગલ એટલે 'મારો.' પરણતી વખતે સ્ત્રી પુરુષને કહે કે 'તું મારો' અને પુરુષ સ્ત્રીને કહે કે 'તું મારી.' આથી લગ્ન શુભમંગલ છે.

ભગવાન સાથે શુભમંગલ કરવાનું, તેની જોડે પરણવાનું છે તેથી જ આ બધું કરવાનું છે. શ્રાવણ મહિનામાં મહેનત એટલા માટે જ છે કે મુરતિયો જોવા આવે તે પહેલાં શણગાર (make-up) સજી લઉં. કાર્તિક સુદ અગિયારસને દિવસે આ જગદીશ, નટરાજ ઊઠશે અને જોવા નીકળશે કે કોઈ એવો છે કે તેની સાથે પરણી શકું? પણ તે બધાને જોઇને નાક મરડશે કારણ તેને કોઇ પસંદ પડવાનો નથી.

વેદો અને ગીતા, બાની દૃષ્ટિથી જીવનો શણગાર કરે. આટલું જ વેદોનું કામ છે કે તે જીવને ભગવાનને ગમે તેવો બનાવે. મંગલ દૃષ્ટિ થઇ કે તે સૌંદર્ય જોઇ શકે, બીજા કોઇને ખબર ન પડે. સૌંદર્ય સમજવા માટે નજર બદલાવો, દૃષ્ટિ સુંદર બનાવો. જગત સુંદર લાગવું જોઇએ અને જગતમાં કોઈ વસ્તુ અસુંદર લાગવી ન જોઇએ. જેમ ભગવાન મંગલ તેમ સૃષ્ટિ પણ મંગલ. भद्रं तद् विश्वं यदवन्ति देवा:। જગત દુ:ખી છે જ નહિ. આપણે રડીએ તે ખોટું છે.

આપણે નવલકથાનું પુસ્તક વાંચતાં હોઈએ. તે નવલકથામાં આવે કે એક જીવ વંટોળીયા પવનમાં પોતાની રોજી શોધવા નીકળ્યો છે પણ કંઈ મળતું નથી. તે ભૂખથી પીડાઇને મરી જાય છે. આ અસહાય જીવની કરૂણ કહાણી વાચતાં વાચતાં આંખ ભીની થાય, કંઠ ભરાઈ આવે. આમ બધું થાય પણ બીજી ઘડીએ લાગે કે આ બધું પુસ્તકમાંનું છે. છાપેલું બધું સાચું હોતું નથી. આવી જ રીતે જગતમાંનું દુ:ખ જોઇને આંખ ભીની થાય, હૃદય ભરાઇ આવે. પણ વિવેકબુદ્ધિથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારીએ તો ખબર પડે કે ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः- તેથી રડવાનું કારણ નહિ. આ બધું નવલકથામાંનું દુ:ખ છે. આ જગત એક નવલકથા જ છે. બધું છાપેલું છે તે સત્ય થોડું જ છે? તેમ આ જગત સત્ય થોડું જ છે કે તેના માટે રડવાનું! हे सृष्टिसौंदर्य खुलें तुम्हाला, ठेवितसे देव पाहावयाला॥

શ્રાવણ મહિનામાં વરસાદ પડયો હોય ત્યારે પર્વત જુઓ, નદી જુઓ. સૃષ્ટિસૌંદર્ય જોઇને આંખ તૃપ્ત થાય. પરંતુ તેને માટે મન ખાલી હોવું જોઇએ. મન ખાલી કરીને જાવ તો સૌંદર્ય લૂંટી શકાય. શેરબજારનો વેપારી નિસર્ગ પાસે જઇ આવે. તે નિસર્ગ જોવા જાય પણ લોકોને કહેવા થાય એ માટે જોવા જાય. તેથી આજે જાય અને કાલે પાછો આવે. કારણ તેનું મગજ, હૃદય ખાલી જ નથી. તેની પાસે દૃષ્ટિ નથી. તેથી તે જુએ પણ બધું નકામું. પથ્થરથી ભરેલું અંતઃકરણ છે તેથી કંઇ જોઇ શકતો નથી. તે જુએ એટલા માટે કે 'અમે જોઇ આવ્યા' એમ ફોકટલાલને કહેવા થાય. તેને સૌંદર્ય ક્યાંથી ખબર પડે? આપણું હૃદય, મગજ ખાલી થતું જ નથી. આપણું અંતઃકરણ પથ્થરોથી ભરેલું હોય પણ ભાવભકિતથી ભરેલું નહિ, તેથી એવા ઘરડા થયેલા લોકો જગતથી કંટાળી જાય.

ભગવાનનું જગત મંગલ છે. હું મંગલ છું, મારૂં જીવન મંગલ છે એમ કહી હસતા રહેવું જોઇએ. હું પામર તરીકે નથી જન્મ્યો. મારો જન્મ મંગલ છે. ભગવાનને સૃષ્ટિ તરફ જોવા આંખ નથી. તે ભગવાનને કહે કે 'ભગવાન! મારી આંખ વડે તું સૃષ્ટિનું સૌંદર્ય જો.' તત્ત્વવેત્તા, જ્ઞાની અને ભકત કોણ તે લોકોને ખબર ન પડે, કારણ તે લોકો જાહેરાત ન કરે. અંદર થતો રહેલો ફરક બહારના લોકોને ખબર ન પડે. કોનો ઓરડો (મન, બુદ્ધિ અને હૃદય) ખાલી છે તે ખબર ન પડે. આ ભાષા ભગવાન જ વાંચી શકે. જેની શિવદૃષ્ટિ થઇ એ લોકો હસતા હોય.

બર્ટીના કહે કે 'હસતો માણસ અને રડતી સ્ત્રી ભયંકર છે. **(Laughing man and weeping woman are always dangerous)'** આવું વાંચેલું છે. પરંતુ બર્ટીનાને એ ખબર ન પડે. ગીતા જેનું વર્ણન કરે એ तुष्यन्ति च रमन्ति च–એ હસતા–નાચતા લોકો હોય. આત્મહાસ્યથી લોકોને હસતા ભગવાન જ ઓળખી શકે.

હું મંગલ છું. 'વેદાંત કહે કે અહંકાર ખરાબ છે.' તે કહે કે 'હું' કાઢ પણ કોણે કહ્યું કે અહંકાર ખરાબ છે? અહંકાર ઉપર તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખું જીવન છે. પહેલો નંબર આવે તે માટે તો પ્રયત્ન કરીએ, રાષ્ટ્રનો અહંકાર હોય તેથી રાષ્ટ્ર માટે જીવન આપીએ. અસ્મિતાને લીધે તો જીવનો વ્યતીત થાય. 'હું મંગલ છુ' હું કોઇ દિવસ ખરાબ નથી. લૌકિક વ્યવહારમાં તેમજ અધ્યાત્મમાં પણ ખરાબ નથી. શંકરાચાર્યનો 'હુ' જવા લાગ્યો કે તેમણે રોકી રાખ્યો. કેટલાક પરોણા આવે તે જતા જ નથી, તેથી ધણી રસોડામાં પત્નીને પૂછે કે 'જવાનું કંઇ કહે છે?' પત્ની કહે, 'ના, કંઇ બોલ્યા નથી.' બન્ને જણ પરોણો જાય તેની રાહ જોતા હોય. પણ ખરેખર પરોણો જવા નીકળે કે ગભરામણ થાય. આવી જ રીતે અહંકાર જાય નહિ ત્યારે એમ લાગે કે ક્યારે જશે? તેની રાહ જોતો હોય. તેના માટે જન્મારા સુધી મહેનત કરે, પરંતુ ખરેખર અહંકાર જવા નીકળે ત્યારે એને ગભરામણ થાય. 'હું' કાર જવા નીકળે ત્યારે શંકરાચાર્ય તેને રાખવા પ્રયત્ન કરે. जननी जननं यातु मम वै–એમ કહે.

ભગવાન ઉપર જેટલો પ્રેમ તેટલો મારા 'હુ' ઉપર પ્રેમ છે. મારો 'હુ' મારે ભેળવવો નથી. મારા 'હુ' એ 'તુ' ને નિર્માણ કર્યો છે. 'હુ' છે તેથી 'તું' છે. 'તું' ને રાખવાનો હોય તો મારો 'હુ' રાખવો જોઇએ. મારો 'હું' છે તેથી પ્રભુ 'તુ' છે. તેથી જ તત્ત્વજ્ઞાનની ટોચ ઉપર ગયા પછી પણ 'હુ' રાખવાની ઇચ્છા થાય.

સુંદર ભગવાન સવારે જોવા મળે છે તેનું કારણ 'હુ' છે. રાત્રે 'હુ' જ નહિ તેથી 'તુ' પણ નહિ. તને સંભાળવાવાળો મારો 'હું' છે. મારા 'હુ' એ 'તને' જીવતો રાખ્યો છે. 'હુ' ખલાસ તો 'તુ' પણ ખલાસ. રાતના સૂતી વખતે 'હુ' જાય એટલે તું પણ ચાલી જાય. પણ સવારના ઊઠતી વખતે 'હું ને લીધે ભગવાનની સુંદરતા દેખાય. ભગવાન! મારા 'હુ' એ 'તુ' ને જીવતો કર્યો. परस्परं भावयन्तः- આ 'હું'–'તુ' ની રમત છે. એના માટે તો જગત છે. જગત એક ક્રીડાંગણ છે.

'તું' મને સંભાળે છે તેમાં શંકા નથી. વેદો, ઉપનિષદો એમ કહે છે કે 'તું' મને સંભાળે છે. દાદીબા મને એજ કહે છે કે તારા કેટલા ઉપકારો છે! તું મને સંભાળે છે. તું એવા વાજા પણ વગાડે છે. પણ હું કેટલા દિવસ સુધી દબાયેલો રહીશ, કેટલા દિવસ સુધી તારા બોજાથી દબાતો રહીશ! એક દિવસ મને આત્મબોધ થશે કે 'હુ' 'તુ' ને જીવતો રાખે છે તે દિવસે ઉપકારનો બોજ ચાલ્યો જશે. જ્ઞાની ભક્તોની ચિંતા ચાલી ગયેલી હોય કારણ ભક્ત અને ભગવાન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્નેનો ઉપકાર સરખો છે. તેથી જ જ્ઞાનોત્તર ભકિતની સિંહની ગર્જના છે.

જ્ઞાનોત્તર ભકિતમાં મીઠાશ છે, મધુરિમા છે. જ્ઞાની ભકત કહે કે ભગવાન! તું મને સાચવે છે તે સત્ય વાત છે પણ હું તને ઊભો રાખું છું, જીવતો રાખું છું એ તેટલીજ સત્ય વાત છે. तुजमज नाहि भेद केला सहज विनोद. આ તુકારામ કહે છે, કારણુ આ તેમનું જીવન છે.

'હું મંગલ છું' બોલવાવાળો ભગવાનને ચંદન લગાડે ત્યારે પોતાના કપાળને પણ ચંદન લગાડે. તે 'હું' ને ક્ષુદ્ર ન સમજે. હવે ઉપકારની ભાષા ગઈ, હવે સ્નેહની ભાષા આવી છે. આવું થાય ત્યારે ખરી ભકિતનો રંગ ચડે. હું ભગવાનનો આશ્રિત નથી. આશ્રિત માણસને ખરી ભકિતનો રંગ ન ચડે.

પોતાના 'હું' નો ગૌરવ લાગવો જોઈએ. આ ભાષા બોલવી જુદી અને પ્રત્યક્ષ અનુભવ આવે એ વાત જુદી. અનુભવ આવ્યા પછી જ 'હું' નો ગૌરવ લાગે. સામાન્ય માણસને તાવ આવે તો કહેશે 'કર્મનો ન્યાય' (**Law of Justice**) છે. પણ જ્ઞાની ભકતની જીવનની ધારણા જુદી, આસકિત જુદી; તેમાંથી માંગલ્યની દૃષ્ટિ આવે. તે ભગવાનનો યાચક નથી, આશ્રિત નથી. આ શિવદૃષ્ટિ છે. આ સ્થિતિ ઉપર આવ્યો તે સૌંદર્ય લૂંટી શકે, માણી શકે એમ શંકરાચાર્ય કહે છે.

ભગવાનનું સૌંદર્ય જ્યાં સુધી મંગલદૃષ્ટિ ન થાય ત્યાં સુધી ખબર ન પડે. શિવદૃષ્ટિ થઈ તેને જગત સુંદર લાગે, જન્મ મંગલ લાગે, કારણુ તું મારી જોડે છે. તે કહે કે "મારો જન્મ બાના પેટમાં નથી થયો.' બાના પેટમાં જન્મ્યો તે નવલકથાનું એક પ્રકરણ (**chapter**) છે. મારી બા તું છે, કારણ 'તું' માંથી 'હું' નીકળ્યો. તેથી 'તું' જ મારી આદિમ 'બા' છે. 'તું' માંથી 'હું' આવ્યો અને રમત શરૂ થઈ છે. पितासि लोकस्य....તેં મને બહાર કાઢ્યો–તે જ મારો ખરો જન્મ. તેથી જગદંબા જ મારી ખરી 'બા' છે. નહિં તો मातापितृ सहस्राणि. સેંકડો 'બા' થઈ છે, પણ ખરી 'બા' તું જ છે. આ જે સમજે તેને માંગલ્ય ખબર પડે; તે જ તારૂં સૌંદર્ય લૂંટી શકે.

સૌંદર્ય આ નજર બદલાવીને લૂંટવાનો વિષય છે.

તારા ગુણોનું વર્ણન થાય નહિ, સૌંદર્યનું વર્ણન થાય નહિ. આમ છતાંય बहुजनहिताय– શંકરાચાર્ય વર્ણન કરશે તે આપણે જોઈશું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

## श्लोक ३

मुखे ते ताम्बूलं नयनयुगले कज्जलकला।
ललाटे काश्मीरं विलसति गले मौक्तिकलता॥
स्फुरत्काञ्ची शाटी पृथुकटितटे हाटकमयीं।
भजामित्वां गौरीं नगपतिकिशोरीमविरतम्॥३॥

**शब्दार्थः**–તારા મુખમાં પાન છે, નયનોમાં કાજલની રેખા છે, લલાટમાં કેસરી ચંદન છે, ગળામાં મોતીની માળા છે, સોનેરી પોલકું પહેરેલું છે, રત્નજડિત ચકચકીત કમરપટ્ટો વિશાળ કટિભાગ પર શોભે છે, આવો શણગાર સજેલી હિમાલયની પુત્રી ગૌરીને હું સદાયે ભજું છું.

શંકરાચાર્યે શરૂઆતના બે શ્લોકોમાં કહ્યું કે ગુણનું વર્ણન કરવું શક્ય નહિ. અને સૌંદર્યવર્ણન તો જેની શિવદષ્ટિ થઇ છે તેને જ ખબર પડે, પણ તે શબ્દોમાં લાવી શકાય નહિ.

શંકરાચાર્ય ચિત્ત એકાગ્ર કરીને ગામની બહાર બેઠા હશે ત્યારે ज्योतिषाम् वा परस्तात् જ્યોતિષથી આઘે જે ચિત્ર એમને જોવા મળ્યું તેનું વર્ણન કરે છે બાકી બધી જગ્યાએ અંધારૂં છે. કેવળ ભગવતીના તેજસ્વી રૂપનું દર્શન થાય છે તેનું વર્ણન કરે છે. કહે છે: भगवति मुखे ते तांबूलं ભગવતી તું રમણીય છે. તારૂં મોઢું પાન ખાઇને લાલ થયું છે, તારી આંખ સુંદર અને રમણીય છે, તારા નયનોમાં કાજલ છે, તારા ભાલપ્રદેશ ઉપર કેશર લગાડ્યું છે, (સંસ્કૃતમાં કેશરને काश्मीर કહે છે.) તારા ગળામાં સુંદર મોતીની માળા છે, તારા વિશાળ કટીભાગ ઉપર स्फुरत् એટલે ચમકતો રહેલો કમરપટ્ટો છે. शाटी એટલે વસ્ત્ર–પોલકું. हाटकमयी–हाटक એટલે સોનું–તારૂં પોલકું સોનાનું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(સંસ્કૃતમાં સ્ત્રીઓના પોલકાને शाटी કહે તેમ સંન્યાસીના વસ્ત્રને પણ शाटी કહે) તું શુભ્ર સ્વચ્છ છે. नगपति किशोरी એટલે હિમાલયની છોકરી છે. આવી રીતની તું, તેનું અમે સતત ભજન કરીએ છીએ, નમસ્કાર કરીએ છીએ.

શંકરાચાર્ય બેઠા છે, ચારે બાજુ અંધારૂં છે, વાદળિયાંઓની પછવાડે આવી રીતનો શણગાર કરેલી જગદંબાના તેજસ્વી રૂપનું દર્શન થાય છે. બધે અંધારૂં છે તેમાં આ તેજસ્વી મા તેમને દેખાય છે. તેનો શણગાર જોઈને શંકરાચાર્ય ગાંડા–ઘેલા થયા છે, આનંદીત થયા છે. ભગવતીનો આ શણગાર ભકતોની અનુભૂતિ પણ હોય અને એ શણગાર સૂચક પણ હોય.

मुखे ते तांबूलं–ભગવતીના હોઠ લાલ થયા છે. तांबूल ની રકિતમા દેખાય છે. શું પાન ખાઈને ભગવતીના હોઠ લાલ થયા છે? ભગવતીએ પાન ખાધું પણ હશે. પણ શંકરાચાર્યને જુદું જ કહેવાનું છે. કોના હોઠ લાલ થાય? જેના હોઠમાંથી તેજસ્વી શબ્દ નીકળે તેનાં હોઠ લાલ હોય. તેના મોઢામાંથી નબળા, દૂબળા, ક્ષુદ્ર શબ્દો નીકળે જ નહિ. મેં આટલું સુંદર જગત બનાવ્યું પણ કોઈને કદર (appreciation) નહિ આમ એ કહે નહિ. તમે જગતને ખોટું ઠરાવવાનું હોય તો ઠરાવો તેનો એને વાંધો નહિ. સૃષ્ટિ નિર્માણ કરીને જગદંબાને પસ્તાવો નહિ. પસ્તાવાના નબળા શબ્દો એના મોઢે નીકળે જ નહિ.

શંકરાચાર્ય ज्योतिषां वा परस्तात्–જગદંબાને જુએ છે. એમને આ જોઈને નૈસર્ગિક લાગે છે કે બાએ પાન ખાધું હશે. પરંતુ શંકરાચાર્યની સુસૂક્ષ્મદૃષ્ટિ હોય તેથી આ રકિતમા–લાલ રંગ સૂચક છે. જે મોઢામાંથી નીકળવાનું છે કે "આ મારો ભકત છે–My Man" તે મોઢું લાલ જ હોવું જોઈએ. ભગવતી! તું પાન ખાય શા માટે? તું તો પૂર્ણકામ છે; તને ઇચ્છા જ નથી, તો તું પાન ખાય શા માટે? તું મોઢું લાલ કરે છે તેનું શું કારણ? તેમાં જે રકિતમા છે તે સૂચક છે. ચૂનો અને કાથો ભેગો કરીને લાલાશ આવે. કેવળ ચૂના કે કેવળ કાથાથી લાલાશ નહિ. સ્વતંત્ર જીવમાં લાલાશ નહિ, તેમાં કાળાશ હોય. સ્વતંત્ર જીવના મોઢા કે ગાલ ઉપર લાલાશ ન હોય, કારણ તે પોતાને સ્વતંત્ર સમજે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કેવળ શિવ નિર્ગુણ છે, કેવળ જીવ લાચાર છે. આ જીવ–શિવનું મિશ્રણ થાય તો લાલાશ આવે. જેટલા પ્રમાણમાં જીવનમાં પ્રભુ આવે તેટલા પ્રમાણમાં લાલાશ–મસ્તી આવે. છોકરો મા પાસે તોફાન કરે જ. તે માને પણ નીચે બેસાડે. મા પાસે જ તેનું તોફાન હોય. જેને મા મળી નહિ, જેને મા જડી નથી કાં તો જેની મા મરી ગઇ છે તે કયા મિજાજથી તોફાન કરે? તે તોફાન કરે જ નહિ. નિશાળમાં છોકરો જાય તો ડાહ્યો–ડમરો હોય પણ ઘેરે આવે અને માના મોઢા ઉપર જ પુસ્તક ફેંકે. ત્યાંથી જ તેની શરૂઆત થાય. મા પાસે આવીને ઉપર ચડે, નીચે કૂદકા મારે, માથું ફૂટીને લોહી નીકળે તો મા ઊભી જ છે. આવી રીતે ભક્તોમાં પણ જુદી મસ્તી દેખાય.

કેવળ શિવ ને કંઇ કિંમત નથી અને કેવળ જીવ ને પણ કિંમત નથી. નિર્ગુણ નિરાકારનું શું વર્ણન થાય? જીવને લીધે શિવ થયો. મારો 'હું' મને ગમે છે કારણ 'હું' 'તું' ને જીવાડે છે. આ લોકોત્તર સંબંધ છે. આ સંબંધ જ્યારે થાય ત્યારે લાલાશ આવે. જીવ–શિવ ના મિલનમાં લાલાશ છે.

જેટલા તમે જગદંબા પાસે જશો તેટલા તમારા તોફાન મસ્તી વધે. ભક્તોનાં તોફાન મસ્તી વધેલાં હોય. તે જગદંબાને કહે 'મારે કંઈ કરવું જ નથી. તું કહેતી હશે તો તારા ઉપર ઉપકાર કરવાને માટે કામ કરૂં.' જેમ બચ્ચું કહે કે 'મારે કોથમીરની જરૂર નહિ પણ બા! તારા ઉપર ઉપકાર કરવાને માટે કોથમીર લઈ આવુ" તેમ તુકારામ બુવા કહે કે आता उरलो उपकारापुरता. ભક્તો લાચાર નહિ અને દૂબળા નહિ. બચ્ચાને મા પાસે વિવેક નહિ, એ તો બે પગ લાંબા કરીને બેસે અને માને લાત પણ મારે. આપણને એમ લાગે કે 'ભગવાન ઉપર ઉપકાર કરવા કામ કરૂં છું" આવું બોલાય? આપણને વિવેક હોય, ભક્તોને વિવેક નહિ. આ જીવન વિલોભનીય છે, કમનીય છે. આ ચિંતામુક્ત (care free) જીવન છે. આ જ જીવન છે. આપણે તો મરતા નથી તેથી જીવીએ. ભક્તોના જીવનમાં લાલાશ છે, રક્તિમા છે.

મા! તેં જે તાંબુલ ખાધું તેનું કારણ છે. તારા હોઠ ઉપર જે રક્તિમા છે તેનું કારણ તારી પાસે ભક્તો પ્રેમથી આવ્યા હશે ત્યારે આસક્તિ ભરેલા પ્રેમથી તેં એમને બચી ભરી તેથી તારા હોઠ લાલ થયા. તારી એ આસક્તિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છુપાવવા માટે તે પાન ખાધું હશે, કારણ તું પૂર્ણકામ છે. પૂર્ણકામ ભગવાન ગાંડોઘેલો થાય તે એની બેઆબરૂ છે; તને એ શોભે નહિ, તેથી તારી આસક્તિ છુપાવવા માટે તાંબુલ-પાન ખાધું તેથી લોકોને લાગે કે એ પાનની લાલાશ છે. શંકરાચાર્યને જે અદ્દિમશકતિ દેખાઇ, તેના હોઠ ઉપરની લાલાશ-રક્તિમા દેખાઇ તે કાશીના કાળા રંગનું પાન ખાઇને આવેલી લાલાશ નથી. ભક્તો ઉપરની આસક્તિ છુપાવવા માટે પાન ખાધું છે. આમ જગદંબાના હોઠ ઉપરની રક્તિમા સૂચક છે.

પછી કહે છે કે नयनयुगले कज्जलकला મા! તેં આંખમાં કાજલ ભર્યું છે. શા માટે? તને શું સૌંદર્યનો મોહ છે? તું તો નિર્મોહ છે તો આંખમાં કાજલ શા માટે નાખ્યું છે? તારી આંખ વિશાળ છે તેમ સુસૂક્ષ્મ પણ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ તે તારી આંખે દેખાય છે. હું તારી પાસે આવું ત્યારે સૂક્ષ્મમાં સૂક્ષ્મ તને દેખાય છે. હજારો દોષો કરેલા આ જીવો તારી પાસે આવે ત્યારે કહે કે જન્મ્યો ત્યારથી શરૂઆત કરી આજ પર્યંત હજારો દોષો મેં કર્યા છે. क्षन्तव्यो मेऽपराध.... તારી પાસે આવે ત્યારે તું તેમના દોષો ઉપર આંખ આડા કાન ધરે. આ આડા કાન કરવાની તારી પદ્ધતી છે. તારી આંખમાં એક જાતની નિર્મળતા છે તેથી અપવિત્ર આંખ તારી પાસે આવી શકતી નથી. તારી આંખ પવિત્ર છે-તેમ તેજોમય છે. આ પાવિત્ર્યને લીધે આંખમાં ધાક છે. તે ધાકથી જગત ધાર્મિક છે.

આપણને કાયદાની નિષ્ઠા નથી, ફોજદારનિષ્ઠા છે. પીળી પાઘડીવાળા પોલીસને લીધે આપણે સારા છીએ. બંદૂક લઇને પોલીસ ઊભા હોય અને તેની ધાકને લીધે તે હજારો લોકોને સાત્વિક-સજ્જન બનાવે. પોલીસ ઊભો હોય તેથી કોઇ મોટર આડે રસ્તે ન જાય પરંતુ રાતના પોલીસ ન હોય તો મોટર વચ્ચેથી જ જાય, રસ્તા ઉપરથી ન જાય. પોલીસ લોકોને પરાણે સજ્જન બનાવે. આવી રીતે ભગવાન તારી આંખની ધાક છે, કારણ તેમાં પાવિત્ર્ય અને તેજ છે. **Fear of God is begining of Wisdom** ભગવદ્ ડરથી લોકો નૈતિક અને સાંસ્કૃતિક બને. પરંતુ ડરથી સારા થવું આ કંઇ સારી વાત નથી. જેમ જેમ જીવ પ્રભુ પાસે આવે તેમ તેમ તેનો ડર ચાલ્યો જાય.

कज्जलं कामकं द्रव्यम् कामिनी कामसंभवम्

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજા કરતા હશે તેને ખબર હશે–ભગવાનને આ શ્લોક બોલીને કાજલ અર્પણ કરવાનું હોય. કાજલથી આકર્ષકતા અને સૌમ્યતા આવે. આપણા છોકરાની આંખ આકર્ષક લાગે તેથી આંખમાં કાજલ નાખીએ. કાજલથી આંખ આકર્ષક અને સૌમ્ય લાગે છે. એમાંથી પ્રભુ નયનમનોહર લાગે. તેવી રીતે ધાક ચાલી જઈને આકર્ષક અને નયનમનોહર લાગે.

ललाटे काश्मीरं તારા ભાલપ્રદેશ ઉપર કેશર છે. આ ઘરેણાંઓ સૂચક છે, અનુમોદક છે અને આશ્વાસક છે. તે સુંદર છે, રમણીય છે અને તેજસ્વી છે એમાં શંકા જ નહિ પણ તેની પ્રત્યેક કૃતિ સૂચક છે. શંકરાચાર્યને જે બા જોવા મળી તે સુંદર છે, અલંકાર પહેરેલી છે પણ એ બધા ઘરેણાં સૂચક છે.

તારા ભાલપ્રદેશ ઉપર કેશર છે. કેસરની લાલાશ છે અને સુગંધ છે. કેવળ લાલાશ ભયાનક છે. આજે બધા RED થી ડરી ગયા છે. લાલાશ–RED raid થશે કે શું એમ લાગે છે. કેવળ લાલાશ સારી નહિ, સુગંધી રક્તિમા સારી. જેમના જીવનને સુગંધ છે તેમને તું કપાળે નચાવે છે. જેણે જીવન કેશરનું બનાવ્યું તેને સુગંધ હોય. યાજ્ઞવલ્કયના જીવનને હજુ સુગંધ આવે છે. अत्रिं तर्पयामि वसिष्ठ तर्पयामि... આ બધું તર્પણમાં બોલીએ તેનું કારણ તેમના જીવનને સુગંધ છે. તેમના જીવનોને હજી સુગંધ આવે છે. શાસ્ત્રીજી! અમને નથી આવતી. અમે નાકમાં છીંકણી ભરી હોય તો સુગંધ ક્યાંથી આવે? એમના જીવનને સુગંધ છે અને લાલાશ છે. આ રક્તિમા સારી છે, આલ્હાદદાયક છે. ભગવાન સુગંધયુકત જીવનોને કપાળે લગાડે. અરે! તેમના શરીરની ભસ્મ કપાળે લગાડે! એમના શરીરના માટે પ્રભુને આટલી આસકિત તો તેમના મન અને બુદ્ધિ માટે પ્રભુને કેટલી આસકિત હશે?

જીવનના ઘાસમાંથી જેમણે કેસર બનાવ્યું તેમને ભગવાન કપાળે લે. આપણું જીવન ગંધાય છે. ઘાસમાંથી જે કેસર બની ગયા તે પ્રભુના લલાટ ઉપર નાચે.

પછી કહે: છે विलसति गले मौक्तिकलता–બા! તારા ગળામાં મોતીની માળા છે. મોતીની માળાની કિંમત તમને–અમને છે અને સોનું ખલાસ થયા પછી તેની કિંમત તમે–અમે વધારશું પણ આ જગદંબાને તેની શું પડી છે? તે કયા મોતીની માળા પહેરે છે?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रल्हादनारद पराशरपुंडरीक व्यासांबरीषशुकशौनकभीष्मदाल्भ्यान् ।
रुक्माङ्गदार्जुन वसिष्ठ विभीषणादीन् पुण्यानिमान् परम भागवतान् स्मरामि॥
આ જે પરમ ભાગવત થઈ ગયા તે તારા ગળામાં છે. ભગવતી મોતીની માળા પહેરે તે આ માળા પહેરે છે.

શિવજી ખોપરીઓની માળા પહેરે છે આવી રીતનું વર્ણન છે. સંશોધકને આ ભયાનક લાગે તેથી કહે કે શિવજી આ અનાર્યોના કાં તો જંગલી લોકોના દેવતા છે. આવું યુરોપીઅન સંશોધકો કહે. પરંતુ શિવજીને યાજ્ઞવલ્કયની, પતંજલિની ખોપરી લઈને દોડવાનું મન થાય. જે ખોપરીએ જીવન પ્રભુમય બનાવ્યું, જેનાથી તે લોકો પ્રભુ થઈ ગયા તેમની ખોપરીની માળા શિવજી પહેરે તો તેમાં ખોટું શું છે? આ બધા ભગવાન થયા તે પગથી નથી થયા, ખોપરીથી થયા છે. તેથી તેમની ખોપરી જોઈને ભગવાન નાચ્યા હશે. સંશોધકોને આ ખબર ન પડે. મોટા લોકોની ખોપરી રાખવાનું મન થાય. જેઓ ખોપરીથી પ્રભુ થયા તે ખોપરીની કિંમત છે. મોતીનો હાર છે તે પ્રહ્લાદ, નારદ, પરાશર વગેરે છે. શંકરાચાર્યને આ બધા મોતીઓ દેખાય છે. બા! તું તત્ત્વવેત્તાઓનું ચંદન તિલક કરે છે અને જ્ઞાનીભકતોનો હાર બનાવી ગળામાં પહેરે છે. જે ખોપરીથી તેમણે પ્રભુ મેળવ્યા, જે ખોપરીથી તે પ્રભુ થયા તે ખોપરી શિવજીને પહેરવાનું મન થાય તેમાં શું નવાઇ?

पृथुकटितटे हाटकमयी–મા! તારા વિશાળ કટીભાગ ઉપર કમરપટ્ટો છે તે ચમકે છે. કોના લીધે ચમકે છે?

वाल्मिकिःसनकः सनन्दनतरु व्यासो वसिष्ठोभृगु
जाबालिर्जमदग्निकच्छ जनको गर्गोङ्गिरा गौतमः ।
मान्धाता ऋतुपर्णवैन्यसगरा धन्योदिलीपो नलः
पुण्यो धर्मसुतो ययाति नहुषौ कुर्वन्तु मे मंगलम् ॥

વાસ્તવિક મા! તને કમરપટ્ટો પહેરવાનું કારણ શું? વસ્ત્રો બાંધવા માટે, સાચવવા માટે કમરપટ્ટો બંધાય કાં તો કમર કસવા માટે પટ્ટો બંધાય, કાં તો શોભા માટે કમરપટ્ટો બંધાય. નવા લોકોને ધોતિયું પહેરતાં આવડે નહિ તેથી પરણતી વખતે ધોતિયા ઉપર પટ્ટો બાંધે; પણ બા! તને વસ્ત્ર સાચવવા માટે કમરપટ્ટો બાંધવાની જરૂર નહિ. તારો 'હું' આ જ તારૂં વસ્ત્ર છે. તેવી રીતે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારો 'હું' આ મારૂં વસ્ત્ર છે. તારા–મારામાં બહુ ફરક નથી. તારા 'હુ' ને લોકો 'માયા' સમજે છે અને મારા 'હું' ને લોકો અવિદ્યા સમજે છે. તારો 'હું' આ તારૂં વસ્ત્ર હોય તો તેને સાચવવા માટે કમરપટ્ટાની જરૂર નહિ. તેવી જ રીતે કામ કરવા માટે તને કમર કસવાની જરૂર નથી. તને કંઈ કામ જ નથી, તું નવરી છે. જે लोकवत् तु लीला कैवल्यम् છે તેને કમર બાંધવાની જરૂર નહિ. શાસ્ત્રકારો કહે છે કે તેં આ સૃષ્ટિ દૃષ્ટિમાત્રથી ઉત્પન્ન કરી. આ જગત ચલાવવા માટે તારે કમર બાંધવાની જરૂર નહિ. આ જગત તારે માટે એક રમત છે. તો તેં આ કમરપટ્ટો શોભા માટે બાંધ્યો? ના, શોભાની તને આસક્તિ નથી કારણ તું પૂર્ણકામ છે. તેં કમરપટ્ટો બાંધ્યો છે તે કોઈની શોભા વધારવા માટે. તારી કેડ ઉપર જઈને જે લોકો બેઠા, વાલ્મીકિ–સનકાદિ લોકો, તેમની શોભા વધારવા તેં એમને કેડ ઉપર વસાવ્યા. આ લોકોનું નામ ઉચ્ચારવાથી અમારૂં મંગળ થાય છે. આ બધા તારી કેડ ઉપર બેઠા છે, તેથી મારી દૃષ્ટિ તારી કેડ ઉપર જ હોય. વસિષ્ઠ, વ્યાસ, ગૌતમ આ બધા હીરાઓ તારી કેડ ઉપર બેઠા છે. તારો કટીભાગ વિશાળ હોવાથી મારી દૃષ્ટિ તારી કેડ ઉપર જ છે. તારી કેડ ઉપર બેસવાનું મન થાય. શંકરાચાર્ય જે કહે છે કે બા! તારો કટીભાગ વિશાળ છે તે શૃંગારીક નથી. ગમે તેટલા હીરા તારી કેડ ઉપર બેઠા હશે તો પણ તેના ઉપર મને જગા છે; 'જગા નથી' આ શબ્દ નથી. મા! તારી કેડ ઉપર બેસવાનું મન થાય છે. હું નાનો અને તું મોટી. મારે તારા મોઢા પાસે આવવું છે તો કેવી રીતે આવું? છ ફૂટની મા અને દોઢ ફૂટનું બચ્ચું માનું મોઢું કેવી રીતે જોઈ શકે? મા તેને કેડ ઉપર લે તો જ. મારી બધી દૃષ્ટિ તારી કેડ ઉપર છે કારણ મને તારી કેડ ઉપર બેસવું છે અને ત્યાં જ મારી જગા છે. મારા સ્થાનથી હું ચ્યૂત થયો છું તેથી મને લોકો બોલવા લાગ્યા, ટોકવા લાગ્યા, પંચમહાભૂતો મને રડાવે, ગ્રહો મને ડરાવે. આમ હું ડરતો ડરતો જીવું છું. ઉપનિષદ કહે છે કે अमृतस्य पुत्राः તો હું ડરૂં શા માટે? હું ડરૂં છું કારણ મેં મારૂં સ્થાન છોડયું છે. स्थानभ्रष्टा न शोभन्ते--સ્થાનભ્રષ્ટ થયેલા લોકો શોભતા નથી, તેથી મતિમાન લોકો પોતાનું સ્થાન છોડતા નથી. દાંત સ્થાન પરથી છૂટા થાય તો આપણે તેને આઘો કરીએ. સ્થાન ઉપર હોય ત્યાં સુધી તેને ખૂબ સંભાળીએ. લોકો વાળને કેટલા સંભાળે? તેલ નાખીને અરીસામાં જોતા જ હોય. પણ હજામ વાળને કાપે કે તે વાળને તે અડકતા પણ નથી. હજામને કહે કેતું જ ઉપાડ, કારણ વાળ સ્થાનભ્રષ્ટ થયા તેથી તેમની શોભા રહી નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવે 'મા' ની કેડ છોડી તેથી જીવ ક્ષુદ્ર થયો. મારે મારી શોભા વધારવી હોય તો મારા સ્થાને, 'મા' ની કેડ ઉપર જ બેસવું જોઇએ. મા! ઘણા લોકો તારી કેડ ઉપર બેઠા છે પણ તે છતાં મને ત્યાં જગા મળશે. મારા માટે ચોક્કસ જગા છે કારણ તારો કટીભાગ વિશાળ છે. મા! મારે તારી કેડ ઉપર બેસવું છે. લોકો સંસારમાં ચાલતાં ચાલતાં થાકી જાય. વૃદ્ધો મનથી પણ થાકે, કારણ તે પોતે ચાલે છે. માની કેડ ઉપર બેઠેલા થાકતા નથી. ચૈત્ર મહિનો હોય, સખત તાપ લાગતો હોય. મા છોકરાને કેડ ઉપર લઇને ચાલે તો બચ્ચું થાકતું નથી. થાક લાગ્યો હશે તો તે માને, બચ્ચાને નહિ. યાજ્ઞવલ્કયને બે પત્ની પણ તે સંસારથી થાકે નહિ, કારણ તે માની કેડ ઉપર બેઠા છે. આપણે બધા કર્મનું ખાઇએ તેથી આપણને સંસારમાં થાક લાગે. માની કેડ ઉપર ન બેઠા તેમને થાક લાગે અને જીવનની 'કથા' થઇ જાય. જે તારી કેડ ઉપર બેસે તેમનું જીવન 'જીવન' રહે. તારી કેડ ઉપર તેથી જ મારી દૃષ્ટિ છે.

સંસારમાં લોકો થાકી જાય, કારણ વિરૂદ્ધ વિચારની પત્ની હોય, છોકરાઓ સાંભળતા નથી, માબાપ તરફ છોકરા જોતા નથી. આવો અનુભવ આવ્યા વગર રહે નહિ. તે ટાઇમે માબાપનું શું થતું હશે? સંસારમાં અર્થ નથી એમ લાગે. કોઇને કદર નથી, સૌ પોતપોતાનું જુએ છે, મારૂં કોઇ નથી એમ લાગે. બીજું સસંારમાં બાંધવોને સાચવવા પડે. वयं पञ्चाशीते–સગાવહાલાંઓ બધા ભયાનક લાગે. હું તો સંસાર કરતાં થાકી ગયો. સગાસંબંધીઓ બધા કેવા? તેમની જોડે તમે નવ્વાણું વખત સારૂં વર્તન રાખો પણ એક વખત ભૂલ થવા દો, તો તેઓ તમને કાગડાની માફક ચાંચ મારે. આ કટુસત્ય છે. કૂતરાની પૂછડી વાંકી જ રહે. તેમનું મનોરાધન કરતાં કરતાં, બીજાઓનાં અંતઃકરણ સાચવતાં જીવન ગાળ્યું પણ કોઇએ વિચાર કર્યો નહિ કે મને શું લાગશે?

શાસ્ત્રકારો કહે: 'તારા બાંધવોનો કંટાળો આવે તો તું સત્કર્મ તરફ વળ. હું સત્કર્મ તરફ વળું, મોટા લોકોની માફક જન્મ માગું, કારણ મારે તારૂં કામ, સત્કર્મ કરવું છે. પણ મા! તારૂં કામ કોઇને જોઇતું નથી. કોઇ ઠેકાણે તારા કામને આવકાર (response) નથી. જગત સત્કર્મ સમજતું નથી; સ્વાર્થથી અને લુચ્ચાઇથી ભરેલું જગત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તે લાત મારે છે તેથી સત્કર્મનો કંટાળો આવે તે વખતે તારી કેડ એ જ મારું સ્થાન છે.

તારી કેડ ઉપર બધા હીરાઓ છે તે ચમકે છે. એ બધા લોકોએ જીવન સફળ બનાવ્યું. મને ત્યાં જગા ન મળે એમ લાગતું હતું. પણ બા! તારી કટીનો ભાગ વિશાળ છે. તેના ઉપર મારા માટે જગા છે. જેમનું જીવન હીરા જેવું થયું તે તારી કેડ ઉપર બેઠા. આવો કંમરપટો મને ચમકતો લાગે છે. ઘણા હીરાઓ ત્યાં બેઠા છે. આમ છતાં મારા માટે જગા છે તે આશ્વાસન છે. 'पृथुकटितटे' આ શબ્દ મહત્ત્વનો છે. બા કહે છે કે, 'દીકરા! તારા માટે જગા છે. આ આશ્વાસન છે. આવી રીતની બા તું કેટલી સુંદર છે?

બા! તારૂં વસ્ત્ર સોનાનું છે. તેનો મોહ થવાનું તને કારણ શું? તારી પાસે પહોંચેલા જે છે તેમને મોહ નથી તો પછી તને મોહ ક્યાંથી હોય? તો પછી બા આટલું ભારે વસ્ત્ર તેં શા માટે પહેર્યું? તેનાં કરતાં બનાવટી રેશમનું કાપડ લીધું હોત તો ભારે ન લાગત. પણ બા! તેં સોનાનું વસ્ત્ર પહેર્યું નથી પણ મને તારૂં વસ્ત્ર સોનાનું લાગે છે. બા! અગવડમાં હું તારૂં વસ્ત્ર, તારો છેડો પકડું છું તેથી મને તારૂં વસ્ત્ર સોનાનું લાગે છે. મા! છોકરાને અગવડ આવે તો દોડતો મા પાસે આવે અને માનો છેડો પકડે. અને મા જ તેને આશ્રય આપે, તેથી માનો છેડો એને સોનાનો લાગે. આવું સૂચક અને સમજાવવાવાળું તારૂં દર્શન છે. શંકરાચાર્યને જેવું દર્શન થયું તેવું તેમણે લખી રાખ્યું છે. બાળકોને સ્થૂલ દર્શન થાય તે જુદું અને સમજુને દર્શન થાય તે જુદું. તેથી શંકરાચાર્ય કહે છે કે બીજાની શોભા વધારવા માટે તેં કમરપટ્ટો પહેર્યો છે.

પછી કહે કે મા! તું ગૌરી છે. આ સ્તોત્ર તમારા–અમારા માટે છે. ૧૯૬૩ની સાલમાં શ્રાવણ માસમાં સવારના પ્રહરમાં દોડતા આવતા રહેલાઓ માટે આ સ્તોત્ર છે. અમે આ જગતના જીવડાઓ તને સતત ભજીએ. મા! તું સ્વચ્છ, શુભ્ર, અવિકારી છે તેથી ગૌરી શબ્દ વાપર્યો છે. દસ–બાર વર્ષની નાની છોકરી અવિકારી હોય, તેને ગૌરી કહે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મા! તું નગપતિકિશોરી એટલે કે હિમાલયની છોકરી છે. હિમાલય એટલે સ્થિતપ્રજ્ઞ. મા! સ્થિતપ્રજ્ઞની છોકરી છે. આ લખતી વખતે શંકરાચાર્યે કમાલ કરી છે. તું નિર્વિકારી છે, ગૌરી છે અને સ્થિતપ્રજ્ઞની છોકરી છે તો તું એને સ્થિતપ્રજ્ઞ બોલ. ના, ભગવાન જો સ્થિતપ્રજ્ઞ હોય તો તેણે સૃષ્ટિ રચી શા માટે? प्रजहाति यदा कामान्....હોય તો તેને સૃષ્ટિ રચવાનું કારણ શું? પણ સ્થિતપ્રજ્ઞતા+બાલિશતા એટલે જગદંબા. પ્રભુ! તારામાં બાલિશતા છે. આ સૃષ્ટિ એ તારી બાલિશતાનું પ્રદર્શન છે. બાલિશતામાં આનંદ છે. મોટા થવામાં આનંદ નથી. બાલિશ થવા માટે સંસારીને છોકરો જોઈએ. દાદા અને પૌત્રો રમતા હોય, દાદા ઘોડો થાય અને પૌત્રો તેના ઉપર બેસે. બાલિશતામાં આનંદ છે. બાલિશ થવા માટે છોકરો જોઈએ. મોટાઓને ગંભીર રહેવું પડે. તું બારીબારણાં બંધ કરીને એકાદ કૂદકો તો મારી જો! જીવનમાં એ આનંદ છે.

મા! હું તને મા તરીકે હાંક મારૂં છું, કારણ તું અલૌકિક મા છે. તને મા કહીએ તો તારો કોઈ પતિ, ધણી હશે? માને કોઈની પત્ની થવું પડે, પણ મા! તું અવિરત કિશોરી હોવા છતાં તું મારી મા છે. તારો કોઈ ધણી નથી છતાં તું મારી મા છે. તું કોઈ જ કાળે કોઈની પણ પત્ની નથી. આ જ તારૂં વૈશિષ્ટ્ય છે કે તું કોઈની પત્ની નથી છતાં તું મારી મા છે. લોકોએ રૂપક લગાડ્યું કે તે શિવજીની પત્ની–પાર્વતી છે. પણ તું કોઈની પત્ની નથી. મા થવા માટે કોઈની પત્ની થવું પડે એ વ્યવહાર છે પણ મા તું અવિરત–સતત કિશોરી છે, છતાં તું મારી મા છે. શંકરાચાર્ય આ વર્ણન કરે છે તે હૃદયંગમ છે.

આ શ્લોક વાંચતી વખતે એકલા ગામની બહાર બેસો–આકાશ તરફ જોતા રહો અને ज्योतिषाम् आ परस्तात् આ મૂર્તિ ઊભી કરો. શંકરાચાર્યને ભાવાવસ્થામાં જે જોવા મળ્યું તે લખ્યું છે–સૌંદર્યનું વર્ણન કરવું આ જુદી વાત છે પણ આ તો વસ્તુસ્થિતિનું વર્ણન કરે છે.

For Private and Personal Use Only

# आनंदलहरी

## श्लोक ४

विराजन्मन्दारद्रुमकुसुमहारस्तनतटी
नदद्वीणानाद श्रवणविलसत्कुण्डलगुणा।
नताङ्गी मातङ्गी रुचिरगतिभङ्गी भगवती
सती शम्भोरम्भोरुहचटुलचक्षुर्विजयते ॥ ४ ॥

**शब्दार्थ** :–જેની સ્તનતટી પારિજાતકના ફૂલોના હારથી શોભે છે, વીણાનાદથી જેના કુંડલો ડોલીને શોભે છે, જે નમ્ર છે, જેની ગતિ હાથણના જેવી મનોહર છે, જે ઐશ્વર્યસંપન્ન છે, કમળ જેવા ચચળ અને સુંદર જેનાં નેત્રો છે એવી શંભુની સતીનો જય થાય.

આગલા શ્લોકમાં મૌક્તિકલતાનું વર્ણન છે. મોતીની માળાને બદલે આ શ્લોકમાં શંકરાચાર્યને ભગવતીના સ્તનો ઉપર પારિજાતકની માળા દેખાય છે. શંકરાચાર્યને જુદા જુદા હાર દેખાય છે. ભગવતીએ એક કરતાં વધુ હારો પહેર્યા હોય તે શક્ય છે કાં તો શંકરાચાર્યને જુદા જુદા હાર દેખાતા હોય તે પણ શક્ય છે.

ज्योतीषां वा परस्तात्–વાદળિયા કરતાં પરે ભગવતી ઊભી છે. જગદંબાની સ્તનતટી પારિજાતકનાં હારથી શોભે છે. ભગવતીના કાનમાં વીણાનાદ ગયો છે, તેનાથી તેના કાન તૃપ્ત થયા છે અને ડોલે છે. તેના લીધે કાનમાં પહેરેલાં કુંડલો ડોલાયમાન થઈને શોભે છે. આપણી પ્રત્યેક ઇન્દ્રિય સંતુષ્ટ થયા પછી એની શોભા વધે છે, પરંતુ આપણી એટલી સુસૂક્ષ્મ દૃષ્ટિ ન હોવાથી આપણને એ ખબર ન પડે. શંકરાચાર્યની દૃષ્ટિ સુસૂક્ષ્મ હોવાથી એમને દેખાય છે કે કોઈનો મધુરનાદ ભગવતીના કાને ગયો છે. તેના લીધે ભગવતીના કાન તૃપ્ત થયા છે અને કાનમાં પહેરેલાં કુંડલો ડોલતા રહ્યા છે. તેથી કહે છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે વીણાનાદથી ભગવતીના કાન તૃપ્ત થયા છે અને કાનમાં પહેરેલાં કુંડલો ડોલે છે. પછી કહે છે કે મા! તું नताङ्गी–એટલે નમ્ર છે. અને मातङ्गी–એટલે હાથણની મંદગતિ. તેથી કહે છે કે મા! તારી ગતિ હાથણની ગતિ જેવી મનોહર છે. તું भगवती એટલે ઐશ્વર્યસંપન્ન છે. મા! તારી દૃષ્ટિ કેવી છે? अम्भोरुहचटुलचक्षुः। अम्भोरुह–એટલે પાણીમાં જે ઊગે છે તે કમળ. चटुल–એટલે ચંચળ અને સુંદર. તારી આંખો કમળ જેવી છે અને તેમાં ચંચળતા છે, તે સુંદરતા વધારે છે. આવી તું શંભુની સતી છે, તેનો વિજય થતો રહે.

જેની સ્તનતટી પારિજાતકનાં ફૂલોથી શોભે છે, વીણાનાદ કાનમાં જઈને જેના કાન સંતુષ્ટ થઈને ડોલાયમાન થયા છે, જે નમ્ર છે, જેની ગતિ હાથણના જેવી મંદ અને મનોહર છે, જેની કમળ જેવી સુંદર અને ચંચલ દૃષ્ટિ છે એવી શિવજીની સતી–ભગવતી–તારો જય થાય.

શંકરાચાર્યને આવા જગદીશ, જગદાધાર, જગતના સર્જનહાર જોવા મળ્યા. ચિત્ત એકાગ્ર કરીને તેમાં તલ્લીન થયા પછી જગદંબાનું જે રૂપ તેમને જોવા મળ્યું તેનું વર્ણન અહીં તેમણે કર્યું છે. શંકરાચાર્યને આવું રૂપ જોવા મળ્યું હશે તેમાં શંકા નથી અને આદિમશક્તિનું આવું રૂપ હશે તેમાં પણ શંકા નથી.

પારિજાતકનાં પુષ્પોના હારથી જગદંબાના સ્તન શોભે છે. પારિજાતકનાં ફૂલો બહુ નાજુક હોય. આ ફૂલો કોમળ હોવાથી તરત કરમાઈ જાય. ભગવતીએ આવા ફૂલોની પસંદગી શા માટે કરી હશે તે ખબર પડતી નથી. એના કરતાં ચંપાના ફૂલો લેત તો તેની પાંખડી તૂટી ન જાય. પણ બીજો પ્રશ્ન છે કે આ જગદંબાને હાર કોણ પહેરાવતો હશે? કોઈ હાર પહેરાવવા જાય ખરો પણ જગદંબા પાસે જઈને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવતો હશે કે ભળી જતો હશે? જો એ પોતાનું અસ્તિત્વ જગદંબામાં ભેળવી દેતો હશે તો જગદંબાને કોણ હાર પહેરાવતો હશે? કે પછી જગદંબા પોતે જ પોતાના ગળામાં હાર પહેરતી હશે? શું છે આ? પોતાની મેળે પોતાના ગળામાં હાર પહેરવામાં શો આનંદ? હાર તો બીજો પહેરાવે તો જ અનંદ. તેની પાસે ગયા પછી 'બીજો' રહેતો નથી. કોઈનું સ્વતંત્ર અસ્તિત્વ ન રહે તે સિદ્ધાંત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પારિજાતકનો હાર સ્તનતટી ઉપર છે. મોતીની માળા ગળામાં છે અને આ હાર સ્તન ઉપર છે. શંકરાચાર્યને બાનું ધાવણ પીવાનું મન થયું છે. તુકારામ ગાંડોઘેલો થઈને કહે છે કે करावेसे वाटे जीवा स्तनपान। न हे वचन शृंगारीक॥ તુકારામ કહે છે કે, ભગવાન! બાકી બધું ઠીક છે પણ એક વખત તું મને ધવરાવ. હે ભગવતી! કરોડો જન્મ પછી એક જન્મ એવો આપ કે જે જન્મમાં તું મને ધવરાવે. આ મહાન ભક્તોની આ અભિલાષા છે કે મા! 'તું સ્તનપાન કરાવ.' આ વચન શ્રૃંગારિક નથી પણ વાત્સલ્યનો પરમાવિષ્કાર છે. મહાન ભક્તોને કરોડો જન્મ પછી પણ આ લ્હાવો મળે એવી અભિલાષા હોય. તેથી શંકરાચાર્યની દૃષ્ટિ ભગવતીના સ્તન ઉપર છે. ત્યાં એમને પારિજાતકનાં ફૂલો દેખાય છે. કારણ જેને ભગવતી ધવરાવે તે તેવા જ હોય. શંકરાચાર્યે જોયું હશે અને 'પારિજાતકનો હાર છે' એમ લખી રાખ્યું હશે.

સર્વસામાન્ય માણસને લાગશે કે પારિજાતકનું ફૂલ નાજુક છે, કોમળ છે, પણ તેના કરતાં આગળ ગયેલાએ જાણી જોઈને લખ્યું છે. પારીજાતકની ડીંટડી લાલ અને પાંખડી શુભ્ર, સ્વચ્છ, ધોળી હોય છે. જેનું જીવન લાલ છે અને જેના મસ્તકમાં શુભ્ર જ્ઞાન છે એવા મહાપુરુષને જગદીશ ઉપાડે અને ધવરાવે છે. અહીં પારીજાતકનું ફૂલ સૂચક છે. ધાવવાનો આનંદ જેમ બચ્ચાને છે તેમ બાને ધવરાવવાનો આનંદ છે. શંકરાચાર્યને લાગ્યું હશે કે બા ધવરાવવાને માટે ઉત્સુક થઈ છે. તેથી લખ્યું છે કે બાના સ્તનતટી ઉપર પારિજાતકનો હાર છે.

જેનું જીવન લાલ છે; લાલ જીવન ઉપર શુભ્ર જ્ઞાન છે તે મહાપુરુષ છે. ज्ञानं ब्रह्म–જ્ઞાન બધું જ બ્રહ્મ છે તો પછી આ શુભ્રતા કયાંથી આવી? જ્ઞાનમાં વળી શુભ્ર શું અને અશુભ્ર શું? જ્ઞાન તો બધું જ સારૂં છે. अमृतं तु विद्या એમ શ્રુતિ કહે છે. ચોરીનું પણ જ્ઞાન જ હોય છે અને મારવાનું પણ જ્ઞાન હોય છે, પરંતુ જ્ઞાનમાં પણ પ્રકાર છે.

ભોગનું જ્ઞાન હોય–તે શુભ્ર નથી. ત્યારપછી વિશ્વનું જ્ઞાન હોય, અપૂર્ણતાનું જ્ઞાન હોય. આમ જ્ઞાનના જુદા જુદા પ્રકાર રહી શકે.

ભોગનું જ્ઞાન–રસોઈ કેટલા પ્રકારની બનાવવી આ ભોગનું જ્ઞાન છે. માનવીજીવનમાંનો અર્ધો વિભાગ ૧૦૦૮ પ્રકારના પદાર્થો બનાવવામાં મચી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. જે સ્ત્રીને વધારે પ્રકારની રસોઈ બનાવતાં આવડે તે સ્ત્રી સારી. જૂના કાળમાં સગપણ કરવાનું હોય ત્યારે છોકરીને રસોઈ કરતાં આવડે છે કે નાહ્ તે પૂછતા. આજના કાળમાં જરા જુદું પૂછે છે. આજે પૂછશે કે નાચતાં આવડે છે? ગાતાં આવડે છે? પરંતુ કોઈ પૂછતું નથી કે જીવન આવડે છે? રસોઈ બનાવતાં આવડવી એ ભોગજ્ઞાન છે. છોકરી રસોઈ બનાવવા લાગશે તો આઠ દિવસમાં આવડી જશે પણ રસોઈ ઘણી જાતની બનાવે તે એક કાર્ય છે.

ભોગના જ્ઞાન પછી વિશ્વનું જ્ઞાન હોય. અણુથી શરૂઆત કરી વિશ્વનું જ્ઞાન તેમાં આવી જાય. તે પણ શુભ્ર જ્ઞાન નથી.

ત્રીજું અપૂર્ણતાનું જ્ઞાન. માણસને લાગવા લાગે કે હું અપૂર્ણ છું. તેને આપણે વેદાંતી કહીએ, સાત્ત્વિકવૃત્તિનો સાધક કહીએ. એને સતત એમ લાગતું હોય કે 'હું કાંઈ નથી, જગતમાં હું કોઈનો નથી તેમ મારૂં પણ કોઈ નથી.' આ એક જ્ઞાનની પગથી છે. જગતમાં મારૂં કોઈ નથી—હું કોઈનો નથી, આ વિહ્વળતા આવ્યા વગર આગળનું જ્ઞાન ઊગતું જ નથી. આવા અનાસક્તને લોકો સિદ્ધ જ સમજે, પહોંચી ગયેલા સમજે—વ્યવહારની અક્કલ જ એટલી તો શું થાય? આ સાધક હોઈ શકે પણ સિદ્ધ નથી. આ સાધકને લાગે કે ચંદ્ર–સૂર્ય ઊગે છે, સૃષ્ટિ ચાલતી રહેલી છે, એમાં મારો ભાવ નથી. મને જે પીરસશે તે મારે ખાવું પડશે તો હું ઘુરઘુરાટ કેવી રીતે કરૂં? કોઈ મને જીવાડે છે તેથી હું જીવું છું. આ અપૂર્ણતાનું જ્ઞાન પણ શુભ્ર જ્ઞાન નથી. વિકારરહિત પૂર્ણતાનું જ્ઞાન આ જ શુભ્ર જ્ઞાન છે.

જેના જીવનમાં ઓડકાર છે, ભયને સ્થાન નથી, શંકાને જગા નથી, જેને લઘુગ્રંથી આવતી નથી તેમ જ્યેષ્ઠગ્રંથી તકલીફ આપતી નથી તેનું જીવન લાલ છે. આવો મહાપુરુષ ભગવાનને ગમે છે. જીવનમાં લાલાશ તો હોવી જ જોઈએ. ગણપતીને લાલ રંગના ફૂલ ચડાવવામાં આવે છે. લાલ રંગની આસક્તિ છે. આપણે ત્યાં રંગનું પણ શાસ્ત્ર છે. માણસને કયો રંગ ગમે છે તે જાણીને તેના ઉપરથી તેનું જીવન કેવી રીતનું છે તે આ શાસ્ત્રજ્ઞો કહી શકે આટલુ સંશોધન આપણે ત્યાં થયેલું છે. આ સમજવું કઠણ છે પણ માનસશાસ્ત્રનો આટલો ઊંડો અભ્યાસ આપણે ત્યાંના સંશોધકોએ કર્યો છે. આ સંશોધનથી તમને કયો રંગ ગમે છે તેના ઉપરથી તમારી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોદશા સમજીને તમારૂં જીવન કહી શકાય. બીજાનાં જીવન તપાસ કરતાં પોતાનું જીવન તપાસવાનું અને પ્રભુ પાસે બોલવું આ સારી વાત છે એમ સમજીને બીજાનાં જીવનો તપાસવાનાં નાહમાં ન પડતાં પોતાનું જીવન તપાસવા માટે શક્તિ વાપરો.

અમે ગીતા ઘણી વાંચી, ગીતા ઉપરની બધી ટીકાઓ વાંચી અને પરીક્ષાઓ પણ આપી. वाग्वैखरीशब्दझरी शास्त्रव्याख्यान कौशलम् આમ બધા શાસ્ત્રો આવડે છે પણ મારૂં જગતમાં કોણ એ ખબર નથી પડતી. તેથી જ તો ભાગવતની કથા કરે પણ છેલ્લું શેઠને પૂછે કે 'તમને કથા કેવી લાગી?' કારણ ભાગવતની કથા શેઠને માટે હોય. આ જ્ઞાન શુભ્ર નથી, આ લઘુગ્રંથી છે. આ જ્ઞાન એક જાતનું ઉપજીવિકાનું સાધન છે તેને શુભ્ર જ્ઞાન ન કહેવાય.

શુભ્રજ્ઞાન સુધી જે લોકો પહોંચ્યા તેમનું જીવન લાલ હોય—તેમને જીવનમાં ક્ષુદ્રતા નહિ, બાપડાપણું અને દીનતા નહિ. જેમનું જીવન લાલ ડીંટડી જેવું છે અને જેના જીવનને શુભ્રજ્ઞાનની પાંખડી છે તેમને ભગવતી ધવરાવે.

શંકરાચાર્યનું જીવન તેવી રીતનું છે તેથી જ તેમનું ધ્યાન માના સ્તન ઉપર છે. માના સ્તન ઉપર કોણ બેઠા છે તે તેમને દેખાય છે. करावे से गटे जीवास्तनपान આવી રીતે જેમને સતત લાગે છે તેવા ભકતો તેમને દેખાય છે. તેમનું જીવન લાલ અને મગજમાં શુભ્રજ્ઞાન છે. આટલું હોવા છતાં તેમના જીવન કોમળ છે, તેથી જ પારિજાતકના ફૂલોની ઉપમા છે. પારિજાતકનું ફૂલ વરસાદના દિવસોમાં જ ઊગે છે. પારિજાતક એટલું નાજુક હોય કે તેનાથી કંઇ સહન ન થાય. હાથથી અડકીએ તો એ કર્માઇ જાય. ભગવાન જેમને ધવરાવે તેમનાં જીવન નાજુક હોય. એમને વિકારી દૃષ્ટિ કરો તો વિકારી હાથ અડકે તો તે કરમાઈ જાય. તેથી પ્રભુ આવા જીવનો કોઇ વખત બહાર લાવતા નથી. કેટલાક જીવનોની ચર્ચા થાય નહિ. એમના જીવનો ચર્ચાથી પરે છે. ऐतरेयंतर्पयामि। शाकलं तर्पयामि......વગેરે. એમના જીવનોની ચર્ચા કરાય જ નહિ. કેટલાક જીવો એવા હોય કે તેમને ભગવાને મોકલ્યા હોય. વિકારી દૃષ્ટિથી જુઓ તો એમના જીવનો કરમાઇ જાય. યાજ્ઞવલ્કયનું જીવન જુદા પ્રકારનું છે. એના તરફ વિકારી દૃષ્ટિથી જુઓ તો? યાજ્ઞવલ્કયનો વૈભવ કેટલો હતો? સાઠ હજાર વિદ્યાર્થીઓ તેમના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપોવનમાં ભણતા હતા. કેટલાક ક્ષુદ્ર વિચારના ભેજામાં આવતું હશે કે આટલો વૈભવ તેમની પાસે હશે કે? યાજ્ઞવલ્કયના જીવન તરફ વિકારી દૃષ્ટિથી જોતા હશે તેમની દૃષ્ટિ બળી જતી હશે. પરંતુ કેટલાકના જીવનો તરફ વિકારી દૃષ્ટિ પડે તો તે જીવન કરમાઇ જાય. તેમને ભગવાન છૂપા રાખે. આવા ભકતોને ભગવાન ખુલ્લા પાડતા નથી. તેમનાં જીવનો છૂપા રાખે કારણ તેમને સંભાળવા જોઇએ.

નાનપણમાં મારી દાદીબાએ એક લાખ પારિજાતક ફૂલો ભગવાનને ચડાવ્યા. એ ફૂલો ભેગા કરવાનું કામ અમારૂં. એ ફૂલો સૂર્યોદય પહેલાં ભેગાં કરવાં જોઇએ. સૂર્યોદય પછી બે કલાક રહીને જઇએ તો આ ફૂલો ન મળે. આ ફૂલો લેવા જઈએ ત્યારે શિક્ષણ આપવામાં આવતું કે 'આ બિલિપત્રો નથી અને ચંપા પણ નથી; પારિજાતકની પાંખડી તૂટી ન જાય તે સંભાળજે, કારણ પાંખડી તૂટેલું ફૂલ ભગવાનને ન ધરાય.' આ ફૂલો જુદા પ્રકારનાં હોય છે. તે બહુ કોમળ હોય છે, તેની પાંખડી શુભ્ર રંગની અને ડીંટડી લાલ હોય છે. આ ફૂલો બહુ રમણીય હોય છે. તેનું જીવન જ જુદું છે. તે ફૂલ કોમળ છે તેથી જ તેની ખપત ઓછી, તેથી મળે પણ નહિ; કારણ માંગ (demand) પ્રમાણે ઉત્પન્ન (supply) હોય. ફૂલગલીમાં જાઓ તો એકાદ માણસ પાસે મળે. કારણ આ ફૂલો બાર વાગ્યા સુધી ટકે નહિ. ચંપાનું ફૂલ તો સાંજ સુધી ટકે તેથી લેવાવાળા તે જ લે, કારણ બસમાં બેઠા પછી ઓફિસમાં પહોંચે ત્યાં સુધી સૂંઘવું જોઇએ. પારિજાતક ફૂલ નાજુક હોય, તે ટકે નહિ.

પારિજાતક જેવા શુભ્ર જ્ઞાનવાળા અને લાલ ડીંટડી જેવા જીવનવાળા ભકતોને ભગવાન ધવરાવે. તેથી જ ભગવતીના સ્તન ઉપર પારિજાતકનો હાર શંકરાચાર્યે જોયો.

नदद्वीणानाद श्रवण विलसत्कुण्डलगुणा–વીણાનાદથી હલતા રહેલા કાનના કુંડળો શોભે છે. કાન પાસે અવાજ ગયો કે તે ખીલે છે. કોઇએ ભગવાનના કાન પાસે જઇને અવાજ કર્યો હશે તે શંકરાચાર્યને વીણાનાદ જેવો લાગ્યો હશે. જેવો અવાજ હશે તેવો પરંતુ આત્મીયજનનો અવાજ સારો જ લાગે.

બા અને છોકરો એ બેની કલ્પના કરો. નાના છોકરાને બાનો અવાજ સારો લાગે અને છોકરાનો અવાજ બાને મીઠો લાગે. જેમ જગત માંહેલી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બા–તેવી જ રીતે જગદંબા. છોકરાને મોટો થયા પછી નહિ પણ નાનપણમાં બાનો અવાજ મીઠો લાગે. મોટા થયા પછી તેમાંથી રસ ઊડી જાય કારણ બા પર પ્રેમ ઓછો થાય. પરંતુ નાનપણમાં બાનો અવાજ મીઠો લાગે.

જગતમાંની બા જગદંબા જેટલો પ્રેમ ક્યાંથી આપી શકે? જગદંબાના કાન પાસે અવાજ થતો હતો તે વીણાનાદ જેવો લાગતો હતો. આ વીણાનાદ શેનો થાય? કેટલાક કહે છે કે આ વેદોનો અવાજ છે, પરંતુ વેદો તો ભગવાને જ ગાયા છે. यस्यनिश्वसितं वेदाः- કદાચ કોઈએ વેદોનો કિલકિલાટ ભગવતીના કાન પાસે કર્યો હશે. ભગવતીનું કારુણ્યપૂર્ણ સ્તવન ચાલતું હશે. આવા ભકતો દોડતા દોડતા ભગવતી પાસે જાય. ભગવાન તેમની આતુરતાથી રાહ જોતા હોય. આ જોઈને ભકતો વધારે દોડે અને જગદંબા પાસે જાય. બા તેમને ઉપાડી લે અને બચી ભરે. ત્યાર પછી ભકત કાલું-કાલું બા પાસે બોલે; તેના લીધે બાના કાન તૃપ્ત થાય. આપણે તો માગણો અને તકરારી લોકો. જે બોલીએ તેનાથી માના કાન શોભે નહિ. પરંતુ ભકતો જ્યારે નિરપેક્ષ કાલું-કાલું બોલે ત્યારે ભગવતીના કાન તૃપ્ત થયેલા દેખાય. આના લીધે તે ડોલે છે.

સર્વસામાન્ય સંસારી માણસોને પુરુષોત્તમના જીવનની સ્થિતિ ખબર પડવી જોઈએ; પરંતુ તે સ્થિતિ તેમને ખબર પડતી નથી.

આપણો આપણા બચ્ચા ઉપર અતિશય પ્રેમ હોય, વળી આ બચ્ચું પણ કેવું? ચાર–પાંચ બચ્ચાં મરી ગયા પછીનું આ બચ્ચું. ધારો કે એક માને એકનું એક બચ્ચું છે, તે બચ્ચું સ્કૂલમાંથી આવવાનું હોય ત્યારે બા કાનમાં પ્રાણ લાવીને ઉંબરા ઉપર ઊભી હોય. બચ્ચાને જોવાની બાની ઉત્સુકતા હોય અને ચાર–પાંચ કલાક સુધી બાને જોઈ ન હોવાથી બચ્ચાને પણ બાને જોવાની આતુરતા હોય. તે બચ્ચું જ્યારે આવે ત્યારે કૂદકો મારીને બા તેની પાસે જાય, તેને ઉપાડે, અને બચી ભરે–આ રોજનું ચિત્ર છે. જે સંસાર કરતો હશે તેને પરમાર્થ આવડવો જોઈએ. આવી જ રીતે ભગવતીનું એકાદ જ બચ્ચું मृत्युसंसारसागरात् બચેલું હોય, કરોડો જન્મારા સુધી જીવનમરણના ઉંબરા ઉપર આ જગદંબા ઊભી છે, કાનમાં પ્રાણ લાવીને આવા બચ્ચાના આવવાની રાહ જોતી ઊભી છે. તે બચ્ચું જ્યારે આવે ત્યારે ઉત્સુકતાથી તેને ઉપાડે અને બચી ભરે–

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પછી પ્રશ્ન પૂછે. જેમ સંસારમાંની મા બચ્ચાને બચી ભરે અને પૂછે કે, 'દીકરા! આજે શાળામાં બહેન ગુસ્સે થયા હતા?' ત્યારે બચ્ચું કહે, 'ના.' મા પૂછે: 'બહેનને બધા પ્રશ્નોના જવાબ આપ્યા?' બચ્ચું કહે: 'મને બધા પ્રશ્નોના જવાબો આવડયા.' મા પૂછે: 'તું આજે રડયો નહિ ને? તને કોઇએ રડાવ્યો હતો?' ત્યારે બચ્ચું કહે, 'મા! એક છોકરો બપોરે મને રડાવતો હતો, પણ હું રડયો નહિ.' આ સાંભળીને માનું મોઢું ખીલી ઊઠે અને તેના કાન તૃપ્ત થાય. આવા બચ્ચાને માટે માને ગૌરવ થાય.

આવો જ સંવાદ જગદંબા અને ભક્તનો થાય છે. જગદીશ પાસે જ્યારે દોડતો ભક્ત જાય ત્યારે તેને એ ઉપાડે, બચી ભરે અને પૂછે, 'દીકરા! સંસારમાં તું રડયો નહિને? ત્યારે ભકત કહે, 'ના, મને સંસારમાં સગાવહાલાં અને આજુબાજુના લોકો રડાવતા હતા પરંતુ હું રડયો નહિ.' મા પૂછે, 'તને બધા પ્રશ્નોના જવાબ આવડયા?' ત્યારે ભક્ત કહે, 'મા! બધા પ્રશ્નોના જવાબ મને બરાબર આવડયા–મને ઘણા લોકો બીવડાવતા હતા પણ હું ડર્યો નહિ અને રડયો પણ નહિ; બહુ સારી રીતે મેં સંસાર કર્યો છે.' આ સાંભળીને જગદંબાના કાન તૃપ્ત થાય. જગદંબા કહે કે, 'શાબાશ!' આમાં માને વહાલ થાય. 'તું મારો દીકરો છે' તેનું આમાં કૌતુક છે. માને વહાલ થાય એથી વધારે છાતી પાસે લે અને બચી ભરે.

આવી જ રીતના ભકતો ભગવાન પાસે જાય. જગત તેને રડાવે છે. સંયોગવિયોગથી રડવાના પ્રસંગો આવે પણ તે રડે નહિ. ત્યારે મા કહે, 'શાબાશ દીકરા!' આ સંવાદ વીણાનાદ જેવો છે, નહિ તો કોણ તેને સંતુષ્ટ કરે? लोकवत् तु लीला कैवल्यम मां ભાગ્યે જ કોઈ બચ્ચું બચીને મા પાસે આવે પણ જે બચ્ચું આ રીતે આવે તેને મા ઉપાડે, બચી ભરે અને અનંત પ્રશ્નો પૂછે. આ બધું સાંભળવા જેવું હોય. એકનું એક બચ્ચું હોય તો અતિશય પ્રેમ આવે, નવદસ બાળકો હોય તેમાં આનંદ ન આવે. એકનું એક બચ્ચું હોય કાં તો ચાર–પાંચ મરી ગયા પછી બચેલું બચ્ચું હોય તેના ઉપર માનો અતિશય પ્રેમ હોય, આવા બચ્ચાને આંખમાં પ્રાણ લાવીને મા પૂછે. જગદીશ તેની રાહ જોતા ઊભા હોય અને પૂછે ત્યારે તે કાનમાં કહે કે 'મને બધાએ રડાવ્યો પણ હું રડયો નથી.' આનાથી માના કાન સંતુષ્ટ થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમણે જીવનની પરમોચ્ચ શ્રેણીની સ્થિતિ ભોગવી છે, તેવા ભક્તોનું આ કાલું-કાલું બોલવું છે. શંકરાચાર્યે આ પરમોચ્ચ શ્રેણીની સ્થિતિ ભોગવી છે તે સ્તોત્રરૂપે લખી રાખ્યું છે. જેને એક દિવસ આવી રીતની સ્થિતિ મળી છે, જેને માની અનુભૂતિ છે તે આ સ્તોત્ર ગાઈ શકે. આપણે તો આ સ્તોત્રનો તરજુમો કરીએ.

પછી કહે, મા! તું नताङ्गी છે. મા! તું નમ્ર થાય છે, વાંકી વળે છે. ભગવતી ઘડપણને લીધે વાંકી વળી નથી, તે તો સતત યુવાન છે. એ ઘરડી થતી જ નથી. ભગવતી ઘડપણને લીધે કે થાકને લીધે વાંકી વળી નથી. તેને થાક લાગતો જ નથી, કારણ તે કામ કરતી જ નથી. કામ તો આપણે કરીએ; તે કંઈ જ કરતી નથી તો તેને થાક કેમ લાગે? બિલકુલ કામ ન કરે તે ભગવાન અને કામ કરીને હાડકાં નરમ કરે તે જીવ. છતાં શંકરાચાર્ય કહે છે કે, 'મા! તું नताङ्गी છે. મા! તું ભલભલાને નમાવે છે પણ કોઈની સામે નમે છે આ સત્ય હકીકત છે. જગતમાંથી ભલાભલા ચંગીઝખાન, તૈમુરલંગ જેવા ચાલ્યા ગયા. જે જગતને ધ્રુજાવે તે પણ જગતમાંથી ચાલ્યા જાય. જગતને ધ્રુજાવનાર સ્ટેલીન જેવો સ્ટેલીન પણ સાત સાત દિવસ સુધી બકરાની જેમ માથું નીચે રાખીને બેશુદ્ધિ માં પડયો હતો. મા! તું ભલભલાને વાંકા વળાવે પરંતુ તું પણ કોઈની સામે નમે છે. જગદંબા કોની સામે નમે? શંકરાચાર્યની સામે નમે, કાં તો प्रह्लाद नारद पराशरपुंडरीक.... वाल्मीकि सनकः सनंदन જેવા લોકોની સામે નમે. તેમનામાં ભગવાનને વાંકા વળાવવાની શકિત છે. શંકરાચાર્યને લાગે છે કે 'મારી બા કોઈની સામે નમે છે'. મા બોલાવે ત્યારે બચ્ચું કહે, 'મા! હું નથી આવવાનો; તું મને ઉપાડ, તું મને ઊભો કર, તું મને સાફ કર, તું મને નવડાવ. આવા બચ્ચા જોડે વાત કરતી વખતે જગદંબાને રંગ ચડે. આવી હઠ પકડવા જેટલી લાયકાત મેળવવી જોઈએ. આ બહેનો મને ગીત સંભળાવતી હતી: 'રંગે રમે ઉમંગે રમે, આજ મારી અંબા રંગે રમે.' આ કયો રંગ? વાત્સલ્યનો રંગ. છોકરો હઠ પકડે, 'મા! તું નવડાવશે તો જ ન્હાઈશ.' મા કહે 'મને કેટલા કામો છે!' મા આમ બોલે અને ગુસ્સાથી કહે કે 'હું નહિ નવડાવું.' પરંતુ માને લાગતું હોય કે છોકરો આવો આગ્રહ પકડે. મા તો કહે 'મારે કેટલા કામો છે? મારે રસોઈ બનાવવી છે, દીયરને જમાડવાનો છે; તને નવડાવવા બેસું તો રસોઈ કયારે કરૂં?' આવું બોલે પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેટમાં એમ હોય કે છોકરો ત્રાગું કરે. તેને છોકરાની હઠ ગમતી હોય, આ વાત્સલ્યનો રંગ છે. તેથી જ શંકરાચાર્ય કહે છે કે મા! તું નતાઙ્ગી છે. દુનિયાને નમાવવાવાળી તું કોઇની સામે નમે છે.

પછી કહે 'મા! તું માતઙ્ગી' છે, મા! તને હાથણ જેવી મંદ અને મનોહર ગતિ છે. જગદંબા મદદ કરવા માટે આવે પણ પ્રાણ કંઠ પાસે આવ્યા પછી આવે. 'મા! અમે ડૂબીએ ત્યાં સુધી તું આવતી નથી. તને ઉતાવળ છે જ નહિ. મા! ચૌદ ચૌદ વર્ષ આવા દુ:ખના કાઢયા' આમ કહી માણસ રડે. જેટલા વધારે રડે તેટલી તેની ગતિ મંદ છે. મા મદદ કરે પણ તેની ગતિ મંદ છે. આ મંદગતિ કેવળ ભૌતિક વિષયો માટે જ છે એમ નહિ, ભકતોની પાસે જવામાં, તેમને ભેટવામાં પણ માની ગતિ મંદ હોય.

ચિત્તએકાગ્રતા વધારીને ભકત પૂર્ણતાની અનુભૂતિ સુધી જાય, પણ આ પૂર્ણતાની અનુભૂતિ રોજ મળે નહિ; કારણ તેને ઉતાવળ છે જ નહિ. મા તો હળવે હળવે મંદગતિથી આવે. આમ છતાં શંકરાચાર્ય કહે છે કે 'મા! તું મંદગતિથી આવે છે પણ તારી ગતિ रुचिरगतिभङ्गी भगवती–મનોહર છે. તું હળવે હળવે આવે છે–તારી ગતિ મંદ છે પણ તે છતાંયે તે ગતિ મનોહારી છે. હું ઉતાવળ કરૂં છું કે આ આનંદ ફરી કયારે મળે? પરંતુ તું મંદગતિથી જ આવે છે.' આ આનદ સાધક અવસ્થામાં જ લૂંટવાનો છે; તે આનંદ સિદ્ધ અવસ્થામાં નથી.

સામાન્ય માણસને કેટલા ફટકા પડે તેથી તે થાકી જાય. તે કહે ૧૪–૧૫ વર્ષ તમારી ગીતા વાંચી તે છતાંયે મારી આ સ્થિતિ? તેના પ્રાણ કંઠ પાસે આવે પણ જગદંબાની ગતિ મંદ છે. જેટલી તે ઉતાવળ કરશે તેટલી માની ગતિ મંદ છે. આવી જ રીતે ભકતની જેટલી ઉતાવળ હોય તેટલા ભગવાન મંદ ગતિએ આવે. ત્યાર પછી ભકતની ઉતાવળ જાય અને ભગવાનને ઉતાવળ થાય. ભકત ઉતાવળ છોડી દે એટલે ભગવાનને દોડતા આવવું પડે. ભગવાનનું અને ભકતનું આ માનસશાસ્ત્ર છે. જગદંબા મંદ ગતિએ આવે છે તેથી કહે છે કે મા તું मातङ्गी છે.

भगवती–ઐશ્વર્યસંપન્ન–મા! તું ઐશ્વર્યસંપન્ન છે. માણસ પાસે પૈસા ન હોય. તે અશકત હોય તો ઇચ્છા હોવા છતાં કોઇને મદદ કરી શકતો નથી. મદદ કરવા માટે તેની ગતિ મંદ હોય તે સમજી શકાય. પરંતુ મા! તું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશક્ત નથી. ઐશ્વર્યસંપન્ન છે છતાં તારી ગતિ મંદ છે. મા! તને કંઈ ઓછું નથી, તું સમર્થ છે પણ તે છતાં તારી ગતિ કંઈ જુદી જ છે.

મા! તું શંભુની–શિવજીની સતી છે. શંભુ એટલે સુખમય. ભગવાન સુખમય છે. જગતમાં કેવળ તું જ સુખમય છે. શંભુની જોડે તું પ્રામાણિક છે. જે સુખરૂપ છે તેની જોડે તું ચીટકી બેસે છે. ભગવાનનાં બે કામો છે–(૧) આપવાનું અને (૨) લેવાનું. રડે તેને ભગવાન આપે અને સુખમય હોય તેને પાસે લે અને अश्नामि–સુખરૂપને તે ખાઇ નાખે. તે છેલ્લું છે. બીજાનું સુખ જોવાવાળા હોય તેમની જોડે ચીટકી બેસે. બીજાનાં સુખ અને સગવડ જોશો તો ભગવાન આવશે. પોતે સુખરૂપ થવું અને બીજાનું સુખ જોવું–ત્યારે આ બધું શું કેવળ મહાપુરૂષો અને મહાન કર્મયોગીઓને માટે જ છે? યાજ્ઞવલ્કય, પતંજલિ, વસિષ્ઠ જેવા નિષ્કામ કર્મયોગીઓને માટે છે તેમ સકામ કર્મયોગીઓને માટે પણ છે. સંસારી માણસોના જીવનમાં પણ આવું બને. નાની નાની વાતોમાં સોનાના કણો જોવા મળે છે. તે રતન જેવા દેખાય. આવા સોનાનાં કણો જોતાં આવડવું જોઇએ.

એક બની ગયેલી ઘટના છે. એક યુવાન સ્ત્રીનો ધણી મોટરના અકસ્માતમાં ગુજરી ગયો. ઓચીંતો ધણી અકસ્માતથી ગુજરી જાય પછી તેની સ્ત્રીની આંખની સામે કેટલું અંધારૂં આવતું હશે તેનું શાબ્દિક વર્ણન ન થઇ શકે. ખબર મળતાં જ રાતે અકસ્માતની જગા ઉપર સગાવહાલાં પહોંચી ગયા. રાતે જ તેની અંતક્રિયા કરીને ઘરે આવવા માટે મોટરમાં બેઠા. તે સ્ત્રી મોટરમાં બેઠી બેઠી રડતી હતી. બીજા પણ બધા મોટરમાં બેઠા હતા. સવારના સાત વાગે કોઇ ગામ પાસે પાણી લેવા માટે મોટર ઊભી રહી. મોટરમાં બેઠેલાઓને બધાને ચા પીવાનું મન હતું, પરંતુ આવી પરિસ્થિતિમાં શરમના માર્યા કોઈ બોલતું ન હતું. યુવાન છોકરી આ બધું જુએ છે. એને થયું કે મારે લીધે આ બધા ચા પીતા નથી, તેથી એણે કહ્યું કે, 'સવાર થઇ, મને ચા જોઇએ છે.' એક ક્ષણ બીજાને લાગ્યું કે ધણી રાતના ગુજરી ગયો છે અને એને ચા પીવાની ઇચ્છા થઇ? પરંતુ બધાને ચા જોઇતી હતી તેથી કોઇએ ચર્ચા કરી નહિ. ચા મંગાવી અને એક કપ તેને પણ આપી અને બાકી બીજાઓએ પીધી. આ સ્ત્રીએ ચા પીધી નહિ પણ રાખી દીધી. આ છોકરીએ બધાને ચા પાઇ પછી મોટર સ્ટાર્ટ થઇ. આ સ્ત્રીનું અંતઃકરણ મોટું હતું. એણે આવા કપરા પ્રસંગમાં પણ બીજાનું સુખ જોયું. આ સૂક્ષ્મ પ્રસંગ છે–આ સ્ત્રીનું કેટલું મોટું અંતઃકરણ હશે! પ્રત્યક્ષ બનેલી આ વાત છે. એક ક્ષણ બધાને નિષ્ઠુરતા અને અવ્યવહારૂપણું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યું પણ ત્યાર પછી ખબર પડી કે તેનું અંતઃકરણ કેટલું મોટું છે! તેણે ચા પીધી ન હતી; એનો કપ એમ જ હતો. આવા નાના નાના લોકો ઘણા હોય. તેમની જોડે ભગવાન ચીટકી બેસે. ભલે થોડા વખત માટે, પણ કોઇ કોઇ વખત તે આવતા હશે. આંખ ખુલ્લી કરીને આ જોવું જોઈએ. એમનામાં સૌજન્યતા છે, માનવતા છે અને દિલની મોટાઇ છે. ન્યાત જેનો સત્કાર કરે છે તેમનામાં દિલની મોટાઇ છે એમ માનવાનું કારણ નથી. આજે બીજાનું સુખ જોવાની વૃત્તિ ઓછી દેખાય છે. જ્યાં દિલની મોટાઇ દેખાય ત્યાં ભગવદ્સ્પર્શ છે એમ સમજો.

પછી કહે, મા! તારી દષ્ટિ अम्भोरुहचटुल चक्षुः- ચંચળ છે. માની દષ્ટિ કોઇ ઠેકાણે સ્થિર થતી નથી. જેને પાંચ-સાત છોકરાં હોય અને તે પણ એકાદ વર્ષના અંતરે થયેલાં હોય-તેવી માની સ્થિતિ જોવા જેવી હોય. એકાદ માંદો હોય તેના તરફ જોવા જાય ત્યાં બીજો રડે. એની દષ્ટિ ચંચળ હોય; તો પછી જેણે અબજો જીવોને જન્મ આપ્યો તે જગદંબાની દષ્ટિ આ જીવોને સંભાળવા માટે ચંચળ હશે? ખરી વાત એ છે કે માની દષ્ટિ સ્થિર થતી નથી. બીજું જ્યાં સુધી 'આપણો માણસ' જડયો નહિ ત્યાં સુધી દૃષ્ટિ સ્થિર થાય નહિ. તે જ્યારે મળે ત્યારે દષ્ટિ સ્થિર થાય. વિમલા કૉલેજમાં ભણે છે તેની દૃષ્ટિ સ્થિર હોય નહિ, કારણ તેનું નકકી થયું નથી; પણ ગુણવંતરાય ભાઈ સાથે તે પરણે તો તેની દૃષ્ટિ સ્થિર થઇ જાય.

ઘણા કર્મયોગ કરવાવાળાને જોઇને જગદંબાની દૃષ્ટિ સ્થિર ન થાય. તો શું પુષ્કળ જ્ઞાન હશે તેને જોઇને ભગવાનની દૃષ્ટિ સ્થિર થતી હશે? ઘણા જ્ઞાની હોય. પણ જીવનનું સૌંદર્ય જોઇને પણ ભગવાનની દૃષ્ટિ સ્થિર થતી નથી. પરંતુ જેણે પોતાનો અહમ્ પ્રભુને આપ્યો, તેનું નિરહંકારી જીવન જોઇને ભગવાનની દૃષ્ટિ સ્થિર થાય. તે કહે કે 'હું તારો' તેથી તેના જીવનમાં મસ્તી હોય. તેમને જોતાં જ ભગવાનની દૃષ્ટિ સ્થિર થાય. શંકરાચાર્યનું જીવન નિરહંકારી હતું. આટલું જ્ઞાન હોવા છતાં એમણે એક પણ પોતાનો સ્વતંત્ર ગ્રંથ લખ્યો નહિ. તેમણે પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય લખ્યું. તેમનું નિરહંકારી જીવન જોઇને ભગવતીની દૃષ્ટિ સ્થિર થઇ. તેથી કહે છે કે अम्भोरुहचटुलचक्षुर्विजयते। આવી બાનો જયજયકાર થાય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

## श्लोक ५

नवीनार्कभ्राजन्मणिकनकभूषापरिकरै-
र्वृताङ्गी सारङ्गीरुचिरनयनाङ्गीकृतशिवा।
तडित्पीता पीताम्बरललितमञ्जीरसुभगा
ममापर्णा पूर्णा निरवधिसुखैरस्तुसुमुखी ॥५॥

**शब्दार्थ :**–જેના અંગ નવોદિત બાલરવિ જેવા દેદીપ્યમાન મણિ અને સોનાના આભૂષણોથી અલંકૃત છે, જેને હરણ જેવી વિશાળ અને સુંદર આંખ છે, જેણે શિવજીનો અંગીકાર કર્યો છે, વીજળી જેવી જેની પ્રભા છે, જેના ચરણકમળ પીતાંબરની પ્રભાથી અધિક સુંદર ભાસતા ઝાંઝરથી શોભે છે, તેવી નિરતિશય આનંદથી પરિપૂર્ણ ભગવતી અપર્ણા મારા પર પ્રસન્ન રહો.

XOX

બા! તારૂં મોઢું સરસ છે. બા! તેં ઘરેણાં પહેર્યાં છે તે કેવા છે? સવારના પ્રહરમાં ઊગતા રહેલા સૂર્ય–બાલરવિ જેવા દેદીપ્યમાન, રત્નજડિત સોનાના ઘરેણાંથી તારા અંગો શોભે છે. તારી આંખો (सारङ्गी એટલે હરણ અથવા ભકત) હરણ જેવી વિલોભનીય છે. તારો શિવજીએ અંગીકાર કર્યો છે. શિવજીની તું અર્ધાંગના છે તેના લીધે શિવજી અર્ધનારીનટેશ્વર થયા, તારો રંગ વીજળી–વિદ્યુલ્લતા જેવો સુવર્ણ જેવો છે. તેં પીળું પીતાંબર પહેરેલું હોવાથી અને સુવર્ણ જેવા રંગના પીતાંબરથી શોભતા ઝાંઝરથી તારા ચરણ સુંદર લાગે છે. તારા પગ ભાગ્યશાળી લાગે છે. સંપૂર્ણ ભાગ્ય તારા પગમાં સમાયેલું છે એવી તું, सुमुखी–હે સુમુખી! તું મારી अपर्णा છે. अपर्णा એટલે પાર્વતી. સંસ્કૃત ભાષામાં અર્થો ગોખવાના હોય. એક શબ્દના કેટલાયે અર્થો હોય. તેના માટે अमरकोश છે. તે ભારતીય વાઙ્મયનું ઘરેણું છે. તે દેવી પંડિતે હજારો વર્ષ પહેલાં લખ્યું છે. તેમાં પાર્વતીનાં નામો આ મુજબ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अपर्णा पार्वती दुर्गा मृडानी चण्डिकाम्बिका
आर्या दाक्षायणी चैव गिरिजा मेनकात्मजा॥

આ બધા પાર્વતીના નામો છે. સંસ્કૃત ભણવાનું હોય તો अमरकोश ગોખવો પડે. તેના લીધે એક શબ્દના બધા અર્થ ખબર પડે. તેના માટે શબ્દકોશ (dictionery) ખોલવાની જરૂર નહિ. મા! તું અપર્ણા છે છતાં તું પૂર્ણા છે. નિરવધિ સુખથી તું પૂર્ણ છે. તું મારી અપર્ણા છે– આ, આ શ્લોકનો શબ્દશઃ અર્થ છે.

હે સુમુખી–કરીને હાંક મારે છે. બા! તારૂં મોઢું જોતાં જ બેસવાનું મન થાય છે. કેટલાકના ચહેરાઓ જોવા ગમતા નથી. કેટલાક મોઢાં ખરાબ હોય; તે ગંધાય. કેટલાક લાચાર ચહેરા હોય અને કેટલાક ઉન્મત્ત ચહેરા હોય તે જોવા ગમતા નથી. આવા ચહેરાઓ જોવાનું દુર્ભાગ્ય ન મળે, પણ બા! તું સુમુખી છે. તારૂં મોઢું જોવા જેવું છે. મારી સાથે માતૃત્વનો તારો સબંધ છે તેથી તારા મોઢેથી સાંભળવાનું મન થાય.

ગીતા હૃદયંગમ ક્યારે લાગશે? ગીતા ગાવાવાળા ઉપર પ્રેમ હોય તો. ગીતા શરૂઆતમાં ધાર્મિક, નૈતિક, સાંસ્કૃતિક અને જ્ઞાનનો ગ્રંથ લાગે. પરંતુ ગીતામાં જે મધુરિમા છે તે ગીતા ગાવાવાળા ઉપર પ્રેમ વધે ત્યારે ખબર પડે.

નાનપણમાં દાદીબા કામ કરતી હોય તો તેની પાસે જઈને બેસવાનું મન થાય, તેના મોઢેથી વાર્તા સાંભળવાનું મન થાય. તેથી કહેતો કે 'દાદીબા! વાર્તા કર.' દાદીબા કહે કે, 'તને તો બધી વાર્તા ખબર છે' તો હું કહું કે, 'ભીમની વાર્તા કર'–દાદીબા કહે 'તે તો તને આવડે છે.' હું કહેતો, 'ભલે આવડે પણ તું ફરીથી તે વાર્તા કર.' જે વાર્તા ખબર હોય તે પણ દાદીબાના મુખારવિંદમાંથી ફરીફરી સાંભળવાનું મન થાય. આજે તો મા-બાપ ઉપર પણ કોઈને પ્રેમ નથી. ભગવાનનો પ્રેમ રહ્યો આઘો પરંતુ કૌટુંબિક પ્રેમ માટે પણ માણસો ઘેલા થતા નથી. વીસમી સદીમાં બધા ડાહ્યા છે; ગાંડો કોઈ છે જ નહિ. આજે તો કહે કે, માથી શું ફાયદો? લોકો પૂછે–શાસ્ત્રીજી! તમારે ત્યાં બાલસંસ્કાર કેન્દ્રમાં છોકરાને મોકલીએ પણ મેટ્રિકમાં કંઈ ફાયદો થશે? મેટ્રિકમાં ફાયદો કરવા માટે તો મોટા મકાનોવાળી શાળા છે જ–સંસ્કારકેન્દ્રમાં જવાથી જીવનમાં ફાયદો થશે, પણ તે કોઈને જોઈતો નથી. બધા વ્યવહારૂ દૃષ્ટિકોણવાળા થયા છે. આ બધા ડાહ્યા લોકો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહારમાં મા ઉપર પ્રેમ નથી તેથી અતીંદ્રિય શક્તિનો પ્રેમ ખબર પડતો નથી. વેદો ભગવાને ગાયા છે તેથી અમને ગમે છે. કોઇ કહેશે કે વેદો ઋષિઓએ લખ્યા છે, પણ જે ઋષિઓએ અનામી અને અજ્ઞાત રહીને કામ કર્યું તે અમારી દૃષ્ટિથી દેવો છે. વેદો અમને સારા લાગે છે કારણ તે મારી બા બોલે છે. ગીતાનું પારાયણ કરીને પુણ્ય મળે તે દૃષ્ટિ વ્યવહારિક લોકોની છે. ગીતામાં જ્ઞાન, ભક્તિ, ધાર્મિકતા, નૈતિકતા છે. તેનું પારાયણ કરીને પુણ્ય મળે આ અમને ખબર નથી. પણ ગીતા મારી માના મોઢામાંથી નીકળી છે તેથી તે અમને ગળી લાગે છે. ભગવતી ઉપર ભાવ હોય તો તે સુમુખી લાગે; તેના મોઢા તરફ જોવાનું મન થાય. તેના મોઢામાંથી જે નીકળે તે શબ્દો નથી, તે તો હીરા છે, મોતી છે. બા! તું સુમુખી છે તેથી તારૂં મોઢું જોયા જ કરવાનું મન થાય છે.

બા! તું વૃતાङ्गी છે. તારા બધા અવયવો શોભે છે. બા તેં નવીન સૂર્ય–સૂર્યોદય સમાન દેદીપ્યમાન તેજવાળાં ઘરેણાં પહેર્યાં છે તેથી શોભે છે. શંકરાચાર્યને ઘરેણાંનું તેજ સૂચક લાગ્યું. ઘરેણામાં ચંદ્રનું આહ્લાદદાયક તેજ નહિ પણ સૂર્યોદય સમયનું દેદીપ્યમાન તેજ દેખાયુ. સૂર્યનું તેજ તો બપોરનાં વધારે તેજસ્વી હોય પરંતુ તેના સામે જોવાતું નથી બપોરે બાર વાગ્યાના સૂર્યમાં તેજસ્વિતા છે પણ નવીન સૂર્યના તેજમાં રમણીયતા છે, તેના સામે જોઈ શકાય. તૈમૂરલંગ તરફ પણ ન જોવાય. સૂર્યોદય સમયના સૂર્યમાં રમણીયતા છે. તેમાં એક જાતથી પ્રસન્નતા છે, પરાક્રમની કલ્પના અને ઉત્કર્ષની ભાવના છે. આવી રીતે તારા ઘરેણામાં આ ત્રણે વાતો છે. સવારનો સૂર્ય રમણીય અને પ્રસન્ન હોય. સવારના પ્રહરમાં મંદમંદ પવન આવતો હોય તેના લીધે ઘાસ ડોલતું હોય, તે જોઇને માણસ પ્રસન્ન થાય. તે કદાચ પૂર્ણ સાત્વિક ન હશે પણ રાત્રીપ્રહરમાં સાત્વિક પ્રસન્નતા હોય. મુંબઇ શહેરના લોકોને આનો અનુભવ છે જ. હુલ્લડના દિવસોમાં ગુંડાઓ તોફાન સવારના ભાગમાં ન કરે કારણ તે વખતે તે સાત્વિક હોય. પરંતુ બપોરે, સાંજે અને રાત્રે તેઓ તોફાન કરે, કારણ તે કાળમાં તામસવૃત્તિ જોર કરે. મુંબઇએ બધા અનુભવો લીધા છે. સવારના સૂર્યમાં જેમ પ્રસન્નતા છે તેમ તેમાં પરાક્રમનું દર્શન છે. સવારનો સૂર્ય અંધારાને કાપીને આવ્યો છે તેમાં ઉત્કર્ષનાં બીજો છે. બાર વાગ્યા પછી સૂર્ય નીચો આવે તેમાં ઉત્કર્ષ નથી પણ અપકર્ષ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બા! તારા ઘરેણામાં પ્રસન્નતા, રમણીયતા અને પરાક્રમની ભાવના આ ત્રણે ગુણો છે. બા! તારો શણગાર અને તારૂં નામ પણ અમને પ્રસન્ન કરે છે. જીવનમાં જ્યારે વિફલતા, નૈરાશ્ય આવે ત્યારે પ્રભુના નામથી પ્રસન્નતા આવે. માનવી જીવન એ અસહાય અને પરાવલંબી જીવનનો નમૂનો છે. માનવી જીવન પરાવલંબી છે. ગાયનું બચ્ચું જન્મીને ઊભું રહે અને માનવના બચ્ચાંને ઊભો રહેતાં વર્ષ લાગે. માણસ અસહાય અને પરાવલંબી છે. આપણે ધારીએ તે આપણને મળતું નથી અને આપણે ન ધારીએ, જે જોઈતું નથી તે આપણને મળે. આપણને સુખ દુ:ખ કોણ મોકલે છે? આપણે કમાઇએ તો કહીએ કે મારા પુરુષાર્થથી કમાયો અને જો ખોઇએ અને દુ:ખ આવે તો કહીએ કે પ્રારબ્ધથી મળ્યું. દૈવે દુ:ખ આપ્યું તો સુખ પણ તેણે આપ્યું એમ બોલ, કાં તો સુખ પુરુષાર્થથી મળ્યું તો દુ:ખ પણ પુરુષાર્થથી મળ્યું એમ બોલ–પણ માણસ તેવું બોલતો નથી. આનું નામ માણસ.

નૈરાશ્ય અને વિફલતા આવે છે તે વખતે તું કાં તો તારા જે થયેલા છે તે જ અમને પ્રસન્ન કરી શકે છે. એ પ્રસન્ન કરવાની શકિત તારી છે. 'વાલ્મીકિ' આ શબ્દ બોલ્યા પછી પ્રસન્નતા આવે છે. તારા નામથી અપ્રસન્ન પણ પ્રસન્ન થાય. સવારના સૂર્યમાં તે શકિત છે અને તું પણ પ્રસન્ન કરે છે.

નવીન સૂર્યમાં પરાક્રમ છે. તેમાં પરાક્રમ કરવાની સ્ફૂર્તિ છે. બા જોતી હોય તો છોકરો પરાક્રમ કરે. છોકરો બાને કહે, 'બા! તું ઉપરથી જો, હું બૅટબૉલ રમું છું.' બા જોતી હોય તો છોકરો ફટકો મારે. આવી રીતે બા! તું જોતી રહે તો असंगशस्त्रेण दृढेन छित्त्वा–આ પરાક્રમ કરૂં. બા! તું જોતી રહે તો હું પરાક્રમ કરીશ. તેથી બાની શોભા નવીન સૂર્ય જેવી દૈદીપ્યમાન લાગે છે.

ત્રીજી વાત–બા! તારા નામમાં ઉત્કર્ષનાં બીજો છે. ઉત્કર્ષ તેનો કે જે તારા પગ પાસે નમ્યા. જે તારા થઇ ગયા તે જ મસ્ત થઇ શકે.

એક શાળામાં છોકરાઓને પૂછવામાં આવ્યું કે 'તમને દાસમારૂતિ ગમે કે વીરમારૂતિ ગમે?' એક ચિત્રમાં હનુમાન દ્રોણગિરિ પર્વત લઇ કૂદકો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારે છે અને બીજા ચિત્રમાં રામની સામે હાથ જોડીને હનુમાન ઊભા છે. છોકરાઓ બધા તેજપૂજક છે તેથી બધા છોકરાઓએ કહ્યું કે 'અમને વીર મારૂતિ ગમે છે.' પણ એક છોકરાએ કહ્યું કે, 'મને દાસમારૂતિ ગમે છે.' શિક્ષકે પૂછ્યું કે 'તને દાસમારૂતિ ગમે છે તેનું શું કારણ?' છોકરો કહે કે, 'હું દાસમારૂતિ થઇશ તો જ વીરમારૂતિ થઇ શકીશ!' વીર્ય અને શૌર્ય પ્રભુના દાસત્વમાંથી આવે છે. બા! તારી પાસે પરાક્રમ કરવાની શકિત છે. તારા લીધે પરાક્રમ દેખાડવાનું મન થાય. જે છોકરાને માબાપ નથી તેની કફોડી સ્તિથિ થાય. તેથી જ મરાઠી કવી કહે છે કે 'स्वामी तिनी जगाचा आई-विना भिकारी. (ત્રિભુવનનો સ્વામી પણ મા વગર ભિખારી છે.) તે શાળામાં પહેલો નંબર આવે તો દેખાડે કોને? ફઇબા–માસીબાને દેખાડે તો શું કહેશે? છોકરાને ૧૦૦ માંથી ૯૦ માર્ક મળ્યા હોય અને દોડતો આવીને ફઇબાને, માસીબાને દેખાડે તો કહેશે કે સારૂં થયું, હજી હોંશિયાર થા. પરંતુ બા હોય તો? તે હાથમાંનું કામ ફેંકી દેશે અને છોકરાની સ્લેટમાં ઉત્કર્ષનાં બીજો જોશે. તે છોકરાને પાસે લેશે અને બચી ભરશે. તેનાથી છોકરાનો ઉત્કર્ષ થશે. આવી રીતે જગદંબા! તું જગતમાં છે તેથી જ સર્વસ્વ ફેંકીને દોડવાનું મન થાય છે. રમણીયતા પ્રસન્નતા અને પરાક્રમની ભાવના કાં તો ઉત્કર્ષનાં બીજો તારા દેદીપ્યમાન તેજમાં છે. તેથી તે તેજ નવીન સૂર્યના જેવું દેદીપ્યમાન દેખાય છે.

બા! તારી આંખ સારઙ્ગી એટલે હરણની આંખ જેવી વિલોભનીય છે. હરણની આંખ સાહિત્ય શાસ્ત્રીઓએ અતિશય સુંદર ચીતરી છે. હરણની આંખ ભયભીત, ડરી ગયેલી આંખ છે તેથી સ્થિર નથી. હરણની આંખમાં ભયભીતતા છે પણ તેના લીધે તેમાં સૌંદર્ય વધ્યું છે. મા! તારી આંખમાં પણ આ સુંદરતા દેખાય છે. બા! તારી આંખમાં ડર દેખાય છે. પણ મા તને ડર હોય? જગદીશ પણ કોઇ કોઇ વખત ગભરાઇ જાય. જે જગદીશ પરણવાનો નાટક કરે તે ડરવાનો પણ નાટક કરે. ભીતિમાં પણ આંખમાં એક જાતનું સૌંદર્ય દેખાય. શંકરાચાર્યને બાની આંખમાં હરણનું સૌંદર્ય દેખાય છે. આ જગદીશ પણ કોઇ કોઇ દિવસ ગભરાઈ જાય. જગદીશને થાય કે મારા છોકરાનું શું થશે? મેં તેને એકલાને જગતમાં મોકલી દીધો છે તે પાછો આવશે? છ–સાત વર્ષનો છોકરો હોય તેને બા કહે 'મેથીની ભાજી લઇ આવ.'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોકરો નીચે ગયો કે મા ગેલેરીમાં આંટા મારતી હોય. તેને ડર હોય કે છોકરો રસ્તો ઓળંગતાં મોટરમાં તો નહિ આવી જાય ને? તેને કોઈ ઉપાડી તો નહિ જાયને? આ જે મનમાં વાતો આવે તે આંખમાં દેખાય. આવી રીતે જગદીશની આંખમાં શંકરાચાર્યને છોકરા માટેની આવી ભીતિ દેખાઈ, કારણ તેમનો જગદીશ જોડે આત્મીય સંબંધ છે. જગદંબાને થતું હશે કે જગતના આંગણામાં છોકરાને કોઈ બનાવશે તો નહિ ને? તેને દુ:ખ તો નહિ પડે ને? તે સુખી તો રહેશે ને? મા જ્યારે છોકરીને પરણાવીને વિદાય આપે ત્યારે રડે. હજારો રૂપિયા ખર્ચીને છોકરીને પરણાવે અને છોકરી પરણીને જાય ત્યારે તે મરી ગઈ હોય એવી રીતે મા રડે. શાકુંતલ નાટકમાં ચોથા અંકમાં કણ્વ કહે છે કે છોકરીને વળાવતી વખતે અમારા જેવાની આ સ્થિતિ થાય તો પછી સંસારમાં રચ્યાપચ્યા રહેતા ગૃહસ્થીની શું સ્થિતિ થતી હશે? માને વિચાર આવે કે છોકરીને ફૂલ જેવી સાચવી છે. તેને સ્નિગ્ધ હાથ મળશે? મેં જેવી રીતે ફૂલની જેમ સાચવી છે તેવી રીતે તેનો ધણી સાચવશે કે આ ફૂલને ચીમળી નાખશે? આ ડરથી માબાપ ડરતા હોય. આ રીતે જગદીશે બધી વ્યવસ્થા કરી છે. ઘર સારૂં, મૂરતિયો સારો, પણ તેને ડર છે કે મેં તેને સાચવ્યો છે પણ જગતમાં તેને દુ:ખ તો નહિ આવે ને? આ ડરથી ભયભીત આંખ સારી લાગે તેથી હરણની આંખની ઉપમા આપી છે.

सारङ्ग નો બીજો અર્થ ભકત થાય છે. તેથી सारङ्गी એટલે ભકતોએ જેની આંખો રમણીય બનાવી. આ ખરી જ વાત છે. જગદીશની આંખમાં બે ભાવ છે-૧. નિર્વિકાર અને ૨. ભયંકરતા. ગીતા કહેતી વખતે અર્જુનની સામે ભગવાન પ્રેમરસમાં પલળી ગયા છે પણ તે છતાં ગીતામાં વચ્ચે વચ્ચે તેમનું નિર્વિકારત્વ ડોકિયું કરે છે ત્યારે કહે છે કે न मे द्वेष्योऽस्ति न प्रियः– મૂળ સ્વભાવ થોડો જ જાય? તેથી તો એક મરાઠી કવિએ કહ્યું છે કે:

आधीं होता ग्रामजोशी, राज्यपद आलें त्यासी ।
त्यानें पंचांग राहीना, मूळस्वभाव जाईना ॥

પહેલા ગ્રામજોશી હતો પરંતુ પ્રારબ્ધવશાત્ રાજ્યપદ મળ્યું, પરંતુ રાજા થયા છતાં તેનો મૂળસ્વભાવ જાય નહિ, તેથી પંચાંગ લઈને જ ફરે. આવી રીતે ગીતા કહેતી વખતે શ્રીકૃષ્ણ પ્રેમરસમાં પલળી ગયા છે. અર્જુનની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામે ગાંડા થયા છે. પરંતુ વચમાં વચમાં કહે છે કે न मे द्वेष्योऽस्ति न प्रियः કારણ તેમનું નિર્ગુણ નિરાકારત્વ ડોકીયું કરે છે. આ બોલવાની જરૂર નથી છતાં સ્વભાવ છે તેથી આંખમાં નિર્વિકારત્વ છે. માણસ મૂર્તિની સામે રડે પણ તેને પ્રતિભાવ જ નહિ–साक्षीचेतो केवलो निर्गुणश्च–આંખમાં નિર્વિકારત્વ છે.

બીજું तोत्रवेत्रै कपाणये આવું સ્વરૂપ જોઈએ ત્યારે ભગવાનની આંખમાં ભયંકરતા લાગે. જે લોકો કર્મમાં સપડાયેલા છે તેમને ભગવાનની આંખમાં ભયાનકતા લાગે. પરંતુ જગદીશની આંખમાંનું નિર્વિકારત્વ તેમ જ ભયાનકત્વ કાઢીને रुचिरनयनाङ्गी–આ મધુરિમા ભક્તોએ લાવી. ભગવાનની આંખમાંથી ભયંકરતા અને નિર્વિકારતા કાઢી નાંખીને મધુરિમા, રમણીયતા લાવે કોણ? ભક્તો લાવે.

જૂના કાળમાં બધા ફોજદારથી ડરે. તેની મોટી મૂછો અને ભરાવદાર ચહેરા તરફ કોઈ જોઈ પણ ન શકે. પરંતુ તેનું નાનું બચ્ચું હોય તે બીજા છોકરાઓને પોતાના ઘેર રમવા લઈ જવા માટે કહેઃ 'ચાલ, મારા ઘરે ચાલ' ત્યારે બીજો છોકરો કહેઃ 'ના, તારા બાપા ફોજદાર છે, મને ડર લાગે છે.' ત્યારે તે કહે, 'તારે ગભરાવાની જરૂર નથી, તારી સાથે હું છું ને?' આમ કહીને પોતાના દોસ્તદારને ઘરમાં લઈ જાય. ફોજદાર સાહેબ બીજા સાહેબ સાથે વાતો કરતા બેઠા હોય ત્યારે તેનું બચ્ચું તેની પાસે આવીને કહે: 'બાપા કબાટમાંથી રમકડું કાઢી આપો.' અને બાપા રમકડું કાઢી પણ આપે. આવી જ રીતે વાલ્મીકિ કહે કે, 'ચાલ મારી સાથે ભગવાન પાસે.' ત્યારે ફોકટલાલ કહે: 'ના ભગવાન મારૂં જીવન જાણે છે–ભોંયમાં પેસી ભોંયરે કરીએ કાળી વાત, જાણે જગતનો નાથ. મારે નથી આવવું, તમે જાઓ!' ત્યારે વાલ્મીકિ કહે, "તું ડર નહિ, હું તારી સાથે છું ને? ભગવાનથી ડરવાનું કારણ નહિ, તે તારી બા છે." 'અરે! પણ મારામાં તો ખબ કચરો ભરેલો છે.' તો વાલ્મીકિ કહે, 'કંઈ વાંધો નહિ, ભગવાન બા છે તે તારો કચરો ધોઈ નાખશે; તું મારી જોડે ચાલ.' તેથી વાલ્મીકિ, વસિષ્ઠ આ બધાનો સથવારો કરવાનો–वाल्मीकिः सनकः सनन्दनतरु व्यासो वसिष्ठोभृगु–આ ભક્તોએ ભગવાનના આંખમાંની ભયાનકતા કાઢી નાખી.

ભગવાન મારી 'બા' છે. હું કચરાથી ભરેલો હોઈશ તો પણ તે માફ કરી નાખશે. જગદીશને કોઈ ગજવામાં લાવ્યા હશે તો આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંતોએ. સંત ભગવાનને આઘો નથી દેખાડતા–સંતો આપણને ભગવાન પાસે લઈ જાય. આમ ભકતોએ ભગવાનના આંખ માંહ્યલી ભયાનકતા કાઢી નાખી અને શંકરાચાર્ય જેવાઓએ ભગવાનના આંખમાની નિવિકારતા કાઢી નાંખી. આવા ભકતોને જોઈને ભગવાન વિકારી થાય. છગન–મગનને જોઈને ભગવાનની આંખ નિવિકારી રહે. કોઈને જોઈને ભગવાનની આંખમાં કંઈ હલતું જ નથી–તે નિવિકાર છે. તે કહેશે, 'તમે કર્મ કરો છો તો ફળ હું આપીશ!' પરંતુ તે ઠેકાણે ભકતોએ ભગવાનને વિકારી બનાવ્યા. અરે! આ ભકતોએ ભગવાનને નચાવ્યા છે. જે જગદીશ આખા જગતને નચાવે છે તેને દૂધ આપવાવાળી આહીરની છોકરીઓએ छाछपे नाच नचायो–છાશને માટે તેને નચાવ્યો છે. આ ભકતોને જોઈને ભગવાનને 'પૂર્ણકામ હું, જગતને આપવાવાળો છું તો હું નાચું કે?' આવો વિચાર જ ન આવે. આ ભકતો ભગવાનને પોતાના સ્વરૂપનું ભાન ભૂલાવે. જગદીશ નિર્ગુણ અને નિર્વિકારી છે તેને સગુણ અને સાકાર–સવિકાર ભકતો બનાવે; ભગવાનની આંખમાંની નિર્વિકારતા કાઢીને તેને વિકારી બનાવે.

કૃષ્ણને ગોપીઓએ નાચ નચાવ્યો. કૃષ્ણના ઘેરે હજારો ગાયો હતી તે છતાંયે એક વાટકી છાશ માટે તે નાચ્યો. કૃષ્ણ પૂર્ણકામ છતાંયે ગોપીઓએ એને સકામ બનાવ્યો. ભગવાનની આંખમાંથી નિવિકારત્વ અને ભયાનકતા કાઢી નાખી ભકતોએ એમાં રમણીયતા આણી.

ભગવાન! તું પહેલા નંબરનું ખોટું બોલે છે. છોકરાને માટે પણ મા-બાપ ખોટું બોલે તો ધર્મશાસ્ત્રો તો ફટકો મારવાના જ, તેમને માફ ન કરે. મા-બાપ કહે કે 'અમને ખબર ન હતી' તો તેઓ કહે કે 'ન ખબર પડતાં અગ્નિ ઉપર પગ મૂકો તો તે બાળે જ.' આમ ન ખબર પડતાં ખોટું બોલવાવાળા મા-બાપ માટે પણ ધર્મશાસ્ત્રો હંટર લઈને ઊભા છે. પણ ભગવાન! તું વિકારી થઈ ગયો અને ખોટું બોલે છે. ભગવાન! તું બધું કરે છે અને મારા નામે ચઢાવે છે. વાસ્તવિક જ્ઞાન તારૂં, સાત્ત્વિકતા તારી, શકિત તારી, તું કામ કરે છે અને દુનિયાને કહે છે 'લાગ એને પગે.' આ ચામડાનું ખોખું શું કરવાનું છે? તમે આપો છો અને મને દાની ઠરાવો છો. આ જગતમાં કોઈ કોઈને આપતું નથી. રાજાની શું તાકાત છે કે તે આપે? फलति कपालं न भूपालं–કરોડપતિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્ર હોય પણ તમને તે આપી શકતો નથી. તેથી શંકરાચાર્ય કહે છે કે ભગવાન! તું આપે છે અને મને દાની ઠરાવે છે.

આવી જ રીતે ભગવાન! તું જ્ઞાની છે. જ્ઞાન કયાં છે તે મને ખબર પડતી નથી. આટલા નાનકડા ભેજામાં ઇશાવાસ્ય-ઉપનિષદ, રામાયણ, મહાભારત, કૅાટ, એરીસ્ટોટલ, પ્લેટો, સોક્રેટીસ, ગીતા-આ બધું રહ્યું કયાંથી? દાળમાં મીઠું કેટલું નાંખવાનું તે પણ ભેજામાં જ રહ્યુ છે. દાણાવાળાને ત્યાં ઘણી અનાજની ગુણો હોય. તે કહે, તુવરદાળ લાવ, તો માણસ લઇ આવે. આ સમજી શકાય. છે. પરંતુ ભેજામાંથી જોઇએ તે ગુણ કોણ લાવે છે? તું જ લાવે છે. જ્ઞાની તું છે અને મને જ્ઞાની ઠરાવે છે, દાની તું છે અને મને દાની ઠરાવે છે, કામ તું કરે છે અને જગતને મને પગે લગાડાવે છે. આ બધું ખોટું છે. ખોટું એટલે વિકાર. વિકાર આવ્યો કે સ્વરૂપ ભૂલાવે. આટલું જ નહિ પણ તું જન્મ લે છે. તારે જન્મ લેવાનું કંઈ કારણ? તું તો નિર્ગુણ નિરાકાર છે. પણ પોતાના સ્વરૂપનું ભાન ભૂલીને તું જન્મ લે છે. રાતના બાર વાગે દોડતો આવે છે અને કહે છે કે परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् धर्मसंस्थापनाथाय संभवामि युगेयुगे॥ ભગવાનને ગોકુળના આંગણામાં નાચવાનું મન થયું. गोधूलिधूसराङ्ग नृत्यति वेदांतसिद्रांत:- વેદાંતનો સિદ્ધાંત, પરબ્રહ્મ નંદના આંગણામાં નાચે છે. તે અવતાર લઇને કોઇની જોડે રમવા, કોઇને જોવા અને કોઇને મળવા આવે છે. વાસ્તવિક તું નિર્વિકારી, પૂર્ણકામ છે, પણ ભક્તોએ તને વિકારી અને સકામ બનાવ્યો. ભક્તોએ તારી આંખ રમણીય બનાવી.

પછી કહે છે-अङ्गीकृतांशिवा-તારો શિવજીએ અંગીકાર કર્યો છે. જેને તું પોતાનો કરી ખોળામાં લે છે તેનું તું કલ્યાણ કરે છે. જગતમાં પ્રભુ જ્યાં સુધી અંગીકૃત કરતો નથી ત્યાં સુધી કલ્યાણ નહિ. ભગવાને જેને છોડયો, તે ડૂબ્યો.

એક વખત ભગવાન રામચંદ્રને વિચાર આવ્યો કે આ હનુમાન અને બીજા બધા કહે છે કે 'રામનામથી પથ્થરા તાર્યા' તે શું સાચું છે? ચાલ! જોઉં તો ખરો.' આમ કહી રામ સાગરકાંઠે ગયા. હનુમાન તેમની પાછળ ગયા. સાગરકાંઠેથી એક પથ્થર ઉપાડી રામે સાગરમાં નાખ્યો તો પથ્થર ડૂબી ગયો. રામ કહે, 'બધા ખોટું બોલે છે. મારા નામથી પથ્થર તરતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી.' ત્યાં પાછળથી હનુમાને પૂછ્યું કે 'ભગવાન! આ શું કર્યું? મને કંઇ સમજણ ન પડી.' રામે કહ્યું કે, 'તમે મારૂં ખોટું મહત્ત્વ વધાર્યું છે.' તમે કહો છો કે 'રામનામથી પથ્થર તરે છે. પણ મેં પોતે દરિયામાં પથ્થર નાખ્યો તે તર્યો નહિ' હનુમાનજી કહે, 'પ્રભુ! તમારા નામથી પથ્થરો તરે, પરંતુ તમે જેને છોડયો તે ડૂબે; તે તરે કેવી રીતે? તમને પકડીને ચાલે તે જ તરી શકે.'

'ભગવાન! તું મને તારો પોતાનો બનાવ! ભગવાન! તું અને હું એક વખત બેઠા હતા ત્યારે આંખમાં પાણી લાવી મેં હઠ પકડી કે, મને ફરવા લઇ જા.' તેં મારા લાડ લડાવ્યા. મને અહમ્‌નું સુંદર વસ્ત્ર પહેરાવ્યું અને આપણે બન્ને હાથમાં હાથ રાખી ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં મને ઠેસ વાગી અને હું પડી ગયો—તારા હાથમાંથી હાથ છૂટી ગયો. મેં તને હાંક મારી પરંતુ તારા વેગથી તું સહસ્ત્ર યોજન આગળ નીકળી ગયો અને હું તને પોકારતો બેઠો રહ્યો. જ્યાં હું પડયો હતો ત્યાંથી પંચમહાભૂતોએ, પિશાચોએ મને ઉપાડયો. માબાપ પિશાચ–તેમણે કહ્યું, 'તારે રોટલો જોઇએ, તારે પરણવું જોઇએ, છોકરા–છોકરીઓને પરણાવવા જોઇએ. મને આ લોકોએ કંઇક જુદું જ ભણાવ્યું. હું પણ મને પિશાચ સમજીને તેમની માફક રહ્યો. પરંતુ એક વાત ખરી છે કે તારૂં મધુર સંસ્મરણ રહ્યું છે તેથી તને પોકારૂં છું. તું દોડતો આવ અને મને અંગીકૃત કર અને મારૂં કલ્યાણ કર.'

તારી પ્રીતિ વિદ્યુલ્લતા જેવી, વીજળીના ચમકારા જેવી છે. ઘડીકમાં સુખ અને ઘડીકમાં દુઃખ–सुख पाहता जवा पाडे दुःख पर्वता एवढें– એક ક્ષણે સુખ ભાસે અને બીજી ક્ષણે દુઃખનો સાગર દેખાય. તારા પ્રેમનો ચમકારો વીજળી જેવો છે. સુખ આવે ત્યારે તારો પ્રેમ છે તેમ લાગે પણ દુઃખ આવે ત્યારે એમ થાય કે પ્રભુ છે કે નહિ? તારો પ્રીતિનો ચમકારો હોય તેમ મારી પ્રીતિ પણ થોડા વખત માટે જ હોય. મારો તારા ઉપર શ્રાવણ મહિનામાં પ્રેમ થાય અને ભાદરવા માસમાં ખલાસ થાય. જે ચિત્ત-એકાગ્ર કરતા હશે તેમને આ ચમકારો (spark) જોવા મળે–તે ચમકારો જ હોય. આ પૂર્ણતાનો અનુભવ જે લોકો લેતા હશે તેને આ तडित्पीता पीताम्बर ખબર પડે.

પ્રભુ! પીતાંબરથી તારા પગ ભાગ્યશાળી લાગે છે. તારા પગ મારા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ફરતા રહ્યા છે તેથી ભાગ્ય શાળી છે. જેના પગ પ્રભુકાર્ય માટે ફરતા હોય તે પગ ભાગ્યશાળી છે. કેવળ જે બોલતો હોય પરંતુ જેના પગ ન ચાલતા હોય તો તે ઢોંગી છે. તેના પગ ભાગ્યશાળી નથી, તે પૂજનીય નથી. કેટલાક લોકો એવા હોય કે તે ભાષા બોલે પણ તેમના પગ ફરતા જ નથી. આ લોકો પૂજનીય નથી. જેની વાણી ચાલતી હોય અને પગ પણ ચાલતા હોય તે પૂજનીય છે. તારા પગ મારા માટે ફરે છે. જગતમાં સૌંદર્ય તું લાવે છે. તું મારા માટે ચંપાનું ફૂલ લાવ્યો તેથી તારા પગ દબાવવાનું મન થાય છે. બા! હું પગનો અધિકારી છું, માથાનો નહિ. તારી પાસે આવ્યા પછી મારી ગરદન નીચે રહે છે. આપણી ગરદન પ્રભુ પાસે નીચે રહે તે સમજી શકાય, કારણ આપણે પ્રભુનું કામ કર્યું નહિ. પરંતુ શંકરાચાર્યને ગરદન નીચે રાખવાનું કારણ શું? તેમની ગરદન ઉપર જ છે. ભગવાનનો સંબંધ જેમણે દેખાડયો તેમને પગનું શું મહત્વ? શંકરાચાર્યે કંઇ ગુન્હો કર્યો નથી. પરંતુ તે કહે છે કે 'બા! તારી પાસે મોડો મોડો આવ્યો. તારી પાસે આવતાં મને કેટલાક જન્મારા લાગ્યા. હું મોડો પડયો તેથી મારી ગરદમ નીચે છે.' છોકરો સારો પણ મોડો આવ્યો તેથી શરમ આવે છે. શંકરાચાર્ય પણ જગદંબાના પગના અધિકારી તેથી તેમને બાના પગ સારા લાગે. બા! તને મેળવતાં શું જન્મારા લાગે? શંકરાચાર્ય કહે કે બા! અમે તારા પગના અધિકારી છીએ. આવા મોટા માણસો પગના અધિકારી છે. આપણે તો પગના પણ અધિકારી નથી. સૌંદર્યશાસ્ત્રીઓ કહે કે સુંદર સ્ત્રીનું કેવળ મોઢું નહિ પણ પગ પણ સારા હોય છે. બા! તારા પગ સુંદર જ છે કારણ નિરતિશય સુખ તારા પગ પાસેથી મળે છે.

બા! તું अपर्णा છે. મારા સુખને શાટે તેં અપર્ણાવ્રત લીધું. તેં ફળો છોડયાં અને પાંદડાં પણ છોડયાં. તું અપર્ણાનું વ્રત મારા માટે કરે છે. તું કહે છે કે દીકરા! તું પૈસા, કીર્તિની પછવાડે છે, તું મને મળતો જ નથી તેથી મને ખાવાપીવાનું ગમતું નથી. છોકરો સારો ન હોય તો તે સારો થાય એટલા માટે બા અપવાસ કરે. બા! તું અપર્ણા છે કારણ તારે મને ક્રિયાશીલ બનાવવો છે. તેના માટે તું અપવાસ કરે છે. બા! તું અપર્ણા છે પણ પૂર્ણા છે, પૂર્ણકામ છે. તું નિરતિશય સુખથી પૂર્ણ છે; તારો જયજયકાર થાય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

श्लोक-६-७

हिमाद्रेः संभूता सललितकरैः पल्लवयुता
सुपुष्पा मुक्ताभिर्भ्रमरकलिता चालकभरैः।
कृतस्थाणुस्थाना कुचफलनता सूक्तिसरसा
रुजां हन्त्री गन्त्री विलसति चिदानन्दलतिका ॥६॥
सपर्णामाकीर्णा कतिपयगुणैः सादरमिह
श्रयत्यन्ये वल्लीं मम तु मतिरेवं विलसति।
अपर्णैका सेव्या जगति सकलैर्यत्परिवृतः
पुराणोऽपि स्थाणुः फलति किलकैवल्यपदवीम् ॥७॥

**शब्दार्थ**:–તું સમસ્ત રોગોને નષ્ટ કરવાવાળી એક ચાલતી–બોલતી ચિદાનન્દલતિકા જેવી સુશોભિત દેખાય છે. તારો જન્મ હિમાલયમાં છે. સુકોમળ હાથ તારા પલ્લવ છે, મુક્તાહાર સુંદર ફૂલો છે. તારા કાળા વાંકડિયા વાળ ભમરાઓ જેવા આચ્છાદન કરે છે, સ્થાણુ–શિવજી તારો આશ્રય છે, ઉરોજરૂપી (સ્તનરૂપી) ફળોના ભારથી તું નમ્ર બની છે, અને સુંદર સૂક્તિ રસથી ભરેલી છે. (૫) અન્ય લોકો ગુણવિશેષથી અન્ય લતાઓનું સેવન કરે છે પરંતુ મારી બુદ્ધિ આ જ કહે છે કે બધાએ એક માત્ર 'અપર્ણા' (પાર્વતી) નું જ સેવન કરવું જોઇએ. જેના લીધે પુરાણું ઠુંઠું વૃક્ષ (અથવા શિવજી) પણ કૈવલ્યપદનું ફળ આપે છે.

શંકરાચાર્ય દૂરથી ભગવતી તરફ જોતા રહ્યા છે. આજે એમને ભગવતી લતા સ્વરૂપે દેખાય છે. આ લતા કેવી છે? આ લતા ચિદ્રૂપ છે અને આનંદરૂપ છે આ કંઇ જગદીશ કાં તો પાર્વતી નથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ ચિદાનન્દલતિકા છે. બાકી બધી લતાઓમાં અને આમાં ફરક છે. આ ચિદાનંદલતિકા ગંત્રી એટલે કે ચાલતી–બોલતી છે. શંકરાચાર્ય ભગવતીને કેવળ આનંદલતિકા નથી કહેતા, ચિદાનંદલતિકા કહે છે. કેવળ આનંદલતિકા કરમાઇ જાય. આનંદનો તેજકણ (spark) આવીને ચાલ્યો જાય પરંતુ ચિદાનંદલતિકા જાય નહિ. શંકરાચાર્ય કહે છે કે આ બધો ચિદાનંદલતિકાનો વિલાસ છે.

આ શ્લોકમાં हिमाद्रे: થી શરૂઆત કરી गंत्री સુધીના બધા શબ્દો चिदानंदलतिका ના વિશેષણો છે હવે એક એક વિશેષણ આપણે જોઇએ.

हिमाद्रे: संभूता એટલે ભગવતીનો જન્મ હિમાલયમાં થયો છે. તો પછી ભગવાનનો જન્મ નક્કી થયો. ખરી જ વાત છે. ભગવાનનો જન્મ ક્યાં થયો? ભગવાનને જન્મ કોણે આપ્યો? સંતોએ અને ભકતોએ એમને જન્મ આપ્યો' આ સંતો અને ઋષિઓએ જગદીશને સગુણ–સાકાર બનાવ્યા. ચિદ્દઘનશકિત નિર્ગુણ નિરાકાર છે. તેના દીકરાઓ–આ ઋષિઓ એવું જીવન જીવ્યા કે તેમને જોવાની નિર્ગુણ નિરાકારને આતુરતા આવી. તેને થયું કે મારા માટે આંખ, પગ, હાથ બધું નિર્માણ કરૂં જેથી આ લાડકા દીકરાઓને જોઇ શકું અને ભેટી શકું; અને ચિત્શક્તિ સગુણ–સાકાર બની. આ ઋષિઓએ અને સંતોએ ભગવાનને સગુણ–સાકાર બનાવ્યા આવા બચ્ચાના લાડ માટે તે રૂપ ધારણ કરીને આવ્યા. આ ભકતોએ કહ્યું કે મા! તારા હાથનું જ બધું જોઈએ. આપણને ભગવાનના હાથનું જ જોઇએ એવું નથી. આપણને તો ગમે તેના હાથનું ચાલે. પરંતુ આ સંતોએ આગ્રહ પકડયો કે, 'મા! તારા હાથનું જ ખાવું છે.' અને ભગવાનને સગુણ-સાકાર થવું પડયું.

આ સંતો અને ઋષિઓ હિમાલય જેવા સ્થિર અને મક્કમ છે. તેમણે જ ચૈતન્યને સગુણ–સાકાર સ્વરૂપ આપ્યું છે. આજના પંડિતો એમ કહે છે કે માણસ જ્યારે ડરી ગયો, અગતિક થયો ત્યારે તેણે ભગવાનને હાંક મારી. આમ ભયને લીધે અને અગતિકતાને લીધે ભગવાનનો જન્મ થયો એમ તેમનું કહેવું છે, પણ તે યથાર્થ નથી. વાસ્તવિક તમે ગમે તેટલા ભયવ્યાકુલ અને અગતિક થઇને ભગવા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નને હાંક મારો પરંતુ ભગવાન આવતા નથી–તેથી ભગવાનનો જન્મ ભયમાંથી કે અગતિકતામાંથી નથી થયો, ખરી રીતે ભગવાન પ્રેમમાંથી નિર્માણ થયા. જેના જીવનમાં પ્રેમાવિષ્કાર થાય તેમના માટે ભગવાન આવે છે. આ લોકો ભયભીત નથી તેમ અગતિક પણ નથી. ગમે તેટલા દુઃખના ડુંગરો આવે તો પણ તે ઢીલા થતા નથી. દુઃખ અને ઝેરો તેમણે મક્કમતાથી પચાવ્યાં છે. દુઃખો આવતાં એમણે પોતાનો જીવનનો માર્ગ બદલાવ્યો નહિ. આપણે તો શ્રાવણ મહિનામાં ભગવાનના સ્તોત્રો ગાઈએ અને તેમાં જો છોકરાને તાવ આવે તો ભગવાનને કહીએ કે 'આખો શ્રાવણ મહિનો તારી સ્તુતિ ગાઈએ તો પછી છોકરાને તાવ કેમ આવ્યો? હવે તારી સ્તુતિ નહિ ગાઉં.' ભગવાન કહેશે કે 'તારી સ્તુતિ ખોટી છે.' આ સંતોની વાત જ જુદી છે. દુઃખના ડુંગરો માથા પર આવી જાય છતાં પણ જેઓ અડગ, અચલ રહે તે સંતો છે. આ સંતો મક્કમ દિલના અને મક્કમ હૃદયના છે. તેઓ જગતમાં કોઈની તમા ન રાખતાં નિર્ભયતાથી જીવે છે. આવા નિર્ભય જીવોએ ભગવાનને જન્મ આપ્યો છે. ભયવ્યાકુલતામાંથી ભગવાનનો જન્મ નથી આવ્યો. રામચંદ્રે લોકોની તમા રાખી પણ વાલ્મીકિ કોઈથી ડર્યા નહિ. શંકરાચાર્ય પૂછે છે કે 'ભગવતી' તને જન્મ કોણે આપ્યો? સુખ–દુઃખોની પરવા ન કરનારા, ભગવાન પાસે પણ ન ડરવાવાળા, આટલું જ નહિ પણ ભગવાનને પણ હિંમતથી બે શબ્દો સંભળાવવાવાળા આવા જે સંતો અને ઋષિઓ છે તેમણે ભગવનને જન્મ આપ્યો છે.'

આજે બધા જ લોકો, હાઈસ્કૂલોમાં પણ ભણાવે છે કે ડરીને અને અગતિક થઈને લોકોએ ભગવાનને હાંક મારી તેથી ભય અને અગતિકતામાંથી ભગવાનનો જન્મ થયો, પરંતુ વૈદિક સંસ્કૃતિમાં અને વૈદિક ધારણામાં આ વિચાર બેસતો નથી. ભગવાનનો જન્મ ભયવ્યાકુલતામાંથી અને અગતિકતામાંથી થયો આ વૈદિક વાઙ્મયને માન્ય નથી; તેવી જ રીતે કેટલાક લોકો કહે છે કે જગદીશે આ સૃષ્ટિ સર્જી છે તેનું સંચાલન કરવા સગુણસાકાર સ્વરૂપ આપ્યું–આ પણ ખોટું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ભગવાને કર્મની પરંપરા રાખીને આવું સ્વયંગતિક સંચાલન કર્યું છે કે તેમાં હાથ મૂકવાની ભગવાનને જરૂર નથી–બધું પોતાની મેળે ચાલ્યા કરે છે. સામાન્ય માણસ એકાદ કારખાનું ખોલે અને એવી સરસ વ્યવસ્થા કરી રાખે કે તેને કારખાનામાં જવાની જરૂર જ ન પડે. તે પોતે બહાર ફર્યા કરે અને કારખાનું યોગ્ય રીતે ચાલ્યા કરે. જો સામાન્ય માણસ આવું કરી શકે તો વિશ્વંભરને શું અશક્ય છે? તેથી જગદીશને સૃષ્ટિના સંચાલન માટે આવવાની જરૂર નથી. છતાં પણ આ ઋષિઓએ અને સંતોએ અતિ પ્રેમાવિષ્કારમાં નિર્ગુણ નિરાકારને સગુણસાકાર ભગવાન બનાવ્યા. તેથી શંકરાચાર્ય કહે છે કે હિમાલય જેવા સ્થિર અને મક્કમ સંતોએ અને ઋષિઓએ તને જન્મ આપ્યો છે. हिमाद्रे संभूता:....

પછી કહે કે આ ચિદાનંદલતિકા सुललितकरै: पल्लवयुता છે. બા! તારા ઉપર પલ્લવ છે' (पल्लव એટલે પાંદડાં). શાનાં પાંદડાં છે? અતિશય કોમલ હાથનાં પાંદડાં છે. શંકરાચાર્ય કહે છે કે 'બા' તારા હાથ અતિશય કોમળ છે. અતિશય કોમળ હાથ ભંયકર પણ થઈ શકે. આપણને લપડાક બેસે તો ભગવાનનો હાથ કોમળ લાગતો નથી. કારણ ભગવાનની લપડાક બેસતાં આપણી પીઠ વાંકી વળી જાય છે. ભગવાનનો તમાચો લાગતાં शतश्चन्द्रनमस्तलं આકાશમાં સો ચંદ્રો જોવા મળે, તેથી ભગવાનનો હાથ આપણને ભંયકર લાગે. પણ ભગવતીનું દર્શન શંકરાચાર્યને થયું છે, છગનલાલને નહિ, તેથી તેમને ભગવાનના હાથ કોમળ દેખાય છે.

આ ચિદાનંદલતિકાને બે પાંદડાં છે, બે હાથ છે તેનો અમને મોહ છે. તેનું કારણ ભગવતી! તું वराभयकरी છે. अन्नपूर्णास्तोत्र માં શંકરાચાર્યે તેનું વર્ણન કર્યું છે. ભગવતીના હાથ બે કામ કરે છે. એક હાથ વરદાન આપે છે અને બીજો હાથ અભયદાન આપે છે. જે હાથે મમમમ મળે તે હાથ કોમળ લાગે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણુને પ્રભુના હાથથી મમમમ મળતું નથી, આપણુને કર્મને લીધે મમમમ મળે છે. આપણી ધારણા એવી છે કે ગયા જન્મારાના કર્મને લીધે આપણુને મળે છે. જ્યારે ભક્તોની ધારણા એવી છે કે મેં તો મારા કર્મો તને (ભગવાનને) ધરેલાં તેથી આ જન્મારાનું જે કંઇ મળે છે તે મારા કર્મને લીધે નહિ પણ તારા (ભગવાનના) હાથનું જ મળે છે. તેથી ભકતોને માનો હાથ અતિશય કોમળ લાગે છે.

બા! તું એક હાથે વરદાન અને બીજા હાથે અભયદાન આપે છે. આપણી પાસે જે જે હશે, સારૂં મન હશે, સારી બુદ્ધિ હશે તે 'મેં મેળવ્યું છે' તે ભાવના છોડી દો અને 'મને મળ્યું છે', 'બાએ આપ્યું છે' આ ભાવના રહેવા દો. બા! તેં જાદુની લાકડી ફેરવી તેથી મારી બુદ્ધિ સારી થઇ. મારી બુદ્ધિ સારી થઇ તે મારી મહેનતનું પરિણામ નથી. મહેનત તો ઘણા પાડાઓ કરે છે પણ તેમની બુદ્ધિ સારી થતી નથી. બા! તારો હાથ ફર્યો તેથી સારી બુદ્ધિ મળી છે, મેં મેળવી નથી.

ભકતોની આ ભાષા છે કે 'મને મળેલું છે, મેં મેળવ્યું નથી.' મને જે કંઇ મળ્યું છે તે કર્મથી નથી મળ્યું તેમ દૈવથી પણ નથી મળ્યું; મને બાએ આપ્યું છે. ભકતોનો આવો સરળ, સીધો હિસાબ છે. તુકારામને દુઃખ અને એકનાથને સુખની ટોચ મળી તેથી આપણે કહીએ કે એકનાથની જન્મોત્રી, અહો સારા. તેણે સારાં કર્મો કર્યા હશે તેથી સુખ મળ્યું. આ આપણું ગણિત છે. પરંતુ, એકનાથ કહેશે કે 'મેં મેળવ્યું નથી, તેમ મારા કર્મથી પણ મને મળ્યું નથી, મને તો બાએ મોકલ્યું છે!' આ ભક્તની ભૂમિકા છે. કેવળ શ્રાવણ મહિનામાં શિવજી ઉપર બીલીપત્ર ચડાવીને અને પાણીની લોટી ચડાવીને ભકિત ન થાય. ભક્તિ આ જીવનનો જુદો દષ્ટિકોણ છે. તેનાથી જીવનને રંગ આવે–ભક્તિથી જીવનમાં અને ભાવનામાં બદલ થાય. તેથી ભકતો કહે કે, 'બા! તું वराभयकरी છે, તારા હાથ અતિશય કોમલ છે.'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી લીટીમાં કહે છે કે सुपुष्पा मुक्ताभिः ત્રીજા શ્લોકમાં કહે છે કે गले मौक्तिकलता–તારા ગળામાં મોતીનો હાર છે. અને આ શ્લોકમાં सुपुष्पा मुक्ताभिः- શબ્દ વાપર્યો છે. મુકત થયેલા લોકો આ ચિદાનંદલતિકાના આધારે મુકત થયેલા છે. ફૂલ ખીલે છે તે લતા ઉપર રહીને, લતાનો આધાર લઇને. ફૂલથી લતા દસ ફૂટ દૂર રહે તો ફૂલ ખીલે નહિ. આવી રીતે બા! જેણે તારો અનન્યાશ્રય લીધો તેનું જીવનપુષ્પ ખીલે. મુકત થયેલા લોકો તારા આધારે જ, તારા ખોળામાં નાચી–કૂદીને ખીલેલા છે. આવા મુકતોના ફૂલોથી તું सुपुष्पा–પુષ્પવતી થઇ ગઇ.

પછી કહે भ्रमरकलिता चालकभरैः બા! તારા વાળ વાંકડિયા છે તે ભ્રમર જેવા લાગે છે. બાની બુદ્ધિ સરળ, બાનું હૃદય સરળ, બાનું માથું સરળ અને તેની ઉપર જે વાળ ઊગ્યા છે તે વાંકડિયાં છે. દૂરથી બાના વાળ ભ્રમર જેવા લાગે છે. ભમરા જ્યાં બેસતા હોય ત્યાં મકરંદ હોય જ–यत्र यत्र वह्नि तत्र तत्र धूमः જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ, તેવી રીતે જ્યાં ભમરો બેસે ત્યાં મકરંદ હોય જ. ભમરો ગમે ત્યાં ન બેસે, જ્યાં મકરંદ હોય ત્યાં જ બેસે. આપણે તો ગમે ત્યાં બેસીએ-ભમરા જેટલી પણ આપણને અક્કલ નથી. બા! મકરંદ–મધુ હોય ત્યાં જ ભમરા બેસે, તેથી ચોક્કસ તારા મસ્તકમાં મધુ–મકરદ છે.

कृतस्थाणुस्थाना–स्थाणु એટલે શિવજી. જ્ઞાનરૂપ માણસો નિશ્ચલ રહે, અડગ રહે, આ લોકો ફટ્ દઇને વળે નહિ, મકકમ રહે. આપણે તો ઘડીએ ઘડીએ બદલાઇ જઇએ. કદાચ ભૂલેચૂકે એમને વળવાનું હોય તો મોટી સ્ટીમરની જેમ મોટો વળાંક લઇને વળે. આપણે તો શ્રાવણ મહિનામાં ભકિત તરફ વળીએ અને ભાદરવા મહિનામાં આપણી ભકિતનો પત્તો નહિ. આપણે તરત પાછા ફરી જઇએ, પણ જ્ઞાનરૂપ માણસો અડગ રહે. આ મહાપુરૂષો તારો આધાર છે. ભગવતી! તને પણ શું આધાર જોઇએ? હા, તને પણ કોઇનો આધાર જોઇએ. સગુણસાકાર થયા પછી તને આધાર જોઇએ. તું સ્વાર્થી માણસોના આધારે ઊભી નથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જ્ઞાની લોકોને આધારે ઊભી છે. જગતના કહેવાતા મોટા, સ્વાર્થી માણસોનો તને આધાર નથી પણ જે શિવરૂપ થયા, જે જ્ઞાનરૂપ છે તેમનો તને આધાર છે. તે જેટલા અડગ તેટલો તારો આધાર અડગ છે.

कूचफलनता सूक्तिसरसा - સ્તનરૂપે રહેલા ફળોના ભારથી તું નમ્ર થઈ છે. મા! તારા સ્તન દૂધથી ભરેલા છે, તેથી તું નમ્ર થયેલી છે. તને એમ લાગે છે કે આ દૂધ હું કોને ધવરાવું? સ્તનમાં દૂધ આવી જાય તો સ્ત્રીઓને બેચેની થાય. તેવી રીતે બા! તારા સ્તનમાં દૂધના ભારથી તું નમ્ર દેખાય છે. તને વિચાર આવે છે કે હું કોને ધવરાવું? આ એક જ વિચાર તારા મગજમાં ચાલે છે. બાના ખોળામાં કોનું માથું જઈ શકે? જે દીન થયો નહિ, જેના મગજમાં લાચારી નથી, તેનું માથું બાના ખોળામાં જઈ શકે. બાનું સ્તનપાન કોના હોઠ કરી શકે? જેના હોઠે જિંદગીમાં ક્ષુદ્ર શબ્દ ઉચ્ચાર્યો નહિ, લાચારી કરી નહિ, જેના હોઠમાંથી દીનતાનો શબ્દ નીકળ્યો નહિ, તે બાનું સ્તનપાન કરી શકે.

શંકરાચાર્ય કહે: "બા! હું તારો છું તો પછી તને શંકા શાની કે કોને ધવવરાવું? કોને સ્તનપાન કરાવું?" આ પ્રશ્ન જ નથી. એમાં શંકાનું કારણ જ નહિ. શંકરાચાર્ય કહે કે "મારા જેવાને ધવરાવ." શંકરાચાર્ય સ્વાર્થી છે. પણ મહાપુરુષોનો સ્વાર્થ પણ મોટો. તે કહે, "બા! તું ચિંતા શા માટે કરે છે? કોને ધવરાવું આને માટે તને ચિંતા કેમ થાય છે? બા! હું બેઠો છું, તું મને ધવરાવ. તું મને નહિ ધવરાવે તો બીજા કોને ધવરાવશે!"

તુકારામ કહે: 'બા એક જ ઇચ્છા છે કે તું મને ધવરાવ–करावें मे वाटे जीवा स्तनपान नव्हे वचन शृंगारिक બા ઇચ્છા છે કે તું મને સ્તનપાન કરાવ'–આ વાત્સલ્યપૂર્ણ વચન છે, શૃંગારિક નથી. બા! અમને ધવરાવ. તુકારામ કહે:

जाणते लेकरुं माता लागे दूर धरूं ।
तैसे न करी कृपावंते पांडुरंगे माझे माते ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બચ્ચું નાનું હોય ત્યાં સુધી બા તેને પાસે લે, પરંતુ બચ્ચું સમજુ થાય એટલે બા તેને દૂર રાખે. જ્યાં સુધી સમજણ ન હોય ત્યાં સુધી બા તેને પાસે લે અને ધવરાવે અને છોકરો સમજતો થયો કે બા! તું એને દૂર રાખે. આ જગતનો નિયમ છે. પણ તુકારામ કહે કે "પાંડુરંગ! તું મારી મા છે, તું આવું ન કર. જ્ઞાનીને તું આઘો કરશે તો? અજ્ઞાની તારી પાસે આવી શકતા નથી અને આવતા પણ નથી અને જે જ્ઞાની-સમજુ થયા તેમને તું દૂર રાખે છે."

આવી રીતે શંકરાચાર્ય ભગવતીને કહે છે કે, 'અજ્ઞાની તારી પાસે આવવાના નહિ અને જ્ઞાનીને તું આઘા રાખે છે.' ત્યારે ભગવતી શંકરાચાર્યને કહે છે કે 'દિકરા! તું તો જગતને પુષ્ટિ આપે છે, હવે તને પુષ્ટિની જરૂર નથી' "પરંતુ બા! તારી હાલત મારાથી જોવાતી નથી. મારી પુષ્ટિ તો આઘી રહી; મને તેની જરૂર નથી, પણ બા! તારી મૂંઝવણ જોઇને હું માગું છું કે તું મને ધવરાવ. તારા સ્તન દૂધથી ભરેલા છે અને એ દૂધ પીવાવાળું કોઇ નથી તો તારી બેચેની કોણ દૂર કરશે? તારા ઉપર ઉપકાર કરવા માટે કહું છું કે તું મને ધવરાવ તો તારી બેચેની દૂર થાય." આમ શંકરાચાર્ય અને તુકારામની અનુભૂતિ એક છે. શંકરાચાર્ય સંસ્કૃતમાં બોલે છે અને તુકારામ પ્રાકૃતમાં બોલે છે પણ બન્નેની અનુભૂતિ એક જ છે.

"બા! દૂધ કોઇને પીવડાવું એમ તને લાગે છે તો મને તારા ખોળામાં સુવડાવ અને ધવરાવ. આ જેમ મારો લ્હાવો છે તેમ તારો લ્હાવો છે. जाणते लेंकरुं माता लागे दूर धरुं-આવું તું કરશે તો કેમ ચાલશે? સમજુને તું આઘો રાખશે તો તારી જ અકળામણ વધશે. તારી આ મૂંઝવણ મારાથી જોવાતી નથી, તો બા! તું મને ધવરાવ."

रुजांहन्त्री- બા તું સરળ ભાષા બોલે છે. માંદા લોકોનો રોગ તું આઘો કરે છે. તું સરળ બોલે તે ભાષા મને બહુ ગળી લાગે છે. તારી ગળી વાણી માંદાઓના કાને જાય તો તેમનો રોગ દૂર થઇ જાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બા! શારીરિક રોગો કાઢી નાખવા માટે જુદી જુદી લતાઓ, વનસ્પતિઓ, મૂળીઆં અને ઔષધો છે. આમ ૧/૩ ભાગનું કામ તેં અમારા ઉપર સોંપ્યું પણ બાકીના ૨/૩ ભાગના રોગો એટલે કે માનસિક રોગો અને બૌદ્ધિક રોગોનું શું? તે તારી વાણીથી દૂર થાય છે.

સાધકોને માનસિક રોગ લાગે. મનના બે રોગો છે–લંપટતા અને ક્ષુદ્રતા. આ બન્ને રોગો ભયંકર છે. એક કેન્સર છે અને બીજો કુષ્ટ રોગ છે. કેન્સર એટલે કેન્સલ–જેને કેન્સરનો રોગ થયો તે બચે નહિ. પરંતુ બા! તારા વચનો કાન ઉપર આવે કે લંપટતા ચાલી જાય. તેથી જ તો આપણે 'પાઠપૂજા કરો' એમ કહીએ છીએ. ભગવતી જે બોલી છે, તે વાંચવું, સાંભળવું, વાગોળવું આનું નામ પાઠ. તેના શબ્દો કાન પર આવે કે એ રોગ ચાલ્યો જાય. ત્યારપછી જ પૂજા થઇ શકે. કેટલાક હઠીલા રોગો હોય. તેના માટે લાંબા સમય સુધી નિયમિત રીતે ત્રણ ત્રણ કલાકે દવા પીવી પડે, એક વખત દવા લઇને ન ચાલે. તેવી રીતે લંપટતા અને ક્ષુદ્રતા આ જડ રોગો છે. તેના માટે એક ચોમાસામાં દવા લીધી કે તે રોગ ન જાય. તેથી ભગવાન કહે કે बहूनां जन्मनामन्ते....આ કબૂલ હોય તો દવા લો નહિ તો ચાલ્યા જાઓ.

અધ્યાત્મમાં લંપટતાનો રોગ લાગે અને મન ક્ષુદ્ર થાય. તેવી રીતે બુદ્ધિને અહંકારનો રોગ લાગે. થોડી મદદ ભગવતી કરે અને અમને બુદ્ધિ સારી મળે. બુદ્ધિ સારી મળે કે માથું ફાટી જાય. नीचः श्लाघ्यपदं प्राप्य स्वामीनं हन्तुमीच्छती–નીચ માણસને હાથમાં સત્તા મળે કે તે સ્વામીને જ મારવાની ઇચ્છા કરે. તેવી રીતે ભગવાનના જે ફર્સ્ટ કલાસ દીકરાઓ છે તેમને ભગવાન બુદ્ધિ આપે કે તે ભગવાનને જ મારવા નીકળે. વિત્તવાનના દીકરાઓ, અધિકારીઓ બધા કહેવા લાગે કે 'ભગવાન છે જ નહિ.' આ ગયા જન્મારાના લાડકા દીકરાઓ કહે કે भजगोविन्दं ની જરૂર શું? મુંબઇમાં આવ્યા છો તો भजकलदारम् પૈસા કમાઇ લો. આવું બોલનારા એક ખાત્રી રાખે કે તેમને આવતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મારે આ કંઇ મળવાનું નથી. આ લોકોને બુદ્ધિનો અહંકાર છે તેથી તે બોલે છે. બુદ્ધિનો અહંકાર એક રોગ છે, પણ બા! તારા વચનોથી આ રોગો જાય–તું કહે કે 'દીકરા હું છું' એટલે બધા રોગો જાય.

કેટલાક પ્રભાવશાળી માણસો આપણે માંદા હોઇએ ત્યારે આપણે ઘેર આવે–તેમને જોઇને આપણે સૂતા હોઇએ તો બેઠા થઇ જઇએ. શંકરાચાર્ય જેવા કેટલાક જન્મારા સુધી રોગી હશે, પરંતુ ભગવતીની સૂકિત સાંભળતાં જ તે ચાલવા લાગ્યા, કારણ તે નિરોગી થયા. બા! તું રોગોને મારવાવાળી છે.–પતંજલિ, યાજ્ઞવલ્કય, વસિષ્ઠ, બધા નિરોગી; અને રાવણ રોગી હતો. રાવણમાં પ્રાણદાયી તત્ત્વો (protins and vitamins) ઘણાં હતાં. શારીરિક શકિત ઘણી હોવા છતાંયે તે અધ્યાત્મની દૃષ્ટિએ રોગી હતો. મોટા મોટા રાક્ષસોને કંઇ શારીરિક રોગ હોતો નથી. તેઓ તેમના શરીરની તપાસ દર મહિને કરાવે. પણ મનનો ભાવ ખલાસ થઇ ગયો તેની તેમને ફિકર નથી.

બા! અમારા રોગોની એક જ દવા અને તે એટલે 'તારો અવાજ'. જેમની પાસે ભગવતી બોલતી હશે તેનો રોગ જ ન રહે–પરંતુ અમથાલાલ ફોકટલાલની પાસે ભગવતી બોલતી નથી, કારણ તેમને સાંભળવાની ફૂરસદ નથી. કદાચ ફૂરસદ મળે તો પણ ભગવતીની ભાષા અને એમની ભાષા જુદી, તેથી બા બોલે તે એમને સમજાય નહિ. कानडीने केला मराठी भरतार કાનડીએ મરાઠી ભરથાર–પતિ શોધ્યો તો સંસાર કેમ થાય? કારણ એક બીજાની ભાષા જુદી તેથી સમજે નહિ. આવી જ રીતનું ફોકટલાલનું થાય કે બા બોલે પણ તેને સમજાય નહિ. ઉપનિષદ, ગીતા આ સૂકિત છે. તે વાંચશો તો લાગશે કે 'આસમાનનો રાજા છું' એક કલાક ઉપનિષદ કે ગીતા સાંભળીએ ત્યારે લાગે કે 'રાજા છું' પછી નીચે ઉતરીએ ત્યારે ભલે લાગે કે આપણે ફોકટલાલ છીએ. એક કલાક લાગે કે 'હું કોઇ છું' આ શકિત સૂકિતમાં છે. ઉપનિષદમાં આ હિંમત છે. પ્રત્યક્ષ બા બોલે તો રોગો જાય જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ છાપેલું વાંચશું તો પણ રોગ ચાલ્યો જાય. આવી રીતે આ જગત એટલે ગન્ત્રી એટલે ચાલતી–બોલતી ચિદાનંદ લતિકાનો વિલાસ છે.

ભક્તે જ્ઞાનનો આશ્રય લીધો કે કોઇ તેને ખસેડી ન શકે. આપણે જ્ઞાનનો આશ્રય નથી લેતા તેથી ખસી જઇએ છીએ. ભક્તિને જો જ્ઞાનનો આશ્રય ન હોય તો કોઇ દિવસ ભક્તિ ટકે નહિ, ભક્તિ ખલાસ થઇ જાય.

કેટલાક લોકો કહે કે સોમનાથની શું પૂજા કરો છો? જો સોમનાથમાં તાકાત હોત તો જ્યારે મહંમદ ગઝની ચઢી આવ્યો ત્યારે સોમનાથે તેને રોક્યો કેમ નહિ? આનો અર્થ જ એ છે કે મૂર્તિમાં ભગવાન છે જ નહિ. આવી જ રીતે ગીતા વાંચનારનો છોકરો મરી જાય તો કોઇ આવીને કહે કે ગીતા વાંચી પણ મળ્યું શું? તારો છોકરો મર્યો કે નહિ? ગીતા વાંચીને શું મળ્યું? આમ ઉન્મત્ત હાથી આવે અને પોતાની સૂંઢમાં ભક્તિલતાને પકડીને ફેંકી દે. તેનું કારણ ભક્તિ જ્ઞાનનિષ્ઠ નથી. જ્ઞાનનિષ્ઠ ભક્તને કોઇ ખસેડી ન શકે. આપણી ભક્તિની લતા તોડવા માટે ઘણા પાડાઓ તૈયાર થઇને ઊભા જ હોય, તેઓ કહે કે "સવારના પાંચ વાગે ઊઠીને આનંદલહરી વાંચવા જાઓ છો તો તમને મળશે શું? ભગવાનના ભક્તોને કોઇ દિવસ પૈસો મળ્યો છે? નરસિંહ મહેતા, તુકારામને ભક્તિ કરવા દો, એ કંઈ આપણું કામ નથી." આવા પાડાઓ ભક્તિલતિકાને તોડી નાખે. ભક્તિ ટકાવવાની હોય તો જ્ઞાનનો આશ્રય લઈને ઊભા રહો તો હાથીની સૂંઢ અને પાડાના શિંગડા તૂટી જશે પણ ભક્તિની લતિકા ઊભી રહેશે. શંકરાચાર્ય કહે છે કે આ બોલતી–ચાલતી લતિકા છે, એટલું જ નહિ તે ચિદાનંદલતિકા છે. તે કોઇ દિવસ કરમાઇ જતી નથી. આ સમસ્ત સૃષ્ટિ ચિદાનંદલતિકાનો વિલાસ છે.

આ શ્લોકના અનુસંધાનમાં જ સાતમા શ્લોકમાં કહે છે કે सपर्णामाकीर्णां....पर्ण–એટલે પાંદડા. પુષ્કળ પાંદડાથી ભરેલી લતામાં કેટલાક ગુણો હોય. લોકો તુલસીના છોડને સંભાળે, કારણ તુલસીના પાંદડામાં ગુણો છે. પરંતુ ગુણોને માટે જ તુલસીના છોડને સંભાળવામાં ભાવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી અને હૃદય નથી. કેટલાક કહે કે તુલસીના પાંદડાથી હવા સ્વચ્છ થાય, તેના લીધે પ્રાણવાયુ વધારે મળે. કદાચ તે મળતો પણ હશે પરંતુ તેના લીધે ભાવની કિંમત ખલાસ થઇ જાય. 'માના હાથની રસોઇ મીઠી લાગે છે' આમાં ભાવ છે પરંતુ જો કોઈ કહે કે 'મા રસોઇ બનાવે છે તેના લીધે મહારાજનો ત્રીસ રૂપિયા પગાર બચશે' આમાં ભાવ ખલાસ થઇ ગયો. આ વ્યવહારુ (practical) જગતમાં ભાવના ટકાવી રાખવી કઠણ છે, અને ભાવ વગર જીવવું ભારે પડે.

સપર્ણા એટલે પરિપૂર્ણ પાંદડાથી ભરેલી લતાનો બધા આદરથી આશ્રય કરે છે—તેના માટે જુદી જુદી લતાઓનો આશ્રય લે; પરંતુ બા! મારી બુદ્ધિ તો અપર્ણા નો આશ્રય લે છે. આ શાબ્દિક વિલાસ છે. અપર્ણા એટલે પાંદડા વગરની. તેવી જ રાતે અપર્ણા એટલે પાર્વતી. શંકરાચાર્ય કહે છે કે, 'મારી મતી તારો જ આશ્રય લે છે. તેઓ કહે છે કે, 'બધા માણુસોએ આ અપર્ણા ની સેવા કરવી.' સપર્ણા માં ગુણો હશે તેમા શંકા નથી. પરંતુ અપર્ણા માં કંઇક જુદું જ સૌંદર્ય છે, પર્ણસૌંદર્ય ક્ષણિક છે અને આધારિત છે. પાંદડું દાંડીને ચીટકી રહે તો શોભે પરંતુ નીચે પડે તો પગ નીચે ચગદાઈ જાય. આમ પર્ણ-સૌંદર્ય બીજાને આધારે છે પરંતુ અપર્ણા નું સૌંદર્ય સ્વયંસિદ્ધ છે. બાકી બીજા પાંદડાં લતાને છોડે તો નીચે પડીને કચરો થાય; કારણ તેનું સૌંદર્ય આશ્રિત છે. પરંતુ અપર્ણા સ્વયંસિદ્ધા છે. તે પોતાના જ આધારે ઊભી છે. તેથી બધાએ અપર્ણાનું સેવન કરવું. અપર્ણા ની સેવા કરીને પુરાણ અને સ્થાણુ એટલે શિવજી પણ કૈવલ્ય પદવી મેળવે છે. અપર્ણા સ્વયંસિદ્ધા હોવાથી તેનું સેવન કરનાર સ્વયંજ્યોતિ થાય. આવા સ્વયંજ્યોતિ પથરાને જ્યોતિર્લિંગ કહે. અપર્ણાનું સેવન કરતાં કરતાં શિવજી સેંકડો લોકોને મુક્ત કરે છે.

આ જગત ચિદાનંદલતિકાનો વિલાસ છે. આ લતિકાને પાંદડાં નથી, પણ તેથી આ લતિકા સૂકી પણ નથી; તેનામાં જગતમાંનું પરમોચ્ચ ફળ આપવાની શક્તિ છે. પાંદડાં વગર પણ આ લતિકા સૂકી નથી પણ લીલી છે અને બીજાને તે રસ આપનારી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમે આંબાવાડી ઊભી કરવામાં જેટલા મશગૂલ છીએ તેટલા ચિદાનંદલતિકાની વાડી બનાવવા ઉત્સુક નથી. ચિદાનંદલતિકાની વાડી જ નથી; કારણ આંબો લગાડીને ફળ મળે, પૈસા મળે, ચિદાનંદલતિકાથી શું મળે? પરંતુ વાલ્મીકિએ પોતાના જીવનની અંદર આ ચિદાનંદલતિકાના ઝુંડ વાવ્યાં તેથી તેમની જીવનવાડી શોભે છે. વાલ્મીકિની વાડી છે કારણ તેમણે ચિદાનંદવૃક્ષ વાવ્યાં છે. છગનલાલનું જીવન રણ છે કારણ તે વ્યવહારૂ હોવાથી ચિદાનંદવૃક્ષ વાવતો જ નથી. વાલ્મીકિ, યાજ્ઞવલ્કય, પતંજલિ, વસિષ્ઠ આ લોકોના જીવનોનો જેટલો વિચાર કરશો તેટલા તે વાડી જેવા લાગશે. તેમની વાડીમાં ફરો અને તેની શોભા જોતા જ રહો. આ વાડીમાં ફરતી વખતે સુખ–દુઃખ આઘા રાખીને જાઓ. શેરબજાર સાથે રાખીને વાડીમાં ફરશો તો વાડીનો આનંદ મળશે નહિ. આવી રીતે સુખ–દુઃખના પોટલાંઓ દૂર રાખીને જ તેમની વાડીમાં જાઓ. સવારના ઋષિતર્પણ કરતી વખતે તેમની જીવનવાડીમાં ફરવાનું હોય તે વખતે બીજો વિચાર ન આવવો જોઇએ, તો જ વાલ્મીકિની લીલીછમ વાડીનું સૌંદર્ય જોવા મળે. कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम्। आरुह्य कविता शाखाम् वन्दे वाल्मीकि कोकिलम्। વાલ્મીકિ આ શબ્દમાં જ માધુર્ય છે. યાજ્ઞવલ્કય આ શબ્દમાં જ કંઇ તેજ છે. આ લોકોનાં જીવન લીલાછમ છે. લીલીછમ વાડી જેવા તેમનાં જીવનો છે. જેમ શિવજી કૈવલ્યપદ આપી શકે તેવું સામર્થ્ય આ अपर्णा ની સેવા કરવાથી આવે એમ શંકરાચાર્યને કહેવાનું છે. કારણ આ જીવનમાં ચિદાનંદલતિકા વાવેલી છે. જ્ઞાનરૂપી ખાતર વગરના ભકિતના વેલા ભાદરવા મહિનામાં ખલાસ થઇ જાય; ચૈત્ર વૈશાખમાં તો તેનો પત્તો પણ ન લાગે.

જીવનને રણ બનાવવાનું કે લીલીછમ વાડી? જો વાડી બનાવવાની હશે તો ચિદાનંદવૃક્ષ વાવો. આ ચિદાનંદવૃક્ષ જે વાવે તે તો કૈવલ્યપદ મેળવશે જ પરંતુ બીજા સેંકડો લોકોને તે પદ અપાવવાનું તેમનામાં સામર્થ્ય આવશે. ચિદાનંદલતિકાની વાડીનું ફળ શું? તે તો નિર્ગુણ નિરાકાર થઇ જ જાય. પરંતુ કૈવલ્યપદ આપી શકે તેટલી હિંમત એનામાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાતર વગર વૃક્ષ રોપશો તો શ્રાવણ માસ માટે કદાચ તે વૃક્ષ રહેશે પણ ભાદરવામાં સૂકાઈ જશે. જીવન વાડી રાખવી કે રણ બનાવવાનું તે નિર્ણય કરવાનો છે. જો વાડી બનાવવી હોય તો જીવનમાં ચિદાનંદનું વૃક્ષ રોપો.

આવી રીતે એક લતાનું ચિત્ર ઊભું કરીને શંકરાચાર્ય જગદંબા તરફ જુએ છે. આગળના શ્લોકમાં જુદું જ વર્ણન કરે છે તે આપણે જોઈશું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

श्लोक ८

विधात्री धर्माणां त्वमसि सकलाम्नाय जननी।
त्वमर्थानां मूलं धनदनमनीयाङ्घ्रिकमले॥
त्वमादिः कामानां जननि कृतकंदर्पविजये।
सतां मुक्तेर्बीजं त्वमसि परमब्रह्ममहिषी॥८॥

**शब्दार्थः**–મા! તું સકલ ધર્મોની વિધાત્રી છે, સમસ્ત વેદોને જન્મ આપવાવાળી છે. તું જ બધા વૈભવોનું મૂળ છે. કુબેર ભંડારી પણ તારી પાસે વાંકો વળે છે. કામનાઓનું આદિકારણ તું જ છે. તેં કામદેવને જીત્યો છે અને તું જ પરબ્રહ્મરૂપ મહેશ્વરની પટ્ટરાણી છે. સંતો અને સજ્જનોને માટે મુક્તિનું બીજ તું જ છે.

હે જનની! કહીને શંકરાચાર્ય હાંક મારે છે. આ શ્લોકમાં જરા જુદી ઢબે વર્ણન કરે છે. હવે કેવળ શરીર કાં તો બાએ પહેરેલા આભુષણોનું વર્ણન નથી કરતા. શંકરાચાર્ય કહે છે: 'હે બા! તું ધર્મોની વિધાત્રી છે; તું જ ધર્મ બનાવવાવાળી છે.'

ધર્મ એટલે શું? धारणात् धर्ममित्याहुः સમાજને પકડી રાખવાના કાયદા અને નિયમોને ધર્મ કહેવાય. કુટુંબની ધારણા કરવા માટે, કુટુંબને પકડી રાખવા માટે કાયદા હોય છે. તે કાયદા કંઇ લખેલા હોતા નથી પણ તે છતાં આવા નિયમો હોય તેને ધર્મ કહેવાય.

"બા! આ સૃષ્ટિ તેં નિર્માણ કરી છે. તેમાં કેમ રહેવાનું તેની માર્ગદર્શક તું જ છે." ધર્મ કોઈ વ્યક્તિએ બનાવેલો નથી. આજે લોકોની એવી માન્યતા છે કે સમાજની ધારણા માટે જેમ જેમ નિયમોની જરૂર પડતી ગઇ તેમ તેમ માણસોએ નિયમો બનાવ્યા;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ખોટી વાત છે. ધર્મના નિયમો કોઈ વ્યક્તિએ બનાવેલા નથી, તે પરબ્રહ્મ જ છે.

રાજ્ય કોણ કરે છે? આનો બુદ્ધિથી જવાબ આપવો કઠણ છે. રાજ્ય રાષ્ટ્રપતિ કરે છે? ના. રાજ્યબંધારણ (constitution) કરે છે? ના. બંધારણ (constitution) મુજબ રાજ્ય થાય છે. બંધારણ (constitution) પાર્લામેન્ટ બનાવે છે અને પાર્લામેન્ટ બંધારણ (constitution) મુજબ થાય છે. આનો શું અર્થ થાય તે તર્ક (logic) થી વિચાર કરો. આને જ અમે અનિર્વચનીય વાત કહીએ. આ જગતના કાયદાઓને પીઠબળ (sanction) આવે છે તે અનિર્વચનીય સત્તાનું છે, નહિ તો બંધારણ પાર્લામેન્ટ બનાવે છે અને પાર્લામેન્ટ બંધારણ મુજબ થાય છે; આનો તર્કથી શું અર્થ કરશો? આ ગોટાળો છે; પણ તે ગોટાળો છે તે બુદ્ધિશાળી લોકોએ ઊભો કર્યો છે. બ્રાહ્મણોએ કે સનાતની લોકોએ કર્યો નથી, તેથી તે ચાલે. આમ જગતના કાયદાઓની સત્તા બંધારણ નક્કી કરે છે; લોકો નથી કરતા. આવી જ રીતે ધર્મના નિયમોનું છે, જરુરિયાત મુજબ લોકો નિયમો બનાવતા ગયા તે વાત બરોબર નથી.

ધર્મના મૂલ્યો ચિરંતન અને સનાતન છે. તે જગતની શરૂઆતથી જ છે, તે કોઈએ બનાવેલા નથી. આ નિયમોને કોઇ જગ્યાએ કોઈએ આભુષણો પહેરાવ્યાં હશે, પણ ધર્મનાં મૂલ્યો સનાતન છે.

બા! જગતમાં કેવી રીતે રહેવાનું તેના ધર્મો છે; તે ધર્મો તેં નિર્માણ કર્યા છે. તે કાયદાની પાછળ તારી આંખની ધાક છે. જેમ બા પ્રેમાળ છે તેમ તેની આંખની ધાક પણ છે. આને લીધે બા! તું જે બોલશે તે કાયદો થઈ જાય છે. તારા શબ્દોનું પીઠબળ (sanction) શ્રુતિની પાછળ છે, તેથી તું બોલે તે ધર્મ-તારી આંખની ધાકને લીધે તું બોલે તે કાયદો થઇ ગયો.

જીવત્વ અને ઇશ્વરત્વ એ ધર્મ છે. જીવની પાસે અપૂર્ણતા, અછત, કામ-ક્રોધાદિ ધર્મો છે; તે ધર્મો તેં પૂર્ણ વિચાર કરીને નિર્માણ કર્યા છે. તારી પ્રત્યેક કૃતિની પાછળ કંઇ ને કંઇ વિચાર છે, તેથી જ તો अपि प्रच्छन्न पापानाम् शास्ता वैवस्वतोयमः। અમારા છૂપામાં છૂપા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપોનું યમરાજ શાસન કરે છે.

જેમ આંખની ધાકથી તું બોલી તે કાયદો થયો; તેવી જ રીતે રાતના સૂતી વખતે તેં જીવને ખોળામાં લઈને તેના કાનમાં જે કંઇ પ્રેમથી કહ્યું તે જ જ્ઞાન છે, વેદ છે. आम्नाय એટલે વેદ. વેદ કૃતિ કરાવે છે અને જ્ઞાન આપે છે. વેદો કૃતિપ્રધાન છે, વિચારપ્રધાન છે અને ભક્તિપ્રધાન છે. મિમાંસકો એટલે સુધી કહે છે કે વેદો કૃતિપ્રધાન છે તેથી જે લીટીમાં કૃતિ ન હોય તે લીટી કાઢી નાખો. વેદોમાં કૃતિપ્રધાન, વિચારપ્રધાન, ભક્તિપ્રધાન ઘણી વાતો છે, પણ બા ! આ બધાજ વેદોની જન્મદાત્રી તું છે. તેં વેદો આપ્યા છે, વૈદિક સિદ્ધાંતો તેં આપ્યા છે તેથી જીવનમાં માર્ગદર્શક તું છે; તું જે રસ્તો દેખાડશે તે રસ્તે જીવ જશે. આમ જીવત્વના ધર્મો તું દેખાડશે, સકળ જ્ઞાનની જન્મદાત્રી તું છે.

મા! તું જ્ઞાન આપે છે તેનો બોજો થતો નથી. જગતમાંના બીજા જ્ઞાનોનો બોજો થાય; પરંતુ જગદંબા જે જ્ઞાન આપે છે તેનો બોજો થતો નથી; ઊલટો બોજો થયો હશે તો બાએ આપેલા જ્ઞાનથી હળવો થશે, કારણ માએ કહેલું તત્ત્વજ્ઞાન મીઠું છે. વાસ્તવિક તત્ત્વજ્ઞાન અઘરૂં છે, લૂખું છે છતાં પણ તારા મોઢે જે તત્ત્વજ્ઞાન મળે તેમાં મીઠાશ છે, કારણ વેદોની જ્ઞાનદાત્રી તું છે.

બા! તું જે જ્ઞાન આપે છે તે પુસ્તકમાં હોતું નથી. પુષ્કળ પુસ્તકો વાંચો પણ તેમાંથી સમાધાન મળતું નથી. પ્લેટો કહે છે કે લખેલા શબ્દો નિર્જીવ છે (letters are dead) તો એ ચૈતન્ય કયાંથી આપી શકે? જો કે શબ્દમાં બ્રહ્મશકિત છે; પણ પુસ્તોકોથી શાંતિ નહિ, સમાધાન નહિ.

ઉપનિષદમાં નારદજીના ભણતરનું શ્લોકબદ્ધ લખાણ છે; તે વાંચતાં ત્રણ–ચાર મિનિટ લાગે. આવા નારદજી પણ કહે છે કે 'હું ઘણું ભણ્યો પણ सोऽहं भगवन्शोचामि'–આમ ઘણા પુસ્તકો વાંચીને જીવન ઉન્નત થાય છે એમ માનવાનું કારણ નહિ; ઊલટું જે ઘણા પુસ્તકો વાંચે તે રોગી છે. જેને ત્યાં વધારે દવાની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીશીઓ હોય તે વધારે રોગી. તત્ત્વજ્ઞાની કોણ? જેની આજુબાજુમાં ઢગલાબંધ પુસ્તકો છે તે તત્ત્વજ્ઞાની—આવી આપણી સમજણ છે. પણ પુસ્તકો જો દવા હશે તો દવાની શીશીવાળો રોગી છે, તે તત્ત્વજ્ઞાની નથી. આમ પુસ્તકમાં જ્ઞાન આપવાની શકિત નથી. પુસ્તકોમાં બુદ્ધિનો વિલાસ હોય, પણ તે બુદ્ધિ સુધી જાય; હૃદય સુધી તે પહોંચતો નથી. બીજું પુસ્તકમાં લેખક પોતાનો અનુભવ લખે; બીજા કોઇએ પોતાનો અનુભવ લખેલો હોય તેમાં મીઠાશ નથી. કોઇ કહે છે કે નિસર્ગ પાસે બેસો તો જ્ઞાન મળે; પરંતુ નિસર્ગ જ્ઞાનેશ્વર, યાજ્ઞવલ્કય, શંકરાચાર્ય જેવા જોડે બોલે. જ્ઞાનેશ્વરને પાંદડાંઓએ અને ઝરણાંઓએ જ્ઞાન આપ્યું. શેકસપીઅરના પુસ્તકમાં લખાણ છે કે એક ડયૂક ઝરણા પાસે બેઠા છે તેને કોઇએ આવીને પૂછયું કે 'તમે એકલા બેઠા છો?' તો તેણે જવાબ આપ્યો: 'ના. Books in running Brooks, sermons in stones—ઝરણાંઓ જ્ઞાન આપે છે, પથ્થરો ધર્મોપદેશ કરે છે—હું એકલો નથી; સૃષ્ટિ મારી જોડે બોલે છે.' આમ નિસર્ગ જ્ઞાન આપે છે પણ લેવાવાળો પ્રતિભાવ (response) દર્શાવી શકતો નથી. આમ નિસર્ગ જ્ઞાન આપે; પણ બા! તું કાનમાં ફૂંક મારે છે તેથી ખરૂં જ્ઞાન મળે છે. તેં ઋષિઓના કાનમાં ફૂંક મારી તેથી અમને વેદો મળ્યા. આ વેદો અપૌરૂષેય (Transpersonal) છે. કોઇ કહેશે કે વેદો અપૌરૂષેય કેમ હોઈ શકે? ઇંગ્લંડનો કાયદો જો અપૌરૂષેય રહી શકે તો વેદો અપૌરૂષેય કેમ ન રહી શકે? વેદો કોઇએ બનાવેલા નથી—વેદો ઋષિઓને સ્ફૂર્યા છે. ભગવાને તેમના કાનમાં ફૂંક મારી તે તેમણે લખી રાખ્યું, તેથીજ વેદોની પછવાડે કોઈનું નામ નથી. આ ઋષિઓએ જગતનું આદિતત્ત્વ શોધવા જીવન આપી દીધું તેથી રાતના તેમને ઊંઘ નહિ— या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी જગતનું આદિતત્ત્વ શોધતાં શોધતાં રાતનાં આ બચ્ચાઓને ઊંઘ નથી. બચ્ચાને ઊંઘ ન આવે ત્યારે સામાન્ય મા શું કરે? મા બચ્ચાને ખોળામાં લે અને વાર્તા કરે, કાંઈ ગીત ગાય ત્યારે બચ્ચું સૂઈ જાય. આવી રીતે યાજ્ઞવલ્કય, વસિષ્ઠ વગેરે રાતનાં ત્રણ વાગે ઊઠે, તેમને ઊંઘ નથી. તે જોઇને ભગવતીએ તેમને ખોળામાં લીધા અને ગાયું. જે ભગવતીએ ગાયું તે ઋષિઓએ સવારના ઊઠીને લખી નાખ્યું તેનું નામ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદ. આમ 'સકલ વેદોની તું જનની છે' એમ શંકરાચાર્ય કહે છે.

વેદો ખરૂં જ્ઞાન છે. તે વેદોની જ્ઞાનદાત્રી તું છે. પુસ્તકો વાંચીને સમાધાન મળતું નથી. આ જે તત્ત્વજ્ઞાન છે તે અઘરૂં છે અને લૂખું છે; પણ બા! તું તત્ત્વજ્ઞાન સહેલું કરે છે અને તું કહે તે મીઠું લાગે. આચાર્યોની ભાષા સામાન્ય છે, પરંતુ તેના ઉપર ટીકા કરવાવાળા લોકોએ એક લીટી ઉપર ત્રણ ત્રણ પાના લખેલા છે. શંકરાચાર્યે સામાન્ય ભાષામાં લખ્યું પણ તેના ઉપરની ટીકા ભામતી અતિશય કઠણ છે; આચાર્યની વાણી કઠણ નથી. બાએ સહેલી ભાષામાં સમજાવ્યું છે તેથી આચાર્યોની વાણીમાં પ્રાસાદિકતા આવી જાય છે; તે જ્ઞાન માણસને શાંતિ આપે છે, સમાધાન આપે છે. તમે જો તમારા છોકરાઓને સત્ય, અહિંસા સમજાવો તો તે સરળ ભાષામાં સમજાવશો; એ રીતે આચાર્યો બધું સરળ ભાષામાં સમજાવે છે. ભગવાન કાનમાં ફૂંક મારે ત્યારે પ્રકાશ થાય તે જ્ઞાન છે. આનો અર્થ પુસ્તકો ન વાંચવા એમ નહિ. શરૂઆતમાં પુસ્તકો વાંચો, ખૂબ મહેનત કરો, તમારી ઉત્કટતા, તીવ્રતા, જિજ્ઞાસા ભગવાનને દેખાડો તો ભગવાન તમને જ્ઞાન આપશે. ભગવતીને ખબર પડે કે છોકરો ખૂબ મહેનત કરે છે, પણ તેને તત્ત્વ જડતું નથી ત્યારે ભગવતી આવે અને કાનમાં ફૂંક મારે. આપણે ચા પીને ઉજાગરા કરીએ તો કંઈ ભગવતી આવીને કહેવાની નથી. ઋષિઓ રાતના ઉજાગરો કરતા, કારણ તેમને ઊંઘ નથી. જગતમાં હું આવ્યો શા માટે? જગત નિર્માણ કોણે કર્યું? તેનો હેતુ શું? જેણે જગત નિર્માણ કર્યું તેનો અને મારો સંબંધ શું? આ જાણવાની તીવ્ર ઉત્કટતાને લીધે વિચાર કરતાં કરતાં તેમની ઊંઘ ઉડી ગઈ; તેથી 'મા' એ આવીને તેમની ભાષામાં કાનમાં વાત કરી તેનું નામ વેદ. તેમના કાનમાં ભગવતીએ ફૂંક મારી તે ઋષિઓએ સવારના ઊઠીને લખ્યું અને તેની પછવાડે પોતાનું નામ લખ્યું નહિ; કારણ તે પ્રામાણિક છે. સવારના ઊઠીને બધું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વજ્ઞાન કહ્યું પણ તરત જ કહ્યું કે 'આ અમે કર્યું નથી. બધું ભગવાને આપ્યું છે, તેથી વેદોના કર્તા અમે નથી.' તેથી વેદો અપૌરૂષેય છે. વેદ પ્રચંડ છે, તેની અંદર અનંત વિચારો છે, કલ્પનાઓ છે. આવી રીતનો એક વિચાર નહિ, અરે! આવી રીતની એક ઉપમા નહિ, જે વેદમાં નથી. ભારતીય સંસ્કૃતિમાં કોઇનો મૌલિક વિચાર નહિ, કારણ બધું વેદમાં છે જ. આટલું બધું હોવા છતાં વેદનો કર્તા કોઇ નથી; કારણ તે ભગવાનની દેણગી છે. ઋષિઓ તેમના જીવનમાં પ્રામાણિક છે તેથી કહે છે કે વેદો અપૌરૂષેય છે, વેદો ઋષિઓને સ્ફૂર્યા છે, ઋષિઓએ એ કર્યા નથી.

મા! બધું જે જ્ઞાન છે તેની જનની તું છે–તું જ માર્ગદર્શક છે. તું જે જ્ઞાન આપે છે તેનાથી બોજો હળવો થાય છે અને જીવનમાર્ગ સરળ થાય છે. ઘણી વખત થાય કે ડહાપણ કરતાં મૂર્ખાઇ સારી–(Ignorance is bliss while folly to be wise.) જ્ઞાનથી ચિંતા ઓછી થવી જોઇએ; પણ આપણું ઊલટું થાય છે. તાવ આવે અને આપણે ઊંચાનીચા થઇએ, કારણ આપણી પાસે જ્ઞાન છે. ગામડાનો માણસ તાવ આવે તો ઊંચોનીચો થતો નથી. આપણી પાસે જ્ઞાન છે તેથી લાગે કે તાવ શેનાથી આવ્યો? ટાઇફોઇડ હશે? કે ફેફસામાં કફ ભરાયો હશે? ન્યૂમોનિયા હશે તો? આમ જ્ઞાનને લીધે આપણને ચિંતા થાય. જરા વાંસામાં દુઃખે તો આપણને લાગે કે કરોડરજ્જુનું હાડકું તો નહિ સડયું હોય? ગામડાના ખેડૂતને વાંસો દુઃખે તો તેલની માલીસ કરે અને કહે કે કાલ સારૂં થઇ જશે; પરંતુ આપણને સત્તર વિચાર આવે; કારણ આપણી પાસે જ્ઞાન છે. આમ આપણા જ્ઞાનથી આપણી ચિંતાઓ વધે.

શંકરાચાર્યને ચિંતા નથી, તે ચિંતામુકત (carefree) માણસ છે. આ જ્ઞાન તારી પાસેથી જ મળે, તેથી ઘણા પુસ્તકો શા માટે વાંચવાના? હું અભ્યાસુ છું તે ભગવતીને દેખાડવા માટે? આ સાધના ખોટી જ છે. તેથી તેને પણ બહુ ઉપર ગયા પછી છોડી દેવી પડે. આપણે ખૂબ મહેનત કરીએ કે ભગવતીને લાગે કે છોકરાને કાંઇ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. તેને જિજ્ઞાસા છે; અને આપણી ઉત્કટ જિજ્ઞાસા ભગવતી જુએ ત્યારે તે જ્ઞાન આપે. અતિશય સરળ અને મધુર ભાષામાં તે સમજાવે; તે જ્ઞાન આપણને શાંત અને સમાધાની બનાવે. શાંતિ અને સમાધાન આ જ્ઞાનથી જ આવે. આ જ્ઞાન જ આપણને ચિંતામુકત બનાવે. શંકરાચાર્ય કહે છે કે ભગવતી! તું જ જ્ઞાનદાત્રી છે.

પછી કહે છે કે त्वमर्थानां मूलं– બા સર્વ વૈભવનું મૂળ તું જ છે. બે પ્રકારનાં વૈભવ ગણાય–ભૌતિકવૈભવ અને બુદ્ધિનો વૈભવ. બુદ્ધિના વૈભવની અંદર મનનો અને હૃદયનો વૈભવ આવી જાય છે. જેના ઘરે મા ફરે ત્યાં રિદ્ધિસિદ્ધિ આવી જાય. જેના ઘરે મા ફરે તેના ઘરે કંઇ જ ઓછું નથી; કારણ મા મોકલાવી દે. માનું સતત ધ્યાન છે કે બચ્ચાને શું ઓછું છે? ભગવતી ભૌતિક વૈભવ તો આપે જ છે પણ બુદ્ધિવૈભવ, મનનો વૈભવ અને હૃદયનો વૈભવ પણ તે જ આપે. આપણી પાસે મનનો વૈભવ નથી. આપણે કંગાલ મનના છીએ તેથી જ બીજાને ઉત્કર્ષ સહન થતો નથી. આપણે જેમ જેમ ભગવતીની પાસે જઈએ તેમ તેમ બીજાના ઉત્કર્ષમાં આનંદ આવે; કારણ બાની પાસે જઇએ તેમ મનનો વૈભવ વધે. પતંજલિ યોગદર્શનમાં કહે કે मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्या पुण्यविषयाणां भावनास्तत् चित्तप्रसादनम् તેના લીધે ચિત્તની પ્રસન્નતા–ચિત્તપ્રસાદ મળે. કોઇનો ઉત્કર્ષ જોઇને અંતરથી બળતા હોઈએ તો ચિત્તપ્રસાદ ન મળે. આપણે અંદર બળીએ કારણ આપણે મનના કંગાલ છીએ. આપણી પાસે મનનો વૈભવ નથી.

જ્ઞાનીઓ જે લખે છે કાં તો બોલે છે તેમાં બહુશ્રુતતા દેખાય છે. તે બોલતી વખતે પચીસ ગ્રંથોના ટાંચણો (quotations) આપશે; તેવી જ રીતે કેટલાક ભાવુકો બોલે તેમાં ભાવવાહિતા દેખાય. ભાવુક ઘેલો થાય, તે રડે, બધું ભાવપૂર્વક કહે, તેમાં ભાવવાહિતા દેખાય; પરંતુ જ્ઞાનીભક્ત જે કહે તેમાં બુદ્ધિનો વૈભવ દેખાય. યાજ્ઞવલ્કય લખે કે બોલે તેમાં બુદ્ધિનો વૈભવ દેખાય. એકનાથના લખાણમાં બુદ્ધિનો વૈભવ દેખાય. લખે તો બધા પણ લખાણ–લખાણમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરક છે. એક ભાઈએ બોલતાં બોલતાં કહ્યું કે 'એકનાથે જેટલું લખ્યું તેના કરતાં વધારે મેં લખ્યું છે.' તે સાંભળીને એક વાત યાદ આવે છે.

એક વખત કોઇ વસ્તુ ઊંચે મૂકી દીધી હતી તે લેવા માટે નેપોલીઅન પ્રયત્ન કરતો હતો પરંતુ તેનો હાથ પહોંચતો ન હતો. એટલામાં ત્યાં એક અધિકારી આવ્યો. તેણે કહ્યું કે 'હું તમારા કરતાં ઊંચો છું તો કાઢી આપું'? નેપોલીઅન કહે કે 'ચૂપ! તું મારા કરતાં ઊંચો નથી, લાંબો છે.'

આવી રીતે આ ભાઈને કહેવું જોઈએ કે 'તેં ઘણું લાંબું લખ્યું હશે તેથી તું એકનાથ કરતાં લાંબો હોઈશ, પણ ઊંચો નથી.' એકનાથમાં બુદ્ધિનો જે વૈભવ છે તે બુદ્ધિનો વૈભવ તારામાં નથી. એકનાથમાં બુદ્ધિનો વૈભવ દેખાય છે. એકનાથના લખાણમાં બહુશ્રુતતા, કારૂણ્યતા કે ભાવુકતા નથી; એમના લખાણમાં બીજો જ આવિષ્કાર દેખાય છે. જ્ઞાની ભક્તો જ્યારે લખે ત્યારે પોતાના ઉપરનો વિશ્વાસ હોય છે–તેમાં દિવ્ય અનુભૂતિનો મિજાજ હોય છે અને ત્રીજી વાત, પ્રભુસંબંધને લીધે–પ્રભુસ્પર્શને લીધે તેમના લખાણમાં પ્રસાદ છે.

બધા જ બોલે છે પણ જ્ઞાનીભકતો બોલે તેમાં પ્રસાદ છે, વિચારોની મક્કમતા અને દિવ્ય અનુભૂતીનો મિજાજ હોય છે. ઘણા લોકો ભજનો લખે છે તેમાં ભાવુકતા હશે, પરંતુ ભાવુકતામાં પ્રાસાદિકતા નથી. ભજનનું લખાણ અને આચાર્યોનું લખાણ–એ બન્ને વચ્ચેની તુલના કરવા માટે પણ બુદ્ધિ જોઇએ. કોઈ લખે કે 'આવ્યો છે તો આ સંસારે, સફળ જન્મ તું કરતો જા' આમાં ભાવુકતા છે, પણ પ્રસાદ નથી. જ્ઞાનીભકત કહે કે હું સમજીને જ આવ્યો છું. જ્ઞાની-ભકતના લખાણમાં પ્રભુસ્પર્શ હોવાથી પ્રસાદ છે.

આમ બધો જ જે વૈભવ છે તેનું મૂળ તું જ છે. ભૌતિક વૈભવ તેમજ બુદ્ધિનો અને હૃદયનો વૈભવ પણ તારા લીધે જ મળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમેરિકામાં તત્ત્વજ્ઞાનના ચોપડાઓ છપાયા જ કરે છે પરંતુ ईशावास्योपनिषद् ના તોલે બેસે તેવું એક પણ ચોપડું નથી. ईशावास्यमिं सर्वं यत्किंच जगत्यांजगत् આ લીટીઓમાં રહેલો પ્રસાદ, આત્મવિશ્વાસ, આત્મગૌરવ, મક્કમતા અને હિંમત ત્યાંના હજારો પુસ્તકોમાં નહિ મળે. શ્રુતિઓમાં બુદ્ધિવૈભવ દેખાય છે. જે જ્ઞાનીભકત હોય તેના લખાણમાં જ મકકમતા અને વિશ્વાસ હોય, આટલું જ નહિ તેમના લખાણમાં બીજાઓમાં વિશ્વાસ નિર્માણ કરવાની શક્તિ હોય.

ભૌતિકવૈભવ અને બુદ્ધિવૈભવ ભગવાનના પગ પાસેથી મળવાનાં છે. ભગવાન વૈભવ આપતો જ જાય, તેને ના પાડશો તો પણ તે આપતો જ જાય; આવી રીતે સમગ્ર વૈભવનું મૂળ ભગવાન છે એમ શંકરાચાર્ય કહે છે.

પછી કહે કે धनदनमनीयाङ्घ्रिकमले–धनद એટલે ધન આપવાવાળો કુબેર પણ તારી પાસે વાંકો વળી નમસ્કાર કરે છે. બા! તારો વૈભવ એવો છે કે કુબેર ભંડારી પણ તારી પાસે વાંકો વળશે. કુબેર કોષાધ્યક્ષ છે, તેનો કોષ ભરેલો છે. આજે કોષાધ્યક્ષ હોય પણ તેની પાસે કોષ નથી; કારણ ખાધવાળું બજેટ (**deficit budget**) છે, પરંતુ કુબેર પાસે ધન છે તે છતાં ય એને તારી પાસે વાંકા વળવું જોઇએ. ધનદ એટલે કુબેર–તેવી રીતે આ જગતના વિત્તવાન લોકો. આ વિત્તવાન લોકો કહે કે અમારી પાસે દાન આપવાની વૃત્તિ છે. આ વિત્તવાન લોકોને હાર પહેરાવો, તેમના નામની તકતી બેસાડો ત્યારે તે કંઇક આપે–પણ બા! તારી દાન આપવાની વૃત્તિ કેટલી જબરદસ્ત છે! વિત્તવાન લોકોના નામની તકતી બેસાડો, તેમને હાર પહેરાવો તો તે ફળે; પરંતુ મા! તને કોઇ કંઈ આપતું નથી, આટલું જ નહિ આ જગતમાં ભગવાન છે જ નહિ એમ કહેનારનું હૃદય (**heart**) તું ચલાવે છે. તારી દાન આપવાની વૃત્તિ કેવડી મોટી છે! તેથી કુબેરે તેમજ વિત્તવાન લોકોએ પણ તારા પગ પાસે વાંકા વળવું જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्वमादि: कामानाम्–કામનો આદિ તું છે, તેં કામ નિર્માણ કર્યો છે. પુરાણો વાંચશો તો એવું વર્ણન આવે છે કે પહેલાં મનથી પ્રજા નિર્માણ થતી હતી, તેને માનસી પ્રજા કહે; પરંતુ મનથી પ્રજા નિર્માણ કરો તેમાં આનંદ નહિ, અને બીજું પ્રજાને નાનાની મોટી કરવાની જવાબદારી ઉપાડવી પડે તેથી લોકો પ્રજા નિર્માણ કરે જ નહિ. તેથી एवं प्रवर्तितं चक्रम्–અટકી જાય. ચક્રમ લોકો પ્રજા નિર્માણ કરવાનું જ છોડી દેવા લાગ્યા. આમ માનસી પ્રજાનો પ્રયોગ અસફળ થયો તેથી ભગવાને મૈથુની પ્રજા નિર્માણ કરી. કામમાં તમને આનંદ મળે. માને બચ્ચા પ્રત્યે આત્મીયતા અને બાપને માલિકી હક્કની ભાવના રહે અને તેથી બચ્ચાને ઉછેરવામાં આવે અને જગતનું ચક્ર ચાલ્યા કરે. આમ મા! કામશક્તિ તેં જ નિર્માણ કરી; તેવી જ રીતે काम એટલે કામનાઓ; સંકલ્પોનો આદિ તું છે, સંકલ્પની જનની તું છે. આ ભૂમિકા લો કે, 'સંકલ્પો મારા નથી' તો તમે છૂટા થયા. સંકલ્પો કોણ કરાવે છે? મા! તું કરાવે છે. 'સંકલ્પો મારા નથી' એમ બોલો તો તમે જવાબદારીમાંથી મુક્ત. સંકલ્પો તો થાય જ છે અને પછી તે પજવે છે. તે કામના કોઈના ખોળે બેસાડી દો તો તમને પજવશે નહિ. અટકચાળો છોકરો છે, તે માનતો નથી; મને પજવે છે તો શું કરવું? એને બીજાને ખોળે આપી દેવો. બાપે છોકરાને કોઈના ખોળે આપી દેવાનો પછી તે પજવશે નહિ; આવી જ રીતે કામના થાય છે અને પછી પિશાચની જેમ ગળચી પકડે છે. તેના ઉપર કાબૂ (control) રહેતો નથી. તેથી કામના, સંકલ્પો ભગવાનને ખોળે આપી દો. જેણે કામનાઓ આપી દીધી છે તેનું ગીતામાં ભગવાન વર્ણન કરે છે–सर्व संकल्प संन्यासी योगारुढस्तदोच्यते–ભગવાન કહે છે કે તું સંકલ્પમાંથી છૂટો થા. 'મા! કામના તારી છે, મારી નથી. જગતમાં જે જે સારૂં છે તે મારૂં કરવાનું મન થાય, કારણ તું કામનાઓની આદિ છે. બીજું સંકલ્પો સારા થાય, કારણ સંકલ્પો મા કરાવવાની છે. સંકલ્પો ભગવાને નિર્માણ કર્યાં છે તેથી તેની મશ્કરી ન થાય, પરંતુ સંકલ્પની કેટલી મશ્કરી થાય છે? તમે નાનો સંકલ્પ કરશો તો તે પ્રભુને ગમતો નથી અને મોટો સંકલ્પ કરશો તો લોકોને ગમતો નથી. તુકારામ કહે કે अवघाची संसार

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुखाचा करीन 'બધાનો સંસાર હું સુખી કરીશ.' તો લોકો મશ્કરી કરવા લાગ્યા કે પોતાનો સંસાર તો સંભાળી શકતો નથી અને જગતનો સંસાર સુખી કરવા નીકળ્યો છે! પ્રહ્‌લાદને ભગવાને પૂછ્યું કે શું જોઇએ? તો પ્રહ્‌લાદે કહ્યું કે 'બધાને મુક્તિ આપ.' આજનો કથાકાર આ પ્રહ્‌લાદની મશ્કરી કરે; પરંતુ પ્રહ્‌લાદ ઓછી બુદ્ધિનો ન હતો. પ્રહ્‌લાદના આ સંકલ્પમાં તેની ઉચ્ચ ભાવના દેખાય છે. પરંતુ કથાકાર મશ્કરી કરે કે 'પ્રહ્‌લાદ જગતને મુક્તિ આપવા નીકળ્યો' કારણ કથાકારને જ પ્રહ્‌લાદની ઉચ્ચ ભાવનાની સમજણ પડતી નથી. પ્રહ્‌લાદ ઓછો ન હતો—ઉચ્ચ ભાવનાનો હતો કે 'જગતને મુક્તિ આપવા હું આવ્યો છું.' પરંતુ એમના મોટા સંકલ્પની કથાકાર મશ્કરી કરે.

લોકો કહે કે 'વીસમી સદીમાં તમે શું કરશો?' 'અમે બધાનું મોઢું ભગવાન તરફ ફેરવીશું!' તો લોકો કહે કે 'એ શક્ય નથી. બધો દરિયો ખારો છે તેમાં તમારી સાકરની ગુણ નાખીને ફાયદો શું? દરિયો થોડો જ મીઠો થવાનો છે? તેનાં કરતાં તમારી સાકરની ગુણ સાચવી રાખો, તમારી સાકર જશે માટે આવી મૂર્ખાઇ કરો નહિ.' હું જો નાનો સંકલ્પ કરૂં તો ભગવાનને ગમતો નથી અને મોટો સંકલ્પ કરૂં તો લોકોને ગમતો નથી. તો મારે સંકલ્પ કેમ કરવાના? પ્રભુ! સંકલ્પનો આદિ તું છે—તો હું શા માટે સંકલ્પ કરૂં?

તુકારામને કોઇ પૂછે કે "તું શા માટે આવ્યો છે?" તો કહે કે "મને કોઇએ મોકલ્યો છે—अवघाची संसार सुखाचा करीन आनंदें भरीन तीन्ही लोक—બધાને ઘેરે શાંતિ થાય તે માટે આવ્યો છું. ॐ शान्ति शान्ति शान्तिः—આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક શાંતિ થાય તે માટે આવ્યો છું." જગતનો આ નિયમ જ છે કે શાંતિ થાય નહિ, પણ હું સંકલ્પ મોટો રાખું છું; કારણ બા! તો જ હું તને ગમું!

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું જો નાનો સંકલ્પ રાખું તો લોકોને ગમું. કોઇ પૂછે કે તું શા માટે આવ્યો? હું કહું કે 'બે છોકરાને ધંધે લગાડયા, બે છોકરીઓ પરણાવી–સુખી છું.' આમ કહું તો લોકો કહે કે એણે પોતાની યોગ્યતા ઓળખી. નાનો સંકલ્પ કરૂં તો લોકોને ગમું, પણ બા! તારા મનમાંથી ઉતરી જાઉં તેનું શું? આમ મોટો સંકલ્પ કરૂં તો લોકોને ગમતો નથી અને નાનો સંકલ્પ કરૂં તો તને ગમતો નથી. મા! મને આ સંકલ્પની ટપટપ જોઇએ શા માટે? તેથી સંકલ્પો જ તને સોંપી દઉં.

પછી કહે, जननि कृतकंदर्पविजये–कंदर्प એટલે કામ–મદન. જગદંબાએ કામદેવને જીત્યો છે. કામદેવ તેને તકલીફ આપતો નથી; પરંતુ ભગવાને કામદેવને ઊભો કર્યો. તેને તે જીતે કાં તો મારે તેમાં શું વિશેષ છે! તમે તમારા છોકરાને મારો કાં તો જીતો તેમાં શું વિશેષ છે! પડોશીને મારી શકો તેમાં વિશેષ છે. આ કૌતુક કહેવાય. તો પછી कृतकंदर्प विजये માં શંકરાચાર્યને શું કહેવાનું છે? જેણે ભગવાનને પોતાના બનાવ્યા તે કામદેવને જીતી શકે. જે ભગવતીને પોતાની કરી લે તેને કામદેવ તકલીફ ન આપે. બા! જે તને ચીટકી બેઠો તેને કામ પજવે નહિ; પરંતુ જે તને છોડી બેઠો તેને રમવા માટે એક જ રમકડું અને તે એટલે 'કામ'. પછી તેને ભોગો ભોગવવાના જ રહે, તે બીજું શું કરી શકે? શરીરાસક્તિ અને ઇંદ્રિયોની ભોગાસક્તિ આ બન્ને ભાવાસક્તિ વધ્યા પછી જ જાય.

શિવજીએ કામદેવને બાળ્યો તેમાં તેની શક્તિનું ગૌરવ નથી. બા! તારા જે થયા તેને કામદેવ પજવતો નથી. રંભાને જોઇને શુકદેવજી ચલિત ન થયા તેનું કારણ તેમની પછવાડે ભગવાનની શક્તિ છે. શરીરાસક્તિ અને ઇંદ્રિયોની ભોગાસક્તિ વધે તો કામદેવ તેનામાં બેસી જ જાય. પરંતુ જેની ભાવાસક્તિ વધે તેને કામદેવ પજવે નહિ. શુકદેવજી ચલિત ન થતાં રંભાને જવાબ આપી શકે તેમાં અક્ષર ખોટું નથી. લોકો ભલે ઊલટું–સુલટું બોલે, પરંતુ જેમ જેમ માણસ પ્રભુ પાસે જાય, તેની ભાવાસક્તિ વધે, તેમ તેમ શરીરાસક્તિ અને ઇંદ્રિયોની ભોગાસક્તિ ઓછી થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી જ રીતે ધ્યેયનિષ્ઠ માણસોનો કામ ઓછો થાય અને પ્રભુનિષ્ઠ માણસનો કામ બદલાઈ જાય.

પછી કહે કે सतांमुक्तेर्बीज–સજ્જનોની ભક્તિ અને મુક્તિનું મૂળ તું છે. તેમને મુક્તિની આવશ્યકતા લાગી તેના લીધે તેમણે કામનાનાં કપડાં ઉતારી નાખ્યાં. માને જ્યારે અડવાનું ન હોય ત્યારે તેનું બચ્ચું તેને અડકવા આવે ત્યારે બા કહે, ના, ના, તેં કપડાં પહેર્યાં છે; તું મને મળી શકતો નથી. ત્યારે બચ્ચું શું કરે? બધાં કપડાં ઉતારી નાખે અને મા પાસે દોડી જાય. બચ્ચું કપડાં ઉતારી નાખે, કારણ બાને મળવાની તીવ્ર ઇચ્છા છે. આ જેવું ચિત્ર સંસારમાં છે તેવું જ ચિત્ર પરમાર્થમાં છે. જગદીશ કહે કે 'મને તું અડ નહિ, તેં કપડાં પહેર્યાં છે–તું બદ્ધ છે.' તો જીવ કહે કે હું 'બદ્ધ' નાં કપડાં ઉતારી નાખીશ; કારણ મારે તને મળવું જ છે.

સજ્જનો મુક્તિ માગે છે તે તારી પાસેથી મુક્તિ નથી માગતા. मुक्ति चाहिये–મુક્તિ જોઇએ–પણ સંસારથી કે ભગવાનથી? આ પ્રશ્ન છે; આપણે બધા ભગવાનથી મુક્ત જ છીએ.

યાજ્ઞવલ્ક્યને લાગ્યું કે 'માને ક્યારે ભેટું? આને લીધે તે કામના, વાસના, કામ, ક્રોધ વગેરે બધાં કપડાં ઉતારી નાખે અને દોડતા જઇને માને મળે. તેને માટે બધું છોડી દે. બા! કામ, ક્રોધ, મત્સર બધું મને જોઇએ પણ તારી પાસે આવવું હોય તો તે બધું કાઢી નાખવાનું, ત્યાં સુધી રાખવાનું. બચ્ચાને માનું આકર્ષણ જેટલું વધારે તેટલું કપડાંનું આકર્ષણ ઓછું થાય અને તે માને મળવા દોડી જાય. આવી જ રીતે ભગવાનની આસક્તિ જેટલી વધારે તેટલી કામ, મોહની આસક્તિ ઓછી થાય. તે બધું છોડીને ભગવતીને મળવા દોડી જાય. 'મા' નું ખેંચાણ જેટલું વધારે તેટલા પ્રમાણમાં કપડાં (કામના–વાસના) ઉપરનો મોહ ઓછો થાય. જે ચિત્ર સંસારમાં જોવા મળે તે જ ચિત્ર પરમાર્થમાં જોવા મળે. તેથી સંસારીને મુક્તિની કલ્પના વધારે આવવી જોઇએ. ભારતીય સંસ્કૃતિ સંસારીને મુક્તિ ન મળે એમ માનતી જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, તેથી અમારે ત્યાં ઋષિપત્નિ વગર ઋષિ જ નથી. જે આપણે સંસારમાં કરીએ તે જ આ સજ્જનો પરમાર્થમાં કરે. તેઓ સંસારમાં રહે તેથી જતાં આવતાં આ જ્ઞાન થાય.

'બાને મળીશ' આ દૈવી આકાંક્ષા છે. કેટલાક આકાંક્ષા રાખે. એક ભાઇ સાતમી વખત પરણ્યા, પરંતુ સાતમી પત્નિ પણ મરી ગઇ, તે આઠમી વખત પરણવા તૈયાર થયા; ત્યારે કોઇએ પૂછ્યું કે હજી આઠમી વખત પરણવું છે? તો કહે 'હા', કારણ મારી એ મહત્ત્વાકાંક્ષા છે કે હું વિધૂર થઇને ન મરીશ; વિધવા રાખીને જ મરીશ!" આ શું મહત્ત્વાકાંક્ષા કહેવાય?

તુકારામની આ મહત્ત્વાકાંક્ષા હતી કે अवघाची संसार सुखाचा करीन. આ દૈવી આકાંક્ષા છે કે 'બધાના સંસાર સુખી કરીશ.' મારી આકાંક્ષા સારી છે, કામના સારી છે, વાસના દિવ્ય છે, ભવ્ય છે પણ 'બા! તું તેના કરતાં સારી છે તેથી બધું જ છોડીને તને મળવા માટે દોડું છું. તેથી સજ્જનોની મુક્તિનું બીજ તું જ છે.' વાલ્મીકિ, પતંજલિ વગેરે મહાપુરૂષોની આકાંક્ષા ખરાબ નથી, તે લેવા જેવી છે. છતાં બાને મળવા માટે તેઓ બધું છોડી દે છે તેથી મુક્તિનું બીજ તું છે.

પછી કહે, त्वमसि परमब्रह्ममहिषी– બા! તું પરબ્રહ્મની પટ્ટરાણી છે. આ કેમ બને? પરબ્રહ્મ તો નિર્ગુણ, નિરાકાર છે. ત્યાં અદ્વૈત છે; તેની પટ્ટરાણી કેમ હોઇ શકે? આનો અર્થ એ છે કે પરબ્રહ્મરૂપી તું પટ્ટરાણી છે. તું રાજાની રાણી તેથી રાણી નથી; પણ તું સ્વયં પટ્ટરાણી છે. તું સ્વયંસિધ્ધા છે. ઇંગ્લંડની રાણી પોતેજ રાણી છે; રાજાની રાણી તેથી રાણી નથી. આમ બા! તું પટ્ટરાણી છે; તેથી જ પરબ્રહ્મ શબ્દ લગાડયો છે. ઇંગ્લંડના લોકોની માન્યતા છે કે જ્યારે રાણીનું રાજ ચાલે ત્યારે સુખના દહાડા આવે. રાણીનું રાજ સુખદ છે. આપણે ત્યાં પણ આ પરબ્રહ્મરૂપી પટ્ટરાણીનું રાજ્ય ચાલે તો જીવન સુખકારક થાય. બીજા પિશાચોનું રાજ્ય ન ચાલવું જોઇએ; તેથીજ શંકરાચાર્ય કહે છે–પરબ્રહ્મરૂપી પટ્ટરાણી તું જ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બહુ સુંદર શ્લોક છે. सतां मुक्तेर्बीजं—આ કોણ કહે છે? મુક્તિ જેણે મેળવી છે તે શંકરાચાર્ય મુક્તિનું બીજ કહે છે. બા! તને મળવાનો આગ્રહ છે તેથી બધું છોડવા તૈયાર થાઉં છું. જન્માંતરથી આકાંક્ષા, ઈચ્છા, વાસના બદલાવી; હવે તું જ માત્ર મુકિતનું બીજ છે. તને મળવાની તીવ્રતા થઈ તેને લીધે એક એક કરીને બધું છોડતો જાઉં છું. મુકિતનું બીજ જ તું છે—કહે છે તે સૈધ્ધાંતિક ફટકો છે—વેદાંતના સિધ્ધાંત જેણે વાંચ્યા હશે તેને આ ધ્યાનમાં આવશે. अद्वैतसिद्धि વાંચવાવાળાને આ વાત ચકાવામાં નાખશે કે મુકિતમાં જ બ્રહ્મ છે—મુકિતમાં ભગવાન નથી એમ લાગે. શંકરાચાર્ય કહે છે કે મુકિતમાં જ ભગવાન છે.

શંકરાચાર્યની વાણીમાં પ્રસાદ છે. શંકરાચાર્યનો આ શ્લોક સૂચક છે, માર્ગદર્શક છે, એમાં મધુરિમા છે—શંકરાચાર્યની આ પ્રાસાદિક વાણી છે. આગળના શ્લોકમાં શું કહે છે તે હવે જોઈશું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

श्लोक-९-१०

प्रभूता भक्तिस्ते यदपि न ममालोलमनस-
स्त्वया तु श्रीमत्या सदयमवलोक्योऽहमधुना।
पयोदः पानीयं दिशति मधुरं चातकमुखे
भृशं शङ्के कैर्वा विधिभिरनुनीता मम मतिः॥९॥

कृपापाङ्गलोकं वितर तरसा साधुचरिते।
न ते युक्तोपेक्षा मयि शरणदीक्षामुपगते॥
न चेदिष्टं दद्यादनुपदमहो कल्पलतिका।
विशेषः सामान्यैः कथमितरवल्लीपरिकरैः॥१०॥

**शब्दार्थः**–મારૂં મન ચંચલ છે તેથી હજી સુધી મેં તારી પ્રચુર ભક્તિ કરી નથી; છતાં પણ હમણાં તારે મારા ઉપર દયા-દૃષ્ટિથી જોવું જોઇએ, કેમકે ચાતક ભલે પ્રેમ કરે કે ન કરે પરંતુ મેઘો તેના મુખમાં મધુર જલ વર્ષાવે જ છે. મને મોટો પ્રશ્ન થાય છે કે કઇ વિધિઓથી મારી બુદ્ધિ તારામાં જ સ્થિર રહી શકે? (૯)

હે સાધુચરિતવાળી બા! તું શીઘ્ર તારી કૃપાપૂર્ણ દૃષ્ટિથી મને નિહાળ. હું તારે શરણે આવ્યો છું તેથી મારી ઉપેક્ષા કરવી ઉચિત નથી. જો તું કલ્પલતા હોવા છતાં ડગલે-પગલે અભીષ્ટ કામનાઓની પૂર્તિ ન કરે તો સાધારણ લતિકા અને કલ્પલતિકામાં ફરક શું? (૧૦)

હે જગદંબા! મારૂં મન ચંચલ છે તેથી તે તારી શ્રેષ્ઠ ભક્તિ કરી શકતું નથી. આમ હોવા છતાં પણ તું શ્રીમાન વૈભવવાળી હોવાથી મારા તરફ તારે દયા-દૃષ્ટિથી જોવું જોઇએ. ભગવતી! તું મને પુછશે કે 'તને મારા ઉપર પ્રેમ નથી તો હું તારા ઉપર દયા કેવી રીતે કરૂં?' બા! હું તને શું કહું? આ મેઘો કે જે જડ છે, તે તારી પાસેથી જ શક્તિ લે છે; તેના ઉપર ચાતક પ્રેમ ન કરે તો પણ મેઘો તો ચાતક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ દયાની દૃષ્ટિથી જ જુએ છે અને ચાતકને મધુર પાણી આપે છે. જો મેઘો આવું કરતા હોય તો પછી મને ખાત્રી છે કે હું તારી શ્રેષ્ઠ ભક્તિ ન કરી શકું તો પણ તું મારા ઉપર દયા કરશે જ. શંકરાચાર્ય કહે છે કે બા! ક્યા રસ્તેથી મારી બુદ્ધિ તારી તરફ વાળું તે ખબર પડતી નથી. તારી પાસે કઇ વિધિથી આવી શકું તે સતત વિચાર્યા કરૂં છું.

ભગવાનમાં માણુસનું મન સ્થિર થવું જોઇએ; પણ માણુસનું મન ચંચલ હોવાથી તે પ્રભુ પાસે જતું નથી. માણુસનું મન બધે ઠેકાણે સ્થિર થાય, પરંતુ ભગવાનમાં એકાગ્ર થતું નથી. માખી જગતમાં બધે ઠેકાણે ફરે, તે વિષ્ટા ઉપર જઈને પણ બેસે; પરંતુ કોઇ દિવસ તે અગ્નિ ઉપર બેસતી નથી, કારણ તેને ખબર છે કે અગ્નિ ઉપર બેસીશ તો 'હું ખલાસ થઇ જઈશ'–મનનું પણ તેવું જ છે. તેને ખબર છે કે 'હું ભગવાન પાસે જઈશ તો ખલાસ થઇ જઇશ'–તેથી તે ભગવાનમાં સ્થિર થતું નથી. તેથી જ શંકરાચાર્ય ભગવતીને કહે છે કે 'પ્રભુ! તું અંતઃકરણમાં દયા રાખીને મારી તરફ જો, તો જ મારા ચંચલ મનમાં સ્થિરતા આવશે.

ખરી વાત એ છે કે બચ્ચું ચંચલ રહે તેમાં જ એની શોભા છે. નાનું બચ્ચું જો પલાંઠી મારીને સ્થિતપ્રજ્ઞની માફક એક જગાએ બેસી રહે તો એમાં આપણુને દોષ લાગે. નાનું બચ્ચું સ્થિર બેસી શકતું નથી તેમાં જ એની શોભા છે. બચ્ચું જો સ્થિર બેસે તો તેમાં દોષ છે. આ શ્લોકમાં મનની ચંચલતાનું ગુણવર્ણન છે.

બા! મને સતત એમ લાગ્યા કરે છે કે 'હું ભગવાનનું ખૂબ કામ કરીશ તો ભગવાન મારા ઉપર પ્રસન્ન થશે, તેથી જોરશોરથી તારૂં કામ કરવા લાગું છું. થોડા દહાડા પછી એમ લાગવા લાગે–કામ કરીને ભગવાન પ્રસન્ન થતા નથી, મારે જ્ઞાન મેળવવું જોઇએ. જો હું જ્ઞાન મેળવીશ તો મારા ઉપર બા પ્રસન્ન થશે, તેથી હું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરૂં છું. થોડા જ દહાડામાં એમ લાગવા લાગે કે તું ભક્તો ઉપર જલદી પ્રસન્ન થાય છે તેથી હું ભક્તિ કરવા લાગું, કેટલાક દહાડા જપ કરૂં, તપ કરૂં–આવી રીતે હું સતત રસ્તા બદલાવ્યા કરૂં છું. ઘડીકમાં હું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મયોગી થવા પ્રયત્ન કરૂં છું અને ઘડીકમાં હું ભકત થવા પ્રયત્ન કરૂં છું. આ મારા મનની ચંચલતા છે. પરંતુ બા! આ બધાની પાછળ મારો મક્કમ નિશ્ચય છે કે મારે બાને પ્રસન્ન કરવી છે. 'મારે બા મેળવવી છે' આ બારામાં મારૂં મન સ્થિર છે, મક્કમ છે.

બા! હું કર્મયોગી થવાની ઇચ્છા રાખું છું. ભક્તિ કરવા, જ્ઞાન મેળવવા અને તપસ્વી થવા પ્રયત્ન કરૂં છું. બા! હું શું કરૂં કે જેથી તું પ્રસન્ન થાય? બા! તું મારા ઉપર ગુસ્સે થઇ છે?

બા જ્યારે ગુસ્સે થાય ત્યારે નાના બાળકને સતત એમ લાગે કે 'હું શું કરૂં તો એ પ્રસન્ન થાય?' આવી રીતે બા! તને મેળવવાના માર્ગો માટે મારૂં મન ભલે ચંચલ હોય, તે એક માર્ગે સ્થિર થતું નથી, પરંતુ બા! તને પ્રસન્ન કરવાની મારી ભાવના સ્થિર છે તેથી તું દયાપૂર્વક મારૂં હૃદય જો કે તને મેળવવા સિવાયની બીજી કોઇ ભાવના એની પછવાડે નથી.

સાધકને આ પ્રશ્ન સતત મૂંઝવે છે કે ભગવાન તેનું કામ કરીને પ્રસન્ન થશે કે ભક્તિ કરીને પ્રસન્ન થશે? બા! તું દયાપૂર્ણ દૃષ્ટિથી મારી તરફ જો – सदयमवलोक्योऽहमधुना – આ શબ્દરચના અતિશય સુંદર રીતે કરેલી છે, આના ઉપરથી એમ લાગે છે કે શંકરાચાર્ય પણ થોડા ચંચલ થયેલા હોવા જોઇએ. જ્ઞાનીભકતોને પણ ઘડીકમાં એમ લાગે કે ભક્તિ સારી અને ઘડીકમાં એમને લાગે કે મુક્તિ સારી.

જીવાત્મા ઉપરનો કચરો કાઢો કે તે સ્વચ્છ થઇ જાય. એને अविद्यानिवृत्ति કહે. શંકરાચાર્યનું બ્રહ્મસૂત્ર શારીરભાષ્ય વાંચો તો તેમાં अहं ब्रह्मास्मि ની ગર્જના સંભળાશે. આ તત્ત્વજ્ઞાન છે. આ જ શંકરાચાર્ય સ્તોત્ર ગાય ત્યારે જગદંબા પાસે યાચના કરે કે, 'अतस्त्वां संयाचे जननी जननं यातु मम वै। બા! તું મને જન્મ આપ'– આવી રીતે 'ભક્તિ' કે 'મુકિત' આના બારામાં એમની સ્થિરતા આવતી નથી. એમને ઘડીકમાં લાગે કે સાકર બનું અને ઘડીકમાં લાગે કે સાકર ખાઉં. જ્ઞાની ભકતને પણ જન્મનો મોહ હોય. મુકિતની પગથી (stage) ઉપર ગયેલા પણ જન્મ માગે છે. એમને ઘડીકમાં લાગે છે કે મુકિત જોઇએ અને ઘડીકમાં લાગે છે કે ભકિત જોઇએ. પરિણામે બધા ચંચલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય પણ ચંચલ છે. તે કહે છે 'મા! તારી પ્રભૂતાભક્તિ અમે કરી શકતા નથી'—'દીન ભક્તિ' એવો શબ્દ વાપર્યો નથી. પ્રભૂતાભક્તિ એટલે જે ભક્તિ પ્રભુ (સમર્થ) બનાવે તેને પ્રભુતાભક્તિ કહે. જે ભક્તિ લાચાર, બાપડી, દીન હોય તે ભક્તિ જ નથી આવી વેદોની ધારણા છે. આપણે ભક્તિને બાપડી કરી નાખી તેથી આપણી ભક્તિને રંગ નથી અને મીજાજ નથી. વૈદિક ભક્તિમાં 'તેજસ્વીતા' આ પાયો છે. તેજસ્વી માણસ જ તેજોમય ભગવાનની ભક્તિ કરી શકે. ભક્તિ શ્રેષ્ઠ જોઇએ. ભક્તિમાં ચીટકી બેસવાનું ખરૂં પરંતુ ભિખારી તરીકે નહિ, બાળક તરીકે ચીટકી બેસવાનું.

મા! કેટલાક જન્મારા મારૂં દીનત્વ અને લાચારી તારી પાસે સ્થિર રહે છે પણ પછી નતોથીઉપર ચઢવું જોઇએ, પરંતુ પ્રભુતા ભક્તિનો વિચાર સ્થિર રહેતો નથી—તેથી કહું છું કે મારા હૃદય તરફ તું દયાથી જોશે તો મારી ભક્તિ પ્રત્યેની વૃત્તિ ટકશે; નહિતર ભક્તિ પ્રત્યેની વૃત્તિ ટકશે નહિ.

બીજું હું જ્યારે તારી પાસે આવું છું ત્યારે તું મને એમ નથી પૂછતી કે 'તું મને શું આપે છે? તું મને કંઇ આપે તો હું તને કંઇ આપુ" આવું તું કહેતી નથી. મેઘ ચાતકના મોઢામાં મધુર પાણી નાખે છે તે શું ચાતકે મેઘનું વર્ણન કર્યું છે? ચાતક આશાપૂર્ણ વદને મેઘ સામે જોતો રહ્યો છે તે રીતે હું પણ આશાપૂર્ણ વદને તારી તરફ જોઉં છું. મને પૂર્ણ ખાત્રી છે કે મારી બુદ્ધિ તારી તરફ નહિ આવે. મારી ઇંદ્રિયો મારી બુદ્ધિને ત્યાં સુધી પહોંચાડશે કે નહિ તે શંકા છે.

રાજાને મત હોતો નથી, રાજા તમારૂં જીવન જોતો નથી, રાજા તમારા બારામાં રિપોર્ટ જુએ અને તમારા માટે મત બાંધે. આ બુદ્ધિ પણ રાજા જેવી છે. ઇંદ્રિયો બુદ્ધિને જે પહોંચાડે તે બુદ્ધિ લે. હૃદય કહે કે પ્રભુ પાસે પહોંચાડ; તો બુદ્ધિ કહે કે એ પથ્થરો છે. પ્રભુનો અવાજ ઇંદ્રિયોએ સાંભળ્યો નથી. દૃષ્ટિથી પ્રભુને જોયો નથી તેથી દૃષ્ટિ પણ સારો રિપોર્ટ આપતી નથી. જે ઠેકાણે ઇંદ્રિયો જતી નથી તે ઠેકાણે બુદ્ધિ પહોંચતી નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બા! બુદ્ધિ જેના લીધે સ્થિર બને છે તે ઇંદ્રિયો તારી પાસે પહોંચતી નથી; તેથી મારી બુદ્ધિ તારી પાસે પહોંચશે કે નહિ તે મને શંકા છે. કદાચ મારી બુદ્ધિને તારી પાસે લઇ આવવાની હોય તો ક્યા માર્ગથી લઇ આવું તે મને ખબર નથી.

આપણી બુદ્ધિ ચાંપલી છે. આજે એક માણસ પ્રત્યે પ્રેમ કરીએ પણ થોડા વખત પછી કહીએ કે વાતમાં કંઇ માલ નથી, એ ભાઇને જેવા ધાર્યા હતા તેવા તે નથી. આ પ્રમાણે બુદ્ધિ એક જગાએ સ્થિર થતી નથી.

બા! કઇ વિધિ કરીને અને કયા રસ્તેથી તારી પાસે આવું કે જેથી મારી બુદ્ધિ ફરે નહિ, ખસે નહિ? હું શું કરૂં તો મારી બુદ્ધિ સ્થિર થાય? બા! બુદ્ધિને પ્રલોભન બતાવીને, લાલચથી તારી પાસે લઇ આવું છું તો સ્વાર્થ પૂરો થયો કે બુદ્ધિ પાછી ફરે છે. કોઇ માણસ માંદો હોય તો આપણે મૃત્યુંજય ભગવાનનો જપ કરીએ પણ પછી તે માણસ મરી જાય તો આપણી ભકિત મરી જાય અને જપ બંધ થઇ જાય.

સંસારી માણસને અગવડ આવે ત્યારે સગાવહાલા કોઇ મદદ કરે નહિ. તે વખતે લક્ષ્મીનારાયણ વહાલા લાગે; અને સ્વાર્થથી માણસ ભગવાન પાસે જાય. પરંતુ સ્વાર્થ પૂરો થયો કે તરત જ તે ભગવાનથી આઘો થઇ જાય. માણસને પૈસા જોઇએ, તેથી જ્યાં સુધી પૈસા ન મળે ત્યાં સુધી તે ભગવાન પાસે જાય; પરંતુ પૈસા મળે કે તરત જ તે ભગવાનથી આઘો થઇ જાય. પછી તો માણસ પાસે બુદ્ધિ છે તેથી તે બહાનાં આપે. પરંતુ ભગવાન બહાનાને કિંમત નહિ આપે. ભગવાન સમજે છે કે તે આપણું શાઠ્ય છે.

ભગવાન! આ મારૂં દૌર્બલ્ય છે તેથી હું તારી પાસે આવતો નથી. સ્વાર્થથી બુદ્ધિને તારી પાસે લઇ આવું તો સ્વાર્થ પૂરો થયો કે ભકિત ઓછી થાય છે. તો શું હું બુદ્ધિને ભીતિથી તારી પાસે લઇ આવું? પરંતુ એમ કરૂં તો પણ જેવી ભીતિ પૂરી થઇ કે તે વખતની આર્તતા ઓછી થઇ જાય અને ભકિતની પકડ ઢીલી થઇ જાય, તેથી ભીતિથી પણ બુદ્ધિને તારી પાસે લાવવામાં અર્થ નથી. બા! હું ખરૂં કહું છું કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કઇ વિધિથી બુદ્ધિને તારી તરફ લઇ આવું, તે જ મને ખબર પડતી નથી.

મમ-મમ મળ્યા પછી બુદ્ધિ તરત કહે કે, 'ચાલો, હવે વધુ મદદ મળે એમ લાગતું નથી' તેથી બુદ્ધિ તને છોડી દે છે.

આજે પણ જુઓ તો એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને કરોડો રૂપિયાની મદદ કરે; પરંતુ તે રાષ્ટ્ર પાસેથી હવે એક ટીપું દૂધ પણ મળવાનું નથી આ ખબર પડતાં જ મદદ લેવાવાળું રાષ્ટ્ર મદદ આપવાવાળા રાષ્ટ્રની સામે ઘૂરઘૂરાટ કરે છે. આ હરામખોરોની નીતિ છે. તેવી જ આપણી નીતિ છે. માણસને ભગવાન પાસેથી સંપત્તિ, બુદ્ધિ મળ્યા પછી તે ભગવાન સામે જ ઘૂરઘૂરાટ કરે છે.

આમ ભીતિથી પણ તારી પાસે બુદ્ધિ લાવી શકતો નથી. મારી બુદ્ધિ તને મળવા તૈયાર નથી; કારણ કે ઇન્દ્રિયો એને તારી પાસે લાવશે નહિ. હું બુદ્ધિ તારી પાસે લાવવા તૈયાર થાઉં તો કયા રસ્તે લાવું તે મને ખબર પડતી નથી. પરિણામે બુદ્ધિ તારી પાસે આવતી જ નથી.

બા! તારી કૃપાપૂર્ણ દૃષ્ટિ મારી તરફ મોકલ, તો તારી પાસે મારી બુદ્ધિ લાવી શકાય. એક વખત તારી કૃપાપૂર્ણ દૃષ્ટિ મારા તરફ આવી કે મારા બધા કોયડા છૂટી જશે.

પછી આગળના શ્લોકમાં કહે છે કે न चेदिष्टं दद्यादनुपदमहो कल्पलतिका। विशेषः सामान्यैः कथमितरवल्लीपरिकरैः॥ બા! તું તો કલ્પલતિકા છે. જો કલ્પલતિકા મારૂં તરત ઇષ્ટ ન કરી શકતી હોય તો ઇતરવલ્લી અને કલ્પલતિકામાં ફરક શું? બા! તું અસામાન્ય છે; તો પછી તારામાં અને બીજામાં ફરક શું?

નવમા શ્લોકમાં શંકરાચાર્યે બે અગવડો દેખાડી. બા! ઇન્દ્રિયો બુદ્ધિને તારી પાસે લઇ આવતી નથી અને હું બુદ્ધિને તારી પાસે લાવવા પ્રયત્ન કરૂં છું તો કયા માર્ગે, કઇ વિધિથી તારી પાસે લાવી શકું તે મને ખબર પડતી નથી. બીજી અગવડ એ છે કે મારૂં મન અસ્થિર છે; આ બે અગવડો છે. તેથી આ શ્લોકમાં કહે છે કે બા! હવે મુહૂર્ત જોવાનું કારણ નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું મને કહેશે કે આ વરસ સારૂં નથી. પરંતુ બા! વિરક્તિ અને અનુરક્તિમાં મુહૂર્ત જોવાનું હોય નહિ. તું કહેશે કે પહેલાં ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમ, અને ત્યારબાદ સંન્યાસાશ્રમ લેવાય–પણ બા! જે ક્ષણે વિરાગ આવ્યો તે જ ક્ષણે ઘરમાં રહેવાતું નથી. જ્યારે વિરક્તિ આવે ત્યારે ઘર કયારે છોડવાનું તેનું મુહૂર્ત જોવાનું હોય નહિ. જેણે મરવાનું છે તેને મુહૂર્ત જોવાનું હોય નહિ, યમનું તેડું આવે કે જવું જ પડે.

આવી જ રીતે અનુરક્તિમાં પણ મુહૂર્ત ન જોવાય. **'Love at first sight'** પ્રેમ પહેલી નજરે બંધાઇ જાય. તેમાં મુહૂર્ત જોવાનું હોતું નથી. તેથી બા! તને કહું છું કે તું તરત જ તારી કૃપાદષ્ટિ મારા તરફ વાળ તો મારી ભક્તિ વધે.

આપણી ભક્તિમાં વધારો તો જ થાય, જો પ્રભુની દષ્ટિ આપણી તરફ પડે. જે જે અગવડોના પ્રસંગોમાં તમને કોઇએ મદદ કરી હશે તે પ્રસંગો યાદ કરો. આમાં કેવળ યાદ કરવાનું નહિ, તેનું સંસ્મરણ કરો. આમ કરશો તો જગદંબાની તમારી તરફ દષ્ટિ છે એમ દઢ ભાવના થશે અને જેટલા પ્રમાણમાં આ ભાવના દઢ થશે તેટલા પ્રમાણમાં તમારી ભક્તિ વધશે.

મધુર સંસ્મરણોથી પ્રભુભક્તિ વધે–આવા મધુર સંસ્મરણોનું એક આલ્બમ (સંગ્રહ) બનાવો અને પ્રભુતા ભક્તિ માટે એ આલ્બમ ખોલો–તો તમને એ ભાવના થશે કે પ્રભુની દષ્ટિ મારા તરફ છે. અગવડમાં આપણને કોઇ આવીને મદદ કરે તેનું કારણ પ્રભુ તેને મોકલે તેથી જ તે આવે. તેમાં ભગવાનની દષ્ટિ મારા તરફ છે આમ જુઓ. આવું થાય તો ભક્તિ વધશે.

ભગવાનની શંકરાચાર્ય ઉપર સીધી **(direct)** નજર પડે છે ત્યારે આપણા ઉપર ભગવાનની નજર છે પણ આપણે તે આડકતરી રીતે **(indirectly)** જોવાની.

कृपापाङ्गालोकं वितरतरसा साधुचरिते-બા! તું સાધુચરિત છે–તારી દષ્ટિ સરળ છે. તું મારા જીવનનો વાંકોચૂકો અર્થ લેશે નહિ એની મને ખાત્રી છે. મારા ઉપર તું તારી પ્રેમપૂર્ણ દષ્ટિ નાખ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પહેલા વર્ગના (first class) ભકતો છે તેમને પોતાની ભક્તિ ઢીલી થઈ જશે એવો ડર નથી. તેઓ મુકિતના પંથે હોય તે છતાંયે તેમની ભકિત ઉપરની પકડ ઢીલી થતી નથી કારણ ભગવાનની તેમના ઉપર સીધી (direct) નજર છે. જેમને પૂર્ણતાની અનુભૂતિ મળે છે તેમને કયો વંટોળિયો પવન હલાવી શકે? પરંતુ જેણે સાધક થવાનું હોય તેણે તો આવા પ્રસંગો ભાવનાથી યાદ કરવાના, મધુર સંસ્મરણોનું આલ્બમ ખોલવું પડે; તો જ તેમની ભકિત દૃઢ થાય. કાળ જેમ ઓસડ છે તેમ કાળ ઝેર પણ છે, કાળ જેમ માઠા પ્રસંગો ભૂલાવે છે તેમ મીઠાં સંસ્મરણો પણ ભૂલાવે છે તેથી તે ઝેરરૂપ થાય છે. જ્યારે તમને કોઈએ મદદ કરી હશે ત્યારે તમારૂં હૃદય ભકિતપૂર્ણ થયું હશે, તમારૂં હૃદય ભરાઈ આવ્યું હશે–તેનાં સંસ્મરણો ભરી રાખો અને તેનું એક આલ્બમ બનાવો.

જેટલી ભગવાનની દૃષ્ટિ આપણા તરફ હોય તેટલી આપણી ભકિત દૃઢ થાય અને જીવનમાંથી બાપડાપણું જાય. જેટલા આપણે બાપડા તેટલા પ્રમાણમાં આપણી ભકિત પણ બાપડી.

હમણાં હું એક સ્નેહસંમેલનમાં ગયો હતો ત્યારે ત્યાં બહેનોએ મિજાજમાં કહ્યું કે, 'પત્ની મરી જાય તો ધણી બાપડો થઈ જાય, પરંતુ ધણી મરી જાય તો ધણિયાણી બાપડી નથી થતી; તે છેડો બાંધીને ઊભી રહે છે. તે પાણી ભરશે, દળણાં દળશે, મજુરી કરશે અને છોકરાંઓને મોટાં કરશે. તે હિંમત હારતી નથી. પરંતુ પત્ની મરી જતાં ધણી બાપડો થઈ જાય–તે છોકરાંઓને સાચવી શકતો નથી; પોતે બાપડો બને છે અને છોકરાંઓને બાપડા બનાવી મૂકે છે. જેની બા જીવતી છે તે બાપડો નથી.

શંકરાચાર્ય ઉપર જગદંબાની સીધી (direct) નજર છે. આપણા ઉપર પણ જગદંબાની નજર છે પણ તે આપણે આડકતરી રીતે (indirect) જોવી પડે. મધુર સંસ્મરણોનું આલ્બમ રોજ ખોલો અને બાને યાદ કરો. રોજ ન બને તો અઠવાડિયામાં એક વખત તે આલ્બમ જરૂર ખોલો. આના લીધે ભકિત દૃઢ થશે. આઠ દિવસે ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને તો પંદર દિવસે એક વખત શાંતિથી બેસો અને આલ્બમ ખોલો. અગવડમાં ભગવાન જ દોડતા આવે, નહિ તો બીજું કોણ આવે? તે વખતે ચિત્ત એકાગ્ર (concentration) ન કરો, ભકિત ન કરો પરંતુ આ સંસ્મરણો તાજાં કરો. આવી રીતે અર્ધો કલાક બેસશો તો ભકિતભાવ વધશે.

આપણને ભગવાનની નજર લાગે પણ ઘેરે ગયા રે ગયા તો પત્ની, છોકરા બધા ભગવાનની નજર ઉતારી નાખે. શ્રાવણ માસમાં આપણો ભકિતભાવ વધે, આપણી ભકિતને ભરતી આવે, પરંતુ ત્યાર બાદ આપણી ઘરવાળી અને છોકરાઓ ભકિતમાં ઓટ લાવી દે.

શંકરાચાર્ય કહે છે કે બા! મારૂં જે ઇષ્ટ છે તે મને તું હમણાં ને હમણાં આપ. જો તું મને મારૂં ઇષ્ટ નહિ આપે તો બીજી લતાઓમાં અને તારામાં ફરક શું? તું તો કલ્પલતિકા છે.

હું તારે શરણે આવ્યો છું, હું અગતિક થઇને નહિ પણ તારો થઇને તારે શરણે આવ્યો છું. બા! તું મારી ભકિત મક્કમ કર મને તારી નજર લાગવા દે જેથી મારી ભકિત પરિપૂર્ણ દૃઢ થાય.

ભગવાન! તું મારા તરફ સતત જોતો રહ્યો તેનો મને વિશ્વાસ છે–એવી જ રીતે હું પણ તારા તરફ સતત જોતો રહ્યો છું તેનો પણ તમને વિશ્વાસ હોવો જોઇએ. મારો તમારા તરફ વિશ્વાસ અને તમારો મારા ઉપર વિશ્વાસ–તો જ સગપણ થાય; અને આ વિશ્વાસને महान्तं विश्वासं કહેવાય. આ महान्तं विश्वासं નું પ્રકરણ ૧૧ મા શ્લોકથી શરૂ થાય છે તે જોઇશું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

## श्लोक ११

महान्तं विश्वासं तव चरणपङ्केरुहयुगे
निधायान्यन्नैवाश्रितमिह मया दैवतमुमे।
तथापि त्वच्चेतो यदि मयि न जायेत सदयं
निरालम्बो लम्बोदरजननि कं यामि शरणम्॥११॥

**शब्दार्थः**—હે લમ્બોદર ગણેશને જન્મ આપવાવાળી ઉમા! મેં તારા ચરણારવિંદમાં મહાન વિશ્વાસ રાખીને બીજા કોઇ દેવતાઓનો આશ્રય લીધો નથી; તથાપિ જો તારૂં ચિત્ત મારા ઉપર દયાપૂર્ણ ન થાય તો હવે હું કોને શરણે જાઉ? (અર્થાત્ હું તારે શરણે જ આવ્યો છું, બીજું કોઇ મારૂં શરણુ નથી.)

હે ઉમે! કહીને શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય જગદંબાને હાંક મારે છે. તેઓ કહે છે કે, હે બા! તારા ચરણકમળ ઉપર મારો મહાન વિશ્વાસ છે તેથી બીજા કોઇ દેવતાનો મેં આશ્રય લીધો નથી. તારૂં દયાપૂર્ણ હૃદય મારા માટે ન રહે તો હે ગણપતીની મા! આધાર વગરનો હું કોને શરણે જાઉં? નિરાધાર થયેલા મને જો તું છોડી દે તો હું કોની પાસે જાઉં?

उमा એટલે ભગવાન શિવજીના પત્ની. ઉમા એટલે તેજ, અને ઉમા એટલે શાંતતા. શાંતતા અને તેજસ્વિતા એકસમયાવચ્છેદે એક જ શરીરમાં રહે એ કઠણુ છે. અમને કેવળ શાંત ભગવાન કે જે કંઇ કરતો નથી તેવો શોભાનો ગાંઠિયો જોઇતો નથી. જે હાલતો જ નથી તે અમને જોઇતો નથી. અમને શાંતરૂપ અને તેજરૂપ ભગવાન જોઇએ. તેથી જ કહ્યું છે કે नमः शान्ताय तेजसे।

બા! તું ઉમા છે. તારા ચરણકમળ ઉપર મહાન વિશ્વાસ રાખીને બીજા કોઇના ઉપર મેં વિશ્વાસ રાખ્યો નથી. કોઇનો આશ્રય લેવાનો જ હોય તો જગદંબાનો આશ્રય લો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જગતમાં બધા આપણને પજવે છે. કોઇ દુઃખથી મારે છે અને કોઇ સુખથી મારે છે; તો આશ્રય કોનો લેવાનો? આપણે બા ઉપર જ વિશ્વાસ રાખીએ. નાના બચ્ચાને કોઇ પજવે તો તે તરત કહે કે, 'મારી બાને આવવા દો.' તેનું કારણ બચ્ચાને બા ઉપર જબરો વિશ્વાસ છે.

આપણે પ્રત્યેક વસ્તુ માટે રડીએ છીએ. પ્રત્યેક વખતે અશ્રુ ખરાબ જ છે એવું નથી. અશ્રુને પણ કિંમત છે. જીવનમાં ભાવનાનાં આંસુની કિંમત છે. દૂબળા, નબળા, ક્ષુદ્ર અને સ્વાર્થી આંસુને કિંમત નથી. તપોવનમાં બારબાર વર્ષ ગુરૂજીના પગ પાસે પ્રેમથી અને ભાવનાથી બેસીને ભણીને તૈયાર થયેલો છોકરો જ્યારે કુલપતિની વિદાય લે ત્યારે કુલપતિ જે પ્રેમથી અને હૃદયથી આંખમાં આંસુ લાવીને કહે કે, 'જીવનમાં આવી રીતેનો રહેજે. એવું જીવન જીવજે કે, 'તું કયા તપોવનમાંથી આવ્યો?' એવો પ્રશ્ન સમાજ પૂછે. તું તપોવનનું નામ ઉજ્જવળ કર' અને જતાં જતાં તે કહે કે, 'મેં તને ઘણી વખત કડવું કહ્યું હશે તે બધું ભૂલી જા.' આવી રીતે આંખમાં આંસુ લાવીને ગુરૂએ કહ્યું હશે તે ગુરૂનાં આંસુ ભાવનાત્મક છે. આ કંઇ વિધવાનાં નબળા અને સ્વાર્થી આંસુ નથી. આમ આંસુઆંસુમાં ફરક છે.

પ્રત્યેકને ભાવનાત્મક આંસુ આવે એ સંભવિત નથી. દૂબળા, નબળા આંસુ પણ કોઈની પાસે પાડવાના હશે તો જગદીશના પગ પાસે પાડો. આંસુમાં જબરદસ્ત શકિત છે.

આ જીવ દૂબળો છે, પાપી છે. આ જીવને અપરાધી માણસની માફક લજ્જિત થઇને ભગવાન પાસે ઊભા રહેવાનું હશે ત્યારે આખરી સામર્થ્ય તેના કર્મમાં નહિ, બુદ્ધિમાં નહિ, જ્ઞાનમાં નહિ, પણ તેના આંસુમાં છે. સંગ્રામમાં લોહીથી ભરેલી, દુઃખથી મેલી થયેલી, મ્લાન વદને આખી માનવજાત ભગવાન પાસે ઊભી હશે ત્યારે માનવતાના બે આંસુ જોઇને ભગવાન કહેશે કે, 'જા બેટા! તને માફ છે.' ભગવાન માનવતાનાં બે આંસુ જોઈને ક્ષમા કરવાના છે.

ભગવતી માનવતાને આશ્વાસન આપવાવાળી છે. માનવતાનાં આંસુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાનાં છે. માનવતાનાં બે આંસુ આંખમાં આવશે તો ભગવાન કહેશે કે 'જા, જા, દીકરા, તને માફ છે; ફરી ધ્યાન રાખજે.' માનવી જીવનમાં ભાવના વધવી જોઈએ; તે માટે એક જ રસ્તો, અને તે એટલે स्वाध्यायप्रवचनाभ्याम् न प्रमदितव्यम्। – આના સિવાય બીજો કોઈ ઉપાય નથી.

'બા! મને તારો જ આશ્રય છે; બીજા કોઈનો નહિ. કારણ બા! તું સમર્થ છે–શક્તિશાળી છે.' શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય ભગવતી પાસે દયાપૂર્ણ નજર માગે છે. જે શંકરાચાર્ય 'દયા' શબ્દથી ગભરાઈ જાય છે તે 'દયા' માગે છે. તે કહે છે કે, 'ભગવાન! તું સમર્થ છે તેથી તારી પાસે દયા માગું છું.' કર્મના નિયમો એટલા જબરદસ્ત છે કે તેનાથી હું બંધિત છું; તેથી તારી પાસેથી દયા માગું છું. જગતમાં 'લોકશાહી' નો પવન વાય છે, પરંતુ તારી પાસે કુલ સત્તા છે.'

જગતમાં ભગવાનનું રાજ્ય છે. ભગવાન कर्तुम्–अकर्तुम् अन्यथा कर्तुम् સમર્થ છે. સમર્થ વ્યક્તિ આત્મીય નજરથી જુએ આ ઇચ્છા છે. બા! તું સમથ અને તારા અંતઃકરણમાં મારા માટે આત્મીય સંબંધ ન હોય તો બધું નકામું. ભગવાનને જે આત્મીય લાગે તે જ ખરો આત્મીય.

ભગવાન કોને આત્મીય કહે છે તેનું વર્ણન ભગવાન કરતા નથી; તો આત્મીય થવાનો રસ્તો કયો? આત્મીય થવાનો રસ્તો ખબર ન હોય તો માણસ આત્મીય કેવી રીતે થઈ શકે? માણસમાં કેટલા અને કયા કયા ગુણો આવે તો ભગવાન તેને આત્મીય કહે તે ભગવાન કહેતા નથી; તો પછી માણસ આત્મીય કેમ થઈ શકે? કયા ગુણો લાવીને બા! હું તારો આત્મીય થઈ શકું? તે જો ખબર પડે તો તે ગુણો લાવવા હું પ્રયત્ન કરૂં; પરંતુ તું તે કહેતી નથી.

જે તારા આત્મીય થઈ ગયા હોય તેમની વાણી જ બંધ થઈ ગઈ હોય છે. તેથી તેઓ પણ આત્મીય થવા માટે કયા ગુણો જોઈએ તે કહેતા નથી, અને તું પણ આત્મીય કોણ થઈ શકે તે કહેતી નથી, તો પછી હું તારો આત્મીય થઈ કેવી રીતે શકું?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સ્તોત્રમાં શંકરાચાર્ય ભગવાનને ભગવતી કહીને હાંક મારે છે તે ભગવાનમાં રહેલા સ્ત્રીત્વના ગુણોને ઉદ્દેશીને છે. ભગવાનને શંકરાચાર્ય 'મા' કહીને હાંક મારે છે; એનું કારણ ભગવાનના માતૃત્વ ઉપર વિશ્વાસ છે. અહીં ભગવાનને 'મા' કહીને હાંક મારી છે તેનો અર્થ એ નથી કે ભગવાન સ્ત્રી છે. ભગવાન સ્ત્રી પણ નથી અને પુરૂષ પણ નથી. न स्त्री पुमान् ભગવાનનું એવું વર્ણન શ્રુતિઓ કરે છે. ભગવાનમાં રહેલા સ્ત્રીત્વના ગુણોને ઉદ્દેશીને તેઓ 'મા' કહીને હાંક મારે છે.

સમર્થ માણસ પાસે બે દૃષ્ટિ હોય; એક આત્મીય દૃષ્ટિ અને બીજી દયાપૂર્ણ દૃષ્ટિ. ત્રીજી એક દૃષ્ટિ છે, તે સત્યાનાશ કરવાવાળી દૃષ્ટિ–પ્રલયકારી દૃષ્ટિ. શંકરાચાર્ય કહે છે કે, 'ભગવતી! તારી પ્રલયકારી દૃષ્ટિ મારા તરફ ન જ હોય તેની મને ખાત્રી છે; આનું કારણ જે ભગવાન સાથે બોલી શકે તેના પ્રત્યે ભગવાનની સત્યાનાશની દૃષ્ટિ હોય જ નહિ.

ભગવાન સાથે કોણ બોલી શકે? દક્ષિણ દેશના સંત નામદેવ ભગવાન સાથે લડે. તે કહે કે, બા! તું પતિતપાવન છે એમ દાદીબાએ કહ્યું, ભક્તોએ કહ્યું, પંડિતોએ અને શાસ્ત્રકારોએ પણ કહ્યું તેથી હું પતિત તારી પાસે આવ્યો. પણ બા! તું પતિતપાવન નથી તેથી હું પાછો જાઉં છું. જો તું પતિતપાવન હોય તો તારી પાસે આવ્યા પછી હું પતિત કેમ રહ્યો? તેથી હું પાછો જાઉં છું. તને જેણે પતિતપાવનની ઉપમા આપી છે તેણે સ્વાર્થથી આપી હોય એમ લાગે છે. કેટલાક તને 'ઉદારોના રાણા' એમ કહે છે, પણ ખરી વાત કહું, 'તને આપ્યા વગર તેં કોઈને એમ ને એમ કંઈ આપ્યું છે? તું કેવો ઉદાર છે તે મને ખબર છે. તું પહેલાં લે છે અને પછી આપે છે. આ જ તારૂં ઔદાર્ય? આમ હોય તો તો ધોબી પણ ઉદાર કહેવાય, કારણ તે મેલાં કપડાં લઈ જાય છે અને ધોઈને આપી જાય છે; પરંતુ તું તો પહેલાં લે છે અને પછી આપે છે. તું કંજુસ છે, તારે બારણે કોણ આવે? હું તો પાછો જાઉં છું અને આખા જગતમાં તારા આવા ઔદાર્યનો ઢંઢેરો પીટાવીશ. હું હવે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારે બારણે નહિ આવું.' આમ દક્ષિણ દેશના સંત નામદેવ ભગવાન જોડે લડે છે; છગનલાલ–મગનલાલ લડી ન શકે. છગન–મગન ભગવાનની જોડે બોલી ન શકે, તો લડે કયાંથી?

શંકરાચાર્ય કહે છે કે 'ભગવાન, તારો આશ્રય મેં લીધો છે–બીજા કોઈ દેવતાનો મેં વિચાર કર્યો નથી. તો ભગવતી! જો તું મારા પ્રત્યે દયાની દૃષ્ટિથી ન જોશે તો કોણ જોશે?' જેના આશ્રયે, જેના હાથ પકડીને આપણે ઊભા રહીએ તે જો હાથ પહોળા કરી નાખે તો આપણી શું દયા થાય? શંકરાચાર્ય ખરેખર નિરાલંબ (આલંબન વગરના) છે. એમને કોઈનો આશ્રય નથી. શંકરાચાર્ય જ્ઞાનીભકત છે, જ્ઞાનીભકતને આશ્રય નહિ.

શંકરાચાર્ય ભગવતીને लम्बोदरजननि કહીને હાંક મારે છે તેમાં અર્થ છે. लम्बोदर એટલે ગણપતિ–તત્ત્વવેત્તા. ભગવતી! તું તત્ત્વવેત્તા ગણપતિની મા છે. શંકરાચાર્ય તત્ત્વવેત્તા ને 'મા' 'મા' કહીને હાંક મારે છે; ગમે તેની માને નહિ. આપણે તો ગમે તેને 'માજી' કહીને હાંક મારીએ. શંકરાચાર્યને ગણપતિની માનો આશ્રય જોઈએ, કારણ તેમને છત્રી જોઈએ છે.

છત્રીની કિંમત ઓછી છે પણ તે છાયા આપે છે; તપતા રહેલા શકિતશાળી સૂર્યથી તે બચાવે છે. ફોકટલાલ વાણીથી કોઈ સાથે સંબંધ બગાડે નહિ. તે વિચાર કરે કે, આજે ભલે એણે મને ગાળ આપી પણ આપણે બગાડવું નથી, કાલે આપણને ખપમાં આવશે. તેથી તે 'માજી'–'માજી' કહે પણ તે સ્વાર્થી છે.

શંકરાચાર્ય કોઈ સ્વાર્થથી ગણપતિની માને 'મા' તરીકે હાંક નથી મારતા; તત્ત્વવેત્તાની માને 'મા' કહીને હાંક મારે છે તેમાં અર્થ છે. ગણપતિ પાસે શ્રધ્ધા પૂરી છે, અને મેધા–બુદ્ધિ તૂટેલી છે. ગણપતિનું પેટ મોટું છે, પગ નાના છે; તેનું કારણ ગણપતિ બુદ્ધિના દેવતા છે. જેનું ભેજું ચાલે તેના પગ ન ચાલે–આવું સૂચન તેમાં છે. ગણપતિનું માથું હાથીનું છે. હાથી ઉદાર હોય. હાથી ખાય ત્યારે પહેલાં બધું 'ફુ' કરીને ઉડાડે, જેનાથી હજારો કીડીઓને ખાવાનું મળે. હાથી એકલો ખાતો નથી. લક્ષ્મીનું વાહન હાથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જેના ઘરમાં લક્ષ્મીનું વાહન હાથી હોય તે જ લક્ષ્મીવાન છે. જેના ઘરમાં લક્ષ્મીનું વાહન કૂતરો કાં તો ગધેડો હોય તે લક્ષ્મીવાન નહિ. આનો અર્થ એ કે જેની પાસે લક્ષ્મી હોય અને એ જો હાથી જેવો ઉદાર હોય તો તે લક્ષ્મીવાન કહેવાય. પણ જેની પાસે પૈસા છે પણ તેની વૃત્તિ કૂતરા જેવી હોય તો તે લક્ષ્મીવાન ન કહેવાય. છગનલાલના ખભા ઉપરથી લક્ષ્મી દસબાર વર્ષમાં ઉતરી જાય; તેથી તે કહે કે, 'દસકો' આવી ગયો. લક્ષ્મીને વાહન જોઈએ હાથીનું, પણ બધા નીકળે ગધેડા, પછી લક્ષ્મી ત્યાં રહે કેવી રીતે?

રઘુવંશનું એવું વર્ણન છે કે, એ વંશમાંથી લક્ષ્મી નીકળવા તૈયાર નહિ, કારણ રઘુવંશના રાજાઓ હાથી જેવા હતા. તેથી તો કાલીદાસ જેવા કવિએ તે વંશનુ વર્ણન લખવા હાથમાં કલમ ઉપાડી. રઘુવંશ કાવ્યમાં ૧૯ મા સર્ગ સુધી રઘુવંશનું વર્ણન છે. પછી અગ્નિવર્ણ રાજા થાય છે. તે પોતાનો જ ભોગ જોવા લાગ્યો તેથી અગ્નિ-વર્ણનું વર્ણન આવ્યું કે કાલીદાસે કલમ છોડી દીધી. ભગવાને જેને છોડ્યા તેને કાલીદાસે પણ છોડયા. આ ભારતીય પરંપરા છે.

આજના ક્ષત્રિઓ કે જેઓ પોતાને રઘુવંશી કહેવડાવે છે તે બીડી ફૂંકતા બેઠા છે, અને એને કોઇ પૂછે કે "કુરો કરીંએ તો?" (શું કરે છે?) તો કહેશે, "બાંબુ મારીંઆતો" (બાંબુ મારવાનો ધંધો કરૂં છું) તેમના માટે કાલીદાસની કલમ નથી.

મૂળ વાત એ છે કે જેને ત્યાં લક્ષ્મીનું વાહન હાથી છે, જે શુચિ-શ્રીમાન છે, બેંક એકાઉંટ ઘટે કે વધે તેની જેને પરવા નથી, તે જ ખરો ઉદાર છે, લક્ષ્મીવાન છે.

બીજું, ગણપતિનું વાહન ઉંદર છે. ઉંદર ફુ-ફુ કરીને કરડે અને ખાઈ નાખે. આવી રીતે કાળ આયુષ્ય ખાઇ નાખે; તેથી જ માણસ કહે કે, હમણાં હમણાં હું ૧૪ વર્ષનો હતો અને ચાલીસ વર્ષનો થઇ ગયો! આનું કારણ કાળ ફૂંક મારીને આયુષ્ય ખાઇ નાખે તેની ખબર પણ ન પડે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શંકરાચાર્ય જેવી દયાજનક સ્થિતિ (Pitiful condition) કોઇની નહિ–એમને કોઇનો આશ્રય નહિ તેથી તે ભગવાનનો આશ્રય માગે છે.

છોકરો બાપનો હાથ પકડીને પાણીમાં તરતો હોય તેને બાપ કહે કે, 'હવે હાથ છોડી દે, હું છું ને! તું ડર નહિ.' આ સાંભળીને છોકરો બાપનો હાથ છોડીને એકલો તરે; કારણ બાપ ઊભો છે તેનો ટેકો છે. આવી રીતે આપણને સત્કર્મ અને દુષ્કર્મનો ટેકો છે તે આપણને જીવાડે. પાપ અને પુણ્ય આપણને જીવાડે, કાં તો કર્મ આપણને જીવાડે. આપણને તેનો ટેકો છે. શંકરાચાર્યને પાપ–પુણ્ય નહિ, અને કર્મનો ટેકો પણ નહિ. આનો અર્થ એમણે કર્મ નહોતું કર્યું એમ નહિ, એમની પાસે કર્મનું ઘણું ભાથું હતું; પરંતુ તે નામ વગરનું હતું. આ નામ વગરનું કર્મનું પોટલું શંકરાચાર્ય પોતાની પાસે રાખે નહિ, તેથી તે ભગવાન પાસે જાય, કારણ જેનો કોઈ માલિક નહિ તેનો માલિક રાજા. તેવી રીતે જે કર્મનો માલિક નહિ તે કર્મ ભગવાન–કે જે આ સૃષ્ટિના રાજા છે–તેમની પાસે જાય. આમ શંકરાચાર્યને કર્મનો ટેકો નહિ તેવી જ રીતે તેમને ભકિતનો પણ ટેકો નહિ.

મા અને દીકરો બે જણ રસ્તામાંથી જતા હોય ત્યારે જોવા જેવું હોય. દીકરો રીસાઇ જાય તો મા એને કાલાવાલા કરે અને કહે, 'દીકરા! તું આવું ન કર, હું તને રમકડું આપીશ.' આવી રીતે જ્ઞાની-ભકતને ભગવાન કાલાવાલા કરે કે, 'આ કર્મ તારૂં છે તે લઇ લે–ના ન પાડ.' પણ તે જ્ઞાનીભકત લે જ નહિ.

કોઇ કહેશે કે, 'ઠીક છે–શંકરાચાર્યને કર્મનો કાં તો ભકિતનો ટેકો નહિ, પણ જ્ઞાનનો ટેકો તો ખરો જ ને?' ના, ના, જ્ઞાનને પણ તે ફેંકી દે. આ સ્થિતિ પર પહોંચ્યા પછી શાબ્દિક જ્ઞાનની કિંમત નહિ, આ સ્થિતિ પર પહોંચ્યા પછી જ્ઞાનનો ટેકો પણ નહિ. અને આવા નિરાધાર થયા સિવાય 'મા' જગદંબા આવશે પણ નહિ. શંકરાચાર્ય ટોચના નિરાધાર છે. એમની પાસે કર્મ નહિ, ભકિત નહિ અને જ્ઞાનનો ટેકો પણ નહિ. 'હું છું' આવું જ્ઞાન પણ નહિ. આ સ્થિતિ આવે તે જ

For Private and Personal Use Only

નિરાધાર સ્થિતિ છે. આપણે આવા નિરાધાર થઇશું તે દિવસે જ તે જગદાધાર આપણી પાસે આવશે. આપણને તો કર્મનો ટેકો છે, તેથી જગદંબાના આધારની જરૂર નથી લાગતી. આપણા જીવનમાં ભકિતનો પણ પત્તો નથી. ઘરડી મરી જાય ત્યારે તેને આનંદ અને સમાધાન હોય, કારણ એને લાગે કે મેં કંઇક કર્યું છે. મેં એકટાણા કર્યા હતા, ભગવાનની સેવાપૂજા કરી હતી, અને એકાદશીના અપવાસ પણ કર્યા હતા. ઘરડીને ટેકો છે તેથી સમાધાન છે. પણ તત્ત્વવેત્તાઓને કર્મનો ટેકો નહિ, ભકિતનો ટેકો નહિ, અને જ્ઞાનનો પણ ટેકો નહિ. જે દિવસે આવા નિરાધાર થયા તે દિવસે મુકત થયા એમ સમજો.

નિરાધાર–निरालम्ब શબ્દ ટોચનો શબ્દ છે અને તેથી તો महान्तम् विश्वासं શબ્દ વાપર્યો છે.

શંકરાચાર્ય એકલા બેઠા છે–'મા' ની પાસે બેઠા છે, તેમને આનંદ છે. શ્રાવણ માસમાં આકાશમાં વાદળિયાં હોય, દરિયાની પાળ ઉપર બેઠા હોઇએ અને દરિયાના ઉછળતા મોજાં જોતા બેઠા હોઇએ તેમાં કોઇ અનેરો આનંદ છે.

શંકરાચાર્યને મોટો વિશ્વાસ છે. વિશ્વાસ સોળ આનાનો–સો ટકાનો હોય તો જ વિશ્વાસ કહેવાય; ૮૦ ટકાનો વિશ્વાસ હોય તેને વિશ્વાસ કેમ કહેવાય? વિશ્વાસ નાનો કે મોટો હોઇ ન શકે. વિશ્વાસ તો પૂરો સો ટકાનો જ હોઇ શકે. તો પછી શંકરાચાર્યે અહીં महान्तम् (મોટો) શબ્દ કેમ વાપર્યો છે? વ્યવહારમાં આપણે આવો શબ્દ 'ઘણું કરીને' (most probably) વાપરીએ; પણ શંકરાચાર્ય શા માટે 'महान्तम्' શબ્દ વાપરે છે? શંકરાચાર્ય કહે છે, 'મા! તારા ઉપર વિશ્વાસ રાખ્યો છે; કારણ તું જ મહાન બનાવવાવાળી છે–તું જ મહાન બનાવી શકે. શેઠશ્રી મોટો નહિ, કારણ શેઠશ્રીની મોટાઇ એ સાપેક્ષ મોટાઇ છે. શેઠશ્રીને તો દુનિયા મોટો કહે તો એ મોટો. એ જંગલમાં જાય તો મોટો નથી, પરંતુ શંકરાચાર્ય જંગલમાં જાય તો ત્યાં પણ મોટા. તેમની મોટાઇ સાપેક્ષ નથી.

ધનવાળા લોકો સાપેક્ષ મોટા છે. જો બીજા લોકો એમને મોટા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન કહે તો એ મોટા નહિ. તુકારામને એક વખત લોકો પગે લાગતા હતા, અને થોડા વખત પછી તેમને તિરસ્કારવા લાગ્યા. ત્યારે એમણે ભગવાનને કહ્યું કે, 'तुका झाला सांडा विटंबिती पोरे रांडा–घडे एकांताचा वास–ભગવાન! તું અને હું બે જ રહ્યા, બાકી બધા છોડી ગયા. બહુ સારૂં થયું, હવે આપણે બન્ને નિરાંતે વાતો કરીશું!' લોકો ન માને તો પણ એ મોટા જ છે.

વિદ્વાનો મોટા ખરા, પણ એમને પણ કંઇ ને કંઈ અછત હોય. તેથી ધનિક થવું, વિદ્વાન થવું એનો અર્થ 'મોટા' થયા એમ નહિ–હું સૌંદર્યને લીધે, અધિકારને લીધે, વિદ્વત્તાને લીધે, કાં તો ધનને લીધે મોટો, પણ કોઈને લીધે 'મોટો' આ મોટાઇ નથી; 'હું મોટો જ છું' આ ખરી મોટાઇ છે. આ જ આત્મજ્ઞાનની, પૂર્ણતાની મોટાઇ છે, કાં તો 'तत्त्वमसि' ની મોટાઇ છે. મારી પાસે કંઈ ન હોય તો પણ મોટો જ છું, વૈભવવાન છું. મારી પાસે બુદ્ધિ નથી, વિત્ત નથી તે છતાં યે હું મોટો. મારી પાસે સત્કર્મ છે તેથી હું 'મોટો,' ગુણો છે તેથી હું 'મોટો,' કાં તો વિદ્યા છે તેથી હું 'મોટો' આમ નહિ, પણ હું 'સ્વયં' મોટો છું– આ જ ખરી મોટાઇ છે. મારૂં મહત્ત્વ વધારવા માટે વિત્ત, ગુણો, વિદ્વત્તા નહિ–પરંતુ ગુણોને, વિદ્યાને અને વિત્તને પોતાનું મહત્ત્વ વધારવું હોય તો મારી પાસે આવે–એમ શંકરાચાર્ય કહે છે.

'महान्त विश्वास'' નો અર્થ જો સમજો તો જ निरालम्ब નો અર્થ સમજાય. તત્ત્વવેત્તાઓ મહાન થવા લાગે તો બધું છોડે. તેમને કર્મનો ટેકો નહિ, તેમની પાસે ભક્તિને સ્થાન નહિ (કારણ હું ભક્તિ કરી જ શકતો નથી.) અને જ્ઞાન મારૂં નથી–આ સમજણ આવે, બોધ થાય ત્યારે જ એ નિરાધાર બને અને તરત જ જગદાધારનો હાથ એને મળે. એમને કોઈનો જ આધાર નહિ. નિરાધારપણું એ તત્ત્વવેત્તાઓનું (દૈવી) પાંગળાપણું છે. ફરીફરીને કહું કે, આપણે પણ કહીએ કે અમે નિરાધાર છીએ; પણ અહીં 'નિરાધાર' શબ્દ બાપડાપણાના અર્થમાં નથી. તત્ત્વવેત્તાઓને ટોચની સ્થિતિ ઉપર આ 'નિરાધારપણું' આવી જાય છે પરંતુ આ 'બાપડાપણું' દૈવી (Divine) છે.

શંકરાચાર્ય ખરા દીન થયા છે, બાપડા થયા છે. તેમને કર્મ નથી, ભક્તિ નથી અને જ્ઞાન પણ નથી–તે આવા નિરાધાર થયા છે; તેને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોણુ શરણુ આપે? કોનામાં એ શકિત છે? એમને ગીતાથી સમાધાન નહિ, એમને શબ્દની કિંમત નહિ, તે મરી ગયેલું મડદું છે. તેમને ગીતાથી સમાધાન નહિ—એમને ગીતાને ગાનાર ઉપાડે તો જ શાંતિ મળે, સમાધાન મળે.

શંકરાચાર્યે 'નિરાધાર' 'निरालम्बः' શબ્દ વાપર્યો છે, તેના જેવો સુંદર બીજો શબ્દ નહિ. જીવનમાં એક જ વાર આવી સ્થિતિ આવે; અને જે દિવસે આ સ્થિતિ આવે તે દિવસે તે મુકત.

આપણુને પ્રત્યેકને ટેકો છે. કરોડ–કરોડ જન્મારે એકાદ વ્યકિત જ નિરાધાર થાય; અને એ વ્યકિત જ મુકત છે. તમને કોઇ પૂછે કે, આજે શાસ્ત્રીજીએ શું કહ્યું? તો કહો કે 'નિરાધાર થાવ' એમ કહ્યું.

છેલ્લી ઘડીએ પણુ 'બાપડો' થવું જોઇએ કે? આ પ્રશ્ન વિચારવા જેવો છે. કોઇ વખત એનો વિચાર કરીશું. ભગવાન તો હાથ લાંબા કરે; પણુ આપણે તો ખુરશીનો ટેકો છોડતા જ નથી.

કોઇ પૂછશેઃ ભગવાન કૃપાસાધ્ય છે કે સાધનસાધ્ય? છેલ્લી ટોચ ઉપર પહોંચ્યા પછી ભગવાન કૃપાસાધ્ય છે, નહિ તો કોઇ પણુ ઘરડી કહે જ છે કે, ભગવાન કૃપાસાધ્ય છે. શંકરાચાર્ય માટે 'નિરાધાર' निरालम्ब શબ્દ વંદનીય છે, પૂજનીય છે. આ 'निरालम्बत्व' નિરાધારપણું, વાસના રાખવા જેવો, ઇચ્છા રાખવા જેવો શબ્દ છે.

આ તત્ત્વવેત્તાનું નિરાધારત્વ છે; પણુ છગનલાલ તેની ઇચ્છા રાખે તે પણુ શ્રેષ્ઠ છે. આ નિરાધારત્વ જુદા પ્રકારનું છે, તેને નમસ્કાર કરીએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

## श्लोक-१२-१३

अयः स्पर्शे लग्नं सपदि लभते हेमपदवीं।
यथारथ्यापाथः शुचि भवति गङ्गौघमिलितम्॥
तथा तत्तत्पापैरतिमलिनमन्तर्मम यदि।
त्वयि प्रेम्णासक्तं कथमिव न जायेत विमलम्॥१२॥

त्वदन्यस्मादिच्छाविषयफललाभे न नियम-
स्त्वमर्थानामिच्छाधिकमपि समर्था वितरणे।
इति प्राहुः प्राञ्चः कमलभवनाद्यास्त्वयि मन-
स्त्वदासक्तं नक्तं दिवमुचितमीशानि कुरु तत्॥१३॥

**शब्दार्थ**:-જે પ્રમાણે લોઢું પારસમણિને સ્પર્શ થતાં તત્કાલ સોનું બને છે, અને ગટરનું પાણી ગંગાજીમાં ભળી જઇને પવિત્ર થઈ જાય છે; તેવી જ રીતે ભિન્નભિન્ન પાપોથી મલિન થયેલું મારૂં અંતઃકરણ જે પ્રેમપૂર્વક તારામાં આસક્ત થઈ જાય તો તે નિર્મલ કેમ ન થાય? (૧૨)

હે ઇશાની! અન્ય કોઈ દેવતાઓથી મનોવાંચ્છિત ફલ પ્રાપ્ત થઇ જ જાય આવો નિયમ નથી; પરંતુ તું તો મનુષ્યોને તેમની ઇચ્છાથી અધિક ફળ આપવામાં સમર્થ છે. આમ બ્રાહ્માદિ પ્રાચિન પુરુષો કહે છે, તેથી હવે મારૂં મન રાત-દિવસ તારામાં જ લાગી રહે છે; હવે જે ઉચિત લાગે તે કર. (૧૩)

ગયા શ્લોકમાં શંકરાચાર્યે મહાન થવા માટે જે અગવડ આવે છે તે સમજાવ્યું, ટોચ ઉપર ગયા પછી નિરાધારત્વ આવે છે તે સમજાવ્યું. આજના શ્લોકમાં બે બહુ જ સુંદર દૃષ્ટાંતો આપે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે શંકરાચાર્ય સામાન્ય માનવની ભૂમિકા લઈને કહે છે કે, લોઢાનો પારસમણિ જોડે સંબંધ આવે તો તે સોનું થાય છે. આ જગતને માન્ય આવી રીતની વાત છે. તેવી જ રીતે બીજું એક દૃષ્ટાંત આપીને કહે છે કે રસ્તા ઉપરનું ગટરનું પાણી જ્યારે ગંગાના ઓઘમાં ભળી જાય ત્યારે તે જ ક્ષણે તે શુચિ થાય છે. આવી જ રીતે તત્ તત્ એટલે જુદી જુદી જાતોના પાપોના લીધે મારૂં અંતઃકરણ મલિન થયું છે; પણ તારા પ્રેમમાં હું આસક્ત થઈ ગયા પછી તે સ્વચ્છ, શુદ્ધ એટલું જ નહિ, તે પવિત્ર કેમ ન થશે? અબોટિયામાં પવિત્રતા છે. લોન્ડ્રીમાં ધોયેલાં કપડાં સ્વચ્છ હશે, પણ તે પવિત્ર નહિ; પરંતુ માનું વસ્ત્ર કદાચ તેટલું સ્વચ્છ ન હશે, થોડું મેલું હશે તો પણ તે પવિત્ર. માનું વસ્ત્ર સ્વચ્છ–સારૂં છે કે નહિ આ સવાલ નથી પણ તે પવિત્ર છે. માના વસ્ત્રમાં ત્યાગનું દર્શન છે; માના વસ્ત્રની પછવાડે તપ છે. આવી રીતે કેટલાક જીવનો સ્વચ્છ દેખાય પણ તે પવિત્ર ન હોય. શંકરાચાર્ય કહે છે કે એક વખત હું તારા પ્રેમના ઓઘમાં આવી ગયો તો મારા જીવનમાં પવિત્રતા કેમ ન આવે?

સામાન્ય માણસ કહે કે, 'હું પાપી છું.' તેમાં શંકા જ નથી; પણ બા! તું મારી ઢાલ છે. જો તું મારી ઢાલ છે તો હું શા માટે બાપડો થાઉં? અને શા માટે રડું? એક વખત વાત ચાલતી હતી ત્યારે બહેનોએ મને સંભળાવ્યું કે, જેની બા છે તે બાપડો ન થાય. બા મરી જાય તો બાપ છોકરાને સંભાળી શકતો નથી, પરંતુ બાપ મરી જાય તો બા છેડો બાંધીને ઊભી રહે છે અને ગમે તેટલી મૂશ્કેલીઓ આવે તો સામનો કરે છે. આવી રીતે 'તું–મારી બા' જ્યાં સુધી ઊભી છે ત્યાં સુધી તું મારી ઢાલ છે તેથી હું પાપથી ડરતો નથી અને મને રડવાનું કારણ નહિ–કારણ તું સમર્થ છે.

છોકરો ઘરમાં દડાથી રમતો હોય અને દડો અરીસાને વાગે અને અરીસો તૂટી જાય; રાતે બાપા ઘેરે આવે ત્યારે પુછે કે, અરીસો કોણે તોડ્યો? તો બા પહેલું કહી નાખે કે 'મેં તોડ્યો.' પછી કહે કે, 'મેં છોકરાને દડો નાખવા કહ્યું–તેથી તેણે દડો નાખ્યો અને દડો આડો જતાં અરીસો તૂટી ગયો.' આમ બા છોકરાની ઢાલ છે, તેથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાપા તેને વઢે નહિ. બા કરતાં આગળ જઈને જગદંબા તો મદીય માલિન્ય ધુવાવયાતે–મારા પાપોને ધોવા સમર્થ છે. બા ઢાલ થઈને ઊભી છે ત્યાં સુધી બાપડા થવાનું કારણ નહિ.

પારસના સ્પર્શથી લોઢાનું જીવન બદલાઈ જાય, ગંગામાં ભળી જવાથી ગટરનું પાણી પવિત્ર થાય, તેમ બા! તારા પ્રેમના ઓઘમાં હું આવી જાઉં તો મારૂં જીવન પવિત્ર થઈ જાય.

હરદ્વારમાં તમે 'હરકી પૌડી' ઉપર જાઓ તો ગલીમાંથી ગટરનું પાણી જતું હોય, તેમાંથી દુર્ગંધ આવતી હોય તેથી લોકો નાક દબાવીને ચાલે પણ થોડા આગળ ચાલે તો તે જ ગટરનું પાણી ગંગામાં ભળી જાય છે; અને લોકો ગંગામાં ભળી ગયેલા ગટરના પાણીનું આચમન પણ લે છે. આ ગટરનું પાણી એક ઇંચ પહેલાં ગટરનું પાણી હતું, પણ જે ક્ષણે તે ગંગામાં ભળી ગયું તે જ ક્ષણે તે પવિત્ર થયું, આટલું જ નહિ તે ગંગા થઈ ગયું. પછી તેમાં નહાવાય, તેનું આચમન પણ લેવાય, આ શાનો ફરક છે? આ ફરક ભળી જવાથી થયો.

આવી રીતે આપણે ભગવાનને કહીએ કે, 'તારી પાસે આવેલો માણસ બહુ ખરાબ છે' તો ભગવાન કહેશે કે, "તેનો વિચાર તું કર નહિ"–કારણ પ્રભુ–પ્રેમથી જે આસક્ત થઇ જાય તે તે જ ક્ષણે વિમલ થઈ જાય. ભગવાન સાથે સંબંધ થતાં જ તે વિમલ થઈ જાય.

મોચીની છોકરી હોય, પણ તેના પર રાજા આસક્ત થાય અને રાજા જોડે તે પરણે. જે ક્ષણે મોચીની છોકરી રાજા જોડે પરણે તે જ ક્ષણે તે રાણી થાય; પછી પ્રધાન તેને સલામ ભરે, કુરનિશાત કરે.

આવી રીતે ભગવાન કહે–'સેનાનાવીને પગે લાગ.' કોઈ કહે કે, "હું બ્રાહ્મણ છું, તો નાવીને પગે કેમ લાગું?" ભગવાન કહે: 'તું બ્રાહ્મણ હોય તો પણ સેનાનાવીને પગે લાગ' અને તેને પગે લાગવું પડે. ગોરા કુંભાર, કુંભાર હતા અને તુકારામ વાણિયો હતો; પણ તેમને બધા નમસ્કાર કરે–આ સ્પર્શનો ચમત્કાર છે. આ શ્લોકમાં સ્પર્શનો ચમત્કાર અને ભળી જવાની દિવ્યતા સમજાવી છે.

જેમને પ્રભુસ્પર્શ થાય, જેમને પ્રભુ પોતાના હાથથી ઊઠાડતા હશે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમનું શરીર કેટલું પુલકિત થતું હશે તેની કલ્પના નહિ આવે. પ્રભુસ્પર્શથી જીવન સોનાનું લાગે. જેને પ્રભુસ્પર્શ થાય તેને સુખ-દુઃખ, સગવડ અગવડ બધું સોનાનું લાગે. પ્રભુસ્પર્શમાં આ ચમત્કાર છે.

ત્રણ પ્રકારના સ્પર્શ છે—ભોગસ્પર્શ, ભાવસ્પર્શ અને પ્રભુસ્પર્શ.

ભોગસ્પર્શમાં ચમત્કાર છે, ભોગસ્પર્શમાં વિશ્વ ભૂલાય છે અને અંગ પુલકિત થાય છે.

ભાવસ્પર્શ તેના કરતાં શ્રેષ્ઠ છે. અંતઃકરણ ભાવથી ભરેલું છે અને પછી સ્પર્શ થાય તો જીવન બદલાઈ જાય. ભાવસ્પર્શ થાય તો અંતર અજવાળે.

ભાવનાથી આપણા તરફ કોઈએ જોયું હશે તો તે જિંદગીમાં ન ભૂલાય. મારા બાપાએ મને ઘણી વખત સ્પર્શ કર્યો હશે; પરંતુ એક વખત મને ૪૮ દિવસનો ટાઇફોઈડ તાવ આવ્યો હતો, તાવ ઉતરતો જ ન હતો અને ડોકટરે એક વખત કહ્યું કે હમણાં તો આશા નથી; ૪૮ કલાક આમ જાય ત્યાર પછી કંઈ કહી શકું, બધા રૂમમાંથી બહાર ચાલ્યા ગયા; પછી હું ને બાપા બે જ જણ હતા. ડોકટરે આશા છોડી ત્યારે બાપાએ મારી પીઠ ઉપરથી હાથ ફેરવ્યો. આંખમાંથી આંસુ સાર્યાં, આંખમાંના આંસુ મારા કપાળે પડ્યાં—બાપાએ મને કહ્યું કે, 'દીકરા હવે આપણો કોણ?' એ સ્પર્શમાં ભાવ હતો. એ પ્રસંગ મને હજી યાદ છે. તેમાં સુવર્ણતા છે, દિવ્યતા છે. આજે પણ મને તે યાદ છે, કારણ તેમાં ભાવ છે. આ ભાવસ્પર્શથી શરીર, જીવન અને ભાવના બદલાઇ જાય; માણસની ક્ષુદ્ર વાસના મરી જાય.

ભોગસ્પર્શ, ભાવસ્પર્શની અનુભૂતિ લેતા હશે તેને ભક્તિસ્પર્શની અનુભૂતિ કદાચ ન મળે; પણ એની કલ્પના તો કરી શકે. આ ત્રણે સ્પર્શથી જીવન બદલાઇ જાય. ભક્તિસ્પર્શથી જીવન બદલાઈ જાય, દિવ્ય બની જાય; માણસના વિચાર, વાસના, ભાવના બધું બદલાઇ જાય—આ ભોગસ્પર્શ, ભાવસ્પર્શ અને ભક્તિસ્પર્શનો ચમત્કાર છે.

આવી જ રીતે ભળી જવામાં દિવ્યતા છે. ગટરનું પાણી પોતાનું સ્વત્વ ભૂલી જઇને ગંગામાં ભળી જાય, તો તેનામાં ભવ્યતા, દિવ્યતા અને પવિત્રતા આવે છે. ગટરનું પાણી ગંગામાં જઇને પણ પોતાનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદો વાડો રાખે તો તે દિવ્ય ન બને. કોઈના જીવનમાં ભળી ગયા હોઈશું તો આ ખબર પડે; કાં તો આપણે કોઈ કાર્યમાં ભળી ગયા હોઈશું તો ખબર પડે કે તેમાં શું આનંદ છે. ભળી જવાવાળાને જ તે ખબર પડે; તેથી કોઈ કાર્યમાં ભળી જવું જોઈએ.

પત્નીને પતિના જીવનમાં ભળી જવામાં શું આનંદ છે તે પુરુષને ખબર ન પડે. પત્ની થયા વગર આ આનંદની ખબર જ ન પડે; તેના માટે સ્ત્રી થવું પડે. કેવળ સ્ત્રી થઈને પણ ન ચાલે, પતિના જીવનમાં ભળી જતાં આવડવું જોઈએ. ભળી જવામાં શું આનંદ આવતો હશે તેની કલ્પના પુરૂષને ન આવે; કારણ પુરૂષ પોતાનો સ્વ ટકાવી રાખે છે.

આ આનંદને માટે હું કોઈ કાર્યમાં ભળી જઈશ. આપણે કોઈ કાર્યમાં ભળતા નથી તે દુઃખની વાત છે. જેમ ગંગા ઉપર જઈને ગંગાનું પાણી લઈ માર્જન કરીએ, તેમ કાર્ય પાસે જઈને આપણે થોડાંઘણાં છાંટાં માથા ઉપર ઉડાડીને માર્જન કરીએ, પણ કાર્યમાં ભળી જતા નથી તેથી તેમાં આનંદ મળતો નથી. જેમ ગંગામાં ભૂસકો મારીને આનંદ મળે, કેવળ માર્જનથી નહિ–તેમ કાર્યમાં પણ ભૂસકો મારીને આનંદ મળે; કેવળ છાંટા ઉડાડીને નહિ. આપણે ભગવતકાર્યમાં છાંટા ઉડાડીએ, પણ તેમાં ભળી જતા નથી તેથી આપણને છાંટા ઉડાડવાવાળાને ભૂસકો મારવાનો આનંદ ખબર ન પડે. આપણે વિચાર કરવો જોઈએ કે પ્રત્યેક કાર્યમાં આપણે ભળી જઈએ છીએ કે નહિ? સ્ત્રીને ભળી જવાનો આનંદ મળી શકે– પછી ભલે તેનો ધણી ફોકટલાલ છે કે જેનામાં ભળીને તે સ્ત્રી દિવ્ય થવાની નથી; પણ તેને ભળી જવાનો આનંદ મળી શકે છે. પુરૂષ આ આનંદથી વંચિત છે. તેથી તું પ્રભુકાર્યમાં ભળી જા; ભક્તિમાં ભળી જા; ભળી જવામાં ઉત્કટતા અને તન્મયતા છે, જે ભળી ગયા વગર ખબર પડતી નથી.

આ શ્લોકમાં સ્પર્શનો ચમત્કાર અને ભળી જવાનો આનંદ કહે છે પણ જીવમાત્રને પ્રભુનો સ્પર્શ થાય છે. કોઈ માણસ પ્રભુ-સ્પર્શ અને પ્રભુસંબંધ વગર હાલી ચાલી શકે? બોલી શકે? પ્રત્યેક જીવને પ્રભુનો સ્પર્શ છે જ; અને પ્રભુસંબંધ પણ છે. જો પ્રત્યેક જીવને પ્રભુસ્પર્શ હોય તો પ્રત્યેક જીવ સોનું કેમ થતો નથી? તમારી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી શું તાકાત છે કે આપણે પ્રભુસ્પર્શ સિવાય બોલી શકીશું, ચાલી શકીશું કે ઊંઘી શકીશું? રાત્રે જ્યારે આપણે સૂઇ ગયા હોઇએ ત્યારે કંઇ હોતું નથી; તે વખતે આપણા બધા બટનો બંધ (off) કોણે કર્યાં? કયું બટન બંધ (off) કરવાનું અને કયું બટન ચાલુ (on) કરવાનું તે આપણને ખબર છે? ઊંઘતી વખતે બધા જ બટનો બંધ કરવાના હોય તો હૃદય અને નાડી કેમ ચાલે? આમ હોવા છતાં આપણે ઊંઘીએ ત્યારે અમુક બટન બંધ થાય છે—તે ચાલુ થતાં જ આપણે જાગીએ છીએ; અને બધા વ્યવહાર શરૂ થાય છે. તમે એનોટોમી (anatomy) અને ફીઝીઓલોજી (physiology) નાં ગ્રંથો વાંચશો તો પણ તમને ઊંઘ એટલે શું તે ખબર પડશે નહિ. આનો અર્થ એ કે જીવમાત્રને પ્રભુસ્પર્શ અને પ્રભુસંબંધ છે તેથી તેના બધા વ્યવહારો ચાલે છે. હવે જો અમને પ્રભુસ્પર્શ અને પ્રભુસંબંધ છે તો અમે કેમ સુવર્ણના થતા નથી?

લોઢું અને પારસ પાસે આવે, સ્પર્શ થાય, પણ એમની વચ્ચે અંતર રહે, એમની વચ્ચે જો પડદો હોય તો લોઢાનું સોનું ન થાય; કારણ વચ્ચે એક વસ્ત્ર છે. વચ્ચે જો કપડું હશે, અંતરાય હશે તો પારસના ધક્કાથી લોઢું ખસશે પણ તેનું સોનું ન થાય. આવીજ રીતે જીવ અને શિવ રોજ ભેટે છે; પણ વચ્ચે કપડું હોય છે તેથી આપણું જીવન સુવર્ણનું થતું નથી. આપણે વિવસ્ત્ર થઇને પ્રભુ પાસે જતા જ નથી. શંકરાચાર્ય કહે: नग्नो निःसंगशुद्धः આવી રીતનો હું તારી પાસે આવતો જ નથી. જીવનું વસ્ત્ર શું? જીવની આત્મજ્યોતિ કયા વસ્ત્રથી બાંધી છે? જીવનું વસ્ત્ર વાસના છે. વાસનાનું વસ્ત્ર છે તેથી જીવનો શિવ જોડે ભેટો જ થતો નથી, તેથી જ રોજ બધા છગનલાલ, ફોકટલાલ ભગવાનના ધક્કાથી સૂએ છે અને ભગવાનના ધક્કાથી ઊઠે છે. પણ તેમનું સોનું થતું નથી.

આપણે વાસના સિવાય ભગવાન પાસે જતા નથી, તેથી વચ્ચે એકવસ્ત્ર આવે છે. પ્રત્યેક વ્યક્તિ ભગવાનના ધક્કાથી સૂએ છે અને ભગવાનના ધક્કાથી ઊઠે છે. ઊંઘ એટલે શું તે અવયવવિજ્ઞાન (anamoty) અને શરીરવિજ્ઞાન (physiology) ને ખબર પડતી નથી. ઊંઘમાં સંવેદના હોય છે, કારણ સંવેદના ન હોય તો હૃદય (heart)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલે નહિ. સંવેદના જ ન હોય તો અંદરનું ફેફસું ન ચાલે, જઠર કામ ન કરે, ખાધેલું પચે નહિ–તેથી ઊંઘમાં પણ અંદરની બધી મશીનરી ચાલુ હોય છે, સંવેદના બંધ થતી નથી; તેથી સંવેદનાનું બંધ થવું આનું નામ ઊંઘ નથી. ભૌતિકશાસ્ત્રો કહે છે કે, સંવેદના થોડા ભાગમાં (partly) ચાલુ હોય છે; અને થોડા ભાગમાં (partly) બંધ હોય છે; પરંતુ આ જવાબો બરાબર નથી. ભગવદ્‌સ્પર્શથી બધા સૂએ છે અને ઊઠે છે, આ જ વાત ખરી છે.

આમ ભગવદ્‌સ્પર્શ બધાને છે જ; પણ વચ્ચે વાસનાનું વસ્ત્ર છે. વચ્ચે અંતરાય હોય તો પારસના સ્પર્શથી, ધક્કાથી લોઢું ખસશે; પણ તેનું સોનું થતું નથી. આવી જ રીતે સાઠ–સાઠ વર્ષથી ભગવાન આપણને હુલાવે છે, ચલાવે છે, આપણને ધક્કો મારે છે તેથી જ બધો વ્યવહાર ચાલે છે; પણ આપણે સોનાના થતા નથી. ભગવાનને પ્રેમથી ભેટવું જોઈએ; પણ આપણે વિવસ્ત્ર થઇને (વાસનાશૂન્ય થઇને) ભગવાન પાસે જતા નથી. ભગવાન પાસે વિવસ્ત્ર થવું એનો અર્થ વાસનાનું વસ્ત્ર દૂર કરવું, સાદું વસ્ત્ર નહિ. જો સાદું વસ્ત્ર દૂર કરવાથી ભગવાન પાસે જવાતું હોય તો નાગાબાવાને ભગવાન જલદી મળી જાય; પણ તેવું નથી. વિવસ્ત્ર થવું એટલે વાસનાશૂન્ય થવું. ભગવાન પાસે જતી વખતે વાસના લઇને જાઉં છું તેથી મારામાં દોષ છે. આપણે વિવસ્ત્ર થતાં શરમાઈએ છીએ; તેથી ભગવાનને પ્રેમથી ભેટતા નથી, તેવી જ રીતે ભગવાન ભેટવા આવે છે તે જીવનું ફાટેલું, દુર્ગંધ મારતું કપડું જોઇને ભગવાન પણ પ્રેમથી ભેટતા નથી, કારણ ભગવાનને સંકોચ થાય.

રસ્તામાંથી જતો ભિખારી કે જે છ મહિનાથી નાહ્યો નથી, જેનાં કપડાં ફાટેલાં છે અને જેનાં કપડાં દુર્ગંધ મારે છે, તે તમને ભેટવા તમારી છાતી પાસે આવે તો તમે તેને ભેટશો? નહિ ભેટો, કારણ તમને સંકોચ થશે. આવી જ રીતે જીવનું વસ્ત્ર વાસના છે; એટલે જો વાસના ગંધાતી હોય તો પ્રભુ પ્રેમથી ભેટવા આવે તો પણ બહુજ સંકોચથી ભેટશે. હું ખુલ્લો નથી તે મારો દોષ છે. મારા દોષને લીધે ભગવાનનો સંકોચ જતો નથી; તેથી ભગવાન ભેટવા જેવું દેખાડે, દૂરથી ભેટવા જેવું કરે. આમ ભગવાનને સંકોચ છે અને હું વિવસ્ત્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તેથી મારો અને ભગવાનનો ભેટો થતો જ નથી. જીવને ભગવદ્-સ્પર્શ હોવા છતાં તેનું સોનું થતું નથી; કારણ તે જ્યારે ભગવાન પાસે જાય ત્યારે તેનું વસ્ત્ર (વાસના) તેની જોડે હોય અને વાસનાનો પડદો રહે.

ભગવાનને સંકોચ થાય તે સમજી શકાય, કારણ મારું વસ્ત્ર મેલું છે; પણ સ્થિતપ્રજ્ઞનું જીવન આપણા જેવું નથી. સ્થિતપ્રજ્ઞ માણસને તો ભગવાન આલિંગન આપતા હશે ને? તેમનું જીવન સોનું થાય ને? વાસના લઈને પ્રત્યેક જીવ આવ્યો છે. આ લોકોએ વાસના ક્ષુદ્ર ન રાખતાં તેનું ઉદાત્તીકરણ (sublimation) કરેલું હોય છે તેથી તેમની વાસના શુદ્ધ અને સ્વચ્છ હોય છે; પરંતુ એમની વાસના છૂટતી નથી. શંકરાચાર્ય મહાન થયા પણ કહે કે, जननि जननं यातु मम वै। मृडानी रुद्राणी शिवशिव भवानीति जपतः॥ એમની આ વાસના છૂટતી નથી, શંકરાચાર્યે પણ આ વાસના રાખી. શંકરાચાર્ય ભલે સેલું પહેરીને ગયા; પણ તે વાસનાનું વસ્ત્ર તો ખરૂંને? આમ વાસના છૂટતી જ નથી. તુકારામને ભગવાને પૂછ્યું કે શું કરવું છે? તો કહેઃ अवघाची संसार सुखाचा करीन–બધાનો સંસાર સુખી થાય તે માટે મહેનત કરીશ–આ વાસના જતી નથી. આ સ્થિતિએ પહોંચ્યા પછી તે જીવ કહે કે, 'ભગવાન! તેં વાસના પહેરાવી છે તો હવે તું જ કાઢી લે, અમને તે કાઢવાનું મન થતું નથી, કારણ તેં અમને વાસનાનું વસ્ત્ર આપ્યું છે. આ જ વાત શંકરાચાર્યના જીવનમાં છે. શંકરાચાર્યનો અને ભગવાનનો ભેટો પ્રેમથી થતો હશે; પણ તે છતાં તેમણે દિવ્ય વાસનાનું વસ્ત્ર પહેરેલું હોવાથી તેમને પણ हेमपदवीं न लभते॥

કેવલાદ્વૈતના સિદ્ધાંતમાં બધું જ હરિમય છે. બધું ચલાવવાવાળો હરિ જ છે તો આપણે ભળી જ ગયેલા છીએ. આટલું રહીને પણ આ અમારા अहम् (ego) ની ટીકડી છે તે ઓગળતી નથી. કેટલીક ટીકડી પાણીમાં ઓગળે છે, અને કેટલીક ઓગળતી નથી. આવી કેટલીક ટીકડીઓ હોય તે પાણીમાં ભળી જતી નથી, તેથી ભળી જવાનો આનંદ તેમને નથી. શંકરાચાર્યના अहम् ની ટીકડી ઓગળતી નથી, તે ડોકિયું કર્યા કરે છે, આ अहम् ની ટીકડી ભગવાન જ ઓગાળી શકે.

સાધકની अहम् ની ટીકડી છેવટના ટાઈમે પણ ઓગળતી નથી, અર્થાત્ તેમનો अहम् જતો નથી તેથી જ શંકરાચાર્યને જ્ઞાન થયા પછી પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કહે કે, सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम्। सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्गः॥ ભગવાન! ભેદનો अपगम થયો–હવે તારી અને મારી વચ્ચે ભેદ નથી–तुझ मझ नाहि भेद केला सहज विनोद। એમ તુકારામ કહે. अहं ब्रह्मास्मि નો અનુભવ થયો છતાં 'હું તારો છું'–આ મારી ભૂમિકા જતી જ નથી. વાસ્તવિક ભેદ ગયો છે તો 'હું બ્રહ્મ છું' એમ તેમણે કહેવું જોઇએ; પણ શંકરાચાર્યથી તે કહેવાતું નથી. તેઓ કહે છે કે જેમ સમુદ્રના મોજાં કહેવાય; પણ મોજાંનો દરિયો કહેવાતો નથી, તેમ 'હું તારો છું' એ ભૂમિકા રહે એવી ઇચ્છા છે. આમ શંકરાચાર્યની અસ્મિતા ઓગળતી જ નથી. ભગવાન જ તે ટાઇમે તે ઓગાળતા હશે, કાં તો ફેંકી દેતા હશે–આને જ કહે કે 'કૃપાસાધ્ય' ભગવાન.

સામાન્ય માણસને માટે જીવન ભેળવવાનું શકય જ નથી. આપણે બધું વાંચીએ, સાંભળીએ પણ બધું ઓવરકોટ પહેરીને કરીએ. આપણી ટીકડી ઉપર પ્લાસ્ટીકનું કવર હોય તેથી સદ્‌વિચારના પાણીમાં ડૂબાડીએ તોપણ અંદર કંઇ અસર થતી જ નથી. માણસ ઓપેરા-હાઉસથી પાઠશાળામાં વરસતા વરસાદમાં આવે પણ તે ભીંજાય નહિ; કારણ તેણે ઓવરકોટ પહેરેલો છે. તે પાછો કહે કે, 'હું વરસાદમાંથી આવ્યો પણ જરાયે ભીંજાયો નથી અને વરસાદની બહુ ગમ્મત આવી.' આવી રીતે માણસ કથા–વાર્તા સાંભળવા જાય, તેની એને ગમ્મત આવે; પણ ઓવરકોટ પહેરેલો હોવાથી તે જરા પણ ભીંજાતો નથી, તેના જીવન ઉપર જરા પણ અસર થતી નથી. તે કહે કે, 'બહુ ગમ્મત આવી' આ કથા એટલે શું કંઇ મદારીની રમત છે? આવા લોકો ૧૦૮ વખત ભાગવત સાંભળે કે તો ૧૦૮ વખત ગીતા વાંચે પણ જીવન ઉપર કંઇ અસર થતી નથી.

શંકરાચાર્યે જે શંકા ઊભી કરી છે તે જેમ સામાન્ય માણસને માટે છે તેમ પોતાને માટે પણ છે; કારણ મહાપુરુષનો अहम् પણ ઓગળતો નથી. સ્પર્શના ચમત્કારથી જીવન બદલાઇ જઇને દિવ્ય બને છે પણ ભળી જવામાં અને સ્પર્શ કરવામાં કંઇક ને કંઇક અગવડ છે તે શંકરાચાર્યે સમજાવ્યું છે. આમ સ્પર્શ થઇને પણ સોનું થયા નહિ તે વાત ચોક્કસ. પ્રેમથી ભગવાન ભેટે તો સોનું થાય. બે વેપારીઓ ચોપડાપૂજનના દહાડે મળે, તેઓ ધંધામાં એક બીજાના હરિફ હોય;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં નવા વર્ષને દહાડે એક બીજાને ભેટે, પણ તેઓ પ્રેમ્ણાસક્ત: નહિ. તેમાં 'હું' ભૂલી જવો જોઇએ તે ભૂલાતો નથી, તેથી ભેટીને પણ ભળી જવાનો આનંદ નથી. અમે પણ ભગવાનને ભેટવા જઇએ; પણ પેટમાં બીજું જ કંઇ હોય. તેથી આપણે પ્રેમાસક્ત નહિ. પ્રેમની ભિનાશ અને પ્રેમનું ઝરણું ભેટતી વખતે વહાવવું જોઇએ. તમે ભેટતી વખતે બીજો બધો ઢોંગ કરશો, બધો નાટક કરશો પણ પ્રેમનું ઝરણું કયાંથી ઊભું કરશો? પ્રેમનું ઝરણું કયાંથી લાવશો? વેપારીને દલાલ જુએ કે તરત ઊભો થાય અને 'અહો! તમે આવ્યા!' કહીને ભેટે પણ ખરો; પણ તેમને ભેટવાનો આનંદ નહિ. કારણ તેમનું ભેટવું આ એક તંત્ર કાં તો યંત્ર થયું છે, તે એક ઢોંગ છે. પ્રેમ દેખાડવો આ વાત જુદી અને પ્રેમ હોવો આ વાત જુદી. આપણે વૈશ્યયુગમાં જન્મ્યા છીએ તેથી તે વૃત્તિથી જ ભગવાનને ભેટીએ છીએ. પ્રેમાસક્ત છીએ એમ દેખાડીશું, પણ આપણે વૈશ્યો જ છીએ. વૈશ્ય મનોવિકાર દબાવી શકે. તેને અંદરથી ગમે તેટલો ગુસ્સો હોય પણ તે મોઢા ઉપર દેખાડતો નથી; તેમના સંબંધમાં કડવાશ આવેલી હોય પણ તે બતાવે નહિ, કારણ સ્વાર્થ છે. આ સ્વાર્થને લીધે તે ગુસ્સો ખાઇ નાખે અને ભેટે, પણ આ ઢોંગ છે. પ્રેમનો ઢોંગ થાય નહિ. પ્રેમ્ણાસક્ત હોય ત્યારે જ ભળી જવાય અને તે વખતે સ્પર્શનો ચમત્કાર થાય. સ્પર્શનો ચમત્કાર અને ભળી જવાનો આનંદ આ બન્ને લૂંટવા જોઇએ. સ્પર્શનો ચમત્કાર જોવો જોઇએ અને ભળી જવાની દિવ્યતા અનુભવવી જોઇએ તો જ જીવનની મેલાશ ચાલી જાય.

अपिचेत्सुदुराचारः- વાલીયા કોળી વાલ્મીકિ થઇ ગયા, આમાં બીજી જ ભાવના છે. વાલ્મીકિના જીવનમાં જીવનનું મુલાયમપણું દેખાય છે. યાજ્ઞવલ્કયનું જીવન જુદું, તેની મીઠાશ જુદી અને વાલ્મીકિનું જીવન જુદું–વાલ્મીકિ એટલે ઘીનો મંદમંદ બળતો દીવો છે, તે મંદ અને શાંત લાગે; તેનું કારણ તેમાં સ્પર્શનો ચમત્કાર અને ભળી જવાની દિવ્યતા છે. આ લોકો એટલા વિમલ થઇ જાય કે તેમના સ્મરણથી, સ્પર્શથી બીજા વિમલ થાય. સવારના પ્રહરમાં વાલ્મીકિનું સ્મરણ કરશો તો તેમાં શક્તિ મળશે. જો હેત–પ્રીતથી વાલ્મીકિનું સવારના પ્રહરમાં સ્મરણ કરો તો આખા દિવસમાં મેલી વાસના થશે નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શ્લોકમાં સ્પર્શનો ચમત્કાર અને ભળી જવાનો આનંદ સમજાવ્યો; તેમાં આવતી અગવડો પણ સમજાવી; પછી આગળના શ્લોકમાં ભગવાન કહે છે કે, 'તું મારી પાસે આવ્યો તેનું કારણ શું?' શંકરાચાર્ય કહે છે કે, 'મને બીજા રસ્તા ખબર છે; ઈચ્છાની થેલી તેં આપી દીધી છે તે મારે ભરવાની અને પાછી ખાલી કરવાની'. बालस्तावत् क्रीडासक्तः तरुणीस्तावत् तरुणीरक्तः આવી રીતે બાલક હોઉં ત્યારે ક્રીડાસક્તિની થેલી ભરૂં અને તરુણ થાઉં ત્યારે પત્નીમાં મગ્ન રહું. આમ ઇચ્છાની થેલી ભરવાની. તેને ખાલી કરવાની અને ફરી ભરવાની—આવી રમત રમતા રહેવાની. આપણે બાલપણમાં કેટલીક ઇચ્છા કરીએ તે યુવાનીમાં કાઢી નાખીએ અને બીજી ઇચ્છાઓ કરીએ. વૃદ્ધ થઇએ ત્યારે પૌત્રને રમાડવાની ઇચ્છા કરીએ—આવી રીતે એક થેલી ઠાલવી બીજી થેલી ભરીએ; કારણ ઇચ્છાપૂર્તિ આ જ જીવનનું સારસ્ય લાગે.

ઇચ્છાપૂર્તિને માટે હું તારી પાસે આવું છું તેનું કારણ એ છે કે બાકી બીજા દેવતાઓથી લાભ થશે જ એવું નથી. તને છોડીને બીજા દેવતાઓ છે; કર્મ છે, પણ તેમના લીધે ઇચ્છાવિષયને માટે ફલલાભ થશે જ તેવો નિયમ નથી. આ દેવતાઓમાં ઇંદ્ર, ચંદ્ર ઇત્યાદિ છે, તેમ પૃથ્વી ઉપરના દેવતાઓ—વિત્તવાન, પંડિતો આ બધા પણ છે. આપણે ઇચ્છીએ તેટલું શેઠશ્રી આપે એવું નથી. ઇચ્છાના બારામાં બીજા દેવતાઓ પાસે ફળલાભ ન પણ થાય, પણ 'તું' માત્ર ઇચ્છા કરીએ તેના કરતાં અધિક ઇચ્છા પૂર્ણ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

બાપ પાસે દીકરો ઇચ્છા વ્યક્ત કરે; પણ તે બાપ પૂરી કરશે કે નહિ તેની શંકા છે. કોઇ પૂર્ણતઃ ઇચ્છા પૂરી કરશે નહિ; પણ અમે ઇચ્છા કરીએ તેના કરતાં અધિક આપવાનું સામર્થ્ય તારી પાસે જ છે.

શંકરાચાર્યે જ્યારે આમ કહ્યું ત્યારે જગદંબા કહે કે, 'દીકરા! તને આવું કોણે કહ્યું? તારો આવો અનુભવ છે કે તારી ઇચ્છા કરતાં હું વધારે આપું છું?'

શંકરાચાર્ય કહે, 'બા! મારો અનુભવ ભલે નથી; પરંતુ જૂના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોએ આવું કહ્યું છે, અને તેમના ઉપર મારો વિશ્વાસ છે!'

બા કહે, 'જૂના લોકો એટલે કોણ? તારા બાપા, દાદા કે પરદાદા? તે લોકો સ્વાર્થથી પણ આવું બોલતા હશે!'

શંકરાચાર્ય કહે, 'ના એવું નથી; વિષ્ણુ, બ્રહ્મદેવ ઇત્યાદિ જે દેવો છે તેમણે અમને આવું કહ્યું છે કે, તું ઇચ્છા કરીશ તેના કરતાં વધારે જગદંબા તને આપશે.'

જે લોકો પ્રભુના થઇ ગયા, તેઓ પાણી માગશે તો તેમને પ્રભુ દૂધ આપશે; બાકી બીજા બધા દેવો તો દૂધ માગશો તો પાણી પણ ન આપે. इति प्राहुः प्रांचः એટલે જૂના લોકો જે કહી ગયા છે તેના ઉપર વિશ્વાસ રાખીને રાતદિવસ તારામાં મારૂં મન આસકત થઇ ગયું છે, તો હે ઇશાનિ! उचितं कुरु–તને જેમ ઉચિત લાગે એમ કર.

બા! હું ઇચ્છા કરૂં તેના કરતાં તુ અધિક આપે છે તેથી તારી પાસે આવ્યો છું. શેઠશ્રી પાસેથી પાંચસો રૂપિયા માગીએ તો કહે કે, હમણાં ત્રણસો લઇ જાઓ. તેની પાસે હજારો રૂપિયા હોવા છતાં આપણે ઇચ્છા કરીએ તેના કરતાં ઓછું જ આપે. ભગવાન તો ઇચ્છા કરીએ તેના કરતાં વધારે આપે; પણ તેને માટે લાયકાત આવવી જોઇએ, ત્યાર પછી જ ઇચ્છા કરાય–(**first deserve and then desire**) શંકરાચાર્ય કહે છે કે, 'તું વધારે આપે છે આ એકમેવ વાતથી તારી પાસે આવ્યો છું; હવે તારે જે આપવાનું હશે તે આપ.' આપણે ફક્ત ઇચ્છા (**desire**) કરીએ; પણ લાયક (**deserving**) નથી.

ભગવાન શંકરાચાર્યને પણ ઇચ્છાની અગવડ છે. ભકતો ભગવાન પાસે જાય તો કહે, બા! 'તુ' જ મને જોઇએ. બા પૈસા મોકલે, વિદ્યા મોકલે, બધું મોકલે; પણ તેમ છતાં યે ભકત રડતો રહે. કેટલાક છોકરા ગાંડા હોય. તે રડે કે બા પૂરી આપે, કાં તો રમકડાં આપે. તે મળતાં તેઓ તે પૂરી ખાવા લાગી જાય; કે રમકડાંથી રમવા લાગી જાય અને બાને ભૂલી જાય; પછી બા પોતાનું કામ કરવા લાગે, પણ કેટલાક છોકરા એવા હોય કે, બા પૂરી આપે તે ખાય, અને રમકડાં આપે તે ગજવામાં મૂકે; અને પાછી બૂમાબૂમ કરે, રડવા લાગે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટે બાને બધું કામ પડતું મૂકીને છોકરાને કેડ ઉપર લેવો પડે.

આવી રીતે ભક્તને ભગવાન વૈભવ આપે તો તે લે; અને તે છતાં યે રડવાનું ચાલુ રાખે ત્યારે ભગવાન કહે કે, 'તને શું જોઈએ?' ભક્ત કહે કે, 'મને' 'તું' જોઈએ. ભક્તોની આવી ઈચ્છા હોય; પણ તું માત્ર ભક્તને 'ભગવાન' બનાવે, તેની માગણી તો નમ્ર હોય કે તારી પાસે તેને રહેવું હોય; તેથી કહે કે 'બા! તું મને જોઈએ.' પણ તું તો અધિક ઈચ્છાપૂર્તિ કરે અને ભક્તને તારૂં પદ જ આપી દે.

તમે જેમ જેમ ભગવાન પાસે ઇચ્છાપૂર્તિ માટે જાઓ તેમ તેમ તમારી ઇચ્છા ઓછી થતી જાય; અને છેવટે ઇચ્છાની નિમિતિ જ બંધ થઈ જાય–ભગવાન પાસે ગયા પછી માગવાનું જ ભૂલી જવાય. પછી ભગવાન આઘા થાય ત્યારે લાગે કે, આપણે માગવાનું જ ભૂલી ગયા! અને ત્યાર પછી ભગવાન પાસે માગવાની જ વૃત્તિ થતી નથી.

તુકારામની પત્ની કહે કે, 'તમે તો રોજ ભગવાનને મળો છો અને ઘરમાં અગવડ છે તો પૈસા માગોને?' ત્યારે તુકારામ કહે કે, 'આ વાત સાચી છે; હવે હું માગીશ હો!' બીજે દહાડે પત્ની પૂછે કે, 'પૈસા માગ્યા?' તો તુકારામ કહે કે, 'હું ચિત્ત એકાગ્ર કરીને ભગવાન પાસે જાઉં છું પણ તેની પાસે ગયા પછી માગવાનું જ ભૂલી જાઉં છું.'

ઘણી વખત આવું માગવાનું ભૂલી ગયેલાને પાછળથી દુઃખ પણ થાય. જે બીજા પાસે માગવાનું ભૂલી જાય તેને દુઃખ થતું હશે; પણ અહીં આ વિશેષ છે કે, ભગવાન પાસે માગવાનું ભૂલી જઇએ તો દુઃખ નથી જ થતું; પણ માગવાની વૃત્તિ જ ખલાસ થઈ જાય છે. આવું થયા વગર વાસનાપૂર્તિ થતી જ નથી. આને જ ભવરોગ કહે છે. પણ બા! આ ભવરોગ મટાડીને તું ઇચ્છા નિર્મિતિ જ બંધ કરે છે, તેથી જ કહું છું કેઃ 'उचितं कुरु.'

બા! ખુલ્લો થઈને હું આવ્યો છું, બધું ખલાસ કરીને તારી પાસે આવ્યો છું. હવે 'તુ' અને 'હુ' બે જ જણા છીએ. મને ઈચ્છા રહી જ નથી–છતાંયે તારે જો આપવું હોય તો આપ.

શંકરાચાર્યની અનુભૂતિ કંઈક જુદી જ છે. આ શ્લોકમાં જુદો જ ભાવાર્થ છે તે આપણે જોયું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदलहरी

## श्लोक – १४

स्फुरन्नानारत्नस्फटिकमयभित्तिप्रतिफल-
त्वदाकारं चञ्चच्छशधरकलासौधशिखरम्।
मुकुन्द ब्रह्मेन्द्रप्रभृतिपरिवारं विजयते
तवागारं रम्यं त्रिभुवनमहाराजगृहिणी ॥१४॥

शब्दार्थः– હે ત્રિભુવન મહારાજ શિવજીની ગૃહિણી શિવે! જ્યાં નાના પ્રકારના રત્ન અને સ્ફટિકમણિની ભીંત ઉપર તારૂં પ્રતિબિંબ પડે છે, જેની અગાશી ઉપર ચંદ્રની કલા સુશોભીત છે, વિષ્ણુ, બ્રહ્મા અને ઇંદ્ર આદિ દેવતા જેનો પરિવાર છે, એવું રમણીય તારૂં ભવન વિજયી થાય-(તેનો જયજયકાર થાય).

શ્રીમદ્ શંકરાચાર્ય ભગવતીના ઘરનું વર્ણન કરે છે. 'બા! શું રમ્ય તારૂં ઘર છે! ભગવતી! તું ત્રિભુવન મહારાજ શિવજીની ગૃહિણી છે. તારૂં ઘર રમણીય હોવાથી શોભાયમાન છે, તેનો જયજયકાર થાઓ. બા! તારા ઘરની દિવાલો કેવી છે? નાના પ્રકારના રત્નો અને દેદિપ્યમાન સ્ફટિકોથી જડેલી દિવાલો છે. આવી રત્નજડિત દિવાલો વચ્ચે તું ઊભી રહે છે તેથી ચારે બાજુ પ્રતિબિંબ દેખાય છે. આ પ્રતિબિંબમાં તારો આકાર દેખાય છે. તારા ઘરને મોટી અગાશી છે (સૌધ એટલે અગાશી). આ અગાશીમાં બેસીએ ત્યારે બદલતા રહેલા ચંદ્રની કલા તારી અગાશી ઉપર પડતી દેખાય છે અમને ચંદ્ર ગમે છે; કારણ ચંદ્ર રોજ બદલે છે ચંદ્ર સ્થિર નહિ તેથી અમને ગમે છે. માણસને સ્થૈર્ય બહુ ગમતું નથી, બદલવું ગમે છે.

ચંદ્ર રોજનો નવો લાગે છે, તેવી રીતે મહિને મહિને પણ ચંદ્ર નવો લાગે. અષાઢનો ચંદ્ર જુદો અને ભાદરવાનો કે આસો માસનો ચંદ્ર જુદો; વસંતઋતુનો ચંદ્ર જુદો, ગ્રીષ્મઋતુનો જુદો અને વર્ષાઋતુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શરદઋતુનો ચંદ્ર જુદો લાગે છે. दिने दिने नवं नवं–બધી ઋતુઓમાં ચંદ્રનો રંગ જુદો જ હોય છે. રોજના ચંદ્રની કલા જુદી, તેવી જ રીતે જુદી જુદી ઋતુઓમાં પણ તેનો રંગ જુદો, તેથી તે વધારે રમણીય લાગે છે. બા! આ ચંદ્રને લીધે તારી અગાશીમાં બેસવાથી શીતલતા મળે છે. આવા તારા રમ્ય ઘરનો જયજયકાર થાઓ.

માણસ જેટલો ઉપર જાય તેટલી તેને શાંતિ મળે, અને જેટલો માણસ નીચે તેટલું દુઃખ રહે. તમે નીચલી કક્ષાનું જીવન જીવશો તેટલું તમને દુઃખ થશે.

दुर्वारसंसारदवाग्नितप्तं दोधूयमानं दुरदृष्टवातैः।
भीतं प्रपन्नं परिपाहि मृत्योः शरण्यमन्यं त्वदहं न जाने॥

પ્રભુ! અહીં હું તપી રહ્યો છું, બધા મને બાળે છે; રડાવે છે. જે પતરા ઉપર હું ઊભો છું તે વૈશાખ માસના તાપથી તપ્ત થયેલી રેતીની માફક તપી ગયો છે; તેથી તેના ઉપર ઊભું રહેવાતું નથી. પાછળ ફરીને જોઉં છું તો અદૃષ્ટનો ભયંકર વંટોળિયો પવન વાય છે. આગળ જોઉં છું તો ભવિષ્યકાળનો ભીષણ અંધકાર છે; તો હું શું કરું? એક બારણું છે ખરું; પણ તે મૃત્યુનું છે. તે એટલું ભયંકર છે કે, તે તરફ જવાનું મન થતું નથી; અને તેથી હું શેકાઈ જાઉં છું. મા! તેથી બદલતા રહેલા ચંદ્રની કલાથી શીતલ થયેલી તારા ઘરની અગાશી ઉપર આવવાનું મન થાય છે.

ભગવતીના ઘરની શંકરાચાર્ય કલ્પના કરે છે. બધી દિવાલો સ્ફટિકથી અને રત્નોથી જડેલી છે, તેથી બધે જ ઠેકાણે ભગવતીનું પ્રતિબિંબ પડે છે. શંકરાચાર્યને બિંબ જોવા ન મળતાં પ્રતિબિંબ જોવા મળે છે; તેનું શું કારણ? ભગવતીના ઘરની દિવાલો રત્નો તેમજ સ્ફટિકથી જડેલી છે તેથી તે ઘર શંકરાચાર્યને સારું લાગે છે? તો તો એ નાના બચ્ચા જેવી વાત થઈ. નાના બચ્ચાને સોનું અને રત્નો ગમે એ સમજી શકાય; પણ શંકરાચાર્યને શું રત્ન અને સ્ફટિકનું આકર્ષણ છે? શંકરાચાર્ય તો समलोष्ठाश्मकांचन છે. શંકરાચાર્યને કહેવાનું છે કે, બા! તારા ઘરની રત્નની અને સ્ફટિકની દિવાલો ઉપર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારૂં પ્રતિબિંબ પડે છે. ભગવતીએ જગતમાં જે દિવાલ બનાવી છે તેના ઉપર શંકરાચાર્યને ભગવતીનું પ્રતિબિંબ દેખાય છે. શંકરાચાર્યને સ્ફટિકનું આકર્ષણ નથી પણ શંકરાચાર્ય ભગવતીના પ્રતિબિંબની વાત કરે છે. બા! મને બધી દિવાલો ઉપર તારૂં પ્રતિબિંબ દેખાય છે—આ સર્વત્ર હરિદર્શન છે. ભગવાનનું ઘર એટલે આ વિશાળ જગત. આ જગતની દિવાલો તરફ દૃષ્ટિ નાખીએ તો હરિદર્શન થાય. સિદ્ધ પુરૂષોને પંચમહાભૂતોમાં ભગવદ્‌સ્વરૂપનું દર્શન થાય. પૃથ્વી, આપ, તેજ, વાયુ અને આકાશ આ પંચમહાભૂતો છે. બા! પૃથ્વીમાં તારૂં પ્રતિમિંબ દેખાય છે. પૃથ્વી ગંધવતી છે, પૃથ્વીમાં તારી સુવાસ છે, પૃથ્વીને તારા જીવનની સુગંધ છે. પાણીમાં શીતલતા છે, તેથી જ ઉપનિષદોએ કહ્યું કે, तत् जलान्। 'બા પાણીમાં તારા સ્પર્શને લીધે શીતલતા છે, તેજમાં તારો ચમકારો છે. હું જ્યાં જ્યાં તેજ જોઉં છું ત્યાં ત્યાં મને તારૂં ભાન થાય છે, તારૂં દર્શન થાય છે. વાયુમાં સ્વચ્છતા દેખાય છે તે તારી છે. આવી જ રીતે આકાશમાં જે વ્યાપકતા દેખાય છે તે તારી છે. આ જગતની દિવાલ તારામય છે, તારૂં પ્રતિબિંબ તેમાં દેખાય છે.'

પંચમહાભૂતો આ જગતની દિવાલો છે. આ દિવાલો હરિમય છે, પ્રભુમય છે. બા! પૃથ્વીમાં તારૂં પ્રતિબિંબ દેખાય છે તેથી પૃથ્વી પાસે અલૌકિક, અવર્ણનીય, અતુલનીય સૌંદર્ય છે.' ખાસ કરીને શ્રાવણ માસમાં પૃથ્વી અતિ સુંદર લાગે છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ શ્રાવણ માસમાં થયો તેથી કદાચ તે માસમાં પૃથ્વી વધારે સુંદર લાગતી હશે. શ્રાવણ માસમાં ગામની બહાર જાઓ તો તમને થશે કે, ડુંગરની ટોચ પર આટલું સૌંદર્ય આવ્યું કયાંથી?

પાણીમાં પ્રસન્નતા અને શીતલતા છે. ભગવતીનું પ્રતિબિંબ જેમાં પડયું છે તે પાણીમાં પ્રસન્નતા આવે. પાણી ચેતનદાયી છે; કારણ તેમાં બાનું પ્રતિબિંબ છે. તમે સૂઈને ઊઠો ત્યારે આંખને પાણી લગાડો તો ચેતન આવશે; આ પ્રતિબિંબની શક્તિ છે. પ્રતિબિંબમાં આટલી શક્તિ તો બિંબમાં કેટલી શકિત હશે! પ્રત્યક્ષ ભગવાન મળે તો કેટલી પ્રસન્નતા આવે તે કહી શકતો નથી; પણ થાકયા હશો અને નહાશો તો પ્રસન્નતા મળશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેજમાં ચમકારો છે, સાથે સાથે તેમાં હુંફ આપવાની શક્તિ છે. માણસ પોતાના કર્મનું ખાતો રહ્યો છે. ભગવાન કોઈને કંઈ આપતો નથી. ભગવાન પોતે જ કહે છે કે, ना दत्ते कस्यचित्पापं। ભગવાન કશું આપતો નથી; આપણે આપણું જ ભાતું ખાતા રહ્યા છીએ. આપણે અહીં આવ્યા તે ભાતામાં રોટલો અને મરચું લઈ આવ્યા છીએ તે ખાઈએ છીએ. જગતમાં પ્રત્યેક માણસ પોતપોતાનું ભાતું લાવ્યો છે તે ખાય છે અને ચાલતો થાય છે. માણસને હુંફની જરૂર છે. ખરી હુંફ તેજમાંથી મળે છે. તેજોમય ભગવાન હુંફ આપે છે.

વાયુને સ્વૈરગતિ છે, તેના લીધે તેમાં સ્વચ્છતા છે; અને આકાશમાં અનિર્વચનીય વ્યાપકતા છે. આ સ્વૈરગતિ અને વ્યાપકતા ભગવાનની છે. બા! તારૂં પ્રતિબિંબ પંચમહાભૂતોમાં દેખાય છે.

શંકરાચાર્ય આવું વર્ણન કરે છે, આનો અર્થ શંકરાચાર્યને રત્નનો મહેલ જોવા મળ્યો હશે. ભગવાનના બધા રત્નો જગતમાં પડયા છે. છગનલાલ દર્શન કરવા આવે તો ભગવાન કહે, 'આ મારૂં રતન (!)' આ રત્નના બે અર્થ છે–કટાક્ષથી ભગવાન કહે છે કે, 'આ મારૂં રતન!'

શંકરાચાર્ય કહે છે કે, 'બા! તારૂં પ્રતિબિંબ દિવાલમાં પડે છે તેમાં રહસ્ય છે.' ભગવતીના જગતની દિવાલો છે તેમાં તેમને ભગવતીનું પ્રતિબિંબિ દેખાય છે. 'બા! આ દિવાલોમાં તારો સિક્કો, તારી છાપ દેખાય છે'.

કોઈના ઘરે સ્ત્રીનું ચલણ હોય તો તે ઘરમાં પ્રત્યેક ઠેકાણે તેની છાપ દેખાય. આમ આ જગતમાં તારૂં ચલણ છે, તેથી પ્રત્યેક ઠેકાણે તારી છાપ દેખાય છે. 'નજર નાખું ત્યાં હે નારાયણ! વિધ-વિધરૂપે ભાળુ" પ્રત્યેક ઠેકાણે ભગવતીનું પ્રતિબિંબ દેખાય છે.

શંકરાચાર્ય કયા જગતની દિવાલની વાત કરે છે? શંકરાચાર્યને કહેવાનું છે કે, જીવનની દિવાલમાં ભગવતીનું પ્રતિબિંબ પડે છે. જીવનની બે દિવાલ છે; ભાવ અને ભોગ–આ બે દિવાલો છે. જીવ આ બે દિવાલોમાં ભરાઈને બેઠો છે. જીવનમાં ભાવ હોવો જોઈએ;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવમાં ઇશદર્શન થાય. ભાવવાહી જીવન હોય તો ભગવાનની પાસે જઈ શકાય. શરૂઆતમાં ભાવ પડી ન જાય તે માટે ધર્મશાસ્ત્રથી તેને બાંધી રાખો, નહિ તો તે પડી જશે.

માણસનું જીવન ભાવમય હોવું જોઇએ. આજે પણ ભાવ છે પણ તે ગોળ, ચોખા વગેરે વસ્તુના ભાવનું જીવન છે, તેથી માણસ ઊઠ્યો કે ઊઠ્યો તે સૌથી પહેલું છાપું જોશે. તે છાપામાં બે વાતો જુએ, એક તો બજાર ભાવ જુએ અને બીજું ઊઠમણું કોનું છે તે જુએ. કેટલું પરસ્પર વિરોધી દર્શન છે? માણસ સવારના ઊઠીને છાપું ખોલે અને ઊઠમણાની કોલમ વાંચે કે, આજે કોનો નંબર લાગ્યો? પણ દુનિયાનો નંબર જોતાં મારો પણ નંબર આવવાનો છે તેનો વચાર માણસ કરતો નથી. જવા દો; જીવનની બે દિવાલોમાં તમારૂં-અમારૂં જીવન ભરાઇ જાય છે.

બીજી દિવાલ છે ભોગની. ભોગમાં પણ કૃષ્ણસંગ થાય. કૃષ્ણસંગ પ્રત્યેકને થાય. ગોપીઓને જ કૃષ્ણસંગ થયો એવું નથી, પ્રત્યેકને ભોગમાં કૃષ્ણસંગ થાય છે, પણ તે ઓળખવો જોઇએ. મહાપુરુષોને ભોગમાં પણ ભગવદ્દર્શન થાય.

જીવનની બીજી બે દિવાલો છે-જીવન અને મરણ. જીવનમાં પ્રભુદર્શન અને મરણમાં પણ પ્રભુદર્શન થવું જોઇએ. જીવન એટલે પ્રભુની આજ્ઞા; અને ભગવાન હાંક મારે કે, 'આવ દીકરા' એટલે મરણ. આમ મરણમાં પ્રભુની હાંક. પ્રભુની આજ્ઞા મુજબ આપણું જીવન ચાલે છે; 'શકટનો ભાર જયમ શ્વાન તાણે' ગાડા નીચે કૂતરો ચાલતો હોય તે એમ સમજે કે હું જ ગાડાને ખેંચું છું, તેમ ફોકટલાલ, મફતલાલ એમ સમજે કે, હું જ સંસારનો ભાર ખેંચું છું.

પ્રભુની આજ્ઞા એટલે જીવન, અને પ્રભુની હાંક એટલે મરણ. ભગવતી પણ આપણને હાંક મારે. આ હાંક જુદા જુદા પ્રકારની હોય. કોઇ વખત બા ત્રસ્ત થઇને, ત્રાગું કરીને હાંક મારે. આપણા વર્તન મુજબ બા હાંક મારે. છોકરો તડકામાં રમતો હોય, બા તેને ના પાડે તે છતાં યે તે તડકામાં રમતો હોય ત્યારે બા હાંક મારે. આ હાંક જુદા પ્રકારની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય. મૂળ વાત એ છે કે, આપણા વર્તન પ્રમાણે બાની હાંક હોય. જગદીશની આજ્ઞા એટલે જીવન, અને જગદીશની હાંક એટલે મરણ.

બા! જેમ જગતની દિવાલમાં તારૂં પ્રતિબિંબ છે–સર્વત્ર હરિદર્શન છે, તેમ જીવનની અંદર અને મરણની અંદર તારૂં પ્રતિબિંબ છે. તેવી જ રીતે જીવનના અંદરના ભાગમાં પણ તારૂં જ પ્રતિબિંબ છે.

બા! તું જે ઘરમાં ઊભી છે તેમાં રત્ન અને સ્ફટિક છે; અને તેમાં તારૂં રમ્ય પ્રતિબિંબ છે. આ જગતની કોઈ પણ વસ્તુ ઉપર તારી છાપ–તારો સિક્કો દેખાય છે; આ જગતમાં તારૂં જ ચલણ છે. વહેતું ઝરણું, ઝાડ, પહાડ બધા ઉપર તારો જ સિક્કો છે. વરસતા વરસાદમાં બાનો જ સિક્કો દેખાય છે. શંકરાચાર્યને બાનો સિક્કો દેખાતો હોય તો ભલે, અમને તે દેખાતો નથી. સ્ટેનલેસ સ્ટીલનો ટોપ એટલો સુંદર હોય કે બહેન તેને જોવામાં તલ્લીન થઈ જાય. ટોપ ઉપર કોઈ ઠેકાણે નાના અક્ષરે નામ લખેલું છે; પણ બહેનને તે વાંચવાની દૃષ્ટિ નથી અને વાંચવાનું મન પણ થતું નથી. આવી રીતે વરસતા રહેલા વરસાદ ઉપર જગદંબાનો સિક્કો છે પણ આપણને તે દેખાતો નથી. શંકરાચાર્યે તે નામ વાંચ્યું છે, તે સિક્કો જોયો છે તેથી કહે છે કે, બા! બધે ઠેકાણે તારૂં જ પ્રતિબિંબ છે.

અગાશી ઉપર બેસીને ઠંડક લેવાની. બાના ઘરની અગાશી ઉપર ચંદ્રનો શીતલ પ્રકાશ પડે છે તેથી ત્યાં ઠંડક છે. ચંદ્રનું આકર્ષણ અદ્દ્ભુત છે. ચંદ્રનું આકર્ષણ રસિકોને છે, પંડિતોને છે, સ્ત્રીઓને છે, બાળકોને છે, લેખકોને છે, કવિઓને છે અને સ્થિતપ્રજ્ઞને પણ છે. આ ચંદ્રમાં જબરી શકિત છે. જેને ઘરની અગાશીમાં બેસીને ચંદ્ર જોવા મળતો હશે તે ભાગ્યશાળી છે! અલબત્ત, જેના કુટુંબમાં હોળી થઈ છે તેને ચંદ્રની શીતલતા જોવા ક્યાંથી મળે? ચંદ્રને જોતાં આવડવું જોઈએ. જેને ઘરમાં બેઠાં બેઠાં ચંદ્રપ્રકાશ મળે તે ભાગ્યશાળી છે. અમારા ઋષિઓ ચંદ્રમૌલી ઝૂંપડીનું વર્ણન કરે છે. ચંદ્રમૌલી ઝૂંપડી એટલે જેને છાપરૂં નથી તેવી ઝૂંપડી. આવી ઝૂંપડીમાં બેઠાં બેઠાં ચંદ્રપ્રકાશ મળે. બદલતો રહેલો ચંદ્ર બધાને ગમે છે. બા! તારા માથા ઉપરનો ભાગ શીતલ છે. જીવ ઉપર જશે તો તેને ઠંડક મળશે; અને નીચે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડશે તો દાહકતા મળશે. સંસારમાં પણ જેટલા ઉપર જશો તેટલી ઠંડક મળશે. સંસારમાં કોઈ રડે, કોઈ ઝગડે, કોઈ બૂમ પાડે; પણ સંસારી જીવનમાં વૈચારિક રીતે ઉપર જાઓ તો તમને શીતલતા મળે. જીવનમ વૈચારિક રીતે ઉપર જાઓ. આપણે બહુ નીચે છીએ તેથી તાપ લાગે છે. ગીતા, ઉપનિષદ આપણને ઉપર લઈ જાય તેટલો ટાઈમ આપણને ઠંડક હોય; પછી પાછી ગરમી શરૂ થાય; જ્યાં ઠંડક હોય ત્યાં બેસવાનું.

કલકત્તામાં બહુ ગરમી પડે. હું કલકત્તા ગયો હતો ત્યારે બહુ ગરમી પડતી હતી; પણ એક આત્મીયજનની ઠંડકવાળી (**airconditioned**) જગા હતી તેમાં શાંતિથી જઈને બેસતો હતો. બહાર બધાને ખૂબ તાપ લાગે; પણ ઠંડકવાળા રૂમ (**airconditioned room**) માં ઠંડક હતી. તે રૂમમાંથી બહાર નીકળીએ તો ગરમી લાગે. આવી રીતે સંસારમાં ગરમી થાય. તેમાં ગીતા, ઉપનિષદનો સ્વાધ્યાય આપણને ઉપર લઈ જાય ત્યારે ઘડીક સારૂં લાગે; પણ આ ઠંડક છોડી પાછા નીચે ઊતરીએ એટલે પાછો તાપ લાગે. જીવનમાં જેટલા આપણે ઉપર જઈએ તેટલી ઠંડક, જેટલા નીચે આવીએ તેટલો તાપ લાગે.

ભક્તિમાં પણ જેટલા ઉપર જશો તેટલી ઠંડક છે, નીચા રહેશો તેટલા પ્રમાણમાં તાપ લાગશે. બા! ભક્તિમાં પણ તારી સૌધશિખરમ્ અગાશીમાં ચંદ્રકલાને લીધે ઠંડક છે. ભક્તિ જેટલી ઉપર જશે તેટલી ઠંડક છે. ઉપાસના પ્રભુના પગથી શરૂ થાય છે અને તે ભક્તિમાં પરિણમે છે; અને જ્યારે ભક્તિ પ્રભુના મસ્તક સુધી જાય ત્યારે ઠંડક મળે. ઘણાને પ્રભુના પગ પણ મળતા નથી. કેટલાક લોકો પાદ્યોપાસક હોય. ભક્તિની શરૂઆત પગથી થાય. પાદ્યોપસાનામાં પાદ્યોપાસક હોય તે કંઇ જાણતો નથી તો પણ તે દોડતો રહે. આ પગના ઉપાસક હોય તે રામેશ્વર જાય, કાશી જાય–તે દોડતો રહે. પાદ્યોપાસના કરતાં તે ઉપર જાય ત્યારે હસ્તોપાસના શરૂ થાય. આમાં ભગવાન જોડે તે હાથ મિલાવે (**shake-hand** કરે) આ સારૂં છે; કારણ આમાં હાથનો ઉપાસક કંઈ ને કંઇ કરતો હોય. આ કર્મયોગી જીવ છે, તેને કર્મ એ ઉપાસના લાગે, તેથી મારા કર્મમાંથી મળ્યું શું તે એ જુએ નહિ. ત્યાર પછી પ્રભુના મુખના ઉપાસકો હોય. તે પ્રભુના વિચારો સાંભળતા હોય અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભળાવતા હોય. તેઓ ગીતા વાંચે ત્યારે તેમને લાગે કે, પ્રભુ! લીટી-લીટીમાં તારો ભાવ છે.

ગીતા એ પ્રભુએ જીવને લખેલો કાગળ છે, તેથી ગીતા ભાવથી લખાયેલી છે. વ્યવહારમાં પણ કોઈનો કાગળ આવે તો આનંદ થાય. કોઈ પણ કારણ વગર લખેલા કાગળની લીટી-લીટીમાં ભાવ હોય તેથી તેમાં આનંદ છે; વ્યવહારૂ પત્રમાં આનંદ નહિ. વ્યાવહારિક લોકો પત્ર લખે તેમાં લખે કે, પત્ર લખવાનું કારણ કે....આવા કાગળમાં કાવ્ય નહિ અને ભાવ પણ નહિ; તેમાં કેવળ વ્યવહારૂ દર્શન છે. પરંતુ કારણ વગર લખેલા કાગળમાં કંઈ જુદો જ આનંદ છે.

એક ભાઈએ કહ્યું કે, ગીતામાં ભગવાને અર્જુનને અઢાર અધ્યાય કહ્યા તેનું કારણ શું? છેલ્લે ભગવાનને કહેવું તો પડ્યું કે, मामनुस्मर युद्धय च અને અર્જુને પણ છેલ્લે કહ્યું કે, 'करिष्ये वचनं तव' 'ભગવાન! તું કહે તેમ કરૂં!' તો પછી ભગવાને પહેલેથી જ કહેવું જોઈતું હતું કે, 'હું કહું છું અને તું લડ.' મને તો લાગે છે કે, ભગવાને કારણ વગર ગીતામાં અઢાર અધ્યાય કહ્યા છે. ભગવાને કારણ વગર ગીતા કહી છે તેથી તેની વિશેષતા છે. આવી જ રીતે ઉપનિષદ વાંચવામ આનંદ છે, કારણ તે વગર કારણે લખેલો પ્રભુનો કાગળ છે.

લોકો ગીતાની ટીકા લખે કાં તો ગીતાની સમશ્લોકી બનાવે; પણ ગીતાના તરજુમામાં કે સમશ્લોકીમાં મંત્રત્વ નથી. તેમાં બુદ્ધિનો વિલાસ છે; પણ ગુજરાતી ટીકાનો અર્થ નહિ. આનંદલહરીનો તરજુમો નહિ, હૃદય જોઈએ. આનંદલહરી સ્તોત્રનો અર્થ ખબર ન પડે તો પણ તે વાંચીએ તો આનંદ આવે. આ જ ભાવ છે, ભક્તિ છે. ગીતાનો અર્થ ખબર ન પડે તો પણ તે વાંચવામાં આનંદ લાગે. કેટલીક વખત એમ લાગે કે, અર્થ ધ્યાનમાં આવે તો ભગવાન ધ્યાનમાંથી ચાલ્યા જાય.

ધણી ખૂબ ભણેલો (પી. એચ. ડી.) હોય તે ધણિયાણીને પત્ર લખે તો તેમાં તત્ત્વજ્ઞાન લખે. ધણિયાણી બે ચોપડી ભણેલી છે. તેને આ અર્થભરેલો પત્ર મળે કે તે રોજ વાંચે તેને આ પત્રનો અર્થ ખબર ન પડે છતાં વારંવાર ધણીનો પત્ર વાંચે, કારણ તેને લીટી-લીટીમાં ધણીનું દર્શન થાય. આવી રીતે પ્રભુના મુખારવિંદમાંથી નીકળેલી ગીતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચવાનું અને સાંભળવાનું વારંવાર મન થાય. આ મુખોપાસના છે.

કેટલાક નેત્રોપાસક હોય. તેઓ માંગલ્યની દૃષ્ટિથી જોતા હોય, તેઓ વિશ્વમાં માંગલ્યનું દર્શન કરતા હોય.

કેટલાક પ્રભુના મસ્તકના ઉપાસક હોય. પ્રભુના મસ્તક પાસે ખરી ઠંડક છે; કારણ ત્યાં જ્ઞાન હોય. ભગવાન ગીતામાં પણ તેમનું વર્ણન કરે છે-ज्ञानीत्वात्मैव मे मतम्। જ્ઞાનીભક્ત મારો આત્મા છે એમ ભગવાન કહે છે.

આ બધી ઉપાસનાઓમાં થોડોઘણો દોષ આવે છે. પગના ઉપાસકો દોડશે; પણ તે અજ્ઞાની હોય છે. હસ્તોપાસના કરવાવાળા કર્મયોગ કરતા રહેશે; પરંતુ તેમાં વૈફલ્ય આવે, કારણ કામ કરીને પણ કંઈ વળતું નથી. છોકરા અને પત્નીને સુધારતાં સુધારતાં થાકી જાય; પણ તે પથ્થરા પાકા છે તેથી પલળતા જ નથી. આવી રીતે હસ્તોપાસનામાં વૈફલ્ય આવી જાય. કર્મ કરવામાં વૈફલ્યતા આવે તે સહન કરવાનો પ્રસંગ આવે ત્યારે માણસ થાકી જાય. મુખોપાસનામાં પણ કોઈ દિવસ કંટાળો આવે; અને નેત્રોપાસક પણ થાકી જાય. ચોવીસ કલાક ભગવાનને ગમતું જીવન જીવવામાં માણસ થાકી જાય. ઓફીસમાં મોટો ઓફીસર ધ્યાન રાખતો બેઠો હોય તો કામ કરનાર કંટાળી જાય. આ બધી ઉપાસનાની ચડતી શ્રેણી છે, પણ તેમાં દોષ આવી જાય છે.

જ્ઞાનોપાસનામાં ગંગાવતરણ છે. જગદીશના માથામાંથી ગંગા વહે છે. કઈ ગંગા? गम्यते प्राप्यते भगवत्पदं येन-सा गंगा-જેનાથી ભગવત્પદની પ્રાપ્તિ થાય તે ગંગા. મસ્તકોપાસના શ્રેષ્ઠ છે. તેમાં પ્રભુના મસ્તકમાંથી પ્રેમપ્રવાહ નીકળે છે, તેથી ત્યાં ઠંડક છે.

પાદોપાસનામાં પ્રભુના પગનો સ્પર્શ થાય તો જીવન સોનાનું થઈ જાય; પણ તેમાં ઠંડક નહિ. કર્મયોગ કરવાવાળા હસ્તોપાસકની પ્રભુ પીઠ થાબડે તો જીવન સોનાનું થાય અને આનંદ આવે. જે લોકોને પ્રભુના મુખારવિંદમાંથી સાંભળવા મળ્યું તેવા મુખોપાસકને ચૈતન્ય દેખાય. નાંભિને ગણપતિએ પોતે જ ભણાવ્યો. નાંભિએ ગણપતિને કહ્યું કે, મોટી મૂછવાળા શિક્ષકનો મને ડર લાગે છે માટે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે જ મને ભણાવો' તેથી ગણપતિએ તેને ભણાવ્યો. આવા મુખોપાસકના જીવનમાં સુવર્ણમયતા, આનંદમયતા અને ચૈતન્ય દેખાય. નેત્રોપાસકને આ બધું મળ્યા ઉપરાંત સુખમયતા મળે. પરંતુ જે લોકો પ્રભુની મસ્તકોપાસના કરે છે તેમને આ બધી વાતો મળે, તે ઉપરાંત ઠંડક મળે.

કેટલાકને પ્રભુ પગના અંગૂઠાથી અડતા હશે; અને તેમનું જીવન અજવાળતા હશે. કેટલાક ભક્તોને પ્રભુ હાથથી આપે છે. મરીનડ્રાઇવ ઉપર રહેલા લોકો ગયા જન્મારાના ભક્ત અને આ જન્મારામાં વિભક્ત થયા છે. તેમને બધું ભગવાનના હાથથી મળે છે; પણ તેમને એની સમજણ નથી. કેટલાકને ભગવાન કાનમાં ફૂંક મારે. તેના મોઢા ઉપર ભક્તિ દેખાય; તેમાંના કેટલાક મોઢેથી પ્રભુનું નામ લેતા હોય અને કેટલાક ભક્તોનું નામ પ્રભુના મોઢામાં હોય. પ્રભુ આવા ભક્તોનું નામ લેતા હોય. કેટલાકને ભગવાન મીઠી નજરે જોતા હોય; તેમનું જીવન સમાધાની હોય, કારણ તેમના ઉપર પ્રભુની મીઠી નજર છે. તેમને શાંતિ હોય, આ વિવેકમાંથી આવેલી શાંતિ હોય. કેટલાક લોકો સવારના આઠ વાગે મોઢામાં દાતણ નાખી ગેલેરીમાં ઊભા હોય, તેમને પણ શાંતિ હોય; પણ તે વિવેકી શાંતિ નથી, ભૂંડની શાંતિ છે. કેટલાક ભક્તોમાં શાંતિ સમાધાન દેખાય; કારણ તેમના ઉપર સતત પ્રભુની પ્રેમાળ મીઠી નજર પડે છે.

મારા માટે જીવનનો ખરો લહાવો એ છે કે, જ્યારે ચોવીસે ચોવીસ કલાક ભગવાનના મગજમાં 'મારો વિચાર' ચાલતો હોય. ભગવાન ચોવીસે ચોવીસ કલાક કોનો વિચાર કરતા હશે? આચાર્યને એમ લાગતું હશે કે, ભગવાન મારો જ વિચાર કરે છે. તેથી તેમણે કહ્યું કે, 'जटाधारी कण्ठे....।, ભગવાને માથા ઉપર વાળ રાખ્યા છે; કારણ પ્રભુ સતત મારો જ વિચાર કરે છે—અને તે છૂપું રાખવા માટે માથે જટા ધારણ કરી છે. પ્રેમમાં 'આ ફક્ત મારી જ છે' એમ લાગે. તે કોઇની બહેન હશે, ભાભી હશે, પણ 'આ' તો ફક્ત મારી જ છે એમ લાગે. બાના મગજમાં ફક્ત મારો જ વિચાર ચાલે છે. આવી જ રીતે શંકરાચાર્યને લાગે છે કે, ભગવાનના મગજમાં કેવળ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ વિચારો ચાલે છે. આવું ભાગ્ય લૂંટવા જેવું છે. ભગવાન પાસે તે ન આવે તો પણ ભગવાન તેનો જ વિચાર વાગોળતા હોય. આવું ભાગ્ય જેને મળ્યું હશે તેમનું જીવન ઉચ્ચ છે. ભગવાનના જીવનમાં જે આવા ઘૂસેલા છે તેને ઠંડક મળે.

કોઈ માણસ આપણાથી દૂર હોય, છતાં ય તેનો જ વિચાર આપણા મગજમાં ચાલતો હોય તો તેના ઉપર આપણો ખરો પ્રેમ છે એમ કહેવાય.

કોઈ પૂછે કે, 'તમે ભગવાનના પગ પાસે બેસવાના કે માથે બેસવાના? તો કહી શકાય કે હમણાં અમે ભલે ભગવાનના પગ પાસે બેસીએ; પણ એક દિવસ ભગવાનના માથે (મસ્તકમાં) બેસીએ તેવું ભાગ્ય મળે, આવી ઇચ્છા રાખીએ છીએ. આવા ઉચ્ચ પ્રકારના ભક્તો ભગવાનને માથે ચડેલા છે—ભકતને ત્યાં જ ખરી ઠંડક છે

ભગવાનને બદલવો હોય તો તમારે બદલાવું પડશે. ભગવાન તો અનંત વસ્ત્રો (dress) લઈને બેઠા છે. તું જો ભિખારી થઈને ભગવાન પાસે જશે તો તે દાતા થશે, તું પુત્ર થઈને ભગવાન પાસે જશે તો તે પિતા થશે. ભગવાન પાસે બધાં વસ્ત્રો (dress) તૈયાર છે; પરંતુ सौधशिखरम् માં ઠંડક છે.

જેના જીવનનું ચિંતન ભગવાન કરતા હશે તે કેટલો ભાગ્યશાળી ભકત હશે! બચ્ચું નિશાળે ગયું હોય, તેને પાછા ફરવાનો સમય થઈ ગયો છે; પણ બહાર વરસાદ પડતો હોય તે વખતે બા બચ્ચાનું જ ચિંતન કરતી હોય. તે બીજા જોડે વાતો પણ કરતી હોય, રોટલી વણતી હોય, પણ તેનું ધ્યાન બચ્ચામાં છે. આવી રીતે ભગવાન સતત આપણું ચિંતન કરે ત્યારે જીવનમાં ઠંડક મળે; ત્યાં સુધી તો બળવાનું છે.

ભગવાનના હાથથી બધું મળતું હોય તો પણ ઉકળાટ છે, તેવી જ રીતે ભગવાનના હૃદયમાં સ્થાન મળે તે પણ પૂરતું નથી; ભગવાનના મસ્તકમાં સ્થાન મળવું જોઈએ. આ ટોચની ભક્તિ છે—શંકરાચાર્યની આવી ભકિત છે.

પછી શંકરાચાર્ય કહે છે કે, બા! તારા ઘરમાં બ્રહ્મા, વિષ્ણુ અને ઇંદ્રનો પરિવાર છે. મુકુંદ એટલે વિષ્ણુ—તે પોષક છે. જે પોષક હોય તેનો પોતાનો પરિવાર હોય; તે કોઈનો પરિવાર થતો નથી. પરંતુ મુકુંદ પોષક હોવા છતાં તે તારો પરિવાર છે.—આ વિશેષ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મા કર્મયોગી—કર્મ કરનારવાળો છે. બ્રહ્મા પણ તારા તાલ ઉપર નાચે છે. કર્મયોગીને પોતાની ધ્યેયદૃષ્ટિ હોય, તેને પોતાનો તાલ હોય, તેથી બીજાના તાલ ઉપર તે નાચતો નથી; પણ બ્રહ્મા કર્મયોગી હોવા છતાં તે તારા તાલ ઉપર નાચે છે; આ વિશેષ છે

ઇંદ્ર શાસક છે. આખી દુનિયાને તે પોતાના તાલે નચાવે છે; પણ તે છતાંય તે પોતે તારા તાલ ઉપર નાચે છે, અને તે તારો પરિવાર થયો છે. વિદ્વાનોને પોતાનો પરિવાર હોય; પણ આ વિદ્વાનો તારો પરિવાર થાય છે તેમાં વૈશિષ્ઠ્ય છે.

બા! તારૂં આવું ઘર શોભે છે! કારણ તેમાં ઠંડક છે. તારી આજુબાજુ બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્રનો પરિવાર છે. આખું જગત એ જ ભગવાનનું ઘર છે. અન્નપૂર્ણા સ્તોત્રમાં શંકરાચાર્ય કહે છે કે, स्वदेशो भुवनत्रयम्। આ ત્રિભુવન તેનું ઘર છે. આ જગદીશના ઘરનું વર્ણન શંકરાચાર્ય કરે છે.

આચાર્યો એવું બોલે કે જેનાથી બચ્ચાને એમ લાગે કે, આ મારા માટે છે; પ્રૌઢને એમ લાગે કે, આ મારા માટે છે; આવી જ રીતે જ્ઞાનીને—ભક્તને એમ લાગે કે, એ મારા માટે છે. આ બોલવાની કળા છે. એક જ વાણીમાં બધાને આનંદ મળે— આ કેવળ આચાર્યને જ શક્ય છે. સ્ફટિકની અને રત્નોની દિવાલનું વર્ણન વાંચી બાળકોને આનંદ થાય, તેમ જ્ઞાનીભક્તોને પણ આનંદ થાય अधिकार तैसा करू उपदेश— જેવો જેનો અધિકાર તેવો અર્થ તેમને આચાર્યની વાણીમાંથી મળે.

બા! તારૂં ઘર રમ્ય છે; અને તારા ઘરે આવવાની ઉત્કંઠા છે. ભગવાનના ઘરની ઉત્સુકતા લાવવાની હોય તો આપણા ઘરની આસક્તિ ઓછી થવી જોઈએ. શંકરાચાર્ય તેથી જ કહે છે કે, બાના ઘરે જવાની ઉત્કંઠા હોય તો निजगृहात्तूर्णं विनिर्गम्यताम्। ભગવાનની હાંકની રાહ કોણ જુએ? જેણે ભગવાન જોડે સગપણ બાંધ્યું છે તે બાની હાંકની રાહ જુએ.

ભગવાનના નિવાસનું શંકરાચાર્યે વર્ણન કર્યું તે આપણે જોયું; હવે આગળનો શ્લોક વાંચીશું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनन्दलहरी

## श्लोक १५

निवासः कैलासे विधिशतमखाद्याः स्तुतिकराः ।
कुटुम्बं त्रैलोक्यं कृतकरपुटः सिद्धिनिकरः ।
महेशः प्राणेशस्तदवनिधराधीशतनये
न ते सौभाग्यस्य क्वचिदपि मनागस्ति तुलना ॥ १५ ॥

**अर्थः** હે ગિરિરાજ નન્દિનિ ! તારો કૈલાસમાં નિવાસ છે; બ્રહ્મા, ઇન્દ્ર આદિ તારી સ્તુતિ કરે છે, સમસ્ત ત્રિભુવન તારૂં કટુંબ છે, અષ્ટ-સિદ્ધિઓનો સમુદાય તારા સામે હાથ જોડીને ઉભો છે, મહેશ્વર તારા પ્રાણેશ છે, તારા સાભાગ્યની કોઇપણ ઠેકાણે અલ્પ પણ તુલના થઈ શકતી નથી.

(પરમપૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલેના પ્રવચન ઉપરથી)

**अवनिधराधीशतनये**–આ સંબોધન છે. **अवनिधर** એટલે પર્વત, અને **अधीश** એટલે રાજા. પર્વતરાજ એટલે હિમાલયની છોકરી ! તારા સૌભાગ્યની કદાપિ અને કોઇપણ ઠેકાણે થોડીપણ તુલના થઈ શકતી નથી; તારૂં સૌભાગ્ય અતુલનીય છે.

તારૂં સોભાગ્ય શું છે ? બા ! તારૂં રહેઠાણ કૈલાસમાં છે. **विधि** એટલે બ્રહ્મા. અને **शतमखाद्या** એટલે ઇન્દ્રાદિક; બ્રહ્મા, ઇન્દ્ર, કુબેર ઇત્યાદિ તારી સ્તુતિ કરી રહ્યા છે. ઇન્દ્ર શાસક છે, અને શાસકની બાજુમાં હંમેશાં વિત્તવાન ફરતો હોય છે. શાસક લોકોનો ગુલામ અને વિત્તવાન શાસકનો ગુલામ હોય છે; તેથી બ્રહ્મા, ઇન્દ્ર અને ધનપાલ તારી સ્તુતિ કરે છે. બા ! આખું ત્રલોકય તારૂં કુટુંબ છે, સિધ્ધિઓનો સમુદાય હાથ જોડીને તારી પાસે ઉભો છે; અને તારો પ્રાણેશ મહેશ (શિવજી) છે–આ તારૂં સૌભાગ્ય છે; અને આ સૌભાગ્ય અતુલનીય છે.

શંકરાચાર્યે જગદંબાની સામે જોયું હશે ત્યારે એમને બાનું સૌભાગ્ય જોવા મળ્યું હશે, આ વાત ખરી; પરંતુ અમને બાનું આવું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌભાગ્ય જોવા મળતું નથી. અમને કૈલાસ ખબર નથી; બ્રહ્મા, ઇન્દ્ર આદિ દેવતાઓની સ્તુતિ સાંભળવા મળવાની નથી, સમસ્ત ત્રૈલોક્યનું કુટુંબ અમને જોવા મળવાનું નહિ, અને અમારી સામે સિધ્ધિને બદલે અસિધ્ધિ જ ઉભી છે; તેથી અમને બાનું આ સૌભાગ્ય જોવા ક્યાંથી મળે ?

શંકરાચાર્ય બાના સૌભાગ્યનું વર્ણન કરે છે ખરા; પરંતુ આ સાંભળ્યા પછી અમને તો એમ લાગે છે કે, અમારાથી બાનો સુપુત્ર થવાય નહિ. સુપુત્ર કેમ થવાય? માને આનંદ આપીને, માની અગવડમાં ઉભા રહીને, તેનું કામ કરીને સુપુત્ર થવાય; પરંતુ જગદંબાનું સૌભાગ્ય જોઈને અમને એમ લાગે છે કે, આ બાને અગવડ આવવાની જ નથી. અને બાને જો અગવડ આવવાની જ ન હોય તો અમે સુપુત્ર કેમ થઈ શકીએ? જે બાને છોકરાની જરૂર નથી તેના છોકરા થવું એ કઠણ પ્રસંગ છે. વિદ્યાર્થીની જરૂર નહિ એવો ગુરૂ થાય તો ખરેખર કઠણ પ્રસંગ છે.

માને જરૂર નથી તે છતાંય સુપુત્ર થાય તે ખરો. મા અગવડમાં આવવી જોઈએ તો સુપુત્ર સિદ્ધ થાય. મા જો ઘરડી થાય તો સુપુત્ર તેની સેવા કરે; પરંતુ મા ઘરડી થતી નથી–તે સતત યુવાન છે. જગદીશ ઘરડો થતો જ નથી; તો તેના ઉપયોગમાં આવી સુપુત્ર કેમ થવાય? હું સુપુત્ર જ છું; પણ કરૂં શું? આવી શંકા કોઇને આવે કે શંકારાચાર્યે જગદીશના સૌભાગ્યનું વર્ણન કરી દેખાડ્યું; પણ તેમણે એ દેખાડવું જોઈતું હતું કે, બા પાસે અમુક વાત નથી–તેને અગવડ છે તો તે અગવડ ભરી શકાય. પરંતુ શંકરાચાર્ય તો કહે છે કે મા! તને કોઇની જરૂર નથી. જેને જરૂર નથી તેનું કામ કેમ કરાય? તે પ્રસન્ન કેમ થાય? તે પ્રસન્ન ન થાય તો ચાલે; પણ તેનો સુપુત્ર કેમ થવાય?

માને મારી જરૂર પડે આવું છોકરો ઇચ્છે? ન ઇચ્છે. પણ છોકરાને એમ લાગે કે, 'બા! તું મને બોલાવ તો ખરી. મા કોઇ દિવસે અગવડમાં આવે એમ છોકરો ઇચ્છતો નથી; પણ મા નું કામ કરવાની છોકરાને ઇચ્છા થાય. મા તો પૂર્ણકામ છે. તેમાં વળી શંકરાચાર્ય જેવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાપુરૂષ કહી નાખે છે કે, તેનું સૌભાગ્ય આવું છે કે તેને મારી જરૂર નથી; તેથી અમને અગવડ આવે. શંકરાચાર્ય જેવાએ ભલતું જ વર્ણન ન કરવું જોઈએ; પરંતુ તેમણે એવું વર્ણન કર્યું છે, અને મારી જરૂર નથી એમ કહ્યું છે. એમને જો એવું વર્ણન કરવુંજ હતું તો અમને તેમણે રસ્તો તો દેખાડવો જોઇએ કે નહિ? શંકરાચાર્યનો આ હેતુ નથી કે આપણે અગવડમાં આવીએ. એમણે તો આ શ્લોકમાં રસ્તો જ દેખાડ્યો છે.

આગળના શ્લોકમાં શંકરાચાર્યે જગદીશના રમ્ય ઘરનું વર્ણન કર્યું; તેથી નૈસર્ગિક રીતે જગદીશના ઘરમાં રહેવાનું મન થાય. જગદીશના ઘરમાં કોને પ્રવેશ મળે? જગદીશના ઘરનું વર્ણન સાંભળ્યા પછી તે ઘરમાં રહેવાનું મન થાય; કારણ ત્યાં સ્મશાન નથી, સમાધાન છે. આપણા ઘરમાંથી કેટલાં મડદાં ઉપાડયાં? તેથી આપણું ઘર સ્મશાન છે. જેટલું ઘર જૂનું તેટલાં મડદા વધારે નીકળ્યાં હશે. આપણું ઘર ગમે તેટલું જૂનું હશે તોપણ ત્યાંથી કોઇ 'જાઓ' એમ કહે. મુંબઇમાં પોતાની સત્તાનું ઘર થાય આટલા માટે માણસ મહેનત કરે, પોતાને માટે માણસ ઘર બાંધે; પણ તેમાંથી કોઈ ઉપાડી જાય, કારણ તે ઘર આપણું નથી. આપણને લાગે કે, ઘર મારૂં છે; પણ ખરી રીતે જોતાં ઘર આપણું નથી; તેથીજ તો કોઈ આવે અને 'ઉઠ' કહીને ઉપાડીને ચાલતો થાય. ગીતાકાર તેથીજ કહે છે કે, **यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम** જ્યાં ગયા પછી 'ઉઠ' એમ કોઇ કહેતું નથી તે ઘરની ઇચ્છા કર. આ પરમધામમાંથી માણસ પાછો આવતો નથી. આ માણસના કાં તો પ્રાણીના શરીરમાંથી પણ યમરાજ 'ઉઠ' એમ કહે, અને શરીર છોડીને જવુંજ પડે. ટાઇમ છે ત્યાં સુધી આ શરીરમાં બેસવા મળે; પણ ટાઈમ થયો કે જવુંજ પડે. રેલ્વેમાં જે લોકો ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરે છે તેમની કેટલી સગવડ સાચવવામાં આવે છે! કારણ તેઓ રેલ્વેના જમાઈ-રાજ છે. પણ ટીકીટ પૂરી થઈ કે ધોળાં કપડાંવાળો આવે અને ઉઠાડે. આવી રીતે માણસ પણ અજ્ઞાતકાળની ટીકીટ લઈને આવ્યો છે, તેથી ટીકીટ પૂરી થતાં જ તેને 'ઉઠ' એમ કહેવામાં આવે; અને તેને ઉઠવું જ પડે. પરંતુ બા! એક એવી જગા છે કે ત્યાં કોઈ ઉઠાડે નહિ; અને તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તારૂં રમ્ય ઘર છે. બા ! તારૂં ઘર રમ્ય છે તેનું કારણ તે સારી રીતે શણગારેલું (well decorated) ઘર છે તેથી નહિ; પણ તે ઠેકાણે કોઈ 'ઉઠ' એમ કહે નહિ તેથી રમ્ય છે.

આ રમ્ય ઘરમાં જે પહોંચી ગયા તેમને ભગવાન પણ વિનંતિ (request) કરે કે, "જરા જગતમાં જઈ આવે છે?" ભગવાન પોતાના લાડકા દીકરાઓને આવું કહે. તેમાં કેટલાક દીકરા એવા હોય કે તેઓ જગતમાં આવે; પણ ભગવાનને પણ સાથે લાવે. તેમની ભગવાન ઉપર પણ સત્તા ચાલે; તેથી ભગવાનને તેઓ કહે કે, 'તું સાથે આવતો હોય તો જ જગતમાં જવા તૈયાર છું;' અને ભગાવાનને તેમની સાથે આપવું પડે—આવું આ રમ્ય ઘર છે.

આ રમ્ય ઘર ક્યાં છે? તત્ત્વવેત્તાઓ કહે કે અમને ખબર નથી, વેદો કહે કે અમને ખબર નથી—નેતી નેતી... પરંતુ શંકરાચાર્ય કહે છે કે, આ મારૂં ઘર છે. શંકરાચાર્યને આ ઘર રમ્ય લાગે; કારણ તે 'મારૂં ઘર' છે એમ તેમને લાગે છે. અમને નિજધામ જતાં ડર લાગે, પણ શંકરાચાર્યને તે રમ્ય લાગે છે. તેનું કારણ છે, શંકરાચાર્યે તે ઘર 'મારૂં' કર્યું તેથી તેમને તે સારૂં લાગે. જે 'મારૂં' થયું તે 'સારૂં' લાગે. જે દિવસે એમ લાગે કે, ગીતા કૃષ્ણ ભગવાને મને કહી છે તેથી ગીતા મારી છે; તે દિવસથી ગીતા જુદી જ લાગે, તેમાં જુદીજ મીઠાશ આવે. માણસ નકટો હોય, કાળો હોય, પણ તેને જમાઈ બનાવે, પછી તે સારો લાગે. પછી સાસુ કહે કે, "મારા જમાઈ કાળા છે ખરા, પણ તેમાં ચમક છે." જે મારો થયો તે સારો થયો જ. આપણને જગત સારૂં ન લાગે; કારણ તે આપણને 'મારૂં' નથી લાગતું. શંકરાચાર્યને ભગવાનનું ઘર સારૂં લાગે; કારણ તેમણે તે 'મારૂં' કર્યું છે.

ભગવાનને ઘરજ નથી. તે દિવાલ વગરનું છે, પણ શંકરાચાર્યને તે સારૂં લાગે છે; કારણ તેમને તે મારૂં લાગે છે. આ ઘરમાં કોણ જઈ શકે? શંકરાચાર્ય કહે કે, 'હું જ જઈ શકું.' તેમને ડર નથી, ભીતિ નથી, કે આ ઘરમાં મને પ્રવેશ મળે કે નહિ. શંકરાચાર્ય ખરેખર જ અધિકારી છે. આ રમ્ય ઘરમાં તે જ પહોંચવાના, બાકી બધા આશાદ્ભૂત નજરે જુએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શંકરાચાર્યને બધાજ લોકોને કહેવાનું છે કે, આ ઘરમાં જવાનો અધિકારી કોણ? શંકરાચાર્ય જો અધિકારી હોય તો તે કેવા છે તે તેમણે કહેવું જોઇએ; પણ તે પોતેજ તે કહે તો અમને તે આત્મસ્તુતિ લાગે. શંકરાચાર્યને આપણા ઉપર અતિ પ્રેમ છે; પણ સાથે સાથે આપણી ચાવળી બુદ્ધિની તેમને ખબર છે. માણસની બુદ્ધિ ચાવળી છે, તેથી શંકરાચાર્ય આત્મસ્તુતિ કરે તો માણસ શંકરાચાર્યની ઠાઠડી બાંધવા આગળ–પાછળ જુએ નહિ. માણસ એમ સમજે નહિ કે, હું પણ તેવો થાઉં; તે માટે શંકરાચાર્ય પોતાનું વર્ણન કરે છે. તેથી તેમને પણ બે મિનિટમાં ઉડાવી દે; તેથી શંકરાચાર્ય આત્મસ્તુતિ કરતાં ડરે છે. તે ભગવાનથી ડર્યા નહિ, પણ લોકોથી ડરે છે તેથી આત્મસ્તુતિ કરતા નથી. શંકરાચાર્ય કહે છે કે, **वाल्मीकिः सनकः सनंदनरु व्यासो वासिष्ठो भृगु...** આ લોકો તેના અધિકારી છે. શંકરાચાર્ય પણ અધિકારી છે તો તેમનું જીવન કેવું છે તે તેમણે કહેવું જોઇએ; પરંતુ તે કહેતી વખતે શરમ આવે. લોકો તેને આત્મપ્રૌઢી કહે અને તેનો ઉલટો અર્થ કરે. તેથી શંકરાચાર્ય આ ભગવાનનું જીવન છે એમ કહે છે અને **शिवो भूत्वा शिवं यजेत्। रामो भूत्वा रामं यजेत्। कृष्णो भूत्वा कृष्णं यजेत्।** એમ સમજાવે છે. આ ભકિતશાસ્ત્રમાંની પરંપરા છે. કૃષ્ણના ગુણો જીવનમાં લાવો અને તેનું પૂજન કરો. લોકો કહે કે, કૃષ્ણમાં ફલાણો ગુણ હતો તે અમારામાં ન આવે; કારણ કૃષ્ણ તો ભગવાન હતા. આવું કહે, પછી તે ગુણો લાવવાની જવાબદારી નથી. કૃષ્ણને ભગવાન સમજીને તેની પૂજા કરીએ; પણ તેના ગુણો લાવવાની તૈયારી નથી તેથી મંદિરમાં તેને બેસાડીને તાળું લગાડી દઇએ છીએ.

વાસ્તવિક, જેની ઉપાસના કરો તેના ગુણો જીવનમાં લાવો–આ ભક્તિ શાસ્ત્રનો નિયમ છે. જેનું ચિંતન કરો તેના જેવા થવાનું છે. શંકરાચાર્યને લાગ્યું કે જગદીશનું વર્ણન કરૂં તો તે મારૂં જ વર્ણન થશે, તેથી તેમણે ભગવતીનું વર્ણન કર્યું અને ભગવતીના રમ્ય ઘરમાં જવાને કોણ અધિકારી છે તે સમજાવ્યું છે. તેથી આ વર્ણન જગદીશના બહાને જે ભગવાનના થયેલા છે, જે જ્ઞાની ભકતો છે, જે વૈષ્ણવ થયેલા છે તેમનું આ વર્ણન છે. આવા થાઓ તો જગદીશના રમ્ય ઘરમાં પ્રવેશ મળે; એમ, શંકરાચાર્યને કહેવાનું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનના ગુણો ગાતી વખતે શંકરાચાર્યના પેટમાં પાપ છે એટલે ભગવાનનું વર્ણન કરીને પોતાના ગુણો તેઓ ગાય છે. શંકરાચાર્યના સ્તોત્રો, કાં તો બ્રહ્મસૂત્ર શારીરભાષ્ય વાંચો તો કોઈ ઠેકાણે ખબર પડશે કે, શંકરાચાર્ય જગદીશનું વર્ણન કરીને તે બહાને પોતાનું વર્ણન કરે છે. શ્રાવણ મહિનામાં આ મેળવવાનું છે. એક દિવસ આવો આવે કે, શંકરાચાર્યે જે અતુલનીય સૌભાગ્યનું વર્ણન કર્યું છે તેવું મારૂં સૌભાગ્ય થાય. આ મહાન ભગવદ્ભકત, પ્રભુના ખોળે બેઠેલા છે તે કહે છે કે, પ્રભુને ખોળે બેસવાનું હોય તો આવું જીવન બનાવવું જોઈએ. આવું અતુલનીય સૌભાગ્ય મળે તો જ તેના ઘરમાં પ્રવેશ મળે. હવે આ ઘરમાં કોણ જઈ શકે? તેનુ વર્ણન કરે છે.

**निवासः कैलासे** .... ભગવાનને કોણ ગમે? આપણને કોણ ગમે? જે આપણા જેવો હોય તે આપણને ગમે. જે જેવો હશે તે તેવાને પોતાના ઘરે બોલાવે. સજ્જન માણસ દારૂડીયાને પોતાને ઘરે ન બોલાવે. કોઈ વારંવાર સીગરેટ ફૂંકતો રહેલો (chain smoker) હોય અને તમે સીગરેટ ન પીતા હશો તો તેને તમારે ઘેર તમે ન બોલાવશો. કદાચ આવો તમારે ઘેરે આવે તો તમે તેને બારણામાંથી જ પાછો કાઢશો. કદાચ કોઈ ઘરમાં આવી ચડે તો બને તેટલો તેને જલદી ઉઠાડશો. આવી રીતે ન ગમતો માણસ ઘેરે આવે તો તેને ઉઠાડવાના રસ્તા અમારૂં નિતિશાસ્ત્ર બતાવે છે. અમારા નીતિશાસ્ત્રમાં આપણે ઘેરે કોઈ ન ગમતો માણસ (undeserving person) આવી ચડે તો તેને ખબર ન પડે તેમ પદ્ધતિસર કેમ ઉઠાડવો તેનું લખાણ છે; પણ તે સંસ્કૃતમાં છે. જે ભાષાને આજે બધા મૃતપ્રાય ભાષા (dead language) કહે છે, જેમને આવો સુંદર વારસો મળ્યો છે, તે તેનાથી વિમુખ થઈ ગયા છે તે દુઃખની વાત છે.

વ્યસની માણસને વ્યસની ગમે, અને નિર્વ્યસનીને નિર્વ્યસની ગમે. ભગવતીના સૌભાગ્યનું વર્ણન શંકરાચાર્યે કર્યું છે તેનું કારણ એ છે કે, તેમને એ કહેવાનું છે કે, જેને ભગવતીના ઘરમાં પ્રવેશ મેળવવો હોય તેણે આ સૌભાગ્ય મેળવવું જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૈલાસ એટલે હિમાલય. ભગવતીનો નિવાસ કૈલાસમાં છે. આ સ્થિર છે, ભગવતીની બેઠક કૈલાસ છે. પુરાણોમા આવું વર્ણન છે કે, એક કાળે પર્વતને પાંખ હતી, તે અસ્થિર હતા અને પાંખ હોવાથી એક જગાએથી બીજી જગાએ પર્વતો ઉડતા હતા. એકાદ સુંદર શહેર ઉપર પર્વત ઉડીને બેસી જાય તો આખું શહેર દટાઇ જાય. સમજો હિમાલય ઉડીને મુંબઇ શહેર ઉપર બેસી જાય તો મુંબઈ શહેર ખલાસ થઇ જાય. પરંતુ ઇન્દ્રે પર્વતોની પાંખો કાપી નાખી, તેથી પર્વતો સ્થિર થયા. આજે પણ આ જ ડર છે કે, લડાઈ થાય તો બે કલાકમાં મુંબઇ શહેર ખલાસ. માણસે ઉભું કરેલું વૈભવ બે કલાકમાં ખલાસ કરવાનું કે? તેથી આ વિચાર કરવા જેવી ઘટના છે. જે સ્થિર હોય તે ભગવાનને ગમે; જેની બેઠક સ્થિર ન હોય તે ભગવાનને ન ગમે.

માનવી જીવનની બેઠક, બૌદ્ધિક બેઠક સ્થિર હોવી જોઇએ; અસ્થિરતાથી ભગવાનને દુઃખ થાય. આપણા જીવનની બેઠક અને બૌદ્ધિક બેઠક સ્થિર થાય એટલા માટે ઉપનિષદ્, ગીતા, વગેરે વાંચવાના. આપણું જીવન એટલે શું? આ શરીરમાં પંચમહાભૂતો અને ચૈતન્ય છે, તો પછી માણસ શું છે? વાસના આ માણસ છે. મને વાસના છે તેથી હું માણસ છું. માણસ એટલે સ્ત્રી – પુરૂષ બન્ને. હું કચ્છ ગયો હતો ત્યાં એક ભાઇએ કહ્યું કે, 'આ માણસોની જગા છે અને આ તરફ બહેનોની જગા છે.' મને થયું કે, બહેનો આ માણસ નથી? માણસ એટલે માનવ – જીવ, આ અર્થમાં કહું છું.

માણસની જીવનની બેઠક સ્થિર હોવી જોઇએ. જીવન એટલે વાસના. વાસનામાં સ્થૈર્ય હોવું જોઇએ. અથથી ઇતિ સુધી–જીવન પર્યંત 'ભગવાન' આ એક જ વાસના હોવી જોઇએ. આપણી વાસના હંમેશાં બદલાય છે. નાનપણમાં 'વિદ્યા' આ વાસના હોય છે, તેથી વિદ્યા મેળવવા પાછળ પડીએ. આપણે નાનપણમાં વિદ્યાનો ફૂગ્ગો ફુગાવીએ; કારણ આપણને એમ લાગે કે, વિદ્યા આવડશે તો જીવન છે; તેથી વિદ્યા મેળવવા ગાંડા થઇએ. વિદ્યા અને જીવનનો બહુ સંબંધ છે તેના બારામાં શંકા જ છે; કારણ વિદ્યા વગર પણ ખેડૂત જીવે છે. માણસ વિદ્યા મેળવે પણ પછી થોડા ટાઇમમાં તેને વિદ્યાનો કંટાળો આવે. પછી માણસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિત્તનો ફૂગ્ગો ફુગાવે અને થોડા દિવસમાં પુષ્કળ પૈસો મેળવે. શરૂઆતમાં પૈસાનો રંગ રહે; પણ પુષ્કળ પૈસો મળ્યા પછી તેમાંનો રંગ ચાલ્યો જાય. ઘણો પૈસો થયા બાદ લીલી નોટ જોઈને આનંદ ન થાય. માણસનો આનંદ ( interet ) ઉડી જાય. ત્યાર પછી જીવનમાં બીજું કંઈ જડતું નથી, તેથી તે જ ઘરેડમાં પડેલો માણસ તે જ તે કર્યા કરે; પણ પૈસાની મઝા ઉડી જાય. શરૂઆતમાં ધંધો કરે ત્યારે ચોપડાપૂજનને દહાડે ભાવભીનું અંતઃકરણ કરી ભગવાનને કહે કે, આવતું વર્ષ આવીજ રીતે સારૂં જાય; પરંતુ ધંધો કર્યે પંદર વર્ષ થઈ ગયા પછી તે તીવ્રતા ચાલી જાય છે. પછી મનમાં આવે કે, છોકરા ચોપડાપૂજન કરશે તેથી ઘણા લોકો ચોપડાપૂજનને દહાડે પણ બહારગામ ચાલ્યા જાય છે. ત્યારપછી પણ વિત્તવાન પૈસો કમાય છે; પણ બીજે ઠેકાણે તેનું મન બેસતું નથી, તેથી તે ધંધો કરે છે. તેને હવે ઉત્સાહ રહ્યો નથી.

ત્યારપછી કીર્તિની વાસના થાય–પરંતુ કીર્તિ મળ્યા પછી તેમાંથી પણ ઉત્સાહ ઉડી જાય. આમ પ્રીતિ, કીર્તિ, બધું ચાલ્યું જાય છે; તેથીજ ભર્તૃહરિ રાજાએ નીતિશતક, શૃંગારશતક, વગેરે લખ્યું; પરંતુ છેવટે તેમણે વૈરાગ્યશતક લખ્યું છે. પૈસો, વિદ્યા, કીર્તિ વગેરે મેળવ્યા પછી કશામાંજ રસ રહેતો નથી. તો પછી શું વિદ્યા, પૈસો, કીર્તિ, વગેરે મેળવવાનું નહિ ? આ બધું જરૂર મેળવવાનું; પણ નાનપણથી ઘડપણ સુધી અનુસ્યૂતરૂપે ભગવાનની વાસના રાખો અને પછી બધું મેળવો. ભગવાને તેથીજ અર્જુનને ગીતામાં કહ્યું છે કે :

> **अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।**
> **संभावितस्य चाकीर्तिः मरणादतिरिच्यते ॥**
> **भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।**
> **येषांच त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥**

અર્જુન! આ બધું તું મેળવીશ તોજ પ્રભુનું કામ થશે. માનવી જીવનની એક સ્થિર બેઠક હોવી જોઈએ. તે ન હોય તો અસ્થિર લોટા જેવું જીવન બની જાય. જેની વાસના સ્થિર નહિ તેનું જીવન સ્થિર નહિ. જનકરાજા રાજ્ય કરશે, શંકરાચાર્ય આસેતુ હિમાચલ ફરશે, તેમને બધું મળશે પણ ખરૂં; પરંતુ તેમની વાસના અનુસ્યૂતરૂપે સ્થિર દેખાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. વાસના જો સ્થિર હોય તો જીવન સ્થિર થાય. જેણે જીવનપર્યંત મુંબઈ છોડયું નથી તેથી તે સ્થિર જીવનવાળો છે એમ નહિ. કેટલાક કહે કે, શાસ્ત્રીજી ! ચાલીસ વર્ષ પહેલાં જ્યાં રહેતો હતો ત્યાંજ રહું છું, દસ × દસની રુમમાં રહું છું; આજે કાશ્મીર, કાલે ઉટી, પરમ દહાડે કલકત્તા, આવું અમારૂં જીવન નથી. આજે દસ લાખ રૂપીયા થયા છતાં તેજ ઓરડીમાં રહું છું." આ કંઈ સ્થિર જીવન નથી. જેની વાસના સ્થિર થઈ ગઈ, તે ભગવતીને ગમે. નાનપણથી ઘડપણ સુધી બધું મેળવવાનું છે. વિદ્યા, વિત્ત, કીર્તિ મેળવાનાં છે; પણ જે સૂત્રમાં એ પરોવાયેલાં છે તે વાસના–ભગવાન મેળવવાની વાસના સ્થિર છે, નિત્ય છે. જીવનની સ્થિરતા હોવી જોઈએ.

આવી જ રીતે બુદ્ધિની સ્થિરતા હોવી જોઈએ, બુદ્ધિની બેઠક સ્થિર હોવી જોઈએ. બુધ્ધિ બહુ ચંચલ છે, તેથી ભગવદ્‌ભક્તિમાં પણ માણસ અસ્થિર બને. ઘડીકમાં તે હનુમાનની ઉપાસના કરે, અને ઘડીકમાં તે ગણપતિને પૂજે. આમ બુદ્ધિની અસ્થિરતાને કારણે માણસ ભગવદ્‌ભક્તિમાં પણ અસ્થિર થાય. **समागताः कुक्कुटमिश्र पादाः**– માણસ કૂકડાની જેમ અસ્થિર હોય. જેનું જીવન અસ્થિર છે, જેની જીવનધારા વિચારધારા અને બુદ્ધિ સ્થિર નથી, તે ભગવતીના ઘરમાં જઈ શકતો નથી.

કેવળ બૌધ્ધિક જીવનમાં બહુ મોટો ગોટાળો ઉભો થાય. બુધ્ધિના હાથમાં તમારૂં જીવન આપશો તો આ સૂકાન વગરનું હોડકું કયાં જશે તે કહી શકાતું નથી.

હમણાં પોસ્ટગ્રેજ્યુએટ ભાઈઓની મીટીંગમાં કહેતો હતો કે, "દસબાર દિવસ પહેલાં મારે ઘેરે એક માણસ આવ્યો હતો; તેની પાસે પ્રકર્ષબુધ્ધિ છે, અને તે માણસ પણ બુધ્ધિવાદી છે. જે બુધ્ધિમાં ઉતર્યું છે તે કરવા તે ભગવાનથી પણ ડરતો નથી. આટલી જબરદસ્ત બુધ્ધિ હોવા છતાં તેનું જીવન આજે અસહાય અને દીન થયું છે. એ માણસને નાગપુર જવાનું હતું; પણ તેનું જીવન એટલું ખલાસ થઈ ગયું હતું કે, તે નાગપુર જવા માટે બોરીબંદર સ્ટેશને એકલો જઈ શકે તેવી સ્થિતિ ન હતી. તેની સાથે જઈ હું તેને સ્ટેશને પહોંચાડી આવ્યો. આ માણસને પૈસાની લાલસા નથી, તે લાખો રૂપીયાના પ્રલોભનોને લાત મારીને પોતાની બુદ્ધિ જોડે તે પ્રામાણિક રહ્યો છે. આ માણસ જ્યારે મારે ઘેરે મને મળવા આવ્યો ત્યારે મેં એને કહ્યું કે, તું આવ્યો તેથી દુર્ગંધી છુટી છે. તેણે પૂછ્યું કે, શાની દુર્ગંધી? મેં કહ્યું કે, તું યાદ કર. તું શરૂઆતમાં ઇશ્વરવાદી, ભક્તિવાદી થયો, પછી બુધ્ધિ ચલાવીને નાસ્તિકવાદી, ઉદ્દામવાદી, સામ્યવાદી થયો. ત્યાર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી તું બુદ્ધિને પૂછીને એક નવો વાદ પકડી નવમાનવવાદી થયો છે. તારા જીવનમાં આ બધા એક એક વૈચારિક પ્રેતો થયા છે, તેમને તેં બાળ્યા નથી; અને આ પ્રેતોમાંથી દુર્ગંધી છૂટે છે. બુદ્ધિને જીવનમાં સ્થાન છે; પરંતુ બુદ્ધિને કંઈ મર્યાદા છે તે સમજી લેવું જોઈએ. કેવળ બુધ્ધિ ઉપર આધાર ન રાખતાં બીજું જીવન પણ વિકસિત (davelop) કરવું જોઈએ. બુદ્ધિની મર્યાદા સમજીને જીવન આગળ ધપાવવું જોઈએ; કારણ બુદ્ધિ નબળી છે, દુબળી છે, તેને કંઈ મર્યાદા છે. બુદ્ધિના પ્રકર્ષથી બુદ્ધિ વિકસિત થાય; પણ તેના લીધે તને બીજી જીવનધારા ક્ષુદ્ર લાગશે. તારા શરીરના બે ભાગ કરીએ તો અર્ધો ભાગ પુષ્ટ છે–એક હાથ, એક પગ ચાલીસ વર્ષનો પુષ્ટ છે; જ્યારે બીજો હાથ અને પગ, ફકત બે દિવસનો દુબળો પાંગળો છે–આવો તું દેખાય છે. બુદ્ધિવાદની જોડે બીજું કંઈ પુષ્ટ કરવું જોઇએ તો તે બુદ્ધિને સ્થિર કરે; નહિ તો ગમે તેટલા બુદ્ધિના પ્રકર્ષનો માણસ આધ્યાત્મિક (metaphysical) થવાનો નહિ. ગણપતિના બે દાંત છે–એક શ્રદ્ધા, અને બીજો મેધાનો દાંત છે. **श्रद्धां मेधां यशः प्रज्ञां...** કેવળ બુધ્ધિ નબળી છે તેથી ગણપતિનો એક દાંત (બુધ્ધિનો) તૂટેલો છે; અને શ્રદ્ધાનો દાંત આખો છે. બુધ્ધિથી પ્રભુ પાસે પહોંચાય, અને શેતાન પણ થવાય; બુધ્ધિથી મહાન ભકત થવાય, અને બુદ્ધિથી રાક્ષસ પણ થવાય. તેથી બુધ્ધિ ઉપરાંત બીજી જીવનધારા વિકસિત (develop) કરો. આ માણસ નિઃસ્વાર્થી છે, તેને કંઇ જોઇતું નથી, તે મોટા પ્રલોભનોને લાત મારીને બુધ્ધિ જોડે પ્રામાણિક રહ્યો છે; પરંતુ બુધ્ધિની અસ્થિરતાને લીધે તેનું જીવન અસ્થિર અને નૈરાશ્યમય થયું છે. આ બૌધ્ધિક અસ્થિરતાને લીધે માનસિક ભંગ (mental collapse) થાય; અને તે માણસને બહુ તકલીફ આપે.

જીવનની સ્થિરતા, બુધ્ધિની સ્થિરતા, તેની જોડે વૃત્તિની સ્થિરતા હોવી જોઇએ. સ્થિર પ્રેમ વગર આંખ ચંચલ રહે. ભગવાન ઉપર સ્થિર પ્રેમ હોવો જોઇએ. કુંવારી છોકરીની વૃત્તિ અને નજર સ્થિર ન હોય. ધણી ન મળે ત્યાં સુધી પ્રત્યેક છોકરા તરફ જોયા કરે; પરંતુ તેને ધણી મળી જાય કે તે સ્થિર થાય. જેની વૃત્તિ સ્થિર, જેની બુદ્ધિ સ્થિર થઇ તે સ્થિતપ્રજ્ઞ કહેવાય.

**विधि** એટલે બ્રહ્મા, કર્મયોગી. અને **शतमुख** એટલે શાસક. ઇન્દ્ર–આત્મશાસક. કર્મયોગીઓ અને આત્મશાસકો, તેવીજ રીતે કુબેર એટલે વૈભવવાન. કુબેરની પાસે જીવનનું વૈભવ છે. આ ત્રણે જણા જેની સ્તુતિ કરે છે, આવી ભગવતી છે. કર્મયોગીઓ, મનોવૃત્તિનું શાસન કરવાવાળા, અને જીવનવૈભવવાળા જેની સ્તુતિ કરે છે, ઉઠાં સુધી ભણેલા વાણિયાએ આપેલા સર્ટીફીકેટ (certificate) ની આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત નથી. કોઈપણ સ્તુતિ કરે તે ન ચાલે. સ્તુતિ કેવી? તેના કરતાં કોણ કરે છે તેના તરફ ધ્યાન આપો. નહિ તો વ્યાખ્યાન થયા પછી આભારદર્શન કરવામાં આવે, તે આભારદર્શનની વકતાને પણ જરૂર નહિ, અને શ્રોતાઓને બીલકુલ જરૂરત હોતી નથી, તેની શું કિંમત? પણ આભારદર્શન કરવાવાળાને બોલવાની તક મળતાં તે પોતાની અક્કલ ચલાવે અને કહે કે, શાસ્ત્રીજી આવા છે અને તેવા છે, પોતાનો અમૂલ્ય સમય તેમણે આપ્યો છે.... વગેરે. આ બધું વર્ણન શા માટે છે? તે લોકોએ યોજેલા કાર્યક્રમમાં શાસ્ત્રીજીએ એક મફતની આઈટમ ભરી આપી, એક નકલ કરી તેથી આ વર્ણન ચાલે. પરંતુ જેની સ્તુતિ થાય તેણે સ્તુતિ કોણ કરે છે તેના તરફ ધ્યાન રાખવું જોઈએ. બા છોકરાની સ્તુતિ કરે તો પચાસ ટકા બાદ કરો, અને સાસુ જમાઈની સ્તુતિ–વખાણ કરે તો નેવું ટકા બાદ કરવાના. અહીં તો જેના જીવનની સ્તુતિ કર્મયોગીઓ, આત્મશાસકો અને વૈભવવાન કરે ત્યારે તેવા જીવનવાળાને ભગવતીના રમ્ય ઘરમાં પ્રવેશ મળે. કર્મયોગીઓ, મનોવૃત્તિનું શાસન કરવાવાળા, અને જીવનવૈભવવાળા સ્તુતિ કરે તે જ ખરી સ્તુતિ છે.

પછી કહે છે કે, **कुटुम्बं त्रैलोक्यं** જેણે ત્રૈલોકયને કુટુંબ કરી નાખ્યું છે, જેણે સંકુચિતતાની દિવાલો તોડી નાખીને પોતાનું કુટુંબ વિશ્વવ્યાપી બનાવ્યું તે મહાન છે. કુટુંબ મોટું કરવું એટલે બે ઘર માંડવા આમ નહિ, કેટલાકને જાહેર (official) અને ખાનગી (unofficial) આમ બે ઘર હોય; તેનો અર્થ તેમણે કુટુંબ મોટું કર્યું આમ નહિ. **कुटुंबयते नाम पालयते** સંસ્કૃતમાં કુટુંબ શબ્દ જ્ઞાનીને ઉદ્દેશીને, બાંધવોને ઉદ્દેશીને, અને સંતાનને ઉદ્દેશીને છે. જેનું ત્રૈલોક્ય બાંધવ છે–શરૂઆતમાં પ્રભુકાર્ય કરવાવાળા ભાઈ લાગે; પછી પ્રભુકાર્ય ન કરવાવાળા પણ ભાઈ લાગે. શરૂઆતમાં નાસ્તિકો ઉપર પ્રેમ ન કરો, નહિ તો તમે પણ તેના જેવા થઈ જશો. પરંતુ બુધ્ધિમાં સ્થિરતા અને તાકાત આવ્યા પછી નાસ્તિકો પણ ભાઈ લાગે. આમ ત્રૈલોકય જેનું કુટુંબ થયું છે, તેને ભગવતીના રમ્ય ઘરમાં પ્રવેશ મળે.

પછી કહે છે કે, **कृतकरपुटः सिद्धिनिकरः** જેના જીવનમાં અષ્ટસિધ્ધિઓ હાથ જોડીને ઉભી છે; છતાંપણ જે તેમને કામે લગાડતો નથી. ભગવાન પૂછે કે, 'દીકરા! તને શું જોઈએ? તો આ દીકરો બોલતો જ નથી. આવા દીકરાને ત્યાં ભગવાન જગતનું વૈભવ મોકલે, ન માગતાં બધું મોકલે. **न मागे तयाची रमा होय दासी।** મરીચિ ઋષિનું વર્ણન છે કે, તે કલ્પવૃક્ષ નીચે બેઠા છે પણ તે ઈચ્છા જ કરતા નથી; સિધ્ધિસમુદાય હાથ જોડીને ઉભો છે; પરંતુ આ બહાદૂર તેને કામે લગાડતોજ નથી. આ કેટલું ફક્કડ જીવન છે! ભગવાન પૂછે કે, 'તને શું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ?' પણ તે જવાબ આપતો નથી. કારણ જવાબ આપે તો પુણ્ય ઓછું થાય–તેથી તે માગતો જ નથી. પછી ભગવાન તેને ત્યાં બધું મોકલે; કારણ ભગવાનને એમ થાય કે, આને ત્યાં આ મોકલું તો સમાધાન થશે કે બીજું મોકલુ તો સમાધાન થાય. આમ ભગવાન તેને ત્યાં બધુંજ મોકલાવે. આમ અષ્ટસિદ્ધિ જેની દાસી થઈને ઉભી છે તેવા મહાપુરૂષને આ ના ઘરમાં પ્રવેશ મળે.

પછી કહે છે કે, **महेशः प्राणेशः**– જેના પ્રાણના ઈશ પ્રભુ છે. આપણા પ્રાણના ઇશ સ્ત્રી, પુત્ર ઈત્યાદિ લોકો છે; પરંતુ આવા લોકોના પ્રાણોના ઇશ પ્રભુ છે. મારો સ્વામી 'નારાયણ' છે, આવું કહેવાવાળાનો એક આખો સંપ્રદાય છે અને તે એટલે 'સ્વામીનારાયણ' સંપ્રદાય. આનો અર્થ એ છે કે, મારા ચિત્તનો, મનનો, બુદ્ધિનો અને પ્રાણોનો સ્વામી નારાયણ છે. **महेशः प्राणेशः** આવી વૃત્તિ થવી જોઈએ. કેવળ ટીલો કરીને નારાયણ સ્વામી ન થાય. જેનો સ્વામી નારાયણ તે સ્વામી નારાયણ સંપ્રદાયનો કહેવાય. આવો જે થયો તેના સૌભાગ્યની કોઈપણ ઠેકાણે અને અલ્પ પણ ઉપમા નથી, તુલના નથી–આ અતુલનીય સૌભાગ્ય છે.

શંકરાચાર્ય આવા છે; તેમનું કૌતુક કોણ કરે? ગુંડાઓ કરે? બટકા જીવનવાળા લોકો શંકરાચાર્યની જયંતિ ન ઉજવે, ક્ષુદ્ર જીવો તેમની જયંતિ ન ઉજવી શકે. શંકરાચાર્યનું જીવન કર્મયોગીઓને ખબર પડે, જેમણે મનોવૃત્તિ ઉપર શાસન કર્યું છે તેવા લોકોને ખબર પડે; અને કાં તો જેમની પાસે જીવનનું વૈભવ છે તેવા લોકો કરી શકે. અરે! બત્રીસ વર્ષની ઉંમરમાં જેણે ભારતના લોકોની બુદ્ધિને દિવ્યરૂપ આપ્યું, તેમનું વર્ણન મહાપુરૂષો જ કરી શકે. જેમણે ત્રૈલોકયને કુટુંબ બનાવ્યું, સિદ્ધિ જેમની પાસે હાથ જોડીને ઉભી છે, મહેશ જેના પ્રાણેશ છે, જેણે પ્રભુનેજ સર્વસ્વ માન્યું છે, આવા અતુલનીય સૌભાગ્યવાળા જ ભગવતીના ઘેર પહોંચી શકે; જગદીશના ઘરમાં ફક્ત તેજ પ્રવેશ મેળવી શકે.

ભગવતીના નામે શંકરાચાર્યે પોતાનું વર્ણન ગાયું છે. આ આદર્શજીવન છે. આવા આદર્શજીવનની માગણી કરવી જોઈએ. ભગવાન! ગમે તેટલા જન્મારા લેવા અમે તૈયાર છીએ; પણ આવું જીવન મળવું જોઈએ. ભગવાનના મંદિરમાં પહોંચવા માટે શકિત મેળવવાની છે. શંકરાચાર્યે ત્યાં પહોંચવા માટે શું શું જીવનમાં જોઇએ તેનું સુંદર વર્ણન કર્યું છે. આ ભવ્ય જીવન છે. આવું જીવન **जन्मान्तरे वा** મળે, આવી પ્રભુ પાસે માગણી કરી આ શ્લોક પૂરો કરીએ. આગળના શ્લોકોમાં શું કહે છે તે જોઈશું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनन्दलहरी

## श्लोक १६–१७

वृषो वृद्धो यानं विषमशनमाशा निवसनं
श्मशानक्रीडाभूर्भुजगनिवहो भूषणाविधिः।
समग्रा सामग्री जगति विदितव स्मररिपो-
र्यदेतस्यैश्वर्यं तव जननि सौभाग्यमहिमा ॥ १६ ॥

अशेषब्रह्माण्डप्रलयविधिनैसर्गिकमतिः
श्मशानेष्वासीनः कृतभसितलेपः पशुपतिः।
दधौ कण्ठे हालाहलमखिलभूगोलकृपया
भवत्याः संगत्याः फलमिति च कल्याणि कलये ॥ १७ ॥

**भावार्थः**— વૃષ્ય બળદ જેનું વાહન છે, પીવા માટે જેની પાસે ઝેર છે, દિશા એ જેનું વસ્ત્ર છે, સ્મશાન એ જેની રમવાની જગ્યા છે, સર્પોનું ટોળું એ જેનો અલંકાર છે, એવી સમગ્ર સામગ્રી જગત જેની જાણે છે એવા એ કામના શત્રુનું ખરૂં ઐશ્વર્ય તો, હે મા! તારા સૌભાગ્ય મહિમાનું છે (૧૬)

અખિલ બ્રહ્માંડનો પ્રલય કરવાની જેની નૈસર્ગિક મતિ છે, જેનો સ્મશાનમાં વાસ, ભભૂતિનો જેણે લેપ કરેલો છે, તેવા એ પશુપતિએ અખિલ ભૂમંડળ ઉપર કૃપા કરવા માટે, જીવાડવા માટે તથા કલ્યાણ કરવા માટે કંઠે હલાહલ ઝેર ધારણ કરેલું છે. (૧૭)

(પરમ પૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વજનાથ આઠવલેના પ્રવચન ઉપરથી)

આજના શ્લોકમાં ભગવાન શિવજીના ઘરના સંપૂર્ણ ફર્નીચરનું વર્ણન કરેલું છે. પૈસાપાત્ર લોકોને સરકાર પાસે પોતાની (wealth) મિલકત જાહેર કરવી પડે છે; તેવી જ રીતે ભગવાનની (property) માલમત્તા જગતમાં આ રીતે જાહેર થયેલી છે. ભગવાનની (estate) જાગીરનું હવે વર્ણન કરેલું છે.

**वृषो वृद्धो यानं**:— ભગવાનનું વાહન કોણ છે? તો અહીં કહે છે કે, તેનું વાહન વૃષ્ય બળદ છે. વૃષ્યના બે અર્થ થાય છે—એક તો ઘરડો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બીજો વધી ગયેલો. ભગવાન કોના શરીરમાં રહે? જે વધી ગયેલો છે તેના શરીરમાં રહી ભગવાન ફરે છે. જે લોકોની કામના–વાસના નાની, બટકી કે ક્ષુદ્ર ન રહેતાં મહાન થઈ, જે લોકોનો દૃષ્ટિકોણ ટૂંકો ન રહેતાં વિશાળ થઇ ગયો હોય તેવા લોકો જ ભગવાનનું વાહન બને છે; તેના દ્વારા જ ભગવાન હરે ફરે છે.

**विषं अशनं** :– તેને ખાવા માટે ઝેર જ મળે છે. લોકો તેની સામે ઝેર ઓકતા જ રહેલા છે, અને તે બધું તેને પચાવવું પડે છે. 'ભગવાન ક્રૂર છે, તે પક્ષપાતી છે' આમ કહી લોકો ભગવાન સામે ઝેર ઓકે છે અને ભગવાન શાંત મુદ્રા રાખી બધું ઝેર પચાવી જાય છે. તમે કહેશો કે, 'અમે આવું ઝેર ઓકતા નથી; અમે તો ભગવાન પાસે કરુણા માગીએ છીએ.' સવાર પડતાં જ આંખ ખોલાવવાવાળાને, બધું જ દૃષ્ટિગોચર કરાવવાવાળાને, પગ ઉપર ઊભા રખાવવાવાળાને, અને જીવનની એકે એક ક્રિયા કરાવવાવાળાને જો તમે એમ કહેતા હો કે, 'હે પ્રભુ! તું અમારૂં ધ્યાન રાખ; અમારા તરફ અમી નજર રાખ,' તો તે પણ તેનું અપમાન જ છે, તેની સામેનું ઝેર જ છે. બધું જ ધ્યાન રાખવાવાળાને 'મારૂં ધ્યાન રાખો' એમ કહેવું એ તેનું અપમાન છે. હાઇકોર્ટના જજને કોઈ વકીલ જો એમ કહે કે, 'સાહેબ, મારો કેસ તમો બરાબર વાંચી અને પછી ચુકાદો આપજો.' તો આ તેમનું અપમાન કહેવાય; કારણ કે, એનો અર્થ તો એમ થયો કે, તેઓ બીજા કેસો બરાબર વાંચ્યા વગર તેનો ચુકાદો આપે છે. આવું જ ભગવાનના બારામાં આપણે કહીએ છીએ. ભગવાન શું સૂઇ ગયા છે – કે લોકો તેને કહે છે કે, 'ભગવાન, તમે અમારા તરફ જોતા નથી; અમારૂં ધ્યાન રાખો.' આ બધું બોલવું–ભલે પછી તે કરૂણા લાવીને બોલેલું હોય, કે પછી તે ઇચ્છાથી કે દ્વેષથી બોલેલું હોય; પરંતુ ભગવાનનું તો તે અપમાન જ છે. ભગવાનની કૃતિમાં દોષ જોવો એ પણ તેનું અપમાન જ છે, તેના ઉપર કલંક લગાડવા જેવું છે, તેના સામે ઝેર ઓકવા જેવું છે. 'આ સૃષ્ટિ ઘણીજ સુંદર છે, અને એક પણ દોષ વગરની છે' આમ સંતોષથી કહો. ભક્તો માટે તો ભગવાન ઝેર પીતા જ રહેલા છે. લોકો કહેતા રહેલા છે કે, 'ભગવાન તો પક્ષપાતી છે, ભકતોનો યોગક્ષેમ તે ચલાવે છે.' આવું ઝેર ભગવાન પીતા રહેલા છે. **आशा निवसनं** :– ત્યારપછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે છે કે, દિશા એ જેનું વસ્ત્ર છે. ભાગ્યે જ વપરાય એવો શબ્દ **आशा** અહીં વાપરેલો છે. જ્યારે સાંસ્કૃતિક દૃષ્ટિથી દિશા શબ્દ કહેવાનો હોય ત્યારે જ **आशा** શબ્દ વપરાય છે. 'ભગવાન દિશા પહેરીને બેઠા છે' આમ કહેવા પાછળનો આશય એ છે કે, ભગવાનને કોઇ આકાર નથી. શાસ્ત્રીય ભાષામાં કહીએ તો ભગવાન અપરિચ્છિન્ન છે–પરિચ્છિન્ન નથી; ભગવાન કોઈ આકારમાં કે ઘેરામાં પૂરાયેલો નથી. ઉપનિષદ્‌માં તેનું વર્ણન કરતાં કહ્યું છે કે, **अत्यतिष्ठत दशांगुल।** 'તે દશ આંગળ વધારે ઊંચો છે' એનો અર્થ એ કે, તમે ગમે તેટલી સૃષ્ટિ માનો, પણ તે સૃષ્ટિથી તે દશ આંગળ મોટો જ છે. તમે પૃથ્વી જેટલી સૃષ્ટિ માનો તો ભગવાન તેનાથી દશ આંગળ મોટા છે. તમે સૂર્યમંડળ જેટલી સૃષ્ટિ માનો તો ભગવાન તેનાથી પણ દશ આંગળ મોટા છે; અને બીજા બ્રહ્માંડ જેટલી સૃષ્ટિ માનો તો ભગવાન તેનાથી પણ દશ આંગળ મોટા છે. કહેવાનું તાત્પર્ય એ કે, ભગવાનને કોઇ limitation–મર્યાદા નથી. સૃષ્ટિના દરેક વસ્તુને મર્યાદા છે; પરંતુ ભગવાનને કોઇ મર્યાદા નથી. આપણે ત્યાં limited company હોય છે, તેની જવાબદારીઓ મર્યાદિત છે; પરંતુ ભગવાનનું તેવું નથી. ભગવાનના આકારને, તેની કૃતિને, તેની કરુણાને કોઇ મર્યાદા નથી. આશા એટલે કે દિશા એ ભગવાનનું વસ્ત્ર છે. **स्मशानं क्रीडाभूः** – ભગવાનની રમત કરવાની જગ્યા સ્મશાન છે. ગમે તેટલું ભૂલવા માગીએ પણ મૃત્યુ એ અટલ સત્ય છે. વિચાર કરશું તો લાગશે કે, મરણ જો ન હોત તો જીવનમાં આનંદ રહેત નહીં. ભગવાનની મૂર્તિ ઉપર આજે એક ફૂલ ચડાવીએ છીએ અને બીજે દિવસે તે ફૂલ કરમાઇ જતાં આપણે તેને નિર્માલ્ય સમજી બાજુએ મૂકીએ છીએ અને બીજું નવું ફૂલ ભગવાનને ચડાવીએ છીએ; અને તેની અંદર જ આનંદ છે. ભગવાન કૃષ્ણનું વર્ણન કરતાં કહ્યું છે કે, **दिने दिने नवं नवं।** ભગવાન દરરોજ નવીન લાગે છે. આપણા જીવનનું પણ તેવું જ છે. મરણ એક દિવસ પાછું ઠેલ્યું એમાં જ જીવનનો આનંદ છે. વર્ષગાંઠ ઊજવવા પાછળ આ જ ભાવના છે. માણસ ૬૫ વર્ષનો થાય તોપણ ૬૫ મી વર્ષગાંઠ ઊજવે છે, ત્યારે તેનામાં એ ભાવના થાય છે કે, ૬૫ ચોમાસાં ગયાં છતાં તેની મારા ઉપર કોઇ અસર થઇ નહીં. ફક્ત આનંદ–પ્રમોદ માટે જ જો વર્ષગાંઠ ઊજવવાની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોત તો તો માણસ ૪૦ વર્ષ સુધી જ વર્ષગાંઠ ઊજવતો હોત, કારણ કે ચંદ્ર જ્યાં સુધી વધતો હોય ત્યાં સુધી જ આનંદ હોય છે; પછીના કાળમાં તો તેની એક પછી એક કળા ઘટતી જાય છે. પરંતુ વર્ષગાંઠ ઊજવવામાં તેવું નથી; માટે મૃત્યુ પર્યંત વર્ષગાંઠ ઊજવો. જો કોઇ મરતું જ ન હોત તો માણસની પ્રવૃત્તિ જ બંધ થઈ જાત અને બધા પથરા જેવા થઇ પડી રહ્યા હોત; કારણ કે જીવવા માટે અનાજની જરૂર ન રહેત, કમાવાની જરૂર ન રહેત, દવા કે ઓપરેશનની પણ જરૂર ન રહેત. મરણ જ ન હોય એ એક ભયાનક વસ્તુ છે. 'હું છું' અને 'હું નથી' એ જ જીવન છે. 'છું' નું 'નહીં' માં અને 'નહીં' નું 'છું' માં રૂપાંતર એનું નામ જ જીવન. માણસને મરણનો ડર લાગે છે, આ ડર નીકળી જાય તેટલા માટે જ ભગવાને સ્મશાનમાં રમવાનું પસંદ કર્યું હશે. સ્મશાન ભગવાનનું મંદિર થઈ જાય તો માણસને સ્મશાનનો ધકકો ન લાગે. સ્મશાનમાં ભગવાન નાચી રહ્યા છે, તે કલ્પના કરો એટલે મરણનો ડર ચાલી જશે.

**भुजगनिवहो भूषणविधिः** સર્પોનું ટોળું એ ભગવાનનાં ઘરેણાં છે. સર્પોના મોઢામાં ઝેર ભરેલું હોય છે. માણસો તો સર્પો કરતાં પણ વધારે ઝેરી હોય છે. તેના મોઢામાં પણ ઝેર ભરેલું હોય છે. તે ઝેર માણસ કયારે ઓકશે તે ખબર ન પડે. બીજું સર્પ તો જેને કરડે તેને ઝેર ચડે અને તે મરી જાય; પરંતુ માણસની વિશિષ્ટતા એ છે કે, તે કરડે એકને અને ઝેર બીજાને ચઢે અને તે મરી જાય. તમને થશે કે આમ કેમ થાય? તો સાંભળો, છગનભાઇને જો મગનભાઈ ઉપર દ્વેષ હોય તો તે મગનભાઇને હલકો પાડવા માટે અનેક યુકિત–પ્રયુકિતઓ કરે. છગનભાઇ મગનભાઇને કાંઇ કહેશે નહીં, પરંતુ છગનભાઈ મગનભાઈના શેઠ પાસે મગનભાઇની નીતિમત્તાના બારામાં શંકા ઊભી કરશે, અને તેના સગામાં તેના ચારિત્ર્યના બારામાં ઊલટીસૂલટી વાત કરશે. આને લીધે મગનભાઈને આ ઝેરની અસર પહોંચશે. કરડવું એ માણસનો સ્વભાવ છે, તેથી માણસો જ ભગવાનના ઘરેણાં છે.

ઉપર મુજબનો શિવજીનો વિશાળ વૈભવ છે. શિવજી માટે અહીં કહેલું છે કે, તે કામદેવનો શત્રુ છે. પુરાણમાં વર્ણન છે કે, શિવજીએ કામ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવને બાળી મૂકયો હતો. પરંતુ પછી પાછો તેને જીવતો પણ તેમણે જ કર્યો. વિષયો બાળી નાખ્યા પછી આ જગત ચાલે કેમ? તેથી છોકરા ઉપરના પ્રેમને કારણે શિવજીએ વિષયો ઊભા કર્યા, અને કામદેવને જીવતો કર્યો. જીવ સમાધિનું સુખ, જ્ઞાનની અનંતતા અને ભકિતની દિવ્યતા કેમ મ્હાણી શકશે! તેથી અપાર કરુણાથી પ્રેરાઇને શિવજીએ પાછું બધું ઊભું કર્યું. પોતાના દાંત તૂટી ગયા હોવા છતાં દાદા જેમ પોતાના પૌત્રને માટે રવિવારે નાસ્તો બનાવરાવે, તેવી જ રીતે ભગવાન પોતે તો પૂર્ણકામ છે, સ્વાત્માનંદી છે, તે છતાં જીવને માટે તેમણે કામદેવને જીવાડયો. કેટલાક લોકો કહે છે કે, 'કામ ખરાબ છે અને તેથી ભગવાને તેને બાળી નાખ્યા પછી સજીવન કરવો જોઇતો ન હતો' પરંતુ આ કથન ખોટું છે. ભગવાને આ જગતમાં જે જે કૃતિ કરી, જેમાં કામ પણ આવી જાય છે, તેમાં એક પણ દોષ નથી. હકીકતમાં શિવજી એટલે જ્ઞાનની મૂર્તિ. આવા આ વિશુધ્ધ જ્ઞાન પાસે જેમ જેમ માણસ જતો જાય તેમ તેમ કામ બળી જ જાય, પછી કામાસકિતને બદલે ભાવાસકિત આવવા લાગે. ઋષિઓના જીવનમાં કામ બળી જાય, તેમને કીર્તિની કામના, દારેષણા, લોકેષણા કે પુત્રેષણા કાંઇ જ હોય નહીં. તેમને કોઇ પૂછે કે, 'આ કામ કોણે બાળ્યો?' તો તેઓ તરત જ કહેશે કે, 'કામ શિવજીએ બાળ્યો.' આના ઉપરથી પુરાણમાં કથા ઊભી થઇ. જેમ જેમ માણસ શુધ્ધ જ્ઞાન પાસે જવા લાગે, તેમ તેમ વિષયોની ક્ષુદ્રતા તેની નજરે આવવા લાગે; અને જ્ઞાન નજીક આવતાં કામ ખલાસ થઇ જાય. આવું થવા છતાં તેઓએ કામને જીવાડયો. ઋષિઓને સંસારની આસકિત ન હોવા છતાં તેઓએ જ સંસારમાં આનંદ ભર્યો છે. જેમ જેમ વિશુધ્ધ જ્ઞાન વધે, સ્વાત્માનંદ આવવા લાગે, તેમ તેમ કામ ખલાસ થાય. અમુક પ્રભાવી ભાવાસકિત આવતાં જ કામ ચાલ્યો જતો આપણે જોઇએ છીએ. પુત્ર મરણ પથારીએ પડયો હોય તો પિતા પૈસાનો વિચાર કરતો નથી. જો અમુક દુઃખ કે કરુણ પ્રસંગમાં કામ ચાલી જાય તો ભકિત અને જ્ઞાનથી તો કામ ચાલી જ જાય ને! આમ કામ ખલાસ થવા છતાં ઋષિએ કામને જીવાડયો. સંસારમાં પ્રેમ ભરવાનું ઉપનિષદ્ દ્વારા ઋષિ જ શીખવી શકે. શ્રૃંગારિક નાટક કે સિનેમા જોવાથી પતિપત્નીમાં પ્રેમ નહીં આવે, તેને માટે તો ઉપનિષદ્‌ની જ જરૂર પડશે. **अधिकार तैसा करुं उपदेश** તે ઉપનિષદ્‌ના ઋષિઓ જ કહી શકે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક લોકો એમ કહે છે કે, ઉપનિષદ્ વાંચવાથી સંસારમાંથી છૂટી જવાય; જો આમ છટી જવાતું હોત તો તો સારું થાત, પરંતુ ઉપનિષદ્ બરાબર ન સમજતા હોવાને કારણે માણુસ સંસારમાંથી છૂટતો તો નથી જ; પણ સાથે સાથે સંસારનો આનંદ પણ ભોગવી શકતો નથી. વાલ્મિકિ રામના સંસારનું વર્ણન કરતાં કહે છે કે, પતિપત્નીમાં કોઈપણ સમયમાં અદ્વૈત હોવું જોઈએ; સુખ–દુ:ખમાં બન્ને એક–બીજાનાં વિશ્રામસ્થાન થવા જોઈએ. આવું ફક્ત વાલ્મિકિ જ શીખવી શકે તેમ છે. શરૂઆતમાં ધાણી માટે આસક્તિ રાખો, અને ત્યારપછી ધીમે ધીમે કામનાનું ઉદાત્તીકરણ (sublimation) કરતા રહો. પત્નીના શબ્દને બદલે ગીતાનો શબ્દ સાંભળવાની વૃત્તિ કેળવો; અને ત્યારપછી અંદરનો આત્મિક અવાજ સાંભળવા મળશે.

**अहं निर्विकल्पो निराकार रुपो विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणां ।**
**सदा मे समत्वं न मुक्तिर्न बन्धः चिदानन्दरुपः शिवोऽहं शिवोऽहं ॥**

હું નિર્વિકલ્પ અને નિરાકાર સ્વરૂપ આખી સૃષ્ટિમાં બધી જ ઇન્દ્રિયોમાં વ્યાપેલો છું. સદા સમત્વવાળો, મુક્તિ અને બન્ધનથી રહિત હું ચિદાનન્દ શિવરૂપ છું.

કામ ખલાસ કરવાવાળા જ કામને જીવાડી શકે છે. 'લગ્ન કરવું એ મંગળ છે' એ સમજાવવાની હિંમત ફક્ત ઋષિઓ જ કરી શકે. હકિકતમાં લગ્નમાં શી મંગળતા છે ? બે કામોત્સુક જીવો ભોગ ભોગવવા માટે જ લગ્ન દ્વારા જોડાતા હોય છે, છતાં ઋષિઓએ તેની અંદર રસ ભર્યો. કામાતીતોએ કામ ઉભો કર્યો, તેને શણગાર્યો અને જીવતો કર્યો. ગીતામાં ભગવાને ગાયું કે,

**धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥**

હે ભરતશ્રેષ્ઠ, પ્રાણીઓમાં રહેલો ધર્માનુકુળ કામ હું છું.

જે લોકો નિષ્કામ થયા તેઓને માટે તો ભગવાનને કામના ઉત્પન્ન થઈ; પરંતુ આપણા જેવા કામનાથી ભરેલા લોકોમાં દિવ્યતા આવે તેટલા માટે કેવળ કરુણાથી પ્રેરાઈને તેમણે કામને જીવતો કર્યો.

For Private and Personal Use Only

શિવજી પાસે વિશાળ ઐશ્વર્ય છે તે ખરું; પરંતુ તેની પાસે સંસારી માણસે જવા જેવું શું છે? સ્મશાનમાં બેસવાવાળા, સર્પોના અલંકાર પહેરવાવાળા અને વિષ પીવાવાળા, એ શંકર પાછળ શ્રાવણ મહિનામાં આ સંસારીઓ શા માટે દોડતા હશે? આનો જવાબ આપતાં શંકરાચાર્ય કહે છે કે, આ ઐશ્વર્ય હોવા છતાં પણ ખરો મહિમા તો, મા! તેની પાસે રહેલા તારા સૌભાગ્યનો છે.'

શિવજી અને પાર્વતી એ કોઇ બે પરણેલા સ્ત્રી – પુરૂષ નથી; પરંતુ જે બ્રહ્મતત્વ છે તેની અંદર રહેલા આ સ્રી અને પુરૂષના ગુણો છે. પ્રભુ પાસે જે [illegible] અને કરુણા રહેલા છે તે જ તેનું સૌભાગ્ય છે, તેને લીધે જ તે મહાન છે.

જેમ જેમ પ્રભુ પાસે જતા જશો તેમ તેમ કામ ગળતો જ જશે, અને પ્રભુની ઇચ્છા પ્રમાણે જ જીવવાનું મન થશે.

**यदृच्छालाभसंतुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।**
**समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥**

અનાયાસે જે મળે તે વડે સંતુષ્ટ, સુખદુઃખાદિ દ્વંદ્વોથી મુકત, દ્વેષરહિત તથા સિદ્ધિ – અસિદ્ધિમાં સમભાવવાળો મનુષ્ય કર્મ કરીને પણ બંધાતો નથી.

પ્રભુ! તારે ગરીબી આપવી હોય તો ગરીબી આપ; અને શ્રીમંતાઇ આપવી હોય તો શ્રીમંતાઈ આપ. જે વસ્ત્ર ઠીક લાગે તે મને પહેરાવ. નાના બાળકને કાંઇ જ ખબર હોતી નથી. બા જે ઝભલું પહેરાવે તે ઝભલું બાળક પહેરી લે છે. બહાર જતી વખતે નાના બાળકને મા લીલું ઝભલું પહેરાવી તૈયાર કરે; પરંતુ નીકળતી વખતે વિચાર બદલાતાં તે લીલું ઝભલું કાઢી નાખી લાલ ઝભલું પહેરાવે. નાના બાળકને તેમાં કોઇ હરખ કે અફસોસ હોતો નથી. જેની પાસે ઘણા ઝભલાં હોય તે જ આવી પસંદગી કરી શકે. તો આ પરમેશ્વર પાસે તો અનંત ઝભલાંઓ છે; તેને જ્યારે જે ઠીક લાગે ત્યારે તે પહેરાવે, અને જ્યારે મન થાય ત્યારે તે બદલાવે. જો કોઈ નાની ઉમરમાં મરી જાય તો લોકો શોક કરે છે અને કહે છે કે, તે અલ્પાયુ થયો; પરંતુ તે કદાચ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વજન્મનો મહાન સાધક પણ હોઈ શકે; અને ભગવાનને તેનું શરીરરૂપી ઝભલું બદલાવવું યોગ્ય લાગ્યું હશે. ભગવાન આ સમસ્ત સંસાર સુંદર રીતે ચલાવી રહ્યા છે. **लोकवत्तुलीलाकैवल्यम्।** કેવળ લીલા ખાતર તણે આ સમસ્ત સંસાર ઉભો કર્યો છે તે સમજો.

'યોગવાસિષ્ઠ' માં વસિષ્ઠ સંસારમાં આનંદ લેતાં શિખવાડે છે; પરંતુ કેટલાક લોકો એમ માને છે કે, 'આસક્તિ આવતાં માણસ હલકો થઈ જાય છે,' આવા લોકો તેનો આડોઅવળો અર્થ કરે છે; પરંતુ હકિકતમાં તેમ નથી. વસિષ્ઠ અને વાલ્મિકિએ પોતાના જીવનમાંથી કામ બાળી નાખ્યો હોવા છતાં બીજાના જીવનમાં કામ ઊભો રાખ્યો, અને સંસારમાંથી આનંદ લેતાં શિખવ્યો. શિવજીએ કામ બાળ્યો એ હકિકત છે, અને જીવતો કર્યો તે તેમનો સંસાર ઉપરનો પ્રેમ છે. સંસારના કલ્યાણ માટે તેના ઉપર કરેલો પ્રેમ તે જ શિવજીનું સૌભાગ્ય છે.

ત્યારપછી આગળ વર્ણન કરતાં શંકરાચાર્ય કહે છે કે, અશેષ બ્રહ્માંડનો પ્રલય કરવો તે જ તમારી સ્વાભાવિક વૃત્તિ છે. **प्रबलतमसे तत्त संहारौ हराय नमो नमः।** પ્રલય કરવો એ જ તેમની નૈસર્ગિક મતિ છે. સ્મશાનમાં રહેવાવાળો તે પશુપતિનાથ શરીર ઉપર ભભૂતિ લગાડી બેઠેલો છે, તે છતાં આખા વિશ્વનું કલ્યાણ કરવા પોતે ઝેર પીધેલું છે. શિવજીમાં આવો ફરક શાને લીધે થયો ? માણસ જ્યારે કોલેજમાં ભણતો હોય અને એકલો હોસ્ટેલમાં રહેતો હોય ત્યારે નાનું બાળક તેની રૂમમાં આવે તો તેને કાઢી મૂકે; પરંતુ તે જ ભાઈ એક વૈશાખ મહિનામાં લગ્ન કરે અને બીજા વૈશાખમાં પોતાના બાળકને તેડી ઊભા હોય અને બાળક તેમના કપડાં ખરાબ કરતુ હોય છતાં પણ તેને રમાડતા હોય, તો એક જ માણસમાં આવો ફરક કોના આગમનને કારણે થયો ? આવો જ સવાલ આ શ્લોકમાં ઊભો થયો છે. આખા વિશ્વને બાળવાવાળાએ આખી દુનિયાને જીવાડી તે શાને લીધે ? એ સંહારક શક્તિ સંરક્ષક શક્તિ બની તે કોના કારણે ? તેનામાં કરુણાવૃત્તિ આવી અને જગતને જીવાડવું જોઈએ એવું લાગ્યું; અને તેને કારણે તે સંહારકમાંથી સંરક્ષક બની ગયો. મારૂં હરક્ષણે ધ્યાન રાખવાવાળો તે ગુરખો થઈને ઊભો રહ્યો. તે તો પૂર્ણકામ છે, તેને બીજી કોઈ ઇચ્છા તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી જ; પરંતુ લોકો તેના ગુણ ગાય અને હાર ચડાવે એવી પણ ઇચ્છા નથી. આપણને સૂતા પહેલાં જે વ્યવહારનું જ્ઞાન અને જીવનના ઉદ્ધારનું આધ્યાત્મિક જ્ઞાન હતું તે જ જ્ઞાન સવારે ઊંઘમાંથી ઊઠતાં જ કોણ હાજર કરે છે? આ જ્ઞાન સંભાળવાવાળાને શું કોઇ પગાર આપે છે? આવી મહાન કામગીરી બજાવવાવાળા ઇશ્વરને આપણી પાસેથી કોઈ ચીજની અપેક્ષા નથી. અરે! આવા નિષ્કામનું જો સ્મરણ કરશો તો પણ તમે શુદ્ધ થશો. તે તમને રાતદિવસ સંભાળે છે, સવારે આંખ ખોલો તે પહેલાં તમારી સેવામાં તે હાજર રહે છે. સવારના ઊઠતાંની સાથે ચા અને છાપું બન્ને કોણ યાદ કરાવે છે? આ બધી સેવા તે શા માટે કરે છે? તમારી દુકાનમાં જે મહેતાજી તમારૂં કામ કરતો રહેલો છે, તેનું કારણ તો તમને ખબર છે કે પહેલી તારીખે તેને પગાર મળવાનો છે અને દિવાળીમાં બોણી મળવાની છે; પરંતુ તે જગન્નિયંતા પરમેશ્વર આ બધું શા માટે કરે છે? તે તમારો (most obedient servant) આજ્ઞાપાલક નોકર શા માટે થયો? તે વિધ્વંસક શકિતમાંથી વિધાયક શક્તિ શા કારણે બની? શંકરાચાર્યને અનુભૂતિ થાય છે કે, જગતના કલ્યાણને માટે તેમનામાં રહેલી કારુણ્યવૃત્તિને કારણે જ આ સંસારનું પાલન થઇ રહેલું છે. તેમનામાં કામ બાળી નાખવાની શકિત હોવા છતાં દરેકે દરેકની વૃત્તિ બદલાવી પતિપત્નીની વચ્ચે પણ તે જ પ્રેમ ઉભો કરે છે.

સમાધિ લાગ્યા પછી આખું જગત ખોટું થઇ જાય છે. જેમ જેમ તે વિશુધ્ધ જ્ઞાન પાસે જતા જશો તેમ તેમ બીજું બધું ખોટું થતું જશે. **एकं सत्यं अन्यत् शून्यम्।** 'તે એક જ સત્ય છે, અને બીજું બધું શૂન્ય છે' તેનું દર્શન થવા લાગે છે. પાપ કે પૂણ્ય કંઇ જ ન રહેતાં તે એક જ શિવસ્વરૂપમાં માણસ લીન થઈ જાય છે.

**न पुण्यं न पापं न सौख्यं न दुःखं न मंत्री न तीर्थं न वेदा न यज्ञाः**
**अहं भोजनं नैव भोज्यं न भोक्ता चिदानंदरुपः शिवोऽहम् शिवोऽहम्॥**

મને પૂણ્ય, પાપ, સુખ કે દુઃખ સ્પર્શતા નથી, મને મંત્ર, તીર્થ, વેદ કે યજ્ઞની જરૂરિયાત નથી, હું કોઈનું ભોજન, ભોજ્ય કે ભોકતા નથી; હું તો ચિદાનંદરૂપ શિવસ્વરૂપ છું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**न मे द्वेषरागौ न मे लोभमोहौ मदोनैव मे नैव मात्सर्यभावः।**
**न धर्मो न चार्थो न कामो न मोक्षः चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम्॥**

મારામાં કોઈ રાગ, દ્વેષ, લોભ કે મોહ નથી, મને કોઈનો મદ કે મત્સર નથી. મને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કોઈની જરૂર નથી; હું પોતે જ ચિદાનંદરૂપ શિવ છું.

આ પ્રકારની અનુભૂતિ સાધકને થાય છે. તે પછી સાધક ન રહેતાં સિદ્ધ થાય છે. તેને પોતામાં કે બહાર બીજું કાંઇ નજરે ચડતું નથી, બધે જ તેને બ્રહ્મતત્ત્વનું દર્શન થાય છે.

પોતાના બાળકને લાડ લડાવતી વખતે માને બાળક સિવાય બીજું કાંઈ દેખાતું નથી, આજુબાજુનું બધું તે ભૂલી જાય છે. આ આનંદનું આલંબન નાનું અને ક્ષુદ્ર છે, છતાં પણ આવું થતાં આપણે જોઈએ છીએ, તો જે જગદીશનું મહાન આલંબન લે તેને બધે જ જગદીશ દેખાય; અને જગત નજરે જ ન ચડે તેમાં શી નવાઈ ? **न मे जगदीशम्।** 'મને જગત દેખાતું જ નથી' આવું આ ઋષિઓનું દર્શન છે. જેવી રીતે રમકડાંથી રમતાં રમતાં બાળક ખાવાનું પણ ભૂલી જાય છે, તેવી જ રીતે એ તત્ત્વવેત્તાઓ પણ જ્યારે કૃષ્ણ સાથે એકાગ્ર થાય છે ત્યારે બધું જ ભૂલી જાય છે. એ પ્રેમના મહાસાગરમાં નહાયા પછી તેમને લોકોનો પ્રેમ ફીકકો લાગે છે. આકર્ષક રંગ જોયા પછી બીજા રંગ ઉપર લોકોનું ચિત્ત ચોંટતું નથી. સારું તાજું કેળું ખાધેલો માણસ સડી ગયેલું, રસ્તા ઉપર ઘોડાના પગથી દબાઇ ગયેલું કેળું લે એવી કલ્પના તમે કરી શકો છો ! તેવી જ રીતે દિવ્યપ્રેમ અનુભવવાવાળાને સાંસારિક પ્રેમમાં કેમ રસ આવે ? આવું હોવા છતાં પણ તે કામના ભક્ષક કામના રક્ષક બન્યા. "જગતમાં આપણું કોઈ જ નથી' એ જાણવા છતાં પણ તે ઋષિઓએ શીખવ્યું કે, **मातृदेवो भव। पितृदेवो भव।** માતાને દેવ માન, પિતાને દેવ માન.

આ સૃષ્ટિનો પ્રલય કરવાની જેની સ્વાભાવિક મતિ છે તેવા તે શિવને આ સૃષ્ટિનું મહાન આકર્ષણ લાગ્યું અને તેણે સૃષ્ટિને જીવાડી. તમે પોતે રોજ રાત્રે પ્રલય કરતા રહેલા છો. રોજ રાત્રે સૂતી વખતે

For Private and Personal Use Only

તમારે મન તમારો બંગલો, પુત્ર, પત્ની બધાં ખલાસ થઈ જાય છે; આ ક્ષણભંગુર પ્રલય   સવારે જાગતાં જ પાછું બધું જેમનું તેમ ખડું થઇ જાય છે. તેવી જ રીતે વિશુદ્ધ જ્ઞાનની પાસે જતાં જ બધું ઝાંખુ થતું જાય છે, "**जीवो ब्रह्मैव ना परे।**" નું દર્શન થવા લાગે. બધુંજ ખલાસ થઈ ગયા છતાં, સૃષ્ટિનાં વૈવિધ્યમાં એક જ સાર જાણવા છતાં, અખિલ ભૂમંડળ ઉપર કૃપા કરવા માટે જ તેમણે સૃષ્ટિનું સર્જન કર્યું.

આ જ વસ્તુનું રૂપકના રૂપમાં પુરાણકારોએ વર્ણન કર્યું; પરંતુ અણસમજુ માણસો તેને સમજ્યા નહીં, અને ભલતો જ અર્થ કાઢી બેઠા. અખાની વાણીમાં કહીએ તો :—

'સાંભળ્યું કશું અને સમજ્યા કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.

નાનું બાળક મેઘધનુષ્ય જુએ તો તેને નવાઈ લાગે; પરંતુ મોટા માણસને તેની નવાઇ લાગતી નથી. તેવી જ રીતે "કામદેવે તીર ફેંકી શિવજી ઉપર હુમલો (attack) કર્યો એ વાત નાના બાળક જેવી લાગે છે; પરંતુ તેની અંદર જ શંકરાચાર્યને ઉપર મુજબનું મહાન દર્શન થાય છે.

શંકરાચાર્ય અહીં નર અને નારી બન્નેના ગુણવાળા એ અર્ધનારી-નટેશ્વરનું ચિત્રણ કરે છે. આગળના શ્લોકમાં શું કહે છે તે આવતી વખતે જોઇશું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनन्दलहरी

## श्लोक – १८

त्वदीयं सौन्दर्यं निरतिशयमालोक्य परया
भियैवासीद्गङ्गा जलमयतनुः शैलतनये।
तदेतस्यास्तस्माद्वदनकमलं वीक्ष्य कृपया
प्रतिष्ठामातन्वन्निजशिरसिवासेन गिरिशः ॥१८॥

**शब्दार्थ :–** હે શૈલતનયે (પર્વતરાજની છોકરી)! તારૂં નિરતિશય સૌંદર્ય જોઈને અત્યન્ત ડરી ગયેલી ગંગાએ જલમય શરીર ધારણ કર્યું (અર્થાત્ ભયભીત થયા પછી શરીરમાંથી પરસેવો છુટે) તે જોઈને ભગવાન શિવજીએ ગંગાના દીન મુખકમલ તરફ કૃપાની દૃષ્ટિથી જોયું અને પોતાના માથા ઉપર ગંગાને સ્થાન આપીને તેની પ્રતિષ્ઠા વધારી.

(પરમપૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલેના પ્રવચન ઉપરથી)

हे **शैलतनये** એટલે હે પર્વતરાજ હિમાલયની છોકરી! તારૂં નિરતિશય (એટલે જેના કરતાં બીજું અતિશય નહિ તે) સૌંદર્ય જોઈને ગંગાને બહુ ડર લાગ્યો; અને ડરી ગયેલી ગંગા પાણી પાણી થઈ ગઈ. ભયભીત થયેલી ગંગાના દીન મોઢા તરફ ભગવાન શિવજીએ કૃપાની દૃષ્ટિથી જોઈને, તેને પોતાના માથા ઉપર જગા આપીને ગંગાની પ્રતિષ્ઠા વધારી. ડરી ગયેલી ગંગાને શિવજીએ પોતાના માથા ઉપર સ્થાન આપ્યું, તેથી ગંગાની પ્રતિષ્ઠા રહી; નહિ તો તારા સૌંદર્ય સામે ગંગાની પ્રતિષ્ઠા ન રહેત.

આ શ્લોકમાં શંકરાચાર્યે પાર્વતીના નિરતિશય સૌંદર્યનું વર્ણન કર્યું છે. પાર્વતી સુંદર હશે જ એમાં શંકા નહિ; પરંતુ ગંગા પણ સુંદર કેમ ન હશે? આખા જગતને સૌંદર્ય આપવાવાળા શિવજી (આ નામ આદિમશક્તિને ઉદ્દેશીને વાપરવામાં આવ્યું છે) ના સંસર્ગથી પાર્વતી સુંદર થઇ, તો શિવજીના માથા ઉપર સ્થાન મેળવનાર ગંગા પણ તેટલી જ સુંદર હશે. છતાં શંકરાચાર્યને પાર્વતીનું સૌંદર્ય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરતિશય લાગે છે, કારણ પાર્વતી શિવજીના હૃદયમાં બેઠી છે. શિવજીના માથામાં બેઠેલી ગંગા સુંદર હશે જ; પરંતુ શંકરાચાર્યને પાર્વતીનું સૌંદર્ય નિરતિશય લાગ્યું, તેનું કારણ તેમને માથા કરતાં હૃદય સારૂં લાગ્યું.

ભકતોની ભગવાનને પ્રાર્થના છે કે, 'ભગવાન! તમે મારા તરફ બુદ્ધિથી ન જોતાં હૃદયથી જુઓ; કારણ પ્રત્યેક માનવના જીવન તરફ તમે બુદ્ધિથી જોશો તો માનવીજીવન સારા અને ખરાબ તત્ત્વોથી ભરેલું છે. ભગવાન! જો મારા જીવનમાં તમને કંઈક સારૂં દેખાશે તો તમે શાબાશી આપશો, અને જો ખરાબ દેખાશે તો લપડાક મારશો.' ભગવાનની લપડાક તો ઠીક, પણ શાબાશી પણ માણસથી સહન થતી નથી. માણુસ સારૂં કામ કરે તો ભગવાન શાબાશી આપે, તેથી માણુસને લાખો રૂપિયા મળે. માણુસને સંપત્તિ મળે કે સહન ન થાય – સંપત્તિ ફૂટી નીકળે. આમ ભગવાનની શાબાશી સહન ન થશે અને લપડાક તો સહન નજ થશે. તેથી ભગવાન! તમે અમારા તરફ બુધ્ધિથી ન જોતાં તમે હૃદયથી જોશો તો જ તમને હું સારો લાગીશ.

આ શ્લોકમાં શંકરાચાર્ય ગંગા અને પાર્વતીનો ઝઘડો દેખાડે છે. તેમને પાર્વતીનું સૌંદર્ય નિરતિશય લાગે છે. પુરાણકારોએ ગંગાને ચંચલ ચીતરી છે, અને પાર્વતીમાં સ્થિરતા માની છે. ગંગા ચંચલ હોવાથી તે જલમય થઈ ગઈ છે. (પાણી ચંચલ છે, તે એક જગાએ સ્થિર રહેતું નથી). પાર્વતી પર્વતની છોકરી છે એટલે તેમાં પર્વતમયતા છે, અર્થાત્ તેનામાં સ્થિરતા છે. ગંગા અને પાર્વતી આ બે પત્ની જોડે આદિમશક્તિ સંસાર કરે છે એવું વર્ણન પુરાણકારોએ કર્યું છે. વધુમાં પુરાણકારોએ બન્ને પત્નીઓ વચ્ચેના ઝઘડાઓ ચીતર્યા છે. પાર્વતીની સામે બોલવાની ગંગાની તાકાત નથી તેથી શિવજીએ ગંગાને જટામાં છૂપાવી દીધી છે આવું વર્ણન છે. આ બધા આદિમશકિત ઉપર જોડેલા રૂપકો છે.

ભગવાનને બે પત્ની છે તેમાં શંકા નથી. બે પત્ની એટલે બે શકિત છે–(૧) પ્રેમશકિત અને (૨) કારૂણ્યશકિત. આખી સૃષ્ટિ પ્રભુના પ્રેમનો વિષય નથી, પણ પ્રભુની કરૂણાનો વિષય છે. તમારા – અમારા જેવા નાલાયક લોકો ઉપર ભગવાન પ્રેમ કરે છે તેમાં કંઈ તર્ક (logic)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. (તર્કથી જોઈએ તો તમારા – અમારા ઉપર ભગવાન પ્રેમ શા માટે કરે?) પરંતુ એકાદ મહાભાગ કરોડો જન્મારા પછી કદાચ પ્રભુના પ્રેમનો વિષય થતો હશે તો;– બાકી આખી સૃષ્ટિ પ્રભુની કરૂણાનો વિષય છે. પ્રેમમાં સમાનતા છે, કારૂણ્યવૃત્તિમાં ભેદ આવે, તેમાં ભગવાન જીવ કરતાં શ્રેષ્ઠ છે. કારૂણ્યશકિત પ્રભુના હૃદયમાં છે અને પ્રેમશકિત પ્રભુના માથામાં છે.

પ્રભુના માથામાં ગંગા છે. ગંગા એટલે **गम्यते प्राप्यते भगवत्पदं येन सा गंगा** – પ્રભુનો પ્રેમપ્રવાહ ઓળખીને, પ્રભુપ્રેમ મેળવીને પ્રભુપદ મળે; પાર્વતી અને ગંગાના રૂપકથી એ આદર્શ સમજાવેલા છે.

પ્રેમશકિત પ્રભુના માથામાં રહે છે, અને કારૂણ્યશકિત પ્રભુના હૃદયમાં છે. પ્રેમશકિત અને કારૂણ્યશકિત એ બે બહેનો છે અને આદિમશક્તિ જોડે તે પરણેલી છે. બે શોકયો છે તેથી ઝઘડે પણ ખરી; ભગવાન પાસે માનવ કારૂણ્યથી જઈ શકે, કારણ પ્રેમશકિત રૂપિયો ખડખડાવીને લે. કારૂણ્યશકિત કેટલીક વખત ઢીલું મૂકે. પ્રેમશકિતને કારૂણ્યશકિત દુબળી લાગે; પણ કારૂણ્યશકિતને હાથમાં લઈને જ પ્રભુ જગતનું સંચાલન કરે છે. જગતનું સંચાલન કરવા કારુણ્યશક્તિ હાથમાં લઈને પ્રભુએ પ્રેમશક્તિને છૂપાવી છે. શંકરાચાર્યને પાર્વતી નિરતિશય સુંદર લાગી તેનું કારણ આ છે. આખું જગત રમી રહ્યું છે તે કારુણ્યશકિતના જોરથી જ. કારુણ્યશકિતના જોરે જ અમે ભગવાન પાસે જવાના, તેની સાથે બોલવાના; નહિ તો પ્રભુની આંખ સાથે આંખ મેળવવાની અમારી શું તાકાત છે? પ્રભુની કારુણ્યશકિત જોઈને શંકરાચાર્ય ખૂશખૂશ થયા છે. તે મારી છે, મારે તેની પાસે જવાનું છે; અને તે જ મને ભણાવવાની છે. શંકરાચાર્ય જગદીશ તરફ જોતી વખતે એમની કારુણ્યશકિત તરફ આકર્ષાય છે. પ્રેમશકિત કારુણ્યશકિતથી ગભરાઇ જાય જ.

અમે ભગવાનનો કારુણ્યનો વિષય ન થતાં પ્રેમનો વિષય કેમ નથી થતા? પ્રેમનો વિષય થવું તે રમતની વાત નથી. પ્રેમને માટે સર્વસ્વ ફેંકી દેવું પડે, તેના વગર પ્રેમને કિંમત નથી. પ્રેમમાં ત્યાગની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગણી છે, અને જીવ ત્યાગ કરી શકતો નથી તે એની દુર્બળતા છે. પ્રેમમાં સર્વસ્વની હોળી કરવાની તૈયારી હોવી જોઇએ; પણ તે અમારાથી બનતું નથી. ભગવાનને માટે ત્યાગ કરવાની અમારી તૈયારી નથી. અરે! એક ટંકનું ભોજન છોડવાની અમારી તૈયારી નથી. કોઇ પૂછે કે, 'કેમ ભાઇ! શ્રાવણ મહિનામાં એકટાણું કરો છો?' તો કહીએ છીએ કે, 'નથી થતુ,' પ્રેમશકિતમાં જે ત્યાગ છે તે ત્યાગ જીવ લેવાવાળો હોવાથી અમારા માટે તે શકય નથી.

પ્રેમમાં ત્રિકોણ છે–(૧) પ્રેમમાં ખરીદી–વિક્રય નથી, (૨) પ્રેમમાં નિર્ભયતા હોવી જોઇએ, (૩) પ્રેમમાં ઉજ્જવળ અને નિર્મળ એકનિષ્ઠા રહેવી જોઇએ. પ્રેમમાં ખરીદી વેચાણનો પ્રશ્ન જ નથી; ખરીદી વેચાણનો પ્રશ્ન આવે તો પ્રેમ નથી એમ સમજી ચાલો. પ્રેમ શા માટે? આ પૂછાય નહિ, અને જો એ પૂછવામાં આવે તો પૂછવાવાળો અરસિક છે એમ સમજો. કંઇ મળતું હોય તો પ્રેમ કરૂં–આને પ્રેમ કહેવાય જ નહિં. કંઇ મળે તેથી પ્રેમ, આ વેપારી વાત છે; તેથી જ્યાં ખરીદી–વિક્રય હોય ત્યાં પ્રેમ નથી.

બીજું, પ્રેમમાં પૂર્ણ નિર્ભયતા હોય. બચ્ચું માથી ડરે નહિ, બચ્ચું કંઇ ગુન્હો કરીને આવે તો પણ માથી ડરે નહિ; તે મા પાસે જાય અને પોતાની ભૂલ કહી દે. પ્રેમમાં નિર્ભયતા હોવી જોઇએ; ભૌતિક પ્રેમમાં પણ નિર્ભયતા હોવી જોઇએ.

ત્રીજું, પ્રેમમાં ઉજ્જવળ અને નિર્મળ એકનિષ્ઠા હોવી જોઇએ. પ્રેમમાં અવ્યભિચારી ભકિત હોવી જોઇએ–આ નિર્મળ પ્રેમના ત્રણ ખુણા છે. પ્રેમમાં આ ત્રિકોણ હોવો જોઇએ.

ભક્તિમાં પણ કહેવાતા ભકતના બે પ્રકાર છે. (૧) ભિખારી અને (૨) વેપારી. આ બન્ને કહેવાતા (so called) ભકતો છે; ખરા ભકતો નથી. જેમ અંદર તમાકુ ભરેલી હોય અને બહાર કેસરનું લેબલ હોય તેમ આ કહેવાતા ભકતોનું છે.

ભિખારી–કહેવાતા ભકતો મોટી સંખ્યામાં ભિખારી હોય છે. ભગવાન! મને આપો, મને આપો–આમ માગવાવાળા ભિખારી છે. કંઈ ન કરતાં ભગવાન પાસે માગે તે ભિખારી કહેવાય. બીજો પ્રકાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેપારીનો છે. તે કંઇ સત્કર્મો કરે છે અને ભગવાન પાસે માગે છે. આ બન્ને પ્રકારના કહેવાતા (so called) ભકતો છે.

ભકતની ન્યાતજ જુદી છે. કેવળ મંદિરમાં જવા લાગીને ભકત થવાતું નથી. મંદિરમાં જવાવાળો માણસ વેપાર માટે પણ જાય, કાં તો મંદિરની બાજુમાં બંગડીની દુકાન હોય તેથી તે જતો હોય; પણ એને તો ગયેજ છૂટકો છે. આમ શ્રાવણ મહિનામાં મંદિરે દોડવાવાળા બધા ભક્ત છે એમ માનવાનું કંઈજ કારણ નથી; તે કાં તો ભિખારી હોય, કાં તો વેપારી હોય. ભકતની એક ત્રીજી ન્યાત છે, તે ભગવાન ઉપર ખરો પ્રેમ કરે છે.

સાધકને ડરવાનું કારણ શું ? જે લુચ્ચાઇ કરતો નથી, શાઠ્ય કરતો નથી તે સાધક તો પ્રભુ પ્રેમનો અધિકારી થાય ને? આવો સાધક તો ભગવાનનો પ્રેમનો વિષય છે ને? 'ના.'

પ્રભુની કારૂણ્યવૃત્તિ શંકરાચાર્યને ગમી છે. તે કહે છે કે, ગંગા ડરી ગઇ અને આદિમશકિત શિવજીના માથામાં છૂપાઇ ગઈ. તેમને પાર્વતીનું સૌંદર્ય નિરતિશય લાગે છે. આદિમશકિતના હૃદયમાં બેઠેલી કારુણ્યશકિત શંકરાચાર્યને ગમી છે.

સામાન્ય માણસની વાત છોડી દો, પણ જે સાધક હોય તેને તો ભગવાન ઉપર પ્રેમ હોય ને? ના, તે પણ ભગવાન ઉપર પ્રેમ કરતો નથી. પ્રેમની પરીક્ષા કરીએ તો સાધક આ પરીક્ષામાં પાસ થશે નહિ; તેથી સાધકને પણ અંદરથી અકળામણ હોય છે, સાધક શુદ્ધ દીલનો અને પ્રયત્નશીલ યતિ હોય છે. તે યત્નશીલ હોય છે પણ તે પ્રેમની પરીક્ષા (test) માં નાપાસ થશે. આ સાધક પણ વેપારી છે. તે યત્નશીલ હોય છે તે છતાં આવા સાધકના દીલમાં કંઇક ડંખતું હોય છે. મારો માલ વધારે કિંમતે ખપે એવી તેને આકાંક્ષા હોય છે. તે કહે, 'મારી બુદ્ધિ ક્ષુદ્ર છે તે મને ખબર છે; તે મારે ભગવાનને વેચી નાખવી છે. મારો માલ કચરો છે, પણ ઉત્કૃષ્ટ સેલ્સમેન થઇ વેચી નાખવો છે. 'કચરાનો સારો ભાવ લાવે તે ઉત્કૃષ્ટ દલાલ' આમ લોકો કહે છે. આ હું કંઇ અર્થશાસ્ત્ર નથી કહેતો, પણ લોકોની માન્યતા છે તે કહું છું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધકને એમ લાગે છે કે, 'મારૂં મન અને બુદ્ધિ કચરો છે; પણ એની કિંમત વધારે લઉં છું' આમ સાધકના મનમાં ડંખે છે. આવો સાધક પણ વેપારી છે, અને તે પ્રેમના ત્રણ કોણમાંનો એક કોણ પૂરો કરી શકતો નથી.

બીજું, પ્રેમમાં નિર્ભયતા હોવી જોઇએ; પણ સાધકને ડર છે જ. સામાન્ય સાધકને જગત ઉપર પ્રેમ નથી, અને તેનો જગદીશ ઉપર પણ પ્રેમ બેસતો નથી. આ તો સામાન્ય સાધકની વાત થઈ; પરંતુ ઉપરના સાધકનો ભગવાન ઉપર પ્રેમ રહેશે કે નહિ તે શંકા છે. કારણ તેનું દીલ કાતર થતું હોય છે કે, ભગવાન મારો સ્વીકાર કરશે કે? હું ભગવાન સાથે જવા તયાર છું; પણ ભગવાન મને પોતાની જોડે લેવા તૈયાર છે ખરા? પ્રેમ માપવાનું મીટર નથી તેથી ખબર કેમ પડે? ભગવાનને હૃદયપુષ્પ, જીવનપુષ્પ ચઢાવતી વખતે ઉપરના સાધકનું હૃદય કાતર થાય, તેમાં ભીતિ છે. જ્યાં ભયભીતતા છે, ત્યાં પ્રેમની શંકા છે. આ સાધક પણ ભયભીત છે કે, 'પ્રભુ મારો સ્વીકાર કરશે કે!'

ત્રીજી વાત, પ્રેમમાં ઉજ્જવળ અને નિર્મળ એકનિષ્ઠા હોય. કુબ્જામાં રંભાનું સાંદર્ય જોવું તે એકનિષ્ઠા છે. પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રી વલ્લભાચાર્યને પ્રભુનું બધું સુંદર લાગતું. પ્રભુનું બધું સુંદર અને મધુર લાગવા લાગે તો જ ખરી એકનિષ્ઠા ગણાય. સાત ઠેકાણે વાંકી પત્ની રંભા કરતાં સુંદર લાગે તો તે એકનિષ્ઠા કહેવાય. આચાર્ય શ્રી વલ્લભાચાર્યને **मधुराधिपतेरखिलं मधुरं**—ભગવાનનું બધું જ મધુર લાગ્યું—આ નિર્મળ અને ઉજ્જવળ એકનિષ્ઠા છે. સાધકમાં આવી એકનિષ્ઠા રહેતી નથી, તે કહે:

'ભગવાન! તું મધુર લાગે છે, પણ તે ક્ષણે હું મધુર લાગતો નથી. તારો—મારો વિયોગ મધુર લાગતો નથી. સાધકને વિયોગમાં મધુરતા લાગતી નથી, તેને વિયોગમાં અકળામણ થાય છે.

બધા રડતા રહ્યા છે, તેનું કારણ બધા માથી વિખટા થયા છે. પહેલો ઘા એ છે કે, માથી બચ્ચું વિખૂટું થયું છે. જગતમાં **सर्वं क्षणिकं सर्वं दुःखं** લાગે તે રડ્યા જ કરે છે. લાખો રૂપિયા મળે તોપણ તે રડ્યા જ કરે છે. કરોડપતિ પણ કહે કે, 'આ વર્ષ સારૂં નથી' એમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહીને તે રડે છે. મૂળ વાત એ છે કે, બચ્ચું માથી વિખૂટું પડી ગયું છે, અને વિયોગના દુઃખથી તે રડે છે. મેળામાં મા ને દીકરો જાય, અને દીકરો છૂટો પડી જાય પછી તે રડે; તેને લોકો બીસ્કીટ કે પેંડા આપે પણ તેનું રડવાનું બંધ થતું નથી, કારણ બાનો વિયોગ છે. આમ જગદંબાનો વિયોગ સાધકને રડાવે છે; પછી ભલે તેની પાસે વિત્ત, કીર્તિ ઇત્યાદિ ઘણાં રમકડાં હોય.

ભગવાનનો વિયોગ સાધકને અસહ્ય લાગે છે. વાસ્તવિક પ્રેમમાં બધું જ મધુર લાગવું જોઇએ. તેનું હોવું મધુર, તેવી રીતે તેનું ન હોવું પણ મધુર લાગવું જોઇએ; પણ સાધકથી આ થતું નથી. તેથી આવો સાધક પણ કારુણ્યશક્તિનો વિષય છે, પણ પ્રેમશક્તિનો વિષય નથી.

મંદસાધકોને કારુણ્યશક્તિ સુંદર લાગતી હશે, પણ શંકરાચાર્ય જેવા તત્ત્વવેત્તાઓને, સિદ્ધોને, પ્રેમશક્તિ સુંદર લાગવી જોઇએ ને? તેમને પણ સાતમે પડદે પ્રેમના બારામાં શંકા છે તેથી એમને પણ કારુણ્યશક્તિ સારી લાગી સાધકો કદાચ પ્રેમના અધિકારી ન હશે; પરંતુ સિદ્ધો તો પ્રેમના અધિકારી ખરા ને? આ સિદ્ધોને પણ પ્રેમનો ભાવ નથી. પ્રેમની ઊંચામાં ઊંચી પરીક્ષા (test) પર તેનો કસ લગાડાય તો સિદ્ધો પણ સો ટચનું સોનું નથી—એમની પણ ઉજ્જવળ અને નિર્મળ એકનિષ્ઠા છે કે નહિ તેની શંકા છે.

આ સિદ્ધ લોકોએ રડવાનું કારણ શું? અરે! આ સિદ્ધો તો મહાન લુચ્ચા વેપારી છે. પૈસા આપીને કંઇ લેવું તે ડહાપણ છે, પરંતુ શંકરાચાર્ય જેવા સિદ્ધ પુરૂષો તો કંઇ જ ન આપતાં લેવાવાળા છે. આપણે તો કર્મ આપીએ, પણ આવા લોકો તો બધું ઉધાર (credit) ઉપર જ લાવે. આપણે આપણા કર્મથી મન, બુદ્ધિ શુદ્ધ કરીએ—કર્મ આપીને મન અને બુદ્ધિ સારી લાવીએ; પરંતુ સિદ્ધ લોકો એમને એમ કંઇ ન આપતાં સારામાં સારી વસ્તુ ઉપાડી લાવે. વાલ્મીકી અને વસિષ્ઠને આવી બુદ્ધિ કયાંથી મળી? તેમની બુદ્ધિને પ્રસાદની સાથે સાથે સારભ છે. તેમને બુદ્ધિ મળી નહિ; તેમણે બુદ્ધિ ભગવાનના શા રૂમમાંથી ઉપાડી. એમનો વર્ગ જન્મોત્રી વગરનો છે. એમને લૂટારૂ બોલાય નહિ પણ તેમણે ભગવાનના કોઠારમાંથી માલ લૂંટયો. તુકારામ કહે કે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'મેં ભગવાનનો લૂંટયો છે અને સારી સારી વસ્તુ ઉપાડી લાવ્યો છું; હું તો કેવળ ભારવાહી છું. તમને લાગે છે કે, આ બધું મારા ખેતરમાં પાકયું છે; પણ હું કહું છું કે, હું તો ભગવાન પાસે હતી તે બુદ્ધિ ઉપાડી લાવ્યો છું–આ મારી બુદ્ધિ નથી.' આપણે કર્મથી ખાઇએ, અને સિદ્ધ લોકો હક્ક (credit) થી જ ખાય.

આવી જ રીતે આ સિદ્ધ લોકોમાં નિર્ભયતા નથી. ચિત્તએકાગ્રતા વધવા લાગી, પૂર્ણતાની અનુભૂતી થવા લાગી, દૈવી આનંદનો તેજ: કણ (spark) મળવા લાગ્યો, જે આનંદની તોલે જગતનો કોઈ જ આનંદ ઉભો રહેતો નથી. તે કાળ ઓછો રહે તેમ એમને લાગે, કારણ આ લાંબો કાળ ચાલે તો તેમના 'હું' ને ભગવાન ખાઈ નાખે; અને તે મુકત થઇ જાય. આ મહાન્ શકિત ભગવાન પાસે જાય, પણ ત્યાં લોહચુંબક (magnetic) જેવી શકિત છે તે ખેંચી લઇને ખાઇ નાખે તો? ત્યારે આ ટોચના લોકોને પણ ભીતિ છે, તે પણ નિર્ભય નથી. નાના લોકોને નાની ભીતિ અને મોટા લોકોને મોટી ભીતિ; પણ કોઈ નિર્ભય નથી. નાના લોકોને ભગવાન શિક્ષક જેવો લાગશે, ફોજદાર જેવો લાગશે, પરંતુ મોટા લોકોને પણ ભીતિ છે જ. ભગવાન પોતાની શકિતથી પાસે ખેંચી લે અને મારો 'અહમ્' ખલાસ થાય તો? પોતાના 'અહમ્' ઉપર આ સિદ્ધ લોકોને જબરદસ્ત પ્રેમ છે તેથી ભગવાન મારા 'અહમ્' ને ખાઇ નાખે નહિ; તેથી સાચવીને આ લોકો ભગવાન પાસે જાય. દૃષ્ટાંત તરીકે ગામડાઓમાં પિશાચની જગા હોય. તેની કંઇ મર્યાદા હોય, તે મર્યાદામાં ગામડાના લોકો ન જાય. પિશાચની હદ હોય તે લાઈન સંભાળવાની હોય–આવી રીતે ભગવાને પણ હદ મૂકી છે. આ હદ સુધી જ આ સિદ્ધ લોકો જાય અને ઉભા રહે, અને કહે; કે,

**जननी जननं यातु ममवै, मृडानी रुद्राणी शिव शिव भवानीति जपतः**

આ લોકો મન, બુદ્ધિ બધું છોડતાં છોડતાં આ હદ સુધી આવે. ત્યાં પ્રકાશ છે, અજ્ઞાત શકિત ઉભી છે; પણ તે લાઇન છોડીને આગળ જતો નથી. મારો 'હું' જશે તેનો એને ડર છે; આ નિર્મળ અને ઉજ્જવળ એકનિષ્ઠા ન કહેવાય. આ સિદ્ધોને પણ અહંનિષ્ઠા છે, તેમને અહમ્ ઉપર અતિ પ્રેમ છે તેથી ભયભીત થઈને તેઓ અહમ્ ને સાચવે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન ઉપાડી લે, અને જો અહમ્ ખાઈ નાખે તો તેનો અવશેષ રહે નહિ તેનું નામજ મુક્તિ. **एषा ब्राह्मीस्थिति पार्थ नैनां प्राप्य विमुह्यति। स्थित्वास्यमन्तकालेऽपि ब्रह्मनिर्वाण मृच्छति॥** અહીં મન, બુદ્ધિ કંઇ છે જ નહિ. અહમ્ ભગવાને ખાઈ નાખ્યો, પછી વિશુદ્ધ ચૈતન્ય રહે–એને જ કહે **तत्त्वमसि**. શાસ્ત્રીય ભાષામાં ઈશ્વર અને જીવમાં ફરક શું?

**सर्वज्ञत्वं विशिष्टं चैतन्यं** = ઈશ્વર

**अल्पज्ञत्वं विशिष्टं चैतन्यं** = જીવ

તેમાંથી **सर्वज्ञत्वं** અને **अल्पज्ञत्वं** આ બન્ને ભૂંસાડી નાખો તો શું રહે? **चैतन्यं**. જ્યાં સુધી **अहम्** રહે ત્યાં સુધી ફરક રહે; **अहम्** ઓગળી ગયો કે ફરક જ ન રહે. આ સિદ્ધ લોકો બાકી બધું ભગવાનને આપે; પણ તેમને **अहम्** આપવાનો ડર લાગે. તેઓ બુદ્ધિ આપે, પણ **अहम्** રાખવાના. તે ભગવાનને કહે કે, 'હું' જીવીશ તો તું જીવીશ, 'હું' હોઈશ તો તું પણ હોઈશ. મારે તને મારવો નથી તેથી હું મારો **अहम्** સંભાળું છું.

પહેલી પગથી ઉપર 'હું' ને કાઢવો જોઇએ, પણ છેલ્લી પગથી ઉપર 'હું' ને રાખવો છે એ આગ્રહ રાખવામાં આવે છે; કારણ સાકર ખાવામાં આનંદ છે, સાકર થવામાં નહિ. ભગવાનને મારે જીવાડવા હોય તો મારે જીવવું જ જોઇએ. ભગવાનનું અસ્તિત્વ રાખવા માટે મારો અહમ્ રહેવો જોઈએ. હું મરી જાઉં તો તું પણ મરી જવાનો, મારે તને કાઢવો નથી. પ્રભુ! તારૂં નિર્ગુણનિરાકારત્વ શ્રેષ્ઠ છે, પણ મને નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ જોઈતું નથી–મને તારૂં હસતું, નાચતું, બોલતું સગુણ-સાકારત્વ જોઇએ છે. તારૂં નિર્ગુણનિરાકારત્વ સારૂં છે જ; પણ તે છતાંય મને સગુણસાકારત્વ સારૂં લાગે છે.

આ સિદ્ધ લોકો 'અહમ્' શા માટે રાખે છે તે આપણને ખબર ન પડે. એમને એમ લાગે છે કે, કોઇ પણ કાળે 'તું' (પ્રભુ) જવો ન જોઇએ, તેથી તેઓ કંઇક છુપાવે છે; અને લાઇનની અંદર ઉભા રહે છે–લાઈન ઓળંગીને આગળ જતા નથી. કારણ તેમને ભીતિ છે કે, મારો અહમ્ ચાલ્યો જશે. આ ટોચના લોકોની ભીતિ આપણા ધ્યાનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન આવે. 'હું' ગયો તો 'તું' જશે, અને કોઇપણ કાળે 'તુ' જવો ન જોઇએ. ભગવાનનું ભગવાનપણું જીવના જીવપણાને લીધે છે; તેથી તે કહે છે કે, 'હું' અને 'તું' રહેવા જોઇએ.

'હું' જ્યાં સુધી છે ત્યાં સુધી 'તું' છે. 'તું' ખલાસ થશે તે શબ્દ પણ મને સહન થતો નથી; કારણ તું મારૂં (જીવનું) સૌભાગ્ય છે. પોતાનું સૌભાગ્ય ખલાસ થઈ જાય, મરી જાય એ કોઇ સ્ત્રીને સહન ન થાય; તે વિચાર પણ તેનાથી સહન થતો નથી. સ્ત્રીની બંગડી તૂટી જાય તો કહે કે, 'બંગડી વધી ગઈ' કારણ તેને અખંડ સૌભાગ્ય જોઇએ.

જૂના કાળની બહેનો બહુ લાગણીપ્રધાન (sensitive) હતી. હવે તો વ્યવહાર વિવેકથી તેમનાં હૃદયો ઢાલ જેવાં થઇ ગયાં છે. જૂના-કાળની બહેન વીમા–પોલીસી ઉપર સહી ન કરે, ધણીનું વીલ વાંચવા તૈયાર નહિ; કારણ ધણી મરી જાય તે કલ્પના પણ તેમનાથી સહન ન થાય. જૂના કાળમાં પ્રેમની નિરતિશયતા હતી તે આપણને અવ્યવહારૂ લાગે; કારણ આપણે આજે વ્યવહારૂ થયા છીએ.

આવી રીતે ભકતોની પણ પ્રેમની નિરતિશયતા છે. આ ભકતો 'અહમ્' કાઢી નાખવા તૈયાર નથી; કારણ જે ક્ષણે 'હું' જઈશ તે જ ક્ષણે 'તું' જઇશ – તારૂં અસ્તિત્વ ટકાવવા માટે 'હું' મારૂં અસ્તિત્વ ટકાવીશ. વાછરડાને ગાયથી દૂર લઈ જાઓ તો તે આવવા તયાર નહિ, તેવી રીતે આ સિદ્ધોને – ટોચના ભકતોને પણ કાતરતા થાય કે, 'હું' જાઉ તો 'તું' પણ ચાલી જાય. ભગવાનને મેળવવા માટે એમણે કરોડો જન્મારાની તપશ્ચર્યા કરી, અને જ્યારે ભગવાન એને સમાવી લેવા તૈયાર થાય ત્યારે એ ના પાડે. તેમને અદ્વૈતની મધુરિમા ખબર છે; પણ તે દ્વૈતનો આનંદ, દ્વૈતનો સ્વાદ છોડવા તૈયાર નથી. સાકર થવા કરતાં સાકર ખાવામાં મઝા છે, તેથી તેઓ અહમ્ છૂપાવે; તેથી અહીં પણ પ્રેમ છે એમ કેવી રીતે કહેવાય? શંકરાચાર્ય કહે છે કે, પ્રેમની પરીક્ષા (test) લેશો તો સિદ્ધોને પણ સો નંબરનો કસ લાગે નહિ; તેથી સિદ્ધોને પણ પ્રેમશકિત સારી લાગતી નથી; એ લોકોને પણ કારૂણ્યશકિત સારી લાગે છે. આમ આ બધી સૃષ્ટિ કારૂણ્યનો વિષય છે, પ્રેમનો વિષય નથી; તેથી પાર્વતીનું સૌંદર્ય નિરતિશય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ કારૂણ્યની જરૂર બધાને છે, શંકરાચાર્ય જેવા તોફાની અને મસ્ત ભકતોને પણ કારૂણ્યની જરૂર છે; કારણ પ્રેમનો સો નંબરનો કસ લાગતો નથી—સો ટચનાં પ્રેમમાં 'હું' ચાલ્યો જાય. સોની પણ કહે કે, સો ટચના સોનાનું કંઈ થાય નહિ—ઘરેણાં બનાવવા હોય તો સોનામાં તાંબું ભેળવવું જ જોઈએ. શંકરાચાર્ય જેવા લોકો ચોવીસ કેરેટના છે; આપણે તો લોઢાના જ છીએ. શ્રાવણ મહિનામાં આપણે સોનાનું ગીલીટ કરીએ, પણ અંદર લોઢું જ છે; આપણું તો ચૌદ કેરેટનું પણ સોનું નથી.

ભગવાન ઉપર સો નંબરનો પ્રેમ કોઈનો છે કે? શંકા જ છે. પ્રભુ! નાનાથી શરૂઆત કરી સિદ્ધો, મુકતો સુધીના બધા અમે તારા કારૂણ્યના વિષય છીએ, તારી પ્રેમશકિતના વિષયો નથી; તેથી પ્રભુ! તું તારી પ્રેમશકિત છપાવી રાખ. અમે તો કારૂણ્યશકિતના જ અધિકારી છીએ; માટે તું કારૂણ્યશકિતનો વર્ષાવ કર. શંકરાચાર્યને પણ ભીતિ છે; પણ તેમની ભીતિમાં પણ એક મહાનતા છે. આપણને પણ ભીતિ છે, અને શંકરાચાર્યને પણ ભીતિ છે; પરંતુ તમે એમ નહિ સમજતા કે, આપણે અને શંકરાચાર્ય એક જ. નવપરિણીત સ્ત્રી ધણી સામે ડરીને ઉભી રહે તો તેનું સૌંદર્ય વધે; પરંતુ ગુંડાની સામે છગન ડરીને ઉભો રહે તો તેનું સૌંદર્ય વધે નહિ—આપણી ભીતિમાં અને શંકરાચાર્યની ભીતિમાં આટલો ફરક છે.

યાજ્ઞવલ્કય, પતંજલિ, વસિષ્ઠ, શંકરાચાર્યની ભીતિથી તેમનું સૌંદર્ય અતિ વધ્યું છે. તેમને જોઈને ભગવાનને લાગે કે, કયારે તેમને ઉપાડીને ખાઈ નાખું.

શંકરાચાર્ય કહે છે કે, 'મા! તારી પ્રેમશકિત અમારે જોવી જ નથી, અમને તો તારી કારુણ્યશકિત નિરતિશય લાગે છે. અર્થાત શંકરાચાર્ય સર્વસામાન્ય લોકોને માટે આ લખે છે; પરંતુ તે લખતી વખતે પણ શંકરાચાર્યની અનુભૂતિ ડોકિયું કર્યા સિવાય રહેતી નથી.

આમ રોગી, ભોગી, માંદા તો કારુણ્યનો વિષય છે જ; પણ સિદ્ધો પણ કારુણ્યનો વિષય છે. પાર્વતીનું આ સૌંદર્ય મોહક છે. આ આનંદ


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળવો જોઈએ. માની સુંદરતા જોતા રહે અને આનંદ માણ્યા કરે તેમને એમ થાય કે, હું કોઈ દિવસ મોટો થાઉં જ નહિ.

માનું એક જ બચ્ચું હોય અને તેના ઉપર અતિશય પ્રેમ હોય તો માને લાગે કે, મારૂં બચ્ચું મોટું થાય જ નહિ. બચ્ચાને પણ એમ જ લાગે કે, હું મોટો થાઉં જ નહિ; કણાર મોટો થાઉં તો સ્કૂલે જવું પડે, અને દાઢીદીક્ષીત શિક્ષકને જોવા પડે. જૂના કાળના શિક્ષકો મૂછ રાખતા હતા, ત્યારે છોકરાને તેનો ડર લાગતો હતો; હવેના શિક્ષકોએ આ સમજીને જ મૂછો કાઢી નાખી છે. વિનોદ જવા દઈએ, બધું થાય છે તે જગતના કલ્યાણને માટે જ. બચ્ચાને એમ લાગે કે, માનું સૌંદર્ય જોતો બેસું. આમ શંકરાચાર્યને પણ થાય છે કે, માનું લોકોત્તર સૌંદર્ય જોતો બેસું, હંમેશાં નાનો જ રહું અને તારૂં સૌંદર્ય જોતો રહું. તેમને જગતનું સૌંદર્ય તુચ્છ લાગે – તેનું વર્ણન આગળના શ્લોકમાં વાંચીશું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनन्दलहरी

## श्लोक – १९ मो

विशाल श्रीखण्डद्रवमृगमदाकीर्ण घुसृण–
प्रसूनव्यामिश्रं भगवति तवाभ्यङ्गसलिलम् ।
समादाय स्रष्टा चलितपदपांसून्निजकरैः
समाधत्त सृष्टिं विबुधपुरपंकेरुहदृशाम् ॥१९॥

**शब्दार्थ :** – હે ભગવતી! વિશાલ ચંદનનો રસ, કસ્તૂરી, કેસર અને ફૂલો વગેરેની સુગંધમિશ્રિત તારૂં અભ્યંગસલિલ, અને તારા ચાલવાથી તારા ચરણોથી ઉડેલી માટી લઇને, તેનું મિશ્રણ કરીને બ્રહ્મદેવે તેમાંથી સ્વર્ગમાંની કમલનયની અપ્સરાઓની સૃષ્ટિ બનાવી.

(પરમપૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલેના પ્રવચન ઉપરથી)

બ્રહ્મદેવે સ્વર્ગમાંની અપ્સરાઓ કેવી રીતે બનાવી તેનું વર્ણન શંકરાચાર્ય આ શ્લોકમાં કરે છે. બ્રહ્મદેવે એક હાથમાં ભગવતીના ચરણની માટી લીધી અને બીજા હાથમાં પાણી લીધું, અને તેનું મિશ્રણ કરીને અપ્સરાઓ નિર્માણ કરી. આ પાણી કેવું હતું? બાએ સ્નાન કર્યા પછીનું અભ્યંગસલિલ હતું. અભ્યંગસલિલ એટલે શું? અભ્યંગ એટલે સુગંધીદાર પદાર્થો, અને સલિલ એટલે પાણી. ચંદનરસ, કસ્તૂરી, કેસરનું ચૂર્ણ અને ફૂલોનું સુગંધયુકત પાણી. બાના ચરણોથી ઉડતી રહેલી માટીમાં ભેળવીને સ્વર્ગની કમલનયની અપ્સરાઓની સૃષ્ટિ બ્રહ્મદેવે નિર્માણ કરી. ભગવતી! આ અપ્સરાએ આટલી સુંદર છે, તો બા! તમે કેટલા સુંદર હશો? જગદંબા! તમારા કેવળ ન્હાવાના પાણીથી અને તમારા પગની ધળથી બનેલી અપ્સરાઓમાં આટલું સૌંદર્ય છે તો તમે કેટલા સુંદર હશો! જગદંબા અતિ સુંદર છે એમ શંકરાચાર્યને કહેવાનું છે.

અપ્સરા સુંદર છે, પણ તેના કરતાં જગદંબા અતિ સુંદર છે. અપ્સરાનું સૌંદર્ય ભોગશકિત વધારે છે, અને બા! તારું સૌંદર્ય ભોગવૃત્તિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખલાસ કરે છે. એમ! તો તો જગદંબામાં સૌંદર્ય જ નહિ હોય – આવું નથી. ભોગમાં સૌંદર્યનો નાશ છે. કોઈપણ સુંદર વસ્તુનો ભોગ લીધો તો સૌંદર્ય ખલાસ થઈ જાય; અને ભકિતમાં સૌંદર્યનું સાતત્ય છે. સુંદર શિખંડ ખાશો, પણ પેટ ભરાઈ ગયું તો શિખંડનું સૌંદર્ય ખલાસ. ભોગશાકત સૌંદર્ય ખલાસ કરે છે, પણ ભકિતશકિત ભોગવૃત્તિ ખલાસ કરે છે – પરિણામે ભકિતમાં સૌંદર્યનું સાતત્ય ટકે છે; તેથી તારું સૌંદર્ય ઉચ્ચ છે.

શંકરાચાર્યની આંખ અપ્સરા ઉપર ગઈ તેનું કારણ શું? **यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्** આવું કહેવાવાળા શંકરાચાર્યને શું અપ્સરાનું પ્રલોભન – આકર્ષણ લાગ્યું? અપ્સરા કરતાં જગદંબાનું સૌંદર્ય વધારે છે એ કહેવાની એમને શી જરૂર પડી? અપ્સરામાં ભોગવૃત્તિ વધારવાનો દુર્ગુણ અને જગદંબામાં ભોગવૃત્તિ ખલાસ કરવાનો સદ્‌ગુણ દેખાય છે – શંકરાચાર્યને આ સમજાવવાનું છે. કેવળ અપ્સરા કરતાં જગદંબાનું સૌંદર્ય સારૂં છે એ કહેવાનો તેમનો અભિપ્રાય નથી.

પ્રશ્ન આ છે કે, ભગવાન! તેં આ જગત બનાવ્યું છે તેથી તે સુંદર છે. જગતનું સૌંદર્ય મને વિકારી બનાવે છે – આ જીવની સમસ્યા છે. આ સમસ્યાને જવાબ છે? પ્રત્યેક માનવજીવનમાં આ કોયડો છે. ભગવાનનું સૌંદર્ય નિરતિશય છે તે કબુલ, પણ જેને ભગવાનની ઝાંખી થાય છે તેને બીજું સૌંદર્ય (જગતનું) તુચ્છ લાગે છે; તેથી જગતનું સૌંદર્ય તેને પ્રલોભિત કરી શકતું નથી. રંભાનું સૌંદર્ય શુકદેવને મોહિત કરતું નથી, કારણ તેમને ભગવાનની ઝાંખી થઈ હતી; તેમણે જગદીશના નિરતિશય સૌંદર્યની અનુભૂતિ લીધી હતી.

જગદીશ અતિ સુંદર છે. જગન્નિયંતા અને જગદીશ જો આટલો સુંદર હશે તો સૃષ્ટિ (તેની દીકરી) કેટલી સુંદર હશે? બા સુંદર હશે તો તેની દીકરી સુંદર થાય જ; તેનું કારણ મા પોતાનો રંગ, પોતાનું લોહી આપે છે. જગતનું ઉપાદાનકારણ અને નિમિત્તકારણ તે જ છે. જગદીશે જગત બનાવતાં મોટો ગોટાળો ઊભો કર્યો છે. જગદીશે પોતે આ સૃષ્ટિ ન બનાવતાં બીજા કોઈને ઓર્ડર આપી દીધો હોત તો, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને જગતમાં સૌંદર્ય રેડવાનું કહ્યું હોત તો આ ગોટાળો ન થાત. બીજો કોઈ જગત બનાવત તો જગત આટલું સુંદર (અને પરિણામે ભયંકર) ન થાત; પરંતુ જગદીશે જ આ જગત બનાવ્યું છે તેથી જગત સુંદર જ લાગે છે. 'પ્રભુ! જગતમાં જે સૌંદર્ય છે તે તેમાં રહેવાવાળા અને તેને જોવાવાળા અમને વિકારી બનાવે છે' આ જીવની સમસ્યા છે. જગત સુંદર છે; પણ આ સૌંદર્ય જે જુએ અને જેને સૌંદર્ય લાગે તેને તે વિકારી બનાવે છે.

જગત સુંદર છે તેથી જોવાવાળા લોકો વિકારી થવા નૈસર્ગિક છે. શું જગત જોવાવાળામાં દુર્ગુણ હશે? આ એક માનવની સમસ્યા છે. હું વિકારી ન બનીશ એમ બોલવું કઠણ છે અને જગત સુંદર નથી એમ બોલવું મૂર્ખાઈ છે. જગત ખોટું છે, માયા છે, પરપોટીયા જેવું છે, જગતમાં **सर्वं दुःखं, सर्वं क्षणिकं**—આમ બોલવું બુદ્ધિગમ્ય (logical) કાં તો વિવેકયુકત લાગતું નથી. હું સરસ મોગરાનું ફૂલ હાથમાં લઉં અને કોઇ જો મને કહે કે, 'એ ખોટું છે, કારણ તે ગઇ કાલે હતું નહિ અને આવતી કાલે હશે નહિ' તો હું તેને કહીશ કે, તું જ ખોટો છે, તારૂં કહેવું બુદ્ધિગમ્ય (logical) નથી; કારણ હમણાં મોગરાનું ફૂલ સુંદર છે જ. જગતનું સૌંદર્ય ઘટાડવાનો અપરિપકવ લોકોએ જગત તરફ નફરત નિર્માણ કરવાને માટે પ્રયત્ન કર્યો છે; પણ તે સફળ થયા નથી. 'જગત ખોટું છે, માયા છે' આ ફક્ત પુસ્તકમાં રહે. 'સંસાર ખોટો છે' એમ બોલવાવાળો માણસ પોતાનો સંસાર સારો ચલાવવાને માટેજ એમ બોલતો હોય છે. સંન્યાસી બાવા બંગલાના શણગારેલા હોલમાં મુલાયમ ગાદીતકિયા ઉપર બેઠા હોય, અગરબત્તીની સુગંધ ચારે તરફ મહેકતી હોય, પાસેજ ફૂલોનો ઢગલો પડયો હોય, એક તરફ કિંમતી સેલાં પહેરેલી બહેનો બેઠી હોય, બીજી તરફ સ્યૂટ પહેરીને ભાઈઓ બેઠા હોય; ત્યારે સંન્યાસી બાવા 'જગત ખોટું છે' એમ બોલે તો તે કેટલું હાસ્યાસ્પદ લાગે? 'જગત ખોટું છે' એમ નથી સંન્યાસી બાવા માનતા, કે નથી એમને સાંભળનારા માનતા; પરંતુ જગત તરફ નફરત નિર્માણ કરવાનો તેમને આ એક રસ્તો લાગે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત સુંદર જ રહેવાનું. લીલોતરી, સૂર્યોદય, સૂર્યાસ્તના રંગો જોઇને, આ સૌંદર્ય જોઇને માનવી લટ્ટુ થવાનો. જગતનું સૌંદર્ય તમે ઘટાડી શકવાના નહિ, કારણ તેનો સર્જનહાર સુંદર છે. જગત સુંદર છે તેને ખરાબ કેમ બોલાય? તેવું બોલવું યોગ્ય નથી. જગતના સૌંદર્યથી વિકાર નિર્માણ થાય છે તે વાત નિર્વિવાદ છે. જગત સુંદર રહેવાનું જ, પણ તે વિકારી બનાવે છે—આ માનવની સમસ્યા છે. તેના એક રસ્તા તરીકે 'સંસાર ખોટો છે' એમ લોકો બોલે, પણ આમ બોલવાથી સંસાર ખોટો થતો નથી. આમ છતાં લોકો તેવું બોલે. બુદ્ધના વિચારોના પ્રભાવને કારણે તેમને અને જીવનમાંથી કંટાળેલા લોકોને સંસાર ખારો છે એમ કહેવું પડે, તેમ જો ન કહે તો તેમને લોકો વિલાસી કહે. જે એમ કહે કે, 'સંસાર ખારો છે' તે માણસ વિરક્ત લાગે, પણ લોકોને પારખવાની સમજણ નથી. સંસારની રમણીયતા ઉડાડવાનો પ્રયત્ન સતત ચાલે છે.

स्तनौ मांसः ग्रंथी कनककलशावित्युपमितौ
मुखं श्लेष्मागारं तदपि च शशांकेन तुलितम्।
स्रवन्मुत्राक्लिन्नं करिवरकरस्पर्धि जघनं
परं निन्द्यं रूपं कविजनविशेषैर्गुरु कृतम् ॥

આવું સ્ત્રીનું વર્ણન કરીને સ્ત્રીનું સૌંદર્ય ઘટતું નથી. માણસ કથા સાંભળવા ગયો હોય, તે 'સંસાર ખોટો છે' એમ બોલે; પણ દસ મિનિટ કથા વધારે ચાલે તો તે ઉંચોનીચો થાય; કારણ તેને બાબાને મળવાનું મોડું થાય છે. 'સંસાર ખોટો છે' આ સાંભળવાનું માણસને ખોટું વ્યસન લાગે છે. જગતનું સૌંદર્ય તોડવનો આ પ્રયત્ન છે; પણ આ આત્મવંચના છે.

શંકરાચાર્યે **ब्रह्म सत्यं जगन्मिथ्या**—જગત અસત્ છે તે સિદ્ધાંત સિદ્ધ કર્યો છે; પણ જગત મિથ્યાનો અર્થ જ અમને ખબર પડતો નથી. જ્યારે જગદીશ અને હું તાદાત્મ્યતાથી બેસશું ત્યારે જગત ખોટું જ છે, કારણ જગત ફેંકયા વગર સમાધિ નહિ. **न वेद जगदीशम्**—આ સિદ્ધાંત લોકો સમજ્યા નહિ. ઉંઘ અને સમાધિમાં જગત ખોટું ઠરાવવું જ જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શંકરાચાર્યની ટીખળી કરવાવાળા લોકો પણ હતા. એક વખત શંકરાચાર્ય સાંકડા રસ્તામાંથી જતા હતા; સામેથી એક હાથી આવતાં શંકરાચાર્ય ભાગ્યા, ત્યારે એક ટીખળીખોરે કહ્યું કે, "હાથી ખોટો છે તો તમે ભાગ્યા કેમ ?" શંકરાચાર્યે કહ્યું કે, 'તારી વાત ખરી છે, પણ જેમ હાથી ખોટો તેમ મારૂં ભાગવું પણ ખોટું.' શંકરાચાર્ય મહાન બુદ્ધિશાળી., તેમની બુદ્ધિને પહોંચે તેવો માણસ એક હજાર વર્ષમાં થયેલો નથી અને થશે કે નહિ તેની શંકા છે. તેમનું **ब्रह्मसूत्र शारीरभाष्य** વાંચ્યા વગર તેમની બુદ્ધિની પ્રખરતા ખબર પડે નહિ. શંકરાચાર્યના માયાવાદ, મિથ્યાવાદની તત્કાલીન લોકો ટીખળી કરતા કારણ તેઓ માયાવાદ સમજ્યા જ ન હતા.

સુંદર જગતનું સૌંદર્ય તોડવાનો ઉપાય છે ? સૌંદર્ય માદક, દાહક અને મોહક છે. સૌંદર્ય જોઇને માણસ ગાંડો થાય. સુંદર વસ્તુ બીજાના કબજામાં હોય તો માણસ બળતો હોય – આમ સૌંદર્ય મદ અને દાહ નિર્માણ કરે છે. છગનિયા મગનિયાના ઝઘડા એના માટે જ છે. સૌંદર્ય દાહક અને માદક બની જાય છે તેને મોહક કેમ બનાવવું 'જગત સુંદર નથી' એમ બોલીને ન ચાલે. સૌંદર્ય જોયા પછી વિકાર નિર્માણ થાય છે તે માણસની દુર્બળતા (weakness) છે. જો આમ હોય તો તપાસ કરો કે, સૌંદર્ય કોણ જુએ છે ? સૌંદર્ય આંખ જુએ છે. આંખની જોડે કોઈ હોય તો જ તે જુએ. આંખની જોડે જો ઇન્દ્રિયાસક્તિ હોય તો સૌંદર્ય દાહક અને માદક થઈ જાય; પણ હૃદયાસક્તિના જોરથી સૌંદર્ય મોહક બને; તેથી જગતનું સૌંદર્ય જોવાનું હશે તો હૃદયાસક્તિથી, ભાવાસક્તિથી જુઓ – આને કહે 'સર્જનમાત્ર માટે આદર' (Reverence for all creation).

ભાવ બે વાતોમાંથી નિર્માણ થાય – ભોગાસક્તિ કાં તો ભાવાસક્તિ. ભોગાસક્તિ એટલે ઇંદ્રિયાસક્તિ અને ભાવાસક્તિ એટલે હૃદયાસક્તિ. સૌંદર્ય મોહક બનાવવું હોય તો ભાવાસક્તિ હોવી જોઇએ. બે વાતોથી ભાવ નિર્માણ થાય. એક તો દયા કાં તો કારૂણ્યથી હૃદય (ભાવથી) ભરાઈ આવે, અને બીજું આદરણીય, પૂજનીય દૃષ્ટિથી હૃદય (ભાવથી) ભરાઇ આવે. કોઇ પીડિતને જોશો તો કારુણ્યથી હૃદય ભરાઇ જાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ સૃષ્ટિ તરફ કારુણ્યની નજરથી જોવાનું કારણ નહિ, કારણ તેનો સર્જનહાર છે; માટે સૃષ્ટિ તરફ હૃદયાસક્તિથી કાં તો ભાવાસક્તિથી જુઓ. આદરણીય કાં તો પૂજનીય વ્યક્તિને જોઈને હૃદય (ભાવથી) ભરાઇ આવે, આવી જ રીતે પીડિત વ્યક્તિને જોઈને હૃદય કારુણ્યથી ભરાઇ આવે. સૃષ્ટિ તરફ કરુણાની નજરે જોવાનો આપણને હક્ક નથી, કારણ તેનો નિયંતા જગદીશ છે. તો હવે બીજો આદરણીય, પૂજનીય ભાવ છે સૃષ્ટિ તરફ આદરણીય કાં તો પૂજનીય ભાવથી જોશો તો સૃષ્ટિ સુંદર રહીને પણ વિકાર નિર્માણ ન કરશે. આ સૃષ્ટિનો નિયંતા જગદીશ છે તેથી સૃષ્ટિની દયા ખાવાની જરૂર નથી. કારૂણ્યથી ભાવાવિષ્કાર થાય તે ખોટો છે. ભાવાવિષ્કાર આદરના ભાવથી, પૂજનીય ભાવથી થવો જોઈએ. ભગવાને જે નિર્માણ કર્યું છે તેના માટે આદર નિર્માણ કરો. સૌંદર્યને માનનીય, આદરણીય, વંદનીય અને પૂજનીય કરો. સુંદર વસ્તુ કે વ્યક્તિ જોઇ કે તેને માનનીય કરો. સુંદર ખેતર, સુંદર બંગલો, સુંદર મોટર, સુંદર ફૂલ કે સુંદર સ્ત્રી જોઇ કે તેના માનનીય કરો; તો વિકાર નિર્માણ ન થાય. સુંદર સ્ત્રી જોઈ કે તેના સૌંદર્યમાં કર્મશ્રેષ્ઠત જુઓ; તેને આવું સૌંદર્ય મળ્યું તેનું કારણ તેની જન્માંતરની મહેનત છે. જે સૌંદર્યમાં ગયા જન્મની કર્મશ્રેષ્ઠતા દેખાય તે સૌંદય માનનીય, માનાર્હ બનશે. ત્યારપછી આ સુંદર છે તે પ્રભુપ્રેમનું ચિન્હ છે. આ દૃષ્ટિ થઇ કે સૌંદય આદરણીય બનશે. સૌંદર્યમાં પ્રભુનું પ્રતિબિંબ જોશો તો સૌંદય વંદનીય લાગશે. અને સૌંદર્યમાંજ પ્રભુ જુઓ તો તે સૌંદર્ય પૂજનીય થશે.

સૌંદર્યની જોડે એક કાંટો છે તેને લીધે વિકાર નિર્માણ થાય છે. સુંદર બંગલો જોયો કે તે મારો થાય એમ લાગે—આ વિકાર છે. આ સુંદર બંગલો જો મારો ન થાય તો તે તેનો પણ ન રહેવો જોઈએ—આ પણ વિકાર છે. પછી આને માટે જુદાજુદા વૈચારિક આંદોલનો થાય અને વાદો*(isms) ઉભા થાય—આ બધા વિકારો છે. તેથી આજની આ સમસ્યા છે કે, સૌંદર્ય વિકાર નર્માણ કરે છે. સૌંદર્યને માનનીય, આદરણીય, વંદનીય અને પૂજનીય કરો તે વિકાર નિર્માણ ન થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર વસ્તુમાં કર્મશ્રેષ્ઠતા જુઓ તો સૌંદર્ય માનનીય થશે, સુંદર વસ્તુમાં પ્રભુપ્રેમનું ચિન્હ જુઓ તો સૌંદર્ય આદરણીય થશે. અમુક વ્યક્તિ કે વસ્તુ નયનમનોહારી છે, કારણ પ્રભુકૃપા છે. સુંદર વસ્તુમાં પ્રભુનું પ્રતિબિંબ જુઓ તો તે સૌંદર્ય વંદનીય થશે. ચંદ્ર આ સૂર્યનું પ્રતિબિંબ છે. આવી જ રીતે છગન પાસે શું છે ? છગનના સૌંદર્યમાં પ્રભુનું પ્રતિબિંબ છે. આમ થયું તો સૌંદર્ય વંદનીય થાય. સુંદર વસ્તુમાં પ્રભુને જ જુઓ તો સૌંદર્ય પૂજનીય થશે. સુંદરતામાં પ્રભુતા જુઓ તો સુંદરતા પૂજનીય થાય.–આજની સમસ્યાને આ જવાબ છે.

વસ્તુ અને વ્યક્તિ, વિષય અને વિષયી (object and subject) છે. તમે એકવાર વિષયી (subject) થાઓ છો, પણ તે જ ટાઈમે તમે વિષય (object) છો. તમે જુઓ છો ત્યારે તમે વિષયી (subject) છો, પણ તે જ ટાઈમે તમને કોઈ જુએ છે એટલે તમે વિષય (object) છો. તમે જુઓ ત્યારે તમે વ્યકિત છો, પણ બીજો તમને જુએ ત્યારે તમે વસ્તુ છો. વસ્તુ (વિષય) માં સાંદર્ય છે, અને વિષય જોવાવાળા (વિષયી) માં વિકાર નિર્માણ થાય છે. શાસ્ત્રકારો આને માટે રસ્તો દેખાડે છે કે, વિકારોનું ઉદ્દાત્તીકરણ (sublimation) કરો. ઘરેણાં (વસ્તુ) સુંદર લાગે છે તેથી વ્યકિત (વિષયી) માં વિકાર નિર્માણ થાય છે. જેને ત્યાં વિકાર નિર્માણ થાય છે તેનું (વિકારનું) ઉદ્દાત્તિકરણ (sublimation) કરો. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ વિષયો છે; તે વિકાર નિર્માણ કરે છે.

પત્નીનો શબ્દ સાંભળવાની ઇચ્છા હોય તેથી કાનમાં પ્રાણ લાવીને બેઠો હોય. શબ્દ ખોટો ઠરાવીને તેને કાઢવાના નાદમાં ન પડે. પત્નીના શબ્દ કરતાં માનો, ગુરુનો, આચાર્યોનો, ગીતાનો શબ્દ સાંભળવાની ઇચ્છા રાખ; અને છેલ્લે **सोऽहम्** નો શબ્દ સાંભળવાની ઇચ્છા રાખ; તો શબ્દ તકલીફ ન આપશે. આ વિકારોનું ઉદ્દાત્તિકરણ (sublimation) છે. આવી જ રીતે સ્પર્શ ઇત્યાદિનું ઉદ્દાત્તિકરણ (sublimation) થઇ શકે.

શાસ્ત્રકારોએ બીજો રસ્તો રૂપાંતર (conversion) નો દેખાડયો છે. જે વસ્તુ છે તેનું રૂપાંતર (conversion) કરો; અને જે વ્યકિત છે તેનું ઉદ્દાત્તિકરણ (sublimation) કરો. આ બે શાસ્ત્રીય માર્ગો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવી માનસશાસ્ત્રનો અભ્યાસ કરીને ભક્તિશાસ્ત્રને આ બે જ રસ્તાએ મળે છે. કામનાનું ઉદાત્તિકરણ (sublimation); આમાં વસ્તુ તેવી જ રહે છે, પણ મારી ઈન્દ્રિયોનું ઉદાત્તિકરણ (sublimation) અપેક્ષિત છે. રૂપાંતર (conversion) આ બીજો રસ્તો છે. ભોગવૃત્તિનું ભક્તિકરણ આ એક રસ્તો છે, અને ભોગ્ય વસ્તુનું વિભૂતિકરણ આ બીજો રસ્તો છે.

જગદીશ સુંદર છે, તેની કૃતિ સુંદર રહેવાની જ; તેથી જગત સુંદર છે જ, અને સુંદર રહેવાનું છે. તેથી તો એ ભિખારી, લૂલો, લંગડો, ફાટેલાં કપડાંવાળો હોય પણ તેમાં નજર જાય; અને બુદ્ધિમાં તેનું પ્રતિબિંબ પડ્યા વગર રહે નહિ. ધોળામાં સુંદરતા છે તેમ કાળામાં પણ સુંદરતા છે; તેથી ભગવાન એકવાર ધોળા થયા તેમ બીજી વાર કાળા પણ થયા. પછી ભગવાનને કાળા કેમ બોલાય? તેથી અમે નવો શબ્દ શોધી કાઢ્યો –'શ્યામ.' પણ શ્યામ એટલે કાળો. સાંદર્યશાસ્ત્રમાં ગોરી સ્ત્રીને સુંદર ગણવામાં નથી આવી; 'શ્યામા' ને સુંદર ગણવામાં આવી છે. સૌંદર્યમાં શ્યામત્વ હોવું જોઈએ.

જગત સુંદર રહેવાનું અને અમારે જગત જોવાનું, અને તેના લીધે વિકાર નિર્માણ થવાના અને હું અધઃપતિત થવાનો. તેના માટે માનસશાસ્ત્રે અને ભક્તિશાસ્ત્રે માનવીના મનોવિકારોનો પૂર્ણ અભ્યાસ કરીને આ રસ્તો શોધી કાઢ્યો છે. વિકારોનું ઉદાત્તિકરણ અને વસ્તુનું રૂપાંતર (sublimation and conversion). બીજા શબ્દોમાં કહેવાનું હોય તો ભોગવૃત્તિનું ભક્તિકરણ અને ભોગ્ય વસ્તુનું – વિષયનું વિભૂતિ-કરણ. આ બન્ને રસ્તા શ્રેષ્ઠ છે.

વિકારોનું ઉદાત્તિકરણ કરવામાં વિકારોનું અસ્તિત્વ માન્ય થાય છે અને વિકારોનું સમર્થન (justification) થાય છે, તેથી વિકારો રહે છે. વિકારોનું સમર્થન થાય તો વિકાર જશે નહિ. છોકરો ચોરી કરતો હોય અને તેની ચોરીનું સમર્થન (justification) કરવામાં આવે તો છોકરો ચોરી કરતો મટે નહિ, તેથી આ રસ્તો ભયયુક્ત (dangerous) છે. સામાન્ય માણસ (common man) થી વિકારોનું ઉદાત્તિકરણ કરીને વિકારો જશે કે નહિ તેની શંકા છે. આમાં તમે વિકારોથી છૂટશો નહિ. આ રસ્તો સારો ખરો; પણ તે મહાન કર્તૃત્વવાન વ્યક્તિને જ શક્ય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બન્ને રસ્તા કઠણ છે; તેથી ભક્તિશાસ્ત્ર સહેલું છે એમ બોલનાર તે ભકિતશાસ્ત્ર ન સમજવાવાળા છે. ભકિતથી જીવનનો અને જગતનો કોયડો છોડવાનો છે, તેથી જ શંકરાચાર્ય કહે છે કે :

**वीणाया रूप सौंदर्यं तंत्रीवादनकौशलम् ।**
**प्रजारंजन मात्रं ते न साम्राज्याय कल्पते ॥**

વીણાનું રૂપ સુંદર, એનાથી પ્રજાનું રંજન થશે; પરંતુ તેનાથી સામ્રાજ્ય મળશે નહિ. ભકિતથી સમ્રાટ બનવાનું છે, વિષ્ણુપદ મેળવવાની વાત છે–તે કોઇને પીંગળાવવાથી ન મળે. કોઇને પીગળાવવું એટલે ભકિત નથી. ભકિતથી સામ્રાજ્યપદ મળે; તે કાલાવાલા કરીને ન મળે.

જગત સુંદર રહેવાનું, અને તેનો આઘાત મારા ઉપર થવાનો જ. તેના લીધે હું વિકારી થવાનો છું. આમાંથી બચવા માટે ભકિતશાસ્ત્રે બે જ રસ્તા દેખાડ્યા છે–ભોગવૃત્તિનું ઉદાત્તિકરણ (sublimation) અને ભોગ્યવસ્તુનું વિભૂતિકરણ (convension). સુંદર વસ્તુ ભગવદ્‌વિભૂતિ છે. આ બન્ને રસ્તા લેવા પડે–રસ્તો એક જ છે, તેના બે ભાગ પડે છે. એક જવાવાળી (Up train) અને બીજી આવવાવાળી (Down train) છે. વિકારોનું ઉદાત્તિકરણ ૯૯ %, શ્રેષ્ઠ છે; પણ ભોગ્ય વસ્તુનું વિભૂતિકરણ આ ૧૦૦% શ્રેષ્ઠ છે; ગીતાકારે તેથી **विभूतियोग** કહ્યો છે. વિભૂતિકરણ ગીતાએ માન્ય કર્યું છે. વિભૂતિકરણનું અતિશય માર્મિક વિવેચન વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણ ભગવાને કર્યું છે. ગીતાએ બતાવેલો આ માર્ગ છે. કોઇપણ ભકિતશાસ્ત્રમાં ગીતા જેવો માર્ગ દેખાતો નથી. વિકારોના ઉદાત્તિકરણ (sublimation) ની જોડે ભોગ્ય વિષયનું ભક્તિકરણ (conversion) આના ઉપર વધારે જોર દીધું છે. સુંદર સ્ત્રીને જોઇ કે તેને 'મા' કહીને હાંક માર; કારણ માતૃત્વમાં વિભૂતિકરણ છે. **मातृवत् परदारेषु ।** તુકારામ કહે કે, '**परनारी रुक्मिणी समान**' હું સૌંદર્ય જોઇશ, પણ 'મા' તરીકે. આખો વિભૂતિયોગ તેના માટે છે. શંકરાચાર્ય તે જ સમજાવે છે કે, અપ્સરા સુંદર છે, પણ મા ! તારા પગની માટીથી તે થઇ છે. આમ થયું કે અપ્સરા વિભૂતિ થઇ. વાસ્તાવક અપ્સરા આ ભોગનો વિષય છે; પણ શંકરાચાર્યે તેમાં વિભૂતિમત્વ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાવીને તેને વિભૂતિ ઠરાવી. સુંદર વસ્તુનું વિભૂતિકરણ કર તો જગત, જગદીશ સુંદર રહીને, સૌંદર્ય લૂંટીને પણ તું વિ ારી અધઃપતિત થઇશ નહિ. આ ભકિતશાસ્ત્રમાં અગ્નિ ઉપરની રમત છે.

જગત પ્રભુમય છે તે દૃષ્ટિ આવવી જોઇએ તો સર્વત્ર હરિદર્શન થશે; પછી સૌંદર્ય પશુજીવન નિર્માણ ન કરશે. નરસિંહ મહેતા તેથીજ કહે છે કે :

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શુન્યમાં શબ્દ થઈ વેદ વાસે;
પવન તું, પાણી તું, ભૂમિ તું ભુદરા, વૃક્ષ થઇ ફૂલી રહો આકાશે,
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે.

સર્વત્ર હરિદર્શન ન થશે તો સૌંદર્ય પશુજીવન ( animal life ) નિર્માણ કરશે. જગત સુંદર છે, કારણ પ્રભુએ તે નિર્માણ કર્યું છે. તેની કૃતિ સુંદર જ છે. જગતનું સૌંદર્ય ટકાવો, તેને સુંદર બોલવાની હિંમત રાખો; પણ તેનું વિભૂતિકરણ કરો.

આ તત્ત્વજ્ઞાનનો, વેદાંતનો કોયડો (problem) છે. જગદીશ સુંદર છે, તેના પગની માટીમાંથી જગત નિર્માણ થયું છે તેથી જગત સુંદર છે. આ સુંદરતાથી માણસ વિકારી થવાનોજ. તો માણસે શું કરવાનું? હું જગતનું સૌંદર્ય કાઢી શકતો નથી તેથી મારે મારા વિકારોનું ઉદાત્તિકરણ ( sublimation ) કાં તો ભોગ્ય વસ્તુનું વિભૂતિકરણ કરવું જોઇએ. ભકિતશાસ્ત્ર આ મોટું શાસ્ત્ર છે. જ્ઞાનને પકડીને ભકિતશાસ્ત્રે આ રસ્તા બતાવ્યા છે. ભક્તિની સાથે જ્ઞાન હોવુંજ જોઇએ. ભગવાનને પીગળાવવાની જરૂર નથી, તે પીગળેલોજ છે. જીવન અધઃપતિત થવાનું કારણ સમજી લો, મૂળ કોયડો (problem) ઓળખો અને ભકિતશાસ્ત્રે બતાવેલા બન્ને રસ્તાઓ સમજી લો. વિભૂતિકરણમાં પૂર્ણતા (perfection) છે તેથી જ ભગવાને ગીતાના દશમા અધ્યાયમાં અર્જુનને છેલ્લે કીધું કે :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जित मेव वा।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥
अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन।
विष्टभ्याहमिदं कृत्स्नम् एकांशेन स्थितो जगत् ॥

વિભૂતિકરણ શ્રેષ્ઠ છે. જે જે સુંદર લાગશે તે તે હું છું એમ ભગવાન કહે છે. જે લોકો ભક્તિ કરે છે અને ગીતા વાંચતા નથી તેમને ડબાડવા જોઈએ. ભક્તિ જે સમજે તે ભગવાનને ચીટકી બેસે. રડવું આ તેનો ઉપાય નથી, રડીને ભગવાન પીગળવાનો નથી; ભગવાન પથરાનો જ છે. કોઈ તમારે બારણે આવીને રડે, રડીને સારૂં ભજન ગાય તો તમે તેને એકાદ આનો આપી દો. આમ કોઇ એકાદ સારૂં ભજન ગાય તેનાથી **न साम्राज्याय कल्पते** – તેનાથી સમ્રાટ ન થવાય. ભક્તિ એટલે ભગવાન સાથે ચીટકી બેસવાનું છે. જે રડતો બેસી રહે તેને કદાચ એકાદ આનો ભગવાન આપી દે. ભક્તિથી ભગવદ્‌પદ–વિષ્ણુપદ મેળવવાનું છે. તત્ત્વજ્ઞાનની જે સમસ્યા છે તે સમજીને શંકરાચાર્ય રસ્તો બતાવે છે કે, ભોગવૃત્તિનું ભક્તિકરણ અને ભોગ્ય વિષયનું વિભૂતિકરણ કરો તો જ સમસ્યા ઉકેલાશે. ગીતાકાર તેથી જ તો વિભૂતિયોગ સમજાવે છે. શંકરાચાર્ય બરાબર તે જ કહે છે. તેમણે અપ્સરાનાં રૂપમાં ભોગ્ય વિષય સમજાવ્યો છે. અપ્સરા સૌંદર્યનું પ્રતીક છે તેથી અપ્સરાને દેવતા માન, કારણ તે ભગવાનની ચરણરજ-માંથી બનેલી છે; તેથી તે આદરણીય છે – આ વિભૂતિકરણ છે.

આપણે મિજાસથી કહી શકીશું કે, માનવી મનોવિકારોનો ભક્તિ-શાસ્ત્રે અભ્યાસ કરીને જે કહ્યું છે તે વિશ્વમાં કોઈએ કહેલું નથી. વિશ્વમાં બધે ભક્તિ સમજાવી છે; પણ **उदाराः सर्व एवै ते** આપણે ત્યાંના ભક્તિશાસ્ત્રમાં પૂર્ણતા (perfection) છે. કૃષ્ણ ભગવાને વિભૂતિ-યોગ અજબ ઉભો કર્યો છે. આ ઉપનિષદમાં પણ છે તેને સુંદર રીતે ગીતામાં ઉભું કરીને ભક્તિશાસ્ત્રની પૂર્ણતા (perfection) દેખાડી છે. ગુરૂ શ્રેષ્ઠ લાગે છે – તેને ભગવાન સમજ. જગતમાં જે જે શ્રેષ્ઠ લાગે છે તેની આસક્તિ થાય છે, માટે તેને ભગવાન સમજ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શંકરાચાર્ય આ શ્લોકમાં વૈશ્વિક સિદ્ધાંત, વૈશ્વિક દૃષ્ટિકોણ સમજાવે છે. સૌંદર્ય મારક ન બને તે જોવાનું છે. બૌદ્ધ (Buddhist) લોકોએ શરીર માંસનો ગોળો છે એમ કહ્યું; પણ તે વિચાર પ્રભાવી નથી. શરીર માટે, જગત માટે નફરત નિર્માણ કરવી આ રસ્તો વિકાસની દૃષ્ટિથી પ્રભાવી નથી, તેથી જ તો 'સંસાર ખારો છે' કહેનાર ડોસો પોતાના છોકરાને પરણાવે છે. સંસાર ખારો નથી તે હકીકત છે, તે છતાં યે 'સંસાર ખારો છે' એમ બોલે છે. આમ કહેનારા આત્મવંચના કરે છે. કોઈ સંસારી જે વાત માનતો નથી તે વાત કથાકાર કહે કે, 'સંસાર ખારો છે.' તેથી બધા પોતાના દીકરાને ઠાઠમાઠથી પરણાવે છે—આ આત્મવંચના છે અને આત્મવંચનાથી માનવી જીવનનો વિકાસ શકય નથી.

ઉદાત્તિકરણ અને વિભૂતિકરણ આ બે જ રસ્તા છે, તેમાં વિભૂતિકરણ પૂર્ણ (perfect) (સચોટ) ઉપાય છે.

શંકરાચાર્ય કહે છે કે, 'મા! અપ્સરા સુંદર છે, પણ તે તારી ચરણરજથી અને તારા અભ્યંગસલિલથી ઉત્પન્ન થઇ છે તેથી તે વંદનીય છે—પૂજનીય છે—આ દૃષ્ટિકોણ લો. શંકરાચાર્ય અપ્સરા ઉપર લટ્ટુ થયા નથી. આ શ્લોક માર્ગદર્શન કરે છે તેથી બહુ મહત્વનો છે. બધા જ શ્લોકો મહત્વના છે. છેલ્લો શ્લોક આશીર્વાદાત્મક છે, તે આપણે આવતે વખતે જોઇશું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनन्दलहरी

## श्लोक – २० मो

वसन्ते सानन्दे कुसुमितलताभिः परिवृते ।
स्फुरन्नानापद्मे सरसि कलहंसालिसुभगे ॥
सखीभिः खेलन्तीं मलयपवनान्दोलितजले ।
स्मरेद्यस्त्वां तस्य ज्वरजनितपीडापसरति ॥ २० ॥

**શબ્દાર્થઃ** હે દેવી ! વસન્તઋતુમાં ખીલેલાં ફૂલોથી, અલંકૃત લતાઓથી શોભતા, નાના પ્રકારના કમળોથી સુશોભિત, હંસના કલરવ અને ભમરાઓના ગુંજનથી અલંકૃત સરોવરના પાણી ઉપર મલયગિરિ ઉપરથી આવતા પવનથી લહરીઓ ઉઠે છે; તેમાં સખીઓની સાથે ક્રીડા કરતી તારૂં જે કોઈ સ્મરણ કરે તેની જ્વરરોગજનિત પીડા દૂર થઈ જાય છે.

( પરમપૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલેના પ્રવચન ઉપરથી )

ભક્તિશાસ્ત્રનો મહાન સિધ્ધાંત – ભોગવૃત્તિનું ભક્તિકરણ અને ભોગવિષયનું વિભૂતિકરણ, બીજા શબ્દોમાં ઉદાત્તિકરણ (sublimation) અને રૂપાંતર (conversion) સમજાવ્યા પછી, ભક્તિનો દૃષ્ટિકોણ કહ્યા પછી શંકરાચાર્યને હવે કંઈ કહેવાનું બાકી રહ્યું નહિ, તેથી આશીર્વાદાત્મક છેલ્લો શ્લોક કહે છે.

ભગવાનને તમે કયા રૂપે જોશો ? નિર્ગુણ નિરાકાર હોવાથી તે શું બેઠા છે ? હાલતા નથી ? ચાલતા નથી ? હસતા નથી ? ભગવાન શું મહેતાજીની માફક આપણી ભૂલો જોતા અને ન્યાય આપતા બેઠા છે ? શંકરાચાર્ય કહે છે કે, ભગવાન આવા નથી. તો પછી ભગવાનને કયા રૂપે જોશો ? શંકરાચાર્ય કહે છે કે, ભગવતી – આ સૃષ્ટિની આદિમશક્તિ સખીઓની સાથે રમે છે. કયાં રમે છે ? તેનું અતિશય સુંદર વર્ણન આ શ્લોકમાં છે.

અહીંયા સૃષ્ટિસૌંદર્યનું વર્ણન છે. આનંદથી ભરેલી વસંતઋતુ ખીલી છે, લતાઓ તો સુંદર છેજ, પરંતુ તેના ઉપર સુગંધી ફૂલો ખીલ્યાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેના લીધે તેમની શોભા વધી છે. જુદી જુદી જાતના કમળોથી શોભાયમાન, હંસના કલરવ અને ભમરાઓના ગુંજનથી શોભાયમાન સરોવરમાં, મલયગિરિ ઉપરથી વહેતા પવનથી જેનાં પાણી ઉપર લહરીઓ નિર્માણ થઈ છે તે સરોવરમાં ભગવતી પોતાની સખીઓ સાથે રમે છે – આ સ્વરૂપમાં ભગવાનનું તમે સ્મરણ કરશો તો જ્વરથી નિર્માણ થયેલી પીડા ચાલી જશે.

વેદાન્ત કહે છે કે, ભગવાન રમતા રહ્યા છે **लोकवत् तु लीला कैवल्यम्** આ રૂપમાં ભગવાનનું સ્મરણ થાય તો જ્વરપીડા જાય. આ જગતમાં પ્રત્યેકને જ્વર છે, તેના લીધે પીડા–બેચેની થાય છે. આ જ્વરને લીધે ભગવાને ભાણામાં જે કંઈ પીરસ્યું છે તે શાંતિથી ખવાતું નથી. માએ જેના માટે જે યોગ્ય, જેને જેટલું પચે તેટલું પીરસ્યું છે. પ્રત્યેકને સ્વતંત્ર ભાણું માએ આપ્યું છે; એકજ ભાણામાં મા જમાડતી નથી. માએ જે પીરસ્યું છે તે નિરાંતે ખાવું જોઈએ; પરંતુ આપણી નજર હંમેશાં આજુબાજુના ભાણા તરફ જાય છે અને બીજાનું ખાવાનું મન થાય છે. આને લીધે બેચેની અને અકળામણ થાય છે. ખરેખર ! માએ સમજીને આપણા ભાણામાં પીરસ્યું છે, પરંતુ આપણે વધુ ને વધુ મેળવવા પ્રયત્ન કરીએ છીએ; અને તેના લીધે અકળામણ થાય છે.

જેમ બીજાનું ભાણું જોઈને અકળામણ થાય છે, તેમ બીજા કારણોથી પણ બેચેની થાય છે.

**दुर्वार संसारदवाग्नितप्तं दोधूयमानं दुरदृष्टवातैः ।**
**भीतं प्रपन्नंपरिपाहि मृत्यो शरण्यमन्यं यदहं न जाने ॥**

શું કહું ભગવાન ! મને અકળામણ થાય છે. વર્તમાન કાળનાં તપી ગયેલાં પતરાં ઉપર ઉભો છું ત્યાં ઉભા રહેવાતું નથી, પાછળ જોઉં છું તો ભૂતકાળનો ભયંકર વંટોળિયો પવન ફૂંકાય છે તેથી પાછળ જોવાતું નથી, આગળ ભવિષ્યમાં જોઉં છું તો ભયંકર અંધારૂં છે, 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે !' ભવિષ્યની ખબર પડતી નથી; તો હવે એકજ બારણું છે અને તે એટલે મૃત્યુનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બારણું. મૃત્યુનો અવાજ સાંભળીને ઘરડાઓ પણ ધ્રૂજી ઉઠે છે, તેઓ પણ આ બારણે જતાં ભયભીત થાય છે; તો હું શું કરૂં ? આના લીધે અકળામણ થઈ છે.

જગતમાં જોશો તો પ્રત્યેકને કંઇકને કંઇક દુઃખ છે, અને તેને લીધે રૂદન ચાલે છે. પરંતુ બા ! આ જગતના લોકો સખી જોડે રમતી તને યાદ કરે તો તેમનું દુઃખ જાય. ભગવાનનું સ્મરણ, ચિંતન અને આશ્વાસન – આનાથી જ સુખ અને આનંદ મળશે. **न मे भक्तः प्रणश्यति** – ભગવાનના આશ્વાસનથી જ સુખ મળે. માંદગીમાં ભગવાનનું જ આશ્વાસન છે; તે જ તાવ ઉતારશે, તેનાથી જ સુખી થશું અને આનંદ મળશે.

નાપાસ થયેલા છોકરાને પોતાનું પ્રગતિપત્રક બાપા પાસે ક્યારે લઈ જવાનું તે બરાબર ખબર હોય. બાપા પોતાના મિત્રો સાથે પાના રમવામાં મસ્ત હોય તે વખતે નાપાસ થયેલો છોકરો પોતાનું પ્રગતિપત્રક બાપા પાસે લઇ જાય. બાપા પૂછે, 'શું છે ?' તો છોકરો કહે, 'બાપા, સહી જોઇએ.' બાપા કહે, 'લાવ, કરી આપું.' આમ કહીને પ્રગતિપત્રક જોયા વગર જ બાપા સહી કરી આપે. બાપાની સાયકોલોજી નાના છોકરાઓને બરાબર ખબર હોય. ભગવાને બધાને જ અક્કલ આપી છે; તે લુચ્ચાઇ માટે વાપરવાની કે સારા કામમાં વાપરવી તે આપણા હાથની વાત છે.

આવી રીતે આપણે ચોથા ધોરણના વિદ્યાર્થી – ચોથું ધોરણ એટલે ટ, ઠ, ડ અને 'ઢ' (આપણે ઢોઢનિશાળિયા છીએ) તેથી આપણું પ્રગતિપત્રક જગદંબાને કેવી રીતે બતાવી શકીએ ! આપણને મૂંઝવણ છે ! તેથી શંકરાચાર્ય આપણને રસ્તો બતાવે છે કે, બા જ્યારે રમતી હોય ત્યારે પ્રગતિપત્રક તેની પાસે લઈ જા તો તે સહી કરી નાખશે. ભગવાન જ્યારે બધાની ભૂલો તપાસતા બેઠા હોય ત્યારે આપણું પ્રગતિપત્રક તેમની પાસે ન લઇ જવાય.

જ્વરપીડાને લીધે બધાને અકળામણ છે. ભગવાને મારા ભાણામાં સારૂં પીરસ્યું છે પણ હું શાંતિથી ખાતો નથી. બીજાના ભાણા તરફ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈને ભગવાનને હું કહેતો રહું છું કે, 'ભગવાન! મને આ નથી, ને તે નથી.' આખા આયુષ્યમાં મેં આ જ ધંધો કર્યો છે. માએ તો પ્રત્યેકને પગે તેટલું પીરસ્યું છે; પરંતુ માણસ બીજાના ભાણા તરફ જોઇને ન્યૂનતા કાઢ્યા કરે છે—આ જ્વર છે. બીજાનો સંબંધ આવે એટલે જ્વર આવે. મારૂં ભાણું હું જોતો નથી. સંસારમાં પણ આવીજ રીતનું છે. આપણે આપણો સંસાર ન જોતાં બીજાનો સંસાર જોઇએ છીએ. પારકે ભાણે લાડવો મોટો દેખાય, પણ તે મોટો હોય જ છે આવી રીતનું નહિ. સંસારમાં આપણને જે અવસ્થા મળી છે તે સારી લાગતી નથી, આપણને હંમેશાં બીજાની અવસ્થા સારી લાગે છે. નાના છોકરાને પૂછશો તો કહેશે કે, પૈસો કમાતા સંસારીને આનંદ છે. પરણેલાને પૂછો તો કહેશે કે, બચપણના દહાડા સારા. તે કહેશે કે, કોલેજના દહાડા (golden days) હતા; હવે તો બાબાને અને બેબીને સમજાવતાં નાકે દમ આવે છે. આમ માનવી જીવન જ આવી રીતનું છે કે, પ્રત્યેકને બીજી અવસ્થા સારી લાગે છે અને તેથી રડતો રહે છે. અરે! આ મૃત્યુલોકની હવા જ એવી છે કે, બધાને તે રડાવે છે. આ મૃત્યુલોકમાં ભગવાન પણ જો માનવીરૂપ લઇને આવે તો રડે. રામ અવતાર લઇને આવ્યા—તેમણે રાવણને માર્યો, તે વિજયી થયા. તેમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો, તેમને માનપત્ર મળ્યું, ત્રિભુવનમાં તેમની કીર્તિ થઇ. કીર્તિની અને વૈભવની ટોચ ઉપર રહેલા રામને લોકોએ પૂછ્યું કે, તમે સુખી છો ને? તો રામે કહ્યું: ના, ના; મારા સુખના દહાડા ગયા.

जीवत्सु तातपादेषु नूतने दारसंग्रहे ।
मातृभिश्चिन्त्यमानानां तेहिनो दिवसा गताः ॥

રામે કહ્યું કે, મારા આનંદના દહાડા ગયા.

મૂળ વાત એ છે કે, માણસને વર્તમાનનું પીરસેલું સારૂં લાગતું નથી—આ જ્વર છે. માણસને જ્વર લાગે છે તેનું કારણ શું? માણસ ભાણામાં શું પીરસ્યું છે તેની ચર્ચા કરે છે. જે વીશીમાં જમતો હોય તે શું પીરસ્યું છે તેની ચર્ચા કરે, કારણ કે તેને પીરસવાવાળા ઉપર પ્રેમ નથી. પીરસવાવાળા ઉપર પ્રેમ હોય તો તેની સામે જોતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોતાં માણસ જમે, તેને ભાણામાં શું પીરસ્યું છે તે ખબર જ ન પડે; તેનું કારણ, ભાણામાં શું પીરસેલું છે તેના કરતાં પીરસે છે કોણ – તેના ઉપર પ્રેમ છે.

માણસ વીશીમાં જમતો હોય તો વીશીવાળાએ મિષ્ટાન્ન બનાવ્યું હોય છતાં પણ જમનાર વીશીવાળાને કહે કે, કચુંબર કેમ નથી બનાવ્યું? મફતના પૈસા લો છો? આનું કારણ, તેને પીરસનાર ઉપર પ્રેમ નથી. પીરસવાવાળા ઉપર પ્રેમ હોય તો 'પીરસ્યું શું?' આની ચર્ચા ન થાય.

તમે મંદિરમાં જાઓ અને શ્રાવણ મહિનામાં એકટાણું પણ કરો, પરંતુ જ્યાં સુધી 'શું પીરસ્યું છે?' તેની ચર્ચા ચાલે છે, જ્યાં સુધી પીરસવાવાળા ભગવાન ઉપર પ્રેમ બેઠો નથી, ત્યાં સુધી બેચેની અને દુઃખ જતાં નથી. તુકારામને ખબર ન પડી કે, ભાણામાં કંગાલિયત પીરસી છે કે શ્રીમંતાઇ? આજે સાહિત્યકારો અને પંડિતો ચર્ચા કરે છે અને કહે છે કે, તુકારામનું જીવન દુઃખી અને અયશસ્વી હતું. તુકારામને જીવન દુઃખમય કે અયશસ્વી લાગ્યું નહિ; અને જો લાગ્યું હોત તો તે ભકત નહિ.

એક વખત પંડિતોની સભામાં મને બોલાવ્યો હતો અને પંડિતોએ મને પૂછ્યું કે, 'તમને સુ લાગે છે? તુકારામ વાણિયો હતો પણ તે વેપારમાં અયશસ્વી થયો, તેને પૈસો ન મળ્યો, તે બિચારો દુઃખી હતો.' પંડિતોની સભામાં પણ ટકાધર્મ, ટકાકર્મની ટકટક ચાલતી હોય તો પછી તેમાં છગનિયો ચર્ચા કરીને નકકી કરે કે, બિચારો તુકારામ દુઃખી હતો – તેમાં શું નવાઇ? તુકારામને 'બિચારો' ઠરાવવાવાળો છગનિયો તુકારામની દયા ખાવા નીકળે; પરંતુ ખરી રીતે આવી ચર્ચા કરવાવાળો છગનિયો જ દયા ખાવા જેવો છે. તુકારામની ભાવનામાં સમરસ થઇને પંડિતો તુકારામનું જીવન વાંચે તો તેમને ખબર પડશે કે, તુકારામનું જીવન કેટલું યશસ્વી હતું! તુકારામને પીરસનાર ઉપર પ્રેમ હતો તેથી ભાણામાં શું પીરસાયું તેના તરફ એમનું ધ્યાન ન હતું? વીશીમાં પાંચ મિષ્ટાન્ન પીરસવામાં આવે અને ઘરવાળી ખીચડી પીરસશે તો પણ ખીચડીમાં જે મીઠાશ છે તે વીશીના પાંચ મિષ્ટાન્નમાં નહિ આવે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બા ! આ જગતમાં પ્રત્યેકને જ્વર છે તે ક્યારે જશે ? બા તરફ નજર હોય, અને રમતાં રમતાં બા રોટલી આપી દે તો તેમાં આનંદ છે.

આ જગતમાં કોઇજ સુખી નથી–છતનો પણ જ્વર છે અને અછતનો પણ જ્વર છે. બે બ્હેનો પિયરે આવી હતી, તેમાંથી મોટી બહેને કહ્યું કે, 'હું બહુ દુઃખી છું; મને પરણે પંદર વર્ષ થયાં પણ બચ્ચું નથી.' નાની બહેન કહે કે, 'હું પણ દુઃખી છું; સાત છોકરા હતા, અને આઠમો છોકરો આવ્યો. આ બધાને સંભાળતાં સંભાળતાં જીવન ચાલી જાય છે; કોઈ જગાએ જવાતું નથી, કોઇને મળાતું નથી–કેટલું દુઃખ છે !....'

આવીજ રીતે પૈસો હોય તો પણ દુઃખ, અને ન હોય તો પણ દુઃખ. આ જગતમાં સુખી ન થવાવાળો માણસજ છે. જેમ સુખ-દુઃખનો, છત–અછતનો જ્વર છે તેમ બીજા પણ કેટલાક જ્વર છે–ઇંદ્રિયોનો જ્વર, બુધ્ધિનો જ્વર અને મનનો જ્વર.

ભોગપરાયણતા આ ઇંદ્રિયનો જ્વર છે. ભોગપરાયણતાને તૃપ્તિજ નથી.

न जातु कामःकामानांमुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

કોઈપણ દિવસે ઉપભોગથી વાસના (ભોગ) શાંત થતી નથી, તે હવિદ્રવ્યોથી અગ્નિની જેમ વધતીજ જાય છે.

આ જ્વર જતો નથી, બા ! તારૂં સ્મરણ થાય તોજ આ જ્વર જાય.

કોઇને ઓડકારજ નથી. માણસ ભગવાનને કહે કે, સો રૂપિયાનો પગાર પૂરો થતો નથી, પાંચસો રૂપિયા કર. ભગવાને પાંચસો પગાર કર્યો; તો માણસ કહે, કોઈ વખત માંદગી આવે તો? માટે એક હજાર રૂપિયાનો પગાર કર. ભગવાન તે પણ કરે. પછી માણસ કહે, ભગવાન ! બસમાં જવાનું ફાવતું નથી, એકાદ ગાડી મળે તો જો, હું ને તારી ગીતા. ભગવાન પાંચ લાખ રૂપિયા આપે તો પણ તે માણસ દુઃખીજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ભગવાન પાંચ લાખ આપે તો પચીસ લાખની માગણી કરે. બધા વેપારી ભિખારી છે. દસ લાખની મૂડી હોય તો પચીસ લાખનો ધંધો કરે. કોઇ વેપારી લાંબા પગ કરીને સુઇ શકતા નથી. વેપારી એટલે દેવાદાર. ભાગ્યેજ કોઇ વેપારી દેવાદાર નહિ હોય. વેપારી દસ હજાર રૂપિયા લાવે અને ચાલીસ હજાર રૂપિયા લોકો પાસેથી ભેગા કરે અને લીમીટેડ કંપની કાઢે. તેમની અક્કલ જબરી છે, પણ તે દેવાદાર છે. દેવાદારી વધ્યા પછી નિરાંતે સૂવાય કેમ? જગતમાં તે જ સૌ કરતાં વધુ સુખી છે (happiest man in the world) કે જે કહી શકે કે, મારે કોઇને કશું આપવાનું નથી – મારૂં બારણું કોઇ ખડખડાવશે નહિ. આવો માણસ મળવો મુશ્કેલ છે. કોઇને તૃપ્તિ નથી, ઓડકાર નથી, કયાં ઉભા રહેવાનું તે કોઇને ખબર નથી; બધાની દોડધામ ચાલે છે. માણસને કહીએ કે, દોડધામ છોડીને બે ચાર અઠવાડિયાં શાંતિ રાખ. ચાલ મારી સાથે; તો તરત તે કહેશે કે, 'તમારી સાથે આવું, પણ આ બીઝનેસ છોડતું નથી. અરે! છાતી ફૂટી ગઇ ત્યાં સુધી બીઝનેસ? શું બીઝનેસને સ્મશાનમાં સાથે લઇ જવાનો છે? મૂળ વાત એ છે કે, માણસને ઓડકાર જ નથી, અને તેથી સુખ નથી.

માણસને કેમ સુખ આપવું આ ભગવાનને માટે કોયડો (problem) છે; તેથી જ તે કલિયુગમાં આવતા નથી. માણસ સુખી થતોજ નથી તેથી ભગવાને હાથ ધોઇ નાખ્યા છે. જેમ છોકરાથી કંટાળીને બાપ હાથ ધોઇ નાખે અને છોકરાને છોડી દે તેમ ભગવાને માણસને છોડી દીધો છે. આ હું વિનોદમાં કહું છું – ભગવાન છોડી દે તો માણસને જીવવું અશકય થઇ જાય.

આવી જ રીતે બુદ્ધિનો જ્વર અહંકાર છે. 'મારી પાસે અક્કલ છે' આ અહંકાર છે. અક્કલવાળાનો જ્વર જાય જ નહિ. આ પંડિતો ભગવાનની પણ ભૂલો કાઢે. એક પંડિત કહે છે કે, ભગવાન! આ સૃષ્ટિ તેં બનાવી છે, પણ તેં મારી સલાહ લીધી નહિ તેથી તેમાં દોષો રહી ગયા છે. કયા દોષો? તો કહે છે:

गंधः सुवर्णे फलमिक्षुदण्डे नाकारि पुष्पं खलु चन्दनेषु ।
विद्वान्धनाढ्यो न तु दीर्घजीवी धातुः पुराकोऽपि न बुद्धिदोऽभूत् ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોનાને સુગંધ નથી, શેરડી કેટલી મીઠી છે! પણ તેને ફળ નથી, ફળ હોત તો તે કેટલું ગળ્યું હોત? ચંદનને ફૂલ નથી–આમ દોષો રહ્યા છે. (ભગવાન! તમને મારા જેવો અક્કલવાળો મળ્યો નહિ તેથી દોષો રહ્યા છે.) વિદ્વાન એટલે દોષજ્ઞ. ટીપીટીપીને આ ભૂલો પંડિતે શોધી કાઢી છે; પરંતુ આ બુદ્ધિનો અહંકાર છે.

અસૂયા, મત્સર, આ મનના જ્વર છે. બીજાનું સુખ માણસથી સહન થતું નથી, એકની પ્રગતિ બીજાને ગમતી નથી. છોકરાની પ્રગતિ બાપ સહન કરી શકતો નથી. બાપને છોકરાની અમુક હદ સુધીની પ્રગતિ ગમે, પણ બાપ કરતાં છોકરો સવાયો થાય તો તે બાપને પણ ન ગમે. આવું આ જગત છે; આ મનનો રોગ છે. મન અસૂયા અને મત્સરથી ભરેલું છે.

માણસ બોલે કે, તમારૂં વર્ષ સારું જાય, પણ અંદર તે બળતો હોય. માણસ ઢોંગી (hypocrate) છે. ઢોંગને જ સભ્યતા ગણવામાં આવે છે (hypocracy thy name is civilization). ધણીધણિયાણી ચા પીતા હોય ત્યારે ધણિયાણી કહે કે, "જોયું! પડોશીને ત્યાં રેડિયો આવ્યો, તમારે ત્યાં રેડિયો ક્યાં છે?" ત્યારે ધણી તરત કહે, 'અરે! એની પાસે પૈસા ક્યાં છે? તે હપ્તાથી લાવ્યો હશે, ચાર દિવસમાં વેચવો પડશે.' ચા પીને બહાર નીકળે તો ગેલેરીમાં પડોશીને જુએ કે તરત કહે, 'છગનલાલ! તમારે ત્યાં રેડિયો આવ્યો? અમને બહુ આનંદ થયો, ભગવાનની તમારા ઉપર કૃપા થઈ.' માણસ જેટલો ઢોંગી (hypocrate) જગતમાં બીજો કોઈ ન હશે. પરંતુ આ મનનો રોગ છે કે, માણસથી બીજાનો ઉત્કર્ષ સહન જ થતો નથી. તેથી જ યોગ-દર્શનકારને સૂત્ર લખવું પડયું: **मैत्री करुणामुदितोपेक्षाणांसुखदुःख पुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम्** આ બધા રોગો છે, અને આ જ્વરથી પીડા થાય છે.

શંકરાચાર્યને ભગવાન માતૃત્વના રૂપમાં જોવા મળ્યા હશે. ખૂબ પ્રકાશ હશે તેમાં તેજસ્વી 'મા' પોતાની સખીઓ જોડે, લતા અને ફૂલો વચ્ચે હસતી, રમતી ફરતી હશે; એટલામાં શંકરાચાર્ય ત્યાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચી ગયા હશે. આ વર્ણન વાંચીને આપણને એમ થાય કે, બા ! તારૂં આવું દર્શન ? ભગવાન તમે આવા છો ? અમે તો તમને મોટી મૂછવાળા મહેતાજી જેવા ધારતા હતા. તેથી શંકરાચાર્ય કહે છે કે, બા ! તારું આવું દર્શન થાય તો જીવનમાં દુઃખ રહેશે જ નહિ. બા સખીઓની સાથે મર્મવિનોદ કરતી રહી છે, આવું દર્શન અલૌકિક છે. જગદંબાનું આવું દર્શન જેને થાય તેને પીડા કયાંથી રહે ?

શંકરાચાર્ય દરિયા કિનારે શિલાતલ ઉપર બેઠા છે, દરિયાનાં મોજાંઓ ઉછળતા રહ્યા છે ત્યારે **ज्योतिषां वा परस्तात्** – નક્ષત્ર તારાઓથી પરે રહેલી આદિમશક્તિના જે સ્વરૂપમાં તેમણે દર્શન કર્યા તેનું વર્ણન તેઓ કરે છે.

ભગવાન ! તું જગતમાં નાચે છે. **नृत्यति वेदान्तसिद्धान्तः** વેદાંતનો સિદ્ધાંત આ સૃષ્ટિમાં નાચે છે. **अणोरणियान् महतो महीयान्** થઈને નાચે છે. મૃત્યુલોક એ સુંદર સરોવર છે. પૃથ્વીમાં વસંતનું મોહકત્વ છે, લતાઓનું માર્દવ છે, ફૂલોની શોભા છે, હંસની રમણીયતા છે અને કમળોનું આકર્ષકત્વ છે. સૃષ્ટિ તરફ જોવાનો માંગલ્યનો ડોળો મળી જાય તો કોઈપણ દહાડા વસંતઋતુ જેવા લાગે; પછી તેને અશુભ દહાડા છેજ નહિ, બધા જ શુભ દહાડા છે. એના જીવનમાં અશુભતાને સ્થાન જ નથી. તે હોસ્પિટલમાં જશે તો ત્યાં પણ તેને શુભદર્શન થશે. જેની જીવનની દૃષ્ટિ બદલાઈ ગઈ તેને બધે મંગલતા દેખાય. સૃષ્ટિમાં તેને જીવનલતાઓનું માર્દવ જોવા મળે. છગન–મગન આ બધી જીવંત લતાઓ છે, આ બધી જીવંત લતાઓની ઉપર ફૂલોના તોરા દેખાય–વિદ્યા, કીર્તિ, વિત્ત, વભવ, સદ્‌ગુણ આ બધા તોરાઓ છે અને તેને લીધે જીવંત લતાઓની શોભા વધે છે. જેમ લતા ઉપર ફૂલો હોય તો શોભા વધે તેમ સૃષ્ટિમાં કોઈ વિદ્વાન, કોઈ ધનવાન, કોઈ ગુણવાન, કોઈ સુંદર હોય; આ બધી જીવંત લતાઓ છે, અને તેમને માથે જુદી જુદી જાતના તોરાઓ છે. આવી જ રીતે સૃષ્ટિમાં કમળનું આકર્ષકત્વ જોવા મળે. કેટલાક જીવો અતિશય પ્રતિકૂલ પરિસ્થિતિમાં પણ પ્રભુકાર્ય કરીને જીવન ખીલાવતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવા મળે ત્યારે તેમના જીવનમાં કમળની આકર્ષકતા દેખાય. કમળ કાદવમાં પેદા થાય; પરંતુ સૂર્ય તરફ જોઈને પોતાનું જીવન ખીલાવે. આવી રીતે કેટલાક જીવો ક્ષુદ્ર માબાપના પેટે જન્મે, તેમને કોઈ સાધન નહિ, છતાં પણ સ્વાધ્યાય કરીને ભગવાનનું કામ કરતાં કરતાં ભગવાન તરફ જતા જોઈએ તો તેમનું જીવન આકર્ષક લાગે. આવા જીવો મહેનત કરતા જાય અને મહાન થતા જાય. જે લોકો પ્રતિકૂલ પરિસ્થિતિમાં જીવનપુષ્પ ખીલાવે છે તેમના લીધે આ સૃષ્ટિને આકર્ષકત્વ આવે છે. સિદ્ધોને તો બધા નમસ્કાર કરે, પરંતુ પ્રયત્ન કરતા રહેલા આ યતીઓનાં જીવનને કમળનું આકર્ષકત્વ છે, તેમને આપણે નમસ્કાર કરીએ.

આ સૃષ્ટિમાં 'હું સુખી છું' આવું કહેવાવાળા થોડા લોકો મળશે. જે મહાપુરૂષોને સત્યાસત્યનો અને આત્મા–અનાત્માનો વિવેક છે તે બધા હંસ છે. આવા હંસોના કિલકિલાટથી આ સૃષ્ટિ શોભે છે. વાલ્મિકિ હંસ છે અને શંકરાચાર્ય ભ્રમર છે. આ મહાપુરૂષો જગતમાં આવ્યા તેથીજ આ જગતમાં જીવવાનું મન થાય છે. તેમના કલરવથી અને ગુંજનથી આ સૃષ્ટિની શોભા વધી છે.

**कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरं ।**
**आरुह्य कविता शाखां वन्दे वाल्मीकि कोकिलम् ॥**

વાલ્મિકિ કોયલ છે, તેમના ટહુકાથી જગત આનંદથી વ્યાપ્ત થાય છે, તેના લીધે આ. જગતમાં રમવાનું મન થાય છે; નહિ તો આ જગતમાં છે શું ? આવા લોકો જગતમાં જીવી ગયા તેથી જગતમાં જીવવા જેવું લાગે છે. સૃષ્ટિરૂપી આ સુંદર તળાવમાં ભગવતી ! તું નાચતી દેખાય છે. ચાર મીલે, ચોસઠ ખીલે–જગતમાં હસતા ચહેરા જોઈએ ત્યારે મા ! તે તારૂં સૌભાગ્ય છે એમ લાગે છે. બા ! તું બેઠી છે તેથી તે લોકો હસે છે, તેમનામાં તું ન હોય તો સોનાપુરમાં લઈ જવા પડે.

આ જગત સુંદર છે, રમણીય છે અને તેમાં તું રમે છે. આ સૃષ્ટિરૂપી સરોવરમાં ઘણી જીવનલતાઓ જુદાજુદા તોરાઓથી શોભે છે. કેટલાક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોએ પ્રતિકૂલ પરિસ્થિતિમાં કમળની જેમ પોતાનું જીવનપુષ્પ ખીલાવીને આકર્ષક બનાવ્યું છે. જેમને આત્મા-અનાત્માનું ભાન છે તેવા હંસોના કલરવથી અને ભ્રમરોના ગુંજનથી સૃષ્ટિની શોભા વધી છે. સૃષ્ટિમાં વસંતઋતુની મોહકતા છે, આવી સૃષ્ટિમાં સખીઓ સાથે રમતી, નાચતી, કૂદતી, હસતી, ફરતી તું દેખાય છે.

જગદંબાની સખીઓ કોણ? વૈદિક વાઙ્મયમાં તેમનું વર્ણન છે. **मेधां श्रद्धां धारणां**-આ બધી બાની બહેનપણીઓ છે. જે જગાએ મેધા હશે ત્યાં બા રમતી હશે. મેધામાં અને બુદ્ધિમાં ફરક છે. બીજાના ગજવાનું મારા ગજવામાં કેમ આવે-આવી કાગડા-શીયાળની બુદ્ધિ ઘણા પાસે છે; પરંતુ આ બુદ્ધિ ન કહેવાય. આવી બુદ્ધિમાં તો દુર્ગંધી આવે, ત્યાં બા ન નાચે. તત્ત્વવેત્તાઓની મેધા કહેવાય, તેમાં બા રમતી હોય.

આવીજ રીતે કર્મયોગીની શ્રધ્ધામાં બા નાચે છે. જે જીવને પોતા ઉપર શ્રધ્ધા હોય તે ભગવાનને ગમે. ભગવાનને રડતી શ્રધ્ધા ગમતી નથી. અગિયાર મહિના જે વિદ્યાર્થીએ અભ્યાસ કર્યો નથી તે વિદ્યાર્થી પરીક્ષાને દિવસે બીતો બીતો સાત મંદિરમાં જાય અને બધા દેવોને પ્રદક્ષિણા કરે. આ વિદ્યાર્થી હનુમાનજીના મંદિરમાં જાય અને કહે કે, 'માસ્તર પેપર સહેલો કાઢે અથવા તો પેપર મને આગળથી ખબર પડી જાય આવું કર. હું પાસ થઈશ તો તને સવા રૂપિયાના પેંડા ધરાવીશ.' આ રડતી શ્રધ્ધા ભગવાનને ગમતી નથી. બાર મહિના અભ્યાસ કર્યો છે તે વિદ્યાર્થી પણ પ્રભુ પાસે જાય અને કહે કે, 'હું પાસ થવાનોજ છું, પરંતુ ભગવાન! તારા પ્રેમને લીધે, તારા આશીર્વાદથી પાસ થઇશ. મેં જે કંઈ મહેનત કરી છે તે તને અર્પણ કરીને જાઉં છું.' આ દૈવી શ્રધ્ધા છે; આને શ્રદ્ધા કહેવાય.

લોકો કહે, શાસ્ત્રીજી! તમે કંઇ કાળજી કરો નહિ, અમારી શ્રધ્ધા છે કે ભગવાન બધું સારૂં કરશે. તમે નકામા દોડધામ કરો છો અને અમારા જુવાન છોકરાઓને દોડધામ કરાવો છો.' આને કંઈ શ્રદ્ધા કહેવાય? દૈવી શ્રધ્ધામાં પ્રભુ નાચે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વવેત્તાઓની મેધા, કર્મયોગીઓની શ્રધ્ધા અને ભાવિકોની જીવનધારણા હશે ત્યાં પ્રભુ નાચે છે. આ ત્રણ વાતો જીવનમાં લાવો તો ભગવાનને આવવું જ પડે. ભગવાનને બોલાવવા હોય તો મેધા, શ્રધ્ધા અને ધારણા—આ ભગવાનની બહેનપણીઓને નોતરૂં આપી જીવનમાં બોલાવો તો તેમની જોડે રમવા ભગવાનને આવ્યે જ છૂટકો છે. આ સખીઓની આજુબાજુમાં ભગવાન ફરતા હોય. તેથીજ તો આપણે કહીએ છીએ કે, ભગવાન શંકરાચાર્ય, ભગવાન વસિષ્ઠ, ભગવાન પાણિનિ—જ્યાં ભગવાન રમે છે અને બીજાને રમાડે છે તે બધા પૂજનીય, વંદનીય અને માનનીય છે. તત્ત્વવેત્તાઓની મેધા પૂજનીય છે, કર્મયોગીઓની શ્રધ્ધા વંદનીય છે અને ભાવિકોની જીવનધારણા માનનીય છે. જીવ તેને માન આપે, કે જે જીવનધારણા રાખીને પ્રભુને રસ્તે જતો રહે છે.

મરાઠીભાષામાં શૂન્યને 'પૂજ્ય કહે છે. આપણે તો પૂજ્ય શબ્દ બધે ઠેકાણે વાપરીએ છીએ. પૂજ્ય માસીબા અને પૂજ્ય ફઈબા—આ માસીબા ભાણેજનો સંસાર સળગાવતી હોય તેને પૂજ્ય કેમ કહેવાય? એક કાળે પૂજનીય શબ્દ કયાં વાપરવાનો તેનું પણ એક શાસ્ત્ર હતુ; આજે તો બધા શબ્દ લીસા થયા છે. વાણીસ્વાતંત્ર્ય (freedom of speech) ને લીધે આપણે ગમે તેના માટે ગમે તે શબ્દ વાપરીએ છીએ. ન્યાતના નગરશેઠને માનપત્ર અપાય તે વાંચો તો ખબર પડે—વસિષ્ઠ વાલ્મીકિ, યાજ્ઞવલ્કયના બધા ગુણો શેઠને લગાડવામાં આવ્યા હોય. શબ્દ બ્રહ્મ છે, શબ્દમાં શક્તિ છે; તે ગમે ત્યાં ન વપરાય. પરંતુ વાણી સ્વાતંત્ર્ય (freedom of speech) કાળમાં શબ્દની કિંમત નથી. શબ્દ બ્રહ્મ છે, તેથીજ યોગદર્શનકાર પંતજલિ ભગવાન કહે છે કે, **एकः शब्दः सुप्रयुक्तः सम्यक् ज्ञातः स्वर्गेलोके कामधुक् भवति** પરંતુ આજે શબ્દને કિંમત રહી નથી. ભૂતદયા, વિશ્વબંધુત્વ—આવા મોટા મોટા શબ્દો સમજ્યા વગર વાપરવાની ફેશન થઇ ગઈ છે. આને લીધે શબ્દને કિંમત રહી નહિ. જે જીવો પૂજનીય, વંદનીય અને માનનીય છે તેમની આજુબાજુમાં ભગવાન ફરતા હોય છે, રમતા હોય છે. તેમનું સ્મરણ કરો તો જીવનમાં જ્વરપીડા જાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બહેનપણીઓ સાથે ભગવાન રમતા હોય. સૃષ્ટિમાં વસંતઋતુ ખીલી છે, જીવનલતાઓ નાચતી રહેલી છે, તેમને માથે તોરાઓ છે, સૃષ્ટિસરોવરમાં જીવનને પ્રતિકૂલ પરિસ્થિતિમાં ખીલાવનાર યતીઓમાં કમળનું આકર્ષકત્વ છે. આત્મા – અનાત્મા, સત્યાસત્યનું ભાન રાખીને 'હું સુખી છું' આવું કહેવાવાળા યાજ્ઞવલ્કય, પતંજલિ, વસિષ્ઠ, વાલ્મીકિ, તુકારામ, નરસિંહ મહેતા જેવા હંસો કિલકિલાટ કરે છે અને શંકરાચાર્ય જેવા ભ્રમરો ગૂંજન કરે છે. આવું સૃષ્ટિસરોવર મનોહારી છે, તે ઠેકાણે મેધા, શ્રધ્ધા અને ધારણા જેવી સખીઓની સાથે ભગવતી રમતી રહેલી છે; તેનું સ્મરણ કરો તો જવરપીડા ન રહે. મા કયાં છે ? આકાશમાં ? ના, મા તો મારા હૃદયમાં છે. માને આકાશમાં ન રાખતાં જગતમાં લાવો. મા મંદિર બાંધીને ન આવે; પરંતુ તત્વવેત્તાઓની મેધા, કર્મયોગીઓની શ્રધ્ધા અને ભાવિકોની જીવનધારણા લાવો તો મા હૃદયમાં આવીને વસે. **सर्वस्यचाहं हृदि सन्निविष्टः।** માને જગતમાં લાવશો તો જગત સુંદર લાગશે અને જીવનમાં તકરાર રહેશે નહિ. પછી જવરપીડા રહે કયાંથી ?

તુકારામ બુવા કહે કે, **अवघाची संसार सुखाचा करीन** આખા જગતનો સંસાર હું સુખનો કરીશ; આ સ્થિતિ આવે કે ભગવાન નીચે આવે.

આપણા ભગવાન આકાશમાં જ છે. આપણે બાથરૂમમાં નહાવા જઈએ ત્યારે બોલીએ કે, **सर्वस्यचाहं हृदि सन्निविष्टः** પરંતુ એ યાંત્રિક છે. સીનેમાના ગાયન કરતાં આ બોલવું સારૂં છે; પરંતુ તે બોલવાથી ભગવાન નીચે આવતા નથી.

ભકતો કહે કે, 'ભગવાન ! નીચે આવો,' ત્યારે મા કહે કે, 'તું ઉપર આવે તો ?' બચ્ચું કહે, 'ના, બા ! તું નીચે આવ.' માને નીચે લાવે તે હઠાગ્રહી બચ્ચું – તેને લોકો તત્ત્વનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ કહે. આ માંગલિક શબ્દો છે, પણ તેનો અર્થ એજ છે કે, તે ભક્તની હઠ છે. ભકતના હઠાગ્રહથી મા નીચે આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સૃષ્ટિમાં રમતી રહેલી માની આ જીવનધારણા છે, આવી માનું સ્મરણ થાય તો જ્વરપીડા જાય. શંકરાચાર્યે આ શ્લોકમાં માને આકાશમાંથી નીચે લાવવાનો રસ્તો દેખાડયો છે, તેવીજ રીતે આશીર્વાદ પણ આપ્યા છે. આનંદલહરી યોગ્ય રીતે જાણી લેશો તો જ્વરપીડા ચાલી જાય. આ શંકરાચાર્યની પ્રસાદી છે.

કોઇ પૂછશે કે, 'શાસ્ત્રીજી! આજે છેલ્લો દિવસ છે, કંઇ પ્રસાદ છે કે નહિ?' સ્વાધ્યાયમાં જુદોજ પ્રસાદ હોય. છગનિયો પ્રસાદ આપે તો મગનિયો પ્રસાદ માટે લડે, તેના કરતાં આજે શંકરાચાર્ય પ્રત્યેકની ખોપરી જોઇને પ્રસાદી મૂકતા જાય. ઘણા લોકો કહે કે, 'અમે તો પ્રસાદ માગીને લઇએ; પ્રસાદ લીધા વગર જવાય?' પરંતુ આ લોકો પ્રસાદ માગીને લે, કારણ પ્રસાદમાં પેંડા છે. પ્રસાદી માગીને ન મળે; માગ્યા વગર મળે તે પ્રસાદ. એટલે **प्रसादस्तु प्रसन्नता** આવી પ્રસાદી શંકરાચાર્ય પોતાને હાથે આપશે.

જગદીશને નમસ્કાર કરશું જ કરશું, પરંતુ સાથે સાથે, શ્રાવણ મહિનામાં આકાશમાં વાદળિયાં ઘેરાયેલાં છે, સૂર્ય દેખાતો નથી, તે વખતે સૃષ્ટિ તરફ પીઠ કરીને અને જગદીશ તરફ દૃષ્ટિ કરીને, દરિયા કિનારે શિલાતલ ઉપર દરિયાના મોજાં આવે છે તે જોતાં જોતાં શંકરાચાર્ય બેઠા છે અને આપણને આ વાક્પુષ્પો આપ્યાં; તેમને પહેલાં નમસ્કાર અને પછી જગદીશને નમસ્કાર. કેડ ઉપરના બચ્ચાંને પહેલાં બોલાવશો તો બાને વધારે આનંદ થાય, તેવી રીતે શંકરાચાર્ય જે જગદંબાની કેડ ઉપર બેઠા છે તેમને પહેલાં નમસ્કાર કરશો તો બાને વધુ આનંદ થશે. શંકરાચાર્ય બાના ખોળામાં બેઠા છે, માએ તેમને માથે નચાવ્યા છે. ભગવાન થયેલા શંકરાચાર્યને પહેલો નમસ્કાર કરીને આ વાઙ્મ-યીન પૂજા તેમના ચરણકમળ ઉપર ધરીએ. પ્રભુને નમસ્કાર કરીને અતિ નમ્ર ભાવે આ વાઙ્મયીન પૂજા તેના ચરણે ધરતાં હૃદય ભરાઇ આવે છે. શંકરાચાર્ય બોલાવીને પ્રસાદી આપશે તે લઇશું અને જીવન ધન્ય માનીશું.

આનંદલહરી – લહરી એટલે નાનું મોજું; પાણી ઉપર પવનથી નાનાંનાનાં મોજાં થાય તેને લહરી કહે. તે જોવામાં ખૂબ આનંદ આવે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના જીવનમાં આવી આનંદની લહરી આવે છે તે આ આનંદલહરી સમજી શકે.

શંકરાચાર્યને કહીશું કે, તમે ધન્ય થયા અને અમને પણ ધન્ય કરવા તમે પ્રયત્ન કર્યો છે; તમે અમને પણ ધન્ય થવા આશીર્વાદ આપ્યા. તમને અમારી ચામડીના જોડા કરાવી પહેરાવવા જોઈએ. શંકરાચાર્યને નમસ્કાર કરીશું.

પ્રભુ ! આનંદલહરી વાંચતાં તારી પ્રતિષ્ઠા નીચે લાવ્યા હોઈશું, તને અમે લુચ્ચો, મૂર્ખો ઠરાવ્યો હશે, કદાચ ભૂલથી બોલ્યા હોઈશું, પરંતુ सखेतिमत्वा प्रसभं यदुक्तं ... मया प्रमादात् प्रणयेन् वाऽपि। તમે અમારું હૃદય સમજી લો. જગદીશને પ્રણામ, તેવી રીતે આનંદલહરી કહેવાવાળા શંકરાચાર્યને અનંત પ્રણામ.

इति श्रीमच्छङ्कराचार्यविरचिता आनन्दलहरी सम्पूर्णा।



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુદ્ધિ–પત્રક

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૯ | શંકરાચાર્યનો | શંકરાચાર્યનો |
| ૪ | ૧૦ | વણીમાં | વાણીમાં |
| ૫ | ૨૪ | તયાર | તૈયાર |
| ૧૩ | ૨૪ | પહોચતા | પહોંચતા નથી. |
| ૧૪ | ૭ | પૂર્ણત | પૂર્ણતઃ |
| ૧૪ | ૧૯ | धनेच्छय | धनेच्छया |
| ૨૭ | ૧૬ | वसिष्ठ | वसिष्ठं |
| ૩૭ | ૧ | તપાસ | તપાસવા |
| ૩૭ | ૨૩ | કર્માઇ | કરમાઈ |
| ૪૨ | ૧૭ | આનદ | આનંદ |
| ૪૫ | ૪ | निरवधिसुखै | निरवधिसुखै |
| ૪૫ | ૫ | દૈદીપ્યમાન | દેદીપ્યમાન |
| ૪૬ | ૧૩ | સથે | સાથે |
| ૪૭ | ૬ | વ્યવહારિક | વ્યાવહારિક |
| ૪૭ | ૧૪ | દૈદીપ્યમાન | દેદીપ્યમાન |
| ૪૭ | ૧૪ | તેજ ળાં | તેજવાળાં |
| ૪૭ | ૧૬ | દૈદીપ્યમાન | દેદીપ્યમાન |
| ૪૭ | ૨૦ | જાતથી | જાતની |
| ૪૮ | ૨૪ | દૈદીપ્યમાન | દેદીપ્યમાન |
| ૪૯ | ૮ | સ્તિથિ | સ્થિતિ |
| ૪૯ | ૮ | કવી | કવિ |
| ૪૯ | ૧૭-૧૮ | દૈદીપ્યમાન | દેદીપ્યમાન |
| ૫૧ | ૨૫ | ખબ | ખૂબ |
| ૫૧ | ૨૮ | वसिष्टो | वसिष्ठो |
| ૫૩ | ૧૫ | धर्मसंस्थापनाथाय | धर्मसंस्थापनार्थाय |
| ૫૪ | ૧૨ | સહસ્ત્ર | સહસ્ત્ર |
| ૫૫ | ૧૫ | ગરદમ | ગરદન |
| ૫૫ | ૨૨ | શાટે | માટે |
| ૫૮ | ૨૧ | ભગવનને | ભગવાનને |
| ૫૯ | ૧૮ | शतश्चंद्रनभस्तलं | शतचंद्रनभस्तलं |
| ૬૧ | ૧૮ | મધુ–મકરદ | મધુ–મકરંદ |
| ૬૨ | ૧૬ | ધવવરાવું | ધવરાવું |
| ૬૨ | ૨૩ | नव्हे वचन | नव्हे हे वचन |
| ૬૫ | ૧ | અહકાર | અહંકાર |
| ૭૧ | ૨૩ | શ્રતિની | શ્રુતિની |
| ૭૬ | ૧૪ | બાજાને | બીજાનો |
| ૭૬ | ૧૬ | મનને | મનનો |
| ૭૭ | ૨૦ | બન્ન | બન્ને |
| ૭૮ | ૩ | मि | मिदं |
| ૮૦ | ૨૨ | शान्ति शान्ति शान्ति | शान्तिः शान्तिः शान्तिः |
| ૮૮ | ૧૧ | નતોથી | તેનાથી |
| ૯૧ | ૨૮ | વાંકોચૂકો | વાંકોચૂંકો |
| ૯૬ | ૧૩ | अकतुम् | अकर्तुम् |
| ૯૬ | ૨૩ | લાવવ | લાવવા |
| ૯૮ | ૮ | દયા | દશા |
| ૯૮ | ૧૯ | સ્વથી | સ્વાર્થી |
| ૧૦૬ | ૧૬ | આવેલો બહુ ખરાબ | આવેલો જીવ બહુ ખરાબ |
| ૧૧૪ | ૬ | तरुणीस्तावत् | तरुणस्तावत् |
| ૧૧૮ | ૮ | કક્ષાનુ | કક્ષાનું |
| ૧૧૮ | ૧૩ | તાપ પ્ત | તાપથી તપ્ત |
| ૧૨૯ | ૮–૧૫ | સાભાગ્ય | સૌભાગ્ય |
| ૧૨૯ | ૧૫ | રહેઠ | રહેઠાણુ |
| ૧૩૦ | ૨ | ત્રલોકય | ત્રૈલોકય |
| ૧૩૧ | ૯ | નસર્ગિક | નૈસર્ગિક |
| ૧૩૩ | ૧૧ | सनंदनरु | सनंदनतरु |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૪ | ૧૮ | નિતિશાસ્ત્ર | નીતિશાસ્ત્ર |
| ૧૩૬ | ૪ | interet | interest |
| ૧૩૬ | ૧૫ | સૃંગાર શતક | શૃંગાર શતક |
| ૧૩૬ | ૨૬ | તા | તો |
| ૧૩૮ | ૫ | davelop | develop |
| ૧૪૩ | ૭ | दशांगुल | दशांगुलम् |
| ૧૪૪ | ૨૧ | દ્રોષ | દ્વેષ |
| ૧૪૫ | ૬ | તૂડી | પડી |
| ૧૪૭ | ૧ | અશ્વર્ય | ઐશ્વર્ય |
| ૧૪૮ | ૧૫ | तत्त संहारौ | तत् संहारे |
| ૧૪૯ | ૨૪ | न मंत्री | न मंत्रो |
| ૧૫૨ | ૯ | પેતાના | પોતાના |
| ૧૫૨ | ૧૮-૨૩ | સાંદર્યનું | સૌંદર્યનું |
| ૧૫૫ | ૩ | તયારી | તૈયારી |
| ૧૫૫ | ૨૨ | ખાણા | ખૂણા |
| ૧૫૭ | ૧૬ | સાંદર્ય | સૌંદર્ય |
| ૧૫૭ | ૨૬ | વિખટા | વિખૂટા |
| ૧૫૮ | ૨૭ | શા | શો |
| ૧૬૧ | ૧૮ | તયાર | તૈયાર |
| ૧૬૧ | ૨૩ | દ્રતનો | દ્વૈતનો |
| ૧૬૨ | ૧૨ | છપાવી | છૂપાવી |
| ૧૬૩ | ૫ | કણાર | કદાચ |
| ૧૬૪ | ૨૦ | ધળથી | ધૂળથી |
| ૧૬૬ | ૧૧ | क्षणीकं | क्षणिकं |
| ૧૬૬ | ૨૪ | સ્યૂટ | છૂટ |
| ૧૬૯ | ૧૯-૨૦ | સાંદય | સૌંદર્ય |
| ૧૭૦ | ૧૪ | સાંદર્ય | સૌંદર્ય |
| ૧૭૧ | ૧૨ | સાદર્યશાસ્ત્ર | સૌંદર્યશાસ્ત્ર |
| ૧૭૧ | ૨૮ | છટશે | છૂટશે |
| ૧૭૨ | ૧૮ | તેશ્રા | તેથા |
| ૧૭૨ | ૨૮ | વાસ્તવક | વાસ્તવિક |
| ૧૭૩ | ૨ | વિ ારી | વિકારી |
| ૧૭૩ | ૯ | ભુદરા | ભૂધરા |
| ૧૭૭ | ૧૨ | ભાણું | જાણું |
| ૧૮૧ | ૧૮ | कृष्णवर्त्मेव | कृष्णवर्त्मैव |
| ૧૮૩ | ૧૫ | યા | ચા |
| ૧૮૪ | ૨૧ | વભવ | વૈભવ |
| ૧૮૬ | ૧૧ | તત્ત્વવેત્તઓની | તત્ત્વવેત્તાઓની |
| ૧૮૬ | ૧૮ | સાંહેલો | સહેલું |
| ૧૯૦ | ૯ | प्रणयेन् | प्रणयेन |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only